# આગમ પરિચય

આગમ
અનુપ્રેક્ષા


આગમ પરિચય

શ્રુતધરોના
શ્રુતનું વર્ણન

આગમ
લેખોનો સંગ્રહ

૪૫ આગમ સંક્ષિપ્ત
વર્ણન તથા આગમની
વિધિ યુક્ત આરાધના

સંકલન-સંપાદક
પ.પૂ. પંન્યાસ શ્રી વિમલપ્રભવિજયજી મ.સા.



કચ્છ વાગડ દેશોદ્ધારક

અધ્યાત્મયોગી આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય

કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ સાહેબ

જ્ઞાન દ્રવ્યમાંથી

# મુખ્ય
# આધારસ્તંભ

સામખીયાળી વીશા ઓસવાળ શ્વે.મૂ.પૂ.
જૈન સંઘના જ્ઞાન દ્રવ્યમાંથી

પ.પૂ.આ.શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.
આદિ ૩૫ ઠાણાનું વિ.સં. ૨૦૬૯ના
ગાગોદર ચાતુર્માસ નિમિત્તે જ્ઞાનદ્રવ્યમાંથી

શ્રી આદિનાથ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ-નવસારી
પૂ.પંન્યાસ શ્રી અનંતયશવિજય ગણિવરની
પ્રેરણાથી જ્ઞાન દ્રવ્યમાંથી

શ્રી મહેસાણા ઉપનગર શ્વે.મૂ.પૂ.
જૈન સંઘ જ્ઞાન દ્રવ્યમાંથી

---

પૂ. સાધ્વીજી શ્રી વજસેનાશ્રીજી મ.ની પ્રેરણાથી
નેમ-મંજુલ-વારિ-વજ-જૈન સ્વાધ્યાય મંદિર
સાબરમતી અમદાવાદ જ્ઞાન દ્રવ્યમાંથી રૂા. ૨૫,૦૦૦/-

આધારસ્તંભ

શ્વે.મૂ.પૂ. જૈન સંઘ આરાધના ભુવન ભરૂચ
વેજલપુર જ્ઞાન દ્રવ્યમાંથી રૂા. ૧૧,૦૦૦/-

પૂ.સા. શ્રી ચન્દ્રયશાશ્રીજી મ.સા. ના શિષ્યા
સા. શ્રી દિવ્યગિરાશ્રીજી મ.ની પ્રેરણાથી લીબર્ટી
ગાર્ડન, મલાડ-જ્ઞાન દ્રવ્યમાંથી રૂા. ૧૦,૦૦૦/-

રત્નશીલા એપાર્ટમેન્ટ પાઠશાળાના
જ્ઞાન દ્રવ્યમાંથી-વાપી રૂા. ૭,૦૦૦/-

પૂ. સાધ્વીજી શીલગુણાશ્રીજી મ. રાજફ્લેટની
સાબરમતી બહેનો તરફથી રૂા. ૬૦૦૦/-

**સુચના જ્ઞાન ખાતામાંથી**

આ પુસ્તક પૂ. સાધુ-સાધ્વીજી મ. અને જ્ઞાન ભંડારોને ભેટ કોઇપણ ગૃહસ્થ પુસ્તકની માલિકી ન કરવી, રાખવી હોય તો તેની કિંમત જ્ઞાન ખાતામાં જમા કરવી.

।। શ્રી આદિનાથાય નમઃ ।।

।। શ્રી પદ્મ-જીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-કલાપૂર્ણ-કલાપ્રભસૂરિભ્યો નમઃ ।।

# ૪૫ આગમની વિધિયુક્ત આરાધના

## સંક્ષિપ્ત પરિચય, રહસ્યો, અનુપ્રેક્ષા
## શ્રુતધરોના શ્રુતનું વર્ણન, લેખોનો સંગ્રહ

દિવ્યાશિષ

અધ્યાત્મયોગી આચાર્યદેવ

**શ્રીમદ્ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજા**

શુભાશિષ

મધુરભાષી આચાર્યદેવ

**શ્રી વિજય કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.**

**પૂ.આ. શ્રી કલ્પતરૂસૂરીશ્વરજી મ.સા.**

સંકલન-સંપાદક

**પ.પૂ. પંન્યાસ શ્રી વિમલપ્રભવિજયજી મ.સા.**

વિમોચન : વિ.સં. ૨૦૭૦ • પ્રત : ૧૦૦૦
વિમોચન સ્થલ : શંખેશ્વર તીર્થ

## પ્રાપ્તિ સ્થાન

**કલ્પેશભાઇ આર. મહેતા**
શોપ નં. ૫-૬, ગજારા પૈરાડાઇઝ,
ગૌરી શંકર વાડી નં. ૨,
પંતનગર, ઘાટકોપર (ઇ),
મુંબઇ-૭૫. મો. ૯૮૨૦૭૨૪૭૪૭

**અનિલભાઇ ઉગરચંદ શાહ**
૨સી-એ, આનંદવન સોસાયટી વિભાગ ૧,
નવયુગ ઇંગ્લીશ સ્કુલ પાસે,
પો. સમા, વડોદરા-૩૯૦ ૦૦૨.
મો. ૯૮૨૫૦૮૨૬૬૨

**રાકેશભાઇ પ્રમોદભાઇ શાહ**
૧૮, શ્રીનગર સોસાયટી, જૈન દેરાસર સામે,
કૃષ્ણ નગર, પો. અમદાવાદ-૩૮૨ ૩૪૫.
મો. ૯૯૨૫૪૧૭૫૬૦

**શ્રી ચિંતામણી જૈન દેરાસર સંઘ પેઢી**
મધુમતી, પો. નવસારી (ગુજ.)-૩૯૬ ૪૪૫

**ધર્મેન્દ્રભાઇ**
ગીરધરનગર, (શાહીબાગ), અમદાવાદ.
ઘર : ૨૨૮૮૫૦૦૭ મો. ૯૩૭૬૧૧૯૪૯૩

**હિરેન રજનીકાંત એમ. શાહ**
૧૩, ઇરાબાલુ ચેટ્ટી સ્ટ્રીટ, પો. ચેન્નાઇ-૬૦૦ ૦૦૧
મો. ૦૯૩૮૧૦૨૬૧૨૧
ફોન : ૦૪૪-૨૬૪૧૧૯૦૬

**જીગ્નેશકુમાર સુમીતલાલ મહેતા**
૧૦૭, લોહા પવન, જુની હાઇ કોર્ટની ગલ્લી
મા, ઇન્કમ ટેક્સ, પો. અમદાવાદ-૯
મો. ૯૮૭૯૦૯૫૫૮૯

**કમલેશભાઇ કનૈયાલાલ ભેમાણી**
૪, સ્વસ્તિક એપા., ગોરધાધા રોડ,
સુરત. મો. ૦૯૭૧૨૩૯૯૫૧૬

**સંજયભાઇ છોટાલાલ શાહ**
૫૦૨, પુજન એપા., આશા નગર રોડ,
નવસારી, ગુજરાત-૩૯૬ ૪૪૫.
મો. ૦૯૮૨૫૦૯૯૦૩૧

**ધીરજભાઇ મેહતા (વિદ્યાર્થી વસ્તુ ભંડાર)**
પ્લોટ નં. ૨૬૩/૧૨-બી,
ભાઇ પ્રતાપ સર્કલની સામે,
ગાંધીધામ-કચ્છ.
મો. ૦૯૭૯૨૦૭૧૯૫

**સુરત ઉપકરણ ભંડાર**
શ્રી મહાવીર જૈન ઉપકરણ ભંડાર,
સુભાષ ચૌક, ગોપીપુરા, મેઇન રોડ,
સુરત. કેતનભાઇ મો. ૦૯૭૯૩૬૫૧૬૭

**જયેન્દ્ર કે. ખંડોર**
૧૩, મહાવીર સો., નયા અંજાર,
અંજર, કચ્છ-૩૭૦ ૧૧૦
મો. ૯૮૭૯૯ ૩૫૫૦૨

**અભિષેક ચીમનલાલ કોઠારી**
વંદના પુસ્તક સ્ટોર, કે.પી. સંઘવી પાસે,
ધાર્મિક પુસ્તક વિતરણ,
શંખેશ્વર, જિ. સામી.
મો. ૦૯૩૭૪૧૬૯૬૧૮

**હસમુખભાઇ દોશી**
૧૮-બી, હરી નગર સોસાયટી,
મહેસાણા, મો. ૦૯૪૨૬૦૨૩૩૦૫



# પ્રસ્તાવના...

• વિષમકાળ જિન બિંબ જિનાગમ ભવિયણ કું આધારા-આવા હડધૂત કલયુગમાં આધાર હોય તો બે જ છે. (૧) જિનાગમ બોલતા ભગવાન (૨) જિનમૂર્તિ મૌન ભગવાન છે. આગમોની સુરક્ષા માટે પૂર્વાચાર્યોએ પ્રાણો ન્યોચ્છાવર કરવા તૈયાર થતાં હતા.

**આગમ અરિસો જોવતાં રે ! લોલ**
**દૂર દીઠું છે, શિવપુર ઠાણ જો ॥**

શુભવીર વિજયની પંક્તિ આત્માને જાગૃત બનાવે છે, આગમ દર્પણથી આત્માની અવસ્થાનું ભાન થાય છે. હું જે રીતે જીવન જીવી રહ્યો છું. તેનાથી મોક્ષ તો કેટલું દૂર છે. મોક્ષ માટે હજુ કેટલો ઉધમ કરવો પડશે જિન પડિમા જિન આગમ એક રૂપ સેવંતા ન પડે ભવકુંપ.

આ પંક્તિ કમીટમેંટ કરે છે ગોવિંદાચાર્ય પૂર્વે જિન શાસનને મૂલથી ધ્વંસ કરવાની ભાવના હતી. પણ આચારાંગ સૂત્રમાં વનસ્પતિમાં જીવને પ્રુફ કરતું શાસ્ત્રો પ્રતિ શ્રધ્ધાએ ગોવિંદાચાર્ય બનાવ્યા. જૈનો માત્ર જિન પ્રતિમાનાં પૂજક નથી સાથે જિનાગમ ને પૂજનારા છે, ભણનારા છે, ભણાવનારા છે. આગમ ઉપરના આક્રમણ

દૂર કરનારા શ્રમણો આગમોના વારસાને પુરોગામી બનાવશે.

સુત્તંગણહરરઇયં, તહેવપત્તેયબુદ્ધ રઇયં ચ, સુયકેવલ્લીણા રઇયં, અભિન્ન દસ પૂવ્વિણા રઇયં ગણધર ભગવંતે રચેલ તથા પ્રત્યેક બુધ્ધ મુનિએ રચેલ, ચૌદ પૂર્વ ધરે રચેલ તથા ૧૦ પૂર્વ ધરે રચેલ, શ્રુતને સૂત્ર કેવાય ૨૪ તીર્થંકરના શ્રીમુખે ૧૪૫૨ ગણધરો ત્રિપટી સાંભળીને સંપૂર્ણ દ્વાદશાંગીની રચના કરી, અંતિમ ૧૪ પૂર્વી સ્થૂલભદ્ર પછી ૧૪ પૂર્વનું જ્ઞાન વિચ્છેદ પામ્યું. કાળક્રમે શ્રુતમાં હાનિ થવાથી બુધ્ધિમંદ પડવાથી દેવર્ધ્ધિગણિ ક્ષમા શ્રમણે ભવિષ્યમાં ઉપકારાર્થે બધુ જ્ઞાન એકત્ર કરી પુસ્તકારૂઢ કર્યું.

૧૧=અંગ / ૧૨=ઉપાંગ / ૧૦=પયન્ના / ૬=છેદસૂત્ર / ૪=મૂળસૂત્ર / ૨=ચૂલિકા / ૪૫ આગમની આરાધના કરીને સદ્ગતિ સિધ્ધિગતિને પામીએ એજ મંગળ પ્રાર્થના.

વાપી-ચાતુર્માસમાં ૪૫ આગમનું વિવેચન ચાલી રહેલું હતું, ત્યારે ભાઇઓએ કહ્યું કે માહાત્મ્યની વિધિ સહિત સંક્ષિપ્ત વર્ણન દ્વારા આગમ શાસ્ત્રો લખાણ ઘરે બેઠાં વાંચી શકીએ, તેમની ભાવનાથી પુસ્તક તૈયાર કર્યું, શાસ્ત્રનો આંશિક બોધ થાય સ્વ-પર ઉપકારક બને તે

શુભ હેતુ.

આ પુસ્કકમાં લાભ લેનાર ભાગ્યશાળીઓએ શ્રુતજ્ઞાનનો પ્રેમ સદેવ વૃદ્ધિ પામતો રહે એજ શુભંભવતુ.

**"જિનબિંબ જિનાગમ ભવિયણ કું આધાર."**

આગમનો પારગામી ન થાઉં તો કાંઇ નહિ આગમનો પરિચયગામી તો થાઉં.

કોઇપણ મતવાળાને પરમેશ્વર વર્તમાનમાં પ્રત્યક્ષ નથી. ક્રિશ્ચિયનોએ ઇસુને દેખ્યો નથી, બૌદ્ધોએ બુદ્ધને દેખ્યો નથી, મુસ્લિમોએ મહંમદને દેખ્યો નથી, વૈષ્ણવોએ વિષ્ણુને દેખ્યો નથી. ત્યારે સમજો કે તેઓ પોતાના શાસ્ત્રને આધારે જ પોત-પોતાના દેવને માને છે. આથી નક્કી થયું કે દેવને ઓળખવાની જડ જો કોઇ હોય તો તે શાસ્ત્રો.

`हां अणाहा कहं हुंता ?' વસ્તુ યથાર્થ છે. આ આત્માને દોરનાર કોણ ? આગમ. `न हुंति जो जिणागमो' જો જિનાગમ ન હોત તો અમારું શું થાત ? આથી સ્પષ્ટ છે કે-દેવ અને ગુરુની તાત્વિક વાણી.

આવી આગમની મહત્તા સમજશો ત્યારે ખ્યાલમાં આવશે કે તીર્થંકર મહારાજાઓએ સ્થાપેલા ગણધર ભગવંતોએ કરેલ દ્વાદશાંગીની રચના વખતે દેવતાએ વાસક્ષેપ કર્યો તે પણ આગમની મહત્તાને અંગેજ. તે વખતે

સામાન્ય કેવલીઓ પણ ગણધર ભગવંતની પાછળ બેસે. કેમ ? આશાતના નહિ ? નહિ જ. કારણ કે કેવલજ્ઞાન કરતાં આગમ ઉત્કૃષ્ટ છે. કેવલીમાં રહેલ કેવલજ્ઞાનના આધારે કોઇ સ્વરૂપ આપણાથી જાણી શકાતું નથી.

શાસ્ત્રકાર, બધા જ્ઞાનોમાં શ્રુતજ્ઞાનની મહત્તા કેમ જણાવે છે ? શાસનની અપેક્ષાએ. કેવલજ્ઞાન કરતાં ઉપકારની દ્રષ્ટિએ શ્રુતજ્ઞાનની મહત્તા છે. શાસનને ટકાવવા તો શ્રુતજ્ઞાન જ, વિનયનું નિરુપણ પણ કોને માટે ? એ શ્રુતને માટે જ ને ? ઉપધાન પણ કોને માટે ? શ્રુત આરાધના માટે જ ને ?

શાસનની આદિ, મધ્ય અને અંતે પણ રહેનારું હોય તો તે શ્રુતજ્ઞાન જ છે. માટે જેઓ આત્માના હિતને ઇચ્છનારા હોય તેઓએ આગમ તરફ જ આદર કરવાના જરૂર, જેઓ એ પ્રમાણે સમજી આગમનો આદર કરશે તે કલ્યાણ મંગલિકની માળા પામીને ઉત્તરોત્તર મોક્ષ-સુખને પામશે.

◆ કલિકાલમાં બે જ ભગવાન છે.

જિનાગમ : બોલતા ભગવાન.

જિનમૂર્તિ : મૌન ભગવાન.

આગમ પર જેટલો આદર વધશે તે પ્રમાણમાં ભગવાન મળશે.

જે આગમોને ટકાવવા આપણા પૂર્વાચાર્યોએ પ્રાણો પણ આપવા તૈયારી દર્શાવેલી એમને કેટલા ધન્યવાદ આપીએ ?

આગમ સ્થિર-સુરક્ષિત રહે એવા હેતુથી.

૧) વીર સં. ૯૮૦માં દેવર્દ્ધિગણિએ વલભીપુરમાં શ્રમણ સંમેલન કરી આગમો ગ્રન્થસ્થ કર્યા.

૨) વિક્રમની નવમી-દસમી સદીમાં શીલાંકાચાર્ય અને કપડવંજમાં સ્વર્ગવાસી થયેલા આચાર્યશ્રી અભયદેવસૂરિજીએ આગમો પર ટીકાઓ લખી.

આજે આગમો મળે છે, તેમાં મુખ્ય ઉપકાર પૂ. સાગરજી મહારાજનો છે.

**પંન્યાસ વિમલપ્રભવિજયજી**

# લેખકની કલમ...

## આગમ-શાસ્ત્રોની મહત્તા

- આગમં આયરંતેણં અત્તણા હિયકંખણા તિત્થનાહો ગુરૂધમ્મા સવ્વે તે બહુમન્નંતિ.
- હા હા અણાહા કહં હું તો ન હું તો જઇ જિણાગમો.
- અત્થા અરિહાભાસઇ, સુત્તં ગણહરં રચઇ.
- અર્હદવકત્ર પ્રસુતં ગણધર રચિતં, દ્વાદશાંગં વિશાલં ચિત્રં બહ્વર્થં યુક્તં મુનિગણ વૃષભૈર્ધારિતં બુદ્ધિમદિભઃ. મોક્ષાગ્રદ્વાર ભૂતં વ્રતચરણ ફલં જ્ઞેય ભાવ પ્રદીપં ભક્ત્યા નિત્યં પ્રપદ્યે શ્રુત મહમખિલં સર્વ લૌકૈકસારં.
- જિન કેવળી પૂરવધર વિરહે ફણિસમ પંચમકાળજી તેહનું ઝેર નિવારણ મણિસમ, તુજ આગમ તુજબિંબજી.
- સૂત્ર દાને મહાદોષ ઇત્યાચાર્યા પ્રચક્ષ્તે અયોગ્યને સૂત્રદાન કરવું તે મહાઅનર્થકારી છે.
- જિનાગમ બહુમાનિના દેવ-ગુરૂધર્માદયોઽપિ બહુમતા ભવન્તિ=કેવલજ્ઞાનથી પણ જિનાગમ વિશેષ પ્રમાણ્ય છે, શ્રુત ઉપયોગવાળો, શ્રુતજ્ઞાની ગોચરી અશુદ્ધ ગ્રહણ કરે તેને કેવલી પણ વાપરે છો નહીં તો શ્રુત અપ્રમાણ થાય.
- એકમપિજિન વચનં ભવિનાં ભવનાશ હેતુઃ.
- મિથ્યાદષ્ટિઓને જિનવચન ગમે નહીં, જેમ બિમારને પથ્ય અન્ન ગમે નહીં.

- જ્ઞાનવિના સ્વર્ગ મોક્ષ માર્ગ પ્રકાશનમાં સમર્થ નથી.
- સ.દૃષ્ટિઓએ આદરથી શ્રદ્ધાથી શાસ્ત્રને માને છે.
- શાસ્ત્ર ન હોત તો ધર્મ અધર્મ વ્યવસ્થા ન હોત, તો અંધકારમાં પડત.
- જિનાગમ પાઠકોનાં ભક્તિતઃ સન્માનનં=શ્રુતજ્ઞાન ભણાવનારનું સંમાન-બહુમાન કરવું જોઇએ.
- સિદ્ધસેન દિવાકરસૂરિજીએ બધા આગમોને સંસ્કૃતમાં પરિવર્તન કરી દઉં વિચારવા માત્રથી પારાંચિત પ્રાયશ્ચિત આવ્યું.
- દ્વાદશાંગી ભૂતકાળમાં હતી, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેશે, મેરૂપર્વતની જેમ શાશ્વત છે. લોક-કાલ-ધર્મ-અધર્મ-આકાશ પુદ્‌ગલામય જીવાસ્તિકાય કાલ સમાન શાશ્વતા ગંગા સિંધુ નદીની જેમ અવ્યય છે, જંબુ દ્વીપ-લવણસમુદ્ર આદિ દ્વીપ-સમુદ્રોની સમાન અવસ્થિત છે, નિત્ય છે, જેમ પુરૂષના ૧૨ અંગ છે, ૨-પગ, ૨-જંઘા, ૨-સાથળ, પછવાડા-૨, હાથ-૨, ૧-ગર્દન, ૧-મસ્તક, તેમ શ્રુત પુરૂષના પણ ૧૨ અંગો છે.
- ૪૫ આગમ સાધુની જેમ સાધ્વીજીને બધો અધિકાર નથી નારકીમાં પણ પુરૂષની જેમ સ્ત્રીને સાતમી નરક નથી, દેવલોકમાં દેવી બે દેવલોક સુધી છે, પણ દેવી નથી, આચાર્ય કે ગણધર સ્ત્રી ન બને, આતાપના, જિન કલ્પ, પડિમા વહન સાધ્વીજી ન કરી શકે, કર્મ ગ્રંથમાં સ્ત્રી પ્રથમ અને દ્વિતીય ગુણ સ્થાન કે બંધ હોય જ્યારે પુરૂષને [illegible]માના પ્રથમ ભાગ[illegible] ગુણ. બાંધી શકે, કર્મમાં ભિન્નતા હોવાથી સાધુ મ. જાહેરમાં પાટ પર બેસી પ્રવચન કરી શકે, સાધ્વીજી મ. નહીં, સુધર્માસ્વામીની પાટ પરંપરામાં સાધુ મ. ના નામો હોય

છે, દીક્ષા-પ્રતિષ્ઠા ઉપધાન-છ'રી પાળક સંઘ કોણ કરાવી શકે સાધુ મ. માં જેને મહાનિશીથના યોગ કર્યા હોય તે, આજે વર્તમાન યુગમાં સ્ત્રીઓની સમાનતા ઘણી જગ્યાએ જોવા મળે છે, વાહન ચલાવામાં નોકરી-ધંધામાં, કલબમાં, સ્મશાનમાં, ઇલેકશનમાં જોબધામાં સમાનતા આપી છે, તો સ્ત્રી જન્મે તો ગર્ભાપાત શા માટે ? છોકરાની જેમ છોકરીમાં ભેદ ભાવ કેમ રાખો છો ? જિનશાસનમાં કેવળજ્ઞાનમાં મોક્ષમાં-દીક્ષામાં પુરૂષની જેમ સ્ત્રીમાં સમાન અધિકાર છે.

- ૪૫ આગમ તપ મુંબઇ ભારત નગર, મહેસાણા, ગીરધર નગર, અમદાવાદ, વાપી સાથે આગમનું ચાતુર્માસમાં વ્યાખ્યાન કરેલ આગમમાં આધાર તરીકે જિનાગમ શરણ તથા પૂ. પ્રવર્તક શ્રી ધર્મગુપ્ત વિ.મ.સા.નું આગમ અનુપ્રેક્ષા વાંચી તે બહુ ઉપયોગી હોવાથી અનેક શાસ્ત્રોનું જ્ઞાન સંપ્રાપ્ત થઇ શકે માટે લીધેલ છે, તથા મહેસાણાના મણીભાઇ મોતીભાઇ પ્રજાપતિએ આગમ વિષ્કય પર લેખાનો સંગ્રહ, જૈના આગમ સાન્હિત્યનું સ્વરૂપ કોકિલાબેન [illegible]. પૂ.આ. શ્રી કીર્તિયશસૂરિ મ.સા.નું શ્રુત મહાપૂજા (શ્રુતધરોના શ્રુતનું વર્ણન) તેનો પણ આધાર લીધેલા છે. તથા / ૪૫ આગમનું લખાણ તૈયાર કરેલું મેં, ઉપયોગી દરેકને બને આમાં જે જે ઉપયોગી બન્યા તેનો આભાર સ્વીકારૂં છું. આદિનો આભાર વ્યક્ત કરી એટલે લોકોને આગમ પ્રતિ બહુમાન ભાવ પેદા થાય માત્ર મૂર્તિપૂજક નહીં અપિતું આગમના પણ પૂજક બનીએ એજ શુભાશય

**પંન્યાસ શ્રી વિમલપ્રભવિજયજી મ.સા.**

# ૪૫ આગમના તપની વિધિનો કોઠો

| ૧૧ અંગ | | સા. | ખમા. | કા. | નવ. |
|---|---|---|---|---|---|
| ૧. શ્રી આચારાંગ | સૂત્રાય નમઃ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૦ |
| ૨. શ્રી સૂત્રકૃતાંગ | સૂત્રાય નમઃ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૦ |
| ૩. શ્રી સ્થાનાંગ | સૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૪. શ્રી સમવાયાંગ | સૂત્રાય નમઃ | ૧૦૪ | ૧૦૪ | ૧૦૪ | ૨૦ |
| ૫. શ્રી ભગવતી | સૂત્રાય નમઃ | ૪૨ | ૪૨ | ૪૨ | ૨૦ |
| ૬. શ્રી જ્ઞાતાધર્મકથાંગ | સૂત્રાય નમઃ | ૧૯ | ૧૯ | ૧૯ | ૨૦ |
| ૭. શ્રી ઉપાસકદશા | સૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૮. શ્રી અંતકૃતૂદશા | સૂત્રાય નમઃ | ૧૯ | ૧૯ | ૧૯ | ૨૦ |
| ૯. શ્રી અનુત્તરોપ-<br>પાતિકદશા | સૂત્રાય નમઃ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૦ |
| ૧૦. શ્રી પ્રશ્ન વ્યાકરણ | સૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૧૧. શ્રી વિપાકશ્રુત | સૂત્રાય નમઃ | ૨૫ | ૨૫ | ૨૦ | ૨૦ |
| **૧૨ ઉપાંગ** | | | | | |
| ૧. ઔપપાતિક | સૂત્રાય નમઃ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૦ |
| ૨. શ્રી રાજપ્રશ્નીય | સૂત્રાય નમઃ | ૪૨ | ૪૨ | ૪૨ | ૨૦ |
| ૩. શ્રી જીવાંભિગમ | સૂત્રાય નમઃ | ૧૦ | ૦૧ | ૧૦ | ૨૦ |
| ૪. શ્રી પન્નવણા | સૂત્રાય નમઃ | ૩૬ | ૩૬ | ૩૬ | ૨૦ |
| ૫. શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ | સૂત્રાય નમઃ | ૫૭ | ૫૭ | ૫૭ | ૨૦ |
| ૬. શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ | સૂત્રાય નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૭. શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ | સૂત્રાય નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૮. શ્રી નિરયાવલિકા | સૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૯. | શ્રી કલ્પાવતંસિકા | સૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૧૦. | શ્રી પુષ્પિકા | સૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૧૧. | શ્રી પુષ્પચૂલિકા | સૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૧૨. | શ્રી વહ્નિદશા | સૂત્રાય નમઃ | ૧૦ | ૦૧ | ૧૦ | ૨૦ |
| | **૧૦ પયન્ના** | | | | | |
| ૧. | શ્રી ચતુઃશરણ પ્રકીર્ણક | સૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૨. | શ્રી આતુર પ્રત્યાખ્યાન | સૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૩. | શ્રી મહા પ્રત્યાખ્યાન | સૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૪. | શ્રી ભક્ત પરિજ્ઞા | સૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૫. | શ્રી તંદુલ વૈચારિક | સૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૬. | શ્રી ગણિવિદ્યા | સૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૭. | શ્રી ચંદ્રવેધ્યક | સૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૮. | શ્રી દેવેન્દ્રસ્તવ | સૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૯. | શ્રી મરણસમાધિ | સૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૧૦. | શ્રી સંસ્તારક | સૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| | **૬ છેદસૂત્ર** | | | | | |
| ૧. | શ્રી દશાશ્રુતસ્કંધ | સૂત્રાય નમઃ | ૧૯ | ૧૯ | ૧૯ | ૨૦ |
| ૨. | શ્રી બૃહત્કલ્પ | સૂત્રાય નમઃ | ૧૯ | ૧૯ | ૧૯ | ૨૦ |
| ૩. | શ્રી વ્યવહારકલ્પ | સૂત્રાય નમઃ | ૩૨ | ૩૨ | ૩૨ | ૨૦ |
| ૪. | શ્રી જીતકલ્પ | સૂત્રાય નમઃ | ૩૫ | ૩૫ | ૩૫ | ૨૦ |
| ૫. | શ્રી લઘુનિશીથ છેદ | સૂત્રાય નમઃ | ૧૬ | ૧૬ | ૧૬ | ૨૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૬. | શ્રી મહાનિશીથ છેદ | સૂત્રાય નમઃ | ૪૨ | ૪૨ | ૪૨ | ૨૦ |
| | **૪ મૂળસૂત્ર** | | | | | |
| ૧. | શ્રી આવશ્યક | સૂત્રાય નમઃ | ૩૨ | ૩૨ | ૩૨ | ૨૦ |
| ૨. | શ્રી દશ વૈકાલિક | સૂત્રાય નમઃ | ૧૪ | ૧૪ | ૧૪ | ૨૦ |
| ૩. | શ્રી ઉત્તરાધ્યયન | સૂત્રાય નમઃ | ૩૬ | ૩૬ | ૩૬ | ૨૦ |
| ૪. | શ્રી પિંડ નિર્યુક્તિ | સૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| | **૨ ચુલિકા** | | | | | |
| ૧. | શ્રી નંદીસૂત્ર | સૂત્રાય નમઃ | ૫૧ | ૫૧ | ૫૧ | ૨૦ |
| ૨. | શ્રી અનુયોગ દ્વાર | સૂત્રાય નમઃ | ૬૨ | ૬૨ | ૬૨ | ૨૦ |

૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પયન્ના, ૬ છેદ, ૪ મૂળસૂત્ર, ૨ ચુલિકા=૪૫ આગમ...

• વિદ્વાને વ હિ જાનાતિ, વિધ્વજ્જન પરિશ્રમ; વિધ્વાનનો પરિશ્રમ=વિદ્વાન જાણી શકે.

• 'શ્રુતપદ' એ વીશસ્થાનક પૈકીનું એક પદ છે, જેની ભક્તિ કરવાથી તીર્થંકર નામકર્મ બંધાય છે.

# (૧) આચારાંગ સૂત્ર

◆ પ્રદક્ષિણા-૨૫ ◆ સાથિયા-૨૫ ◆ ખમાસમણ-૨૫

**ખમાસમણનો દુહો**

શ્રી મહાવીરના મુખથી પ્રગટ્યો વચન પ્રવાહ,
આચારાંગે સ્થિત થયો, ચીંધે મુક્તિનો રાહ.

કાર્યોત્સર્ગ-૨૫ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી આચારાંગ સૂત્રાય નમ :**

સકલ કુશલ વલ્લી પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનુકલ્પવૃક્ષોપમાનઃ,
ભવજલનિધિપોતઃ સર્વસંપત્તિહેતુઃ,
સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાંતિનાથઃ,
શ્રેયસે પાર્શ્વનાથઃ

(દરરોજ ચૈત્યવંદનની પહેલાં "સકલ-કુશલ"નું ચૈત્યવંદન કરવું.)

## ચૈત્યવંદન

આદિદેવ અલવેસરૂં, વિનીતાનો રાય,
નાભિરાયા કુલમંડણો, મરૂદેવા માય. ૧
પાંચશે ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાળુ,
ચોરાશી લાખ પૂર્વનું, જશ આયુ વિશાલ ૨
વૃષભલંછન જિન વૃષધરૂએ, ઉત્તમ ગુણમણિ ખાણ,
તસ પદ પદ્મ સેવન થકી, લહી એ અવિચલ ઠાણ ૩




આ આચારાંગ સૂત્રમાં જીવનશુદ્ધિના સ્તરને ઉંચું લાવવા માટેનો માર્ગ બતાવ્યો છે. તે માટે ખાસ જરૂરી છે દરેક જીવો સાથે આત્મીયભાવ ઉભો કરવો તો અને તે માટે છ પ્રકારના જીવોની જયણા કરવા દ્વારા આચારની શુદ્ધિ શી રીતે કરવી ? તેની સમજુતિ આ સૂત્ર આપે છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## સ્તવન

વર્ધમાન ગુણ આગરૂ, અરિહંતાજી, વર્ધમાન જિનભાણ, ભગવંતાજી, મહસેન વનમાં સમોસર્યા, અ૦ ચઉવિહ સુર મંડાણ ભ૦ (૧). માધવશુદિ એકાદશી, અ૦ પ્રથમ યામે ગુણધામ, ભ૦ ત્રિપદીયે અર્થ પ્રકાશિયો અ. ગણિ રચે સૂત્ર તે ઠામ ભ૦ (૨). આચારાંગે વખાણીયા, અ૦ સુઅખંધ દોય તે ખાસ, ભ૦ (૩). અઢાર સહસ પદે ભર્યું, અ૦ અર્થ અનંત ભંડાર, ભ૦ નિશ્ચય નાણ ચરણ ભર્યું, અ૦ પૂજી લહો ભવપાર. ભ૦ (૪). જિન ઉત્તમ મુખ પદ્મની, અ૦ વાણી અમૃત ખાણ, ભ૦ રૂપવિજય કહે પૂજતાં, અ૦ લહિએ શિવપુર ઠાણ, ભગવંતાજી૦ (૫).

## સ્તુતિ

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા,
મરૂદેવી માયા, ધોરી લંછન પાયા,
જગત સ્થતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા,
કેવલ સિરી રાયા મોક્ષ નગરે સીધાયા.

## શ્રી આચારંગ સૂત્ર

(૧૮૦૦૦ પદો (૨=શ્રુત સ્કંધ) ૨-ચૂલિકા ૧) ભાવના ૨) વિમુક્ત / અધ્યયન=શસ્ત્ર પરિજ્ઞા, લોકવિજય મહાપરિજ્ઞા, ઉપધાનશ્રુત) શસ્ત્ર પરિજ્ઞા અધ્યયન ભણાવ્યા પછી ઉપસ્થાપના (વડીદીક્ષા) થતી, હમણા દશવૈકાલિક ષડ્જીવનિકાય અ. ભણાવાય છે પછી ઉપસ્થાપના થાય છે, પૂર્વે આચારંગના પિંડેષણા અધ્યયન ભણવાથી ગોચરીની અનુજ્ઞા મલતી, હમણાં દશવે ! સૂ. ના પિંડેષણા અધ્યયન ભણવાથી અનુજ્ઞા મળે છે. પૂર્વે આચારંગ

ભણ્યા પછી ઉત્તરાધ્યયન ભણવામાં આવતું, હમણાં દશવૈ. સૂ. ભણ્યા પછી ઉતરાં. સૂ. ભણવામાં આવે છે.

- સુયં મે આઉસંતેણં એવમક્ખાયં ઇહમેગેસિંનો સણ્ણા ભવંઇ સુધર્માસ્વામી જંબુસ્વામીને કહે છે કે મેં ભગવાન પાસેથી સાંભળ્યું તે હું કહું છું, કેટલાક જીવોને હું ક્યાંથી આવ્યો અને મરીને ક્યાં જઇશ એની પણ ગતાગમ નથી.
- સે અરઇં આઉટ્ટે સે મેહાવી=અરતિને ઉલ્લંઘી જાયતે મેધાવી છે.
- ક્ષણને ઓળખે = જાણે તે પંડીત કેવાય.
- ૧૨ અંગમાં પેલું આચારંગ જેમાં સાધુના આચારનું વિશેષ વર્ણન આયારો પઢમો ધમ્મો, બ્રાહ્મણો ને સ્નાન વિના, ન ચાલે તેમ જૈનોને આચાર વિના નચાલે ૧૧ અંગ સુધર્મા સ્વામી દ્વારા રચાયેલા છે.
- સવ્વે જીવાન હન્તવ્વા = મુનિએ ષટ્જીવ નિકાયની રક્ષા કરવી, કોઇપણ જીવની હિંસા ન કરવી પેલાં અંગમાં પેલું અધ્યયન શસ્ત્ર પરિજ્ઞા તે બે પ્રકારે દ્રવ્ય અને ભાવ શસ્ત્ર, તેમાં દ્રવ્ય શસ્ત્ર = કાચું પાણી ગરમ પાણીથી સ્વકાય શસ્ત્ર અને અગ્નિથી પાણીનું પરકાય શસ્ત્ર કેવાય, શસ્ત્ર એટલે હિંસા, ભાવ શસ્ત્ર = મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિ અવિરતિથી કર્મબંધ થાય છે. શુભ વિચારોથી કર્મનાશ થાય છે, પૃથ્વી કાયાદિના જીવોના અસંખ્ય શરીરો ભેગા થાય તો જ દેખી શકાય, સૂક્ષ્મ-બાદર પર્યાપ્ત-અપર્યાપ્ત ભેદો છે, મનુષ્ય સુખ માટે પૃથ્વી વિગેરે જીવોની હિંસા કરે છે, ભલે અંગ-ઉપાંગ તે જીવોના નથી છતાં વેદના જરૂર ભોગવે છે, અનંત કાયમાં અનંતા શરીરો ભેગા થાય તો જ દેખાય વનસ્પતિમાં જીવત્વના ચિહ્નો અંકુરા વૃક્ષ વૃદ્ધિ થાય, ગોવિંદ પંડીત જિનશાસનને મૂલથી ધ્વંસની ભાવના થઇને વિશ્વમાં

વેદાંત ધર્મની સ્થાપના કરવી તે માટે સંયમ સ્વીકાર કર્યો પછી આચારંગમાં પેલું શસ્ત્ર પરિજ્ઞા અ. માં વનસ્પતિ જીવને સિદ્ધ કરતું જોઇને અહોભાવ જિન શાસન પર પેદા થયો ફરી દીક્ષા લઇને ગોવિંદાચાર્ય બન્યાં.

- ભોગીને રોગ થાય તો દુઃખમાં કોઇ ભાગ પડાવતું નથી. ધનને ભોગવનારા અને ભાગ પડાવનારા ઘણા હોય છે.
- સાધુ ક્રય-વિક્રય (ખરીદવું-વેંચવું) ન કરે.
- મુનિ કામ-ભોગની ઇચ્છા-પ્રાર્થના કરે નહીં, રામ-સીતેન્દ્રના અનુકૂળ ઉપસર્ગો છતાં ચલિત ન થયાં, નટ ઇલાચી કુમારે મુનિને સ્ત્રી તરફ નજર ન જોઇને શુભ ભાવથી-કેવળજ્ઞાન થયું. કિંપાક ફલ જેવા વિષયો કાલાંતરે મારનાર છે. ઝેર એકવાર મારે, વિષયો જન્મો જન્મ હેરાન કરે, ભોગો ના તુચ્છ સુખોથી રોગો પેદા થાય તેનાથી ભવાંતરે દુર્ગતિ મળે.
- શય્યા એષણા વસ્ત્રેષણા-પત્રેષણા, વસતિ ગૃહસ્થ પાસે માંગવાની વિધિ, ભળાવાની વિધિ વિહાર-ગોચરી-નદી ઉતરવાની દરેકની વિધિ.
- જૈન દર્શન આચાર પ્રધાન છે, સાધુ-સાધ્વીજી મ. સ્વીકારેલા મહાવ્રતો ને પૂર્ણરૂપથી સુરક્ષિત રાખે છે, માત્ર ધર્મનું પ્રચાર-પ્રસાર કરવા માટે નથી, વ્રતોમાં દોષો લગાડીને ઉપકાર કરવાની મનાઇ છે, ઝુંપડીબાળીનેં બીજાને પ્રકાશ આપવાનું નથી.
- આચારનો સાર અનુયોગાર્થ તે અનુયોગનો સાર-પ્રરૂપણા છે. પ્રરૂપણાનો સાર ચારિત્ર છે. ચારિત્રનો સાર નિર્વાણ છે, નિર્વાણનો સાર અવ્યાબાધ સુખ છે. આચાર-મોક્ષમહેલમાં પ્રવેશ કરવાના ભવ્ય દ્વાર છે.

- પૃથ્વી વિ. ત્રસની હિંસા માનવ સ્વાર્થ માટે મોજ શોખ પરિવાર માટે કરેતે સંસારના પરિભ્રમણનું કારણ છે.
- જેનાથી હિંસા થાય તે શસ્ત્ર.
  દ્રવ્ય શસ્ત્ર=ચાકુ-છરી-ભાલા-તીર-તલવાર-બંદુક
  ભાવશસ્ત્ર=મન-વચન-કાયાના અશુભ યોગો, જ્ઞપરિજ્ઞાથી જાણી પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગ કરો.
- શિષ્ય પ્રશ્ન કરે છે. પૃથ્વી વિ.જીવો દેખાતાં નથી સુંઘતાં નથી, બોલતાં નથી-ચાલતાં નથી તો વેદના કેવી રીતે થાય ?
  જવાબ-પૂર્વ અશુભ કર્મ ઉદયે મૃગા પુત્રની લોઢીયા જેમ જન્માંધ-બધિર-મુંગો પાંગળો તેને કોઇ મારે તો દુઃખનો અનુભવ કરે છે, ભલે તે બોલતો નથી, ચાલતો નથી જોતો નથી તો પણ, તેમ પૃથ્વી વિ. જીવોનું છેદન ભેદનથી ભયંકર દુઃખ અનુભવ થાય છે માટે આરંભ હિંસાનો નિષેધ બતાવેલ છે.

આગમો પ્રત્યે આપણા પૂર્વજોએ કેવો આદર, કેવો સત્કાર કેવું બહુમાન અને કવી કૂરબાની આપી છે એનો ઇતિહાસ અછતો નથી.

પ્રત્યેક આગમોના નામો શબ્દો મંત્રાક્ષર તુલ્ય છે.

૧૪૪૪ ગ્રંથના રચયિતા સૂરિપુરંદર પ.પૂ.આ. હરિભદ્રસૂરિ મ.ના મુખમાંથી નીકળેલા આ શબ્દો !

***कत्थ अम्हारिसा प्राणी, दूसमा दोसदूसिया***
***हा अणाहा कहं हुंता जइ न हुंता जिणागमो.***

દુષમકાળના દોષથી દૂષિત એવા અમારા જેવા અનાથી દુર્ભાગી આત્માનું શું થાત ! જો આ જિનેશ્વર ભગવાનના આગમો પ્રાપ્ત ન થયા હોત તો..!

શ્રી આચારાંગસૂત્ર.

આમાં ખાસ કરીને આચારની મહત્તા દર્શાવી છે. જિનશાસન વિચારોનું પણ ઉદ્‌ગમ બિન્દુ આચાર માને છે. વ્યવહાર માત્ર વિચારથી

નહિ આચારથી ચાલે છે. એવી મહત્તા જણાવવા જ સૌ પ્રથમ આચારાંગ સૂત્ર મૂક્યું છે.

આ આચારાંગના બે શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધના નવ અધ્યયન છે. બીજા શ્રુતસ્કંધના આઠ અધ્યયન છે.

પ્રથમ શ્રુતસ્કંધના આઠ અધ્યયનમાં પ્રથમ શસ્ત્રપરિજ્ઞા નામનું અધ્યયન છે.

અહીં શસ્ત્ર એટલે હિંસાનું સાધન અને પરિજ્ઞા એટલે એનો બોધ જ્ઞાન હિંસાના સાધનનો બોધ થાય અને એવા સાધનોથી વિરામ પમાય માટે પ્રથમ અધ્યયનનું આ નામ છે.

જંબૂદ્વીપમાં બધાયને માટે એક જ નિયમ કે મેરુપર્વત ઉત્તરમાં આવે અને લવણ સમુદ્ર દક્ષિણમાં આવે.

છ પ્રકારના જીવની રક્ષામાં જ મુનિપણું રક્ષાએલું છે.

મનને બગાડનાર બિનજરૂરી વિચારો છે.

પ્રભુની આજ્ઞામાં ન રહેનાર આત્મા આ ભવ તો બગાડે છે પરભવને પણ પાયમાલ બનાવે છે.

ભાનભૂલીને ભોગો ભોગવતાં આત્માને જ્યારે રોગો કનડે છે ત્યારે એને કોઇ બચાવી શકતું નથી એ વાત બ્રહ્મદત્ત ચક્રવર્તીના ઉદાહરણથી સ્પષ્ટ કરી છે.


સાધુએ આહાર કેવી રીતે કરવો એની વિધિ બતાવી છે.

- રામચન્દ્રજીની સામે સીતાજીએ અચ્યુતેન્દ્રના ભવમાં કેવા કેવા અનુકૂળ (શીત) ઉપસર્ગો કર્યા છતાં રામ કેવા સમતાસ્થ રહ્યા એ વાત જણાવી છે.
- ઇલાચીએ સામે તરૂણ સ્ત્રી છતાં મુનિની વિમુખતા દેખી વૈરાગ્ય પામી ગયા.
- મહાબલ મુનિની સામે કનકવતી તરફથી અને ગજસુકુમાળ સામે સોમિલ બ્રાહ્મણ તરફથી પ્રતિકૂળ ઉપસર્ગ છતાં કેવા સમતાવાન્ રહ્યા ? એ જણાવ્યું છે.

- મુનિ સદા જાગતાં એ કેવી રીતે ? એનું બયાન છે.
- ગર્ભાવાસમાં થતી જીવની ભયંકર અવસ્થાનું વર્ણન સાથે વૈરાગ્ય પ્રેરણા કરી છે.
- શરીરની ક્ષણભંગુરતા કેવી છે ? એનું નિદર્શન કરાવ્યું છે.
- નારકીના દુઃખોનું અદ્‌ભૂત વર્ણન છે.
- કુટુમ્બ વિલાપ કરે છતાં દીક્ષા લઇ શકાય તેના તર્કો જણાવ્યાં છે.
- આધાકર્મી આહાર ન લેવાની પ્રેરણા છે.
- પરિષહથી ભાંગી પડેલા મુનિને ઉત્સાહિત કરવાની પ્રેરણા કરી છે.
- સવસ્ત્ર અને નિર્વસ્ત્ર મુનિનો આચાર જણાવ્યો છે.
- સાધુએ ભિક્ષા લેવા માટે કેવા કુલમાં જવું તે જણાવ્યું છે.
- ભિક્ષામાં શંખડી નામના દોષની ભયાનકતા.
- મહેમાન તરીકે આવેલા સાધુ સાથે કેવો વ્યવહાર કરવો ?
- ગોચરીની મર્યાદા બતાવી છે.
- વિહારની મર્યાદા કેવી ?
- નદી કેવી રીતે ઓળંગાય ?
- નાવમાં કેવી રીતે બેસાય ?
- નદી કે નાવમાં ઉપદ્રવ આવે ત્યારે શું કરવું ? આદિ વિગતો સવિસ્તાર સમજાવી છે.
- વસ્ત્ર કેવી રીતે મેળવવું ?
- કેવી રીતે વાપરવું ?
- કેવી રીતે ધોવું ?
- કેવી રીતે સૂકાવવું ? એ જણાવ્યું છે.
- પાત્રમાં આહાર કેવી રીતે લેવો ?
- અવગ્રહ માંગવાની વિધિ.
- સ્થંડિલ ક્યાં જવું ?અને છેલ્લે સપ્તસપ્તતિકા નામની ચૂલિકામાં મહાવીર પ્રભુનું જીવન ચરિત્ર દર્શાવ્યું છે.

२

# श्री सूत्रकृतांगसूत्रम्



આ સૂત્રકૃતાંગ સૂત્રમાં જગતના ષડ્દર્શન તથા વિવિધ દર્શનોની અપૂર્ણતા જણાવી સ્યાદ્વાદ સિદ્ધાંતની સ્થાપના કરી છે. સાધુ આચારોનું, નરકના દુ:ખોનું વર્ણન છે. આ આગમના અધ્યયનથી દ્રઢ શ્રદ્ધાવાળા થવાય છે.

नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

# (૨) સૂત્રકૃતાંગ સૂત્ર

◆ પ્રદક્ષિણા-૨૩ ◆ સાથિયા-૨૩ ◆ ખમાસમણ-૨૩

**ખમાસમણનો દુહો**

સ્વપર સમય વિવાદથી, બીજું અંગ સોહાય,
તે સૂયગડાંગને નમું, સમકિત નિર્મલ થાય.

કાર્યોત્સર્ગ-૨૩ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી સૂત્રકૃતાંગ સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી...બોલી નીચેનું

## ચૈત્યવંદન

અજિતનાથ પ્રભુ અવતર્યા, વિનીતાનો સ્વામી,
જિતશત્રુ વિજયા તણો, નંદન શિવગામી,
બહોંતેર લાખ પૂરવતણું, પાલ્યું જિણે આય,
ગજલંછન લંછન નહિ,પ્રણમે સુરરાય,
સાડા ચારશેં ધનુષનીએ, જિનવર ઉત્તમ દેહ,
પાદ પદ્મ તસ પ્રણમીયે, જિમ લહીએ શિવગેહ.

## સ્તવનનો દુહો

સમક્તિ દર્શન શુદ્ધતા, કારક બીજું અંગ,
પૂજો ધ્યાઓ ભવિજના. ઝીલો જ્ઞાન તરંગ. - ૧

## સ્તવન

બીજું અંગ આરાધીએ, સૂયગડાંગ જેહનું નામ, આગમ એ રૂડો સુઅખંધ દોય સોહામણા, સોહે અતિ અભિરામ. આ૦ (૧) સ્યાદ્વાદ વાણી ભર્યાં, અજઝયણાં ત્રેવીશ, આ૦ સ્વપર સમયની વારતા, ભાખી શ્રી જગદીશ. આ૦ (૨). કુપાવયણી દાખિયા, ત્રણસેં ત્રેસઠ ભેદ, આ૦ તે છંડી એ શ્રુત ગ્રહો, સમકિત આત્મ અભેદ. આ૦ (૩). આર્દ્રકુમાર મુનિપરે, નિર્મળ કરજો ચિત્ત, આ૦ ત્રિકરણ યોગ સંચરીને, પૂજો આગમ નિત્ય. આ૦ (૪) જ્ઞાને જ્ઞાતા જ્ઞેયનો, જાણે સ્વપર સ્વભાવ, આ૦ જિન ઉત્તમ મુખ પદ્મની, વણીયે તજીય વિભાવ. આગમ એ રૂડો.(૫)

## સ્તુતિ

વિજ્યાસુત વંદો, તેજથી જ્યું દિણંદો,
શીતલતાએ ચંદો, ધીરતાએ ગિરીંદો,
મુખ જેમ અરવિંદો, જાસ સેવે સુરીંદો,
લહો પરમાનંદો સેવના સુખકંદો.

## શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર

**શ્રુત સ્કંધ-૨ / ૩૬૦૦૦ પદો / ૭૨૩ ગાથા /**
**ટીકાકાર શીલાંકાચાર્ય /૩૬૩**

- બુજ્ઝિજ્જંતિ તિઉટ્ટિજ્જા,-બંધણં પરિજાણિયા કિમીહ બંધણ વીરો, કિં વા જાણં તિઉટ્ટઇ ? બોધ પામો, સંસારમાં મમત્વાદિ બંધનને જાણીને તોડવા પ્રયત્ન કર, સંસારનો ત્યાગકર.

- વૈતાલિક અધ્યયન-વૈરાગ્યના દાખલા દલીલ સાથે વર્ણન, કર્મોનો નાશ કરવાના સાધનો બતાયા છે, વિશિષ્ટ પ્રસંગને અનુસરીને રચના થયેલ છે. ઋષભદેવ ભ. ના ૯૮ પુત્રોને પ્રતિબોધ કરીને રાજ્યાભિલાષી હોવા છતાં સંયમનો ઉપદેશ આપ્યો તેથી ૯૮ પુત્રોએ ભરત ચક્રવર્તી ભાઇ પાસે રાજ્યનો ભાગ ન માંગ્યો પણ રાજ્યનો ત્યાગ કરી સંયમ લઇ શ્રેયઃ સાધ્યું ૯૮ પુત્રોને અંગાર દાહકના દૃષ્ટાંતથી સમજાવ્યું સમુદ્ર, નદી, તળાવ, કુવાદિના પાણી પીતા તરસ છીપે નહીં, તો ખાબોચિયાના પાણીથી શું તૃપ્તિ થશે ? તેમ ઘણા કામ ભોગોને ભોગવતા વાસના વધતી જાય છે, સંયમ સાધનાથી મોક્ષ સુખ પામો.
- ઉપસર્ગ પરિચયા અ. = કર્મ નિર્જરા માટે સહન કરવા.
- સ્ત્રી સંસર્ગનો ત્યાગ કરી શીલધર્મથી આત્મહિત કરે વિષયાદિ સેવન જીવોને નરકાદિ સ્થિતિ જણાવે.
- તપ-સંયમનો મદ ન કરવો, બીજાનો તિરસ્કાર ન કરવો.
- ૧૮૦ વિનયાદિ મતોની ચર્ચા = ૩૬૩ મતનું ખંડન.
- જીવ હિંસા-મહારંભ-પરિગ્રહ માંસાહારથી પાપ ફળ ભોગવવા જ્યાં જાય તે સાત નરકના દુ:ખનું વિસ્તૃત વર્ણન, સર્વજ્ઞનું વાસ્તવિક દર્શન.
- પરમાત્મા અર્ધ માગધી ભાષામાં ઉપદેશ આપે છે માત્ર માનવ જ નહીં, પશુ-પક્ષી દ્વિપદ-ચતુષ્પદર્પણ પોત પોતાની ભાષામાં પરિણમન પામે છે.
- બીજાના મનને જાણવાની રીત = ઇંગિત = આકારથી ગતિથી-ચેષ્ટાથી-વાણીથી નેત્ર-મુખના વિકારોથી અંતરમન પકડી શકાય.
- જેઓ પોતે પોતાની પ્રશંસા કરે, બીજાના વચનને નિંદતા હોય, સ્વને વિષે વિદ્વાનની જેમ આચરણ કરતાં હોય તેઓ સદાય સંસારમાં ભમ્યા કરે છે.

- નિસ્પૃહી-સ્થાનમાં મસ્ત એવા સાધુને તો બીજાઓ વડે કરાતાં વંદન-પૂજનાદિ સત્કાર પણ સદનુષ્ઠાન કે સદ્ગતિમાં (શ્રાવકોના વંદનાદિ) વિઘ્ન રૂપ છે, પ્રાજ્ઞ એવા સાધુએ એવા વિઘ્નને જીતવું જોઇએ.
- નવા ભવ્ય જીવો ઉત્પન્ન થતાં નથી, જુના ભવ્ય જીવો ક્રમે કરીને અનંતા કાળે બધા જ મોક્ષમાં જતાં રહેશે. શું આ જગત ભવ્ય જીવો વિનાનું થાય ? ના, કારણ કે કાલના અનંત કરતાં ભવ્ય જીવોનું અનંત અનંત ગણું મોટું છે, એટલે કે દરેક સમયે એક જીવ સિદ્ધ થાય તો પણ અનંત કાળ પછી અનંતાનંત જીવો બાકી રહે, જો દરેક સમયે અનંત જીવો મોક્ષે જાય તો જ લોક ભવ્ય જીવો વગરનો બને તે પણ શક્ય નથી કે અનંતા જીવો સાથે મોક્ષે જાય.
- નાસ્તિકમત કે જે ધર્મ મોક્ષ, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક કશું જ માનતો નથી તેવા મતનું તર્ક દલીલથી ખંડન કરવામાં આવ્યું છે.
- આમાં વૈરાગ્યનું વર્ણન કરેલું હોવાથી આનું નામ વૈતાલિય રાખેલ છે.
- ઉપસર્ગમાં ધૈર્ય કેવી રીતે રાખવું ? એની પ્રેરણા કરવામાં આવી છે.
- સાધુની નિંદા કરનાર નરકે રવાના થાય છે.

સાત નરકમાં શરુની ત્રણ નરકમાં પરમાધામી દ્વારા વેદના ત્રાસ હોય એથી આગળની ચાર નરકમાં ક્ષેત્રકૃત વેદના હોય.

- પાર્શ્વસ્થ મુનિનો સંપર્ક ન કરવો.

– સમવસરણનું વર્ણન સાથે પાખંડીઓનું વર્ણન અને ખંડન છે.
– સ્ત્રી પરિચયથી દૂર રહેવા પ્રેરણા આપી છે.
– પુંડરિકનો ભાવ એ શુભભાવ અને કંડરિકનો ભાવ એ અશુભભાવ કહેવાય.
– જગતને બનાવનાર ઇશ્વર છે એવી માન્યતાનું ખંડણ કરવામાં આવ્યું છે.

– આર્દ્રકુમારના પૂર્વભવની કથની પણ આમ રજૂ થયેલી છે.

આમાં ગૌતમ સ્વામી અને ઉદકશ્રમણ વચ્ચે કેવી પ્રશ્નોત્તરી થયેલી એનું બયાન છે.

- જિનં વચન ભાવનાથી રોજ ક્રોધાદિનો ત્યાગ કરવો.
- લોકસાર અધ્યયન = સંસારી લોકોધન-સુખ સામગ્રી કામ ભોગ શરીરને સાર માને પણ અસાર છે. ક્ષણિક-નાશવંત છે, જ્ઞાની દૃષ્ટીએ સ. જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ એ સાર છે, જેનાથી મોક્ષ મળે છે, સંપતિ-સ્ત્રીથી ન મળે.
- ધૂત્ત અ. = નિસંગથી મોક્ષ મળે છે સ્વજનનો ત્યાગ કર્યોનું ધૂનન-ક્ષય કરવાનો ઉપદેશ.
- વિમોક્ષ = મોહ જનિત દોષોને જાણી તેને છોડવાનું કહ્યું, આત્માને બંધનમાં નાંખનાર કષાય આત્મા સાથે લાગેલાં છે. તે કર્મોના બંધનથી મુક્ત થનારા.
- જે ગુણેસે મૂલઠાણે = જે મૂલઠાણે સે ગુણે શબ્દાદિ પાંચ વિષયો એજ સંસાર છે. અને તેનું મૂળ કષાય સ્થાન છે, કષાયનું મૂળ વિષયો છે.
- આલોકને પરલોકના અપાયો કષ્ટો દુઃખો જોઇ શકે તે દીર્ઘદષ્ટા.

બહુમતીકે લઘુ મતિ નહીં કિંતુ
શાસ્ત્ર મતિ ને આગળ કરવી.

# (૩) સ્થાનાંગ સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૦ ◆ સાથિયા-૧૦ ◆ ખમાસમણ-૧૦

**ખમાસમણનો દુહો**

ત્રિવિધ અવંચક યોગથી, પૂજો ઠાણાંગ અંગ,
ત્રિવિધ સંદર્ભોથી શોભતું સુણતાં આવે રંગ.

કાર્યોત્સર્ગ-૧૦ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી સ્થાનાંગ સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

સાવત્થી નયરી ધણી, શ્રી સંભવનાથ,
જિતારી નૃપ નંદનો, ચલવે શિવ સાથ. ૧
સેનાનંદન ચંદને, પૂજો નવ અંગે,
ચારશેં ધનુષનું દેહમાન, પ્રણમો મન રંગે. ૨
સાત લાખ પૂરવતણુંએ, જિનવર ઉત્તમ આય,
તુરત લંછન પદ પદ્મને, નમતાં શિવ સુખ થાય ૩

## સ્તવનનો દુહો

ત્રિવિધ અવંચન યોગથી, પૂજો ત્રીજું અંગ,
ઠાણ આસન મુદ્રા કરી, લહો શિવવધૂ નવરંગ. ૧




આ ઠાણાંગ સૂત્રમાં જગતના ભિન્ન-ભિન્ન પદાર્થોનું વર્ગીકરણ ૧ થી ૧૦ સુધીની સંખ્યમાં કર્યું છે. આત્મતત્વને ઓળખવા ઉપયોગી-અનુપયોગી પદાર્થોનું વિવરણ કરી કુતૂહલ વૃત્તિનું શમન થયા પછી તત્વજ્ઞાનની ભુમિકા સ્થિર થાય છે. સિદ્ધાંત આ આગમ સચોટ રીતે સમજાવે છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## સ્તવન

શ્રી ઠાણાંગસૂત્રની સેવના સાર જો, કરિયે રે ભવિ તરીયે ભવજળ વારિધિ જો, દશ અધ્યયને વધતા છે દશ બોલજો, સુણીયે રે ભવિં મુણિયે થુણિયે સારધી રે લોલ (૧). સંગ્રહ નયથી "એગે આયા" સૂત્ર જો, ભાખે રે જિનરાયા તાજા તેજથી રે લોલ, મહાસત્તા સામાન્યપણું ઇહાં હોય જો, બીજો રે અધ્યયન અવાંતર ભેદથી રે લોલ. (૨). સૂત્ર અર્થ તદુભયથી સેવે જેહ જો, તે આરાધક શ્રુતનો ભાખ્યો ગણધરે રે લોલ, પ્રત્યનિક વળી ત્રિવિધ કહ્યાં છે તત્ત્વ જો, તેણે જે વિધિયે સેવે તે ભવજળ તરે રે લોલ. (૩). દ્રવ્ય તથા ગુણપજ્જવ ક્ષેત્ર ને કાલ જો, સલિલા શૈલ સમુદ્ર વિમાન તે સુરતણાં રે લોલ, જીવાજીવ પરૂવણા પુરીસા જાત જો, ભાખ્યા જે જિને દાખ્યા તે ગણધરે ઘણા રે લોલ. (૪). તેણે એ સૂત્ર છે સદ્‌ગતિ ફળ દાતાર જો, સેવો ગાવો ધ્યાવો પાવો સુખ ઘણાં રે લોલ, જિન ઉત્તમ મુખ પદ્મ વચન રસ લીન જો, રૂપવિજય કહે તેહને સુખની નહીં મણા રે લોલ. (૫)

## સ્તુતિ

સંભવ સુખદાતા. જેહ જગમાં વિખ્યાતા,
ષટ્ જીવના ત્રાતા, આપતા સુખશાતા,
માતા ને ભ્રાતા, કેવલજ્ઞાન જ્ઞાતા,
દુઃખદોહગ વ્રાતા, જાસ નામે પલાતા.

# શ્રી સ્થાનાંગ સૂત્ર

**અભયદેવસૂરિજીએ ઠાણાંગાદિ નવ અંગોની ટીકા રચી છે. તેથી નવાંગી ટીકાકાર બન્યાં.**

- એગેઆયા=આત્મા એક છે, અનંતા આત્મામાં જીવત્વ એક સમાન છે, દરેકના આત્મ પ્રદેશો એક સરખા છે. દરેક સુખને ઇચ્છે કે દુ:ખથી ભાગે છે જન્મ લેતા કે મરતાં, પરભવમાં આત્મા એકલો જાય છે, કર્મ બાંધનાર એકલો ને કર્મ ફળ ભોગવનાર એકલો.
- દ્વિસ્થાનક = જીવ-૨-ભેદ = સિદ્ધ અને સંસારી લોક-અલોક, જીવ-અજીવ.
- ત્રિસ્થાનક = ૩ પ્ર. ના દંડો,

૩. મહા સમાધિ મરણ અને મહાનિર્જરા પામવાના કારણો.
   1. હું ક્યારે શ્રુત ભણીશ (ભાવથી)
   2. હું ક્યારે એકલ વિહારી પ્રતિમા વહન કરીશ.
   3. હું ક્યારે અનશન સ્વીકારું, મૃત્યુની ઇચ્છા વિનાનો બનું. (આ સાધુ માટે)

૪. શ્રાવક માટેના ૩ કારણો
   1. હું ક્યારે પિરગ્રહનો ત્યાગ કરીશ.
   2. હું ક્યારે સાચો અણગાર બનીશ.
   3. હું ક્યારે અનશન આદરીશ.

   ૩-કારણોથી અલ્પ વૃષ્ટિ થાય
   1. ક્ષેત્ર સ્વભાવના કારણે વાદળા ન બંધાય.
   2. દેવોને આરાધ્યા ન હોય, તેમના અવિનયાદિ કર્યા હોય તો વાદળા બંધાયા હોય છતાં દેવો અન્ય દેશમાં ખેંચી જાય.
   3. પ્રચંડ પવનના કારણે વાદળા (મેઘ) અન્ય ચાલ્યા જાય.

- ચાર સ્થાનોથી સાધુ-સાધ્વીજીને અતિશયવાળા જ્ઞાનની પ્રાપ્તિ

થાય. ૧) વિકથા ન કરે ૨) કાઉસગ્ગથી ભાવિત બને ૩) અર્ધી રાત્રે ધર્મજાગરિકા કરે ૪) અચિત્ત-એષણીય-ઉંછ એવા પીંડની ગવેષણા કરે, આનાથી વિપરીત કરેતો જ્ઞાન ન થાય.

- ચાર સ્થાનોથી ગુણો દીપે છે.

૧) અભ્યાસ = સતત પ્રયત્ન ૨) પરછન્દ = બીજાના અભિપ્રાયને અનુસરવું. ૩) કરેલ કાર્યપ્રતિ અનુકુળ કરવું. મમણાની જેમ મોદક માટે તે ન કરવું. ૪) કૃત ઉપકૃતિ = ઉપકારનો બદલો વાળવો.

કાયામાંથી નીકળવાના જીવને પાંચ માર્ગ =

૧. પગથી જે જીવ નીકળે તો નરક ગતિ થાય.

૨. સાથળથી જીવ નીકળે તો તિર્યંચ ગતિ થાય.

૩. હૃદયથી જીવ નીકળે તો મનુષ્ય ગતિ થાય.

૪. મસ્તકથી જીવ નીકળે તો દેવ ગતિ થાય.

૫. સર્વાંગથી જીવ નીકળે તો મોક્ષ ગતિ થાય.

નવકારણોથી રોગ ઉત્પન્ન થાય.

૧. અત્યાસન = નિરંતર આસન પર બેસી રહેવાથી હરસ-મસા વિ. રોગો થાય છે.

૨. અહિતાસન = નુકસાન કરનારા પાષાણાદિને આસનરૂપે વાપરવાથી નુકશાન કરે તેવું ભોજન કરવામાં.

૩. અતિ નિદ્રાથી ૪. અતિ જાગરણથી

૫. મળ-મુત્ર રોકવાથી ૬. નિરંતર ચાલવાથી

૭. પ્રતિકૂળ ભોજનથી ૮. પ્રકૃતિથી વિરૂદ્ધ ભોજન

૯. વિજાતીયાદિના અભિલાષથી-ઉન્મદાદિથી રોગ થાય છે.

# (૪) સમવાયાંગ સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૦૪ ◆ સાથિયા-૧૦૪ ◆ ખમાસમણ-૧૦૪

**ખમાસમણનો દુહો**

અંકથી લઇને સુધી, વિવિધવસ્તુ વિચાર,
સમવાયાંગે જાણીએ, ઉપજે હર્ષ અપાર.

કાર્યોત્સર્ગ-૧૦૪ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી સમવાયાંગ સૂત્રાય નમઃ**


સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

નંદન સંવર રાયનો, ચોથા અભિનંદન,
કપિ લંછન વંદન કરો, ભવ દુઃખ નિકંદન ........................ ૧
સિદ્ધારથા જસ માવી, સિદ્ધારથ જિન રાય,
સાડા ત્રણશેં ધનુષમાન, સુંદર જસ કાય......................... ૨
વિનિતાવાસી વંદિએ એ, આયુ લખ પચાશ,
પૂરવ તસ પદ પદ્મને, નમતા શિવપુર વાસ. ....................... ૩

## સ્તવનનો દુહો

શત સમવાય વખાણીયા, ચઢતા ચોથે અંગ,
પૂજો ધ્યાવો એહને, ભાવથકી ધરી રંગ................. ૧




આ સમવાયાંગસૂત્રમાં ૧ થી ૧૦૦ સુધીની સંખ્યામા વસ્તુનું નિરુપણ કરી ક્રોડો સુધીની સંખ્યાવાળા પદાર્થોનો નિર્દેશ ક્ર્યો છે. છેવટે સમસ્ત દ્વાદશાંગી (સર્વ આગમો) નો સંક્ષિપ્ત પરિચય, તીર્થંકરો, ચક્રવર્તી વાસુદેવ-બલદેવ-પ્રતિવાસુદેવ વિગેરે ઘણી વસ્તુઓનો સંગ્રહ છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## સ્તવન

આતમ સત્તા શુદ્ધ પ્રકાશી, અવિનાશી અવિકારી જી, ત્રિશલાનંદન ત્રિગડે બેસી, વાણી કહી હિતકારી, શ્રુતપદ જપીએજી, ભવભવ સંચિત પાપ દૂરે ખપીએ જી. (૧) (એ આંકણી) જીવાજીવ સુરાસુર નર તિરિ, નારય પમુહા ભાવા જી, ભુવણો ગાહણ વેયણ ઇન્દ્રિ, ભાખ્યા વિવિહ સહાવા શ્રુત૦ (૨). કુલકર જિનવર ભૂધર હલધર, ચક્રી, ભરતના ઇશ જી, એ સમવાય વખાણ્યા સઘળા, ગણધર ને જગદીશ શ્રુત૦ (૩), એક લાખ ને સહસ ચુંઆલીશ. પદ એ શ્રુતના કહીયે જી, સંખ્યાતે વરણે કરી ભરીયો, અરથ અનંતા લહીયે, શ્રુત૦ (૪). શ્રુતપદ ભણજો શ્રુતપદ ગણજો. શ્રુતપદ ગાવો ધ્યાવો જી, ગુરુ મુખ પદ્મથી અર્થ વચન સુણી, રૂપવિજય પદ પાવો શ્રુત૦ (૫).

## સ્તુતિ

સંવર સુત સાચો, જાસ સ્યાદ્વાદ વાચો,
થયો હીરો જાચો, મોહને દેઇ તમાચો,
પ્રભુ ગુણગણ માચો, એહને ધ્યાને રાચો,
જિન પદ સુખ સાચો, ભવ્ય પ્રાણી નીકાચો.

## શ્રી સમવાયાંગ સૂત્ર

### સમવાય-સમુદાય, પદાર્થોના સમુદાયનું વર્ણન

### શ્રુત સ્કંધ-૧/અધ્યયન-૧/૧૪૪૦૦૦ પદો.

- ત્રીજું અને ચોથું અંગ ભણનાર જઘન્ય ગીતાર્થ કેવાય.
- નિશીથ સૂત્રના જ્ઞાતા હોય તે મધ્યમ ગીતાર્થ કેવાય.

- જે કાલે જેટલા સૂત્રાદિ ગ્રંથો હોય તે બધા શાસ્ત્રોના જ્ઞાતા ઉત્કૃષ્ટ ગીતાર્થ કેવાય.
- ૧ લાખ યોજનનો=જંબુદ્વીપ, અપ્રતિષ્ઠાન નરકવાસ (સાતમી નરકમાં) પાલક વિમાન, સર્વાર્થ સિદ્ધ વિમાન, દરેક ૧ લાખ યોજન છે.
- ૧ પલ્યોપમવાળા તિર્યંચ અને મનું (યુગલિક)ની હોય દે.
- ૧ સાગરોપમની સ્થિતિ દેવોની તે ૧ હજાર વર્ષે આહાર ૧૫, દિ શ્વાસ લે, ૨-સાગરો. દેવો ૨ હજાર વર્ષે આહાર. મહિને શ્વાસ લે, જેટલા સાગરો. તેટલા હજાર વર્ષે આહાર લે તેટલા પખવાડીયે શ્વાસ લે છે.
- સમવાયમાં=૭ ભય સ્થાનો, ૭ સમુધ્ઘાતો, વીર ભ. ૭ હાથ ઉંચા, જંબુદ્વીપમાં ૭ વર્ષધર પર્વતો, ૭ નક્ષત્રો કૃતિકાદિ પૂર્વ દિશાના દ્વારવાળા છે, મઘા વિ. ૭ નક્ષત્રો દક્ષિણ દિશાના દ્વારવાળા છે, અનુરાધા વિ. ૭ નક્ષત્રો પશ્ચિમ દિશાના દ્વારવાળા છે, ધનિષ્ઠાદિ વિ. ૭ નક્ષત્રો ઉત્તર દિશાના દ્વારવાળા છે.
- કેવળી સમુદ્ઘાત આઠ સમયનો મદ પ્રવચન માતા આઠ જંબુવૃક્ષ-શાલ્મલીવૃક્ષ અને જંબુદ્વીપની જગતી દરેક આઠ યોજન ઉંચા છે.
- પાર્શ્વ ભ. ૯ હાથ ઉંચા / રત્નપ્રભા પૃથ્વીથી તિર્છાલોક ૯૦૦ યોજન ઉંચા, જ્યોતિષ ચક્ર ૯૦૦ યોજન સુધી છે, લવણ સમુદ્રમાંથી ૯ યોજન સુધીના મત્સ્યો જંબુદ્વીપમાં પ્રવેશ કરે છે, વ્યંતરની સુધર્મા સભાઓ ૯ યોજન ઉંચી છે.
- મેરૂપર્વતના મૂળમાં (પૃથ્વીતલ ઉપર) ૧૦ હજાર યોજનનો વિષ્કંભ છે, અરિષ્ટ નેમિ ભ., કૃષ્ણ અને રામબળદેવ ૧૦ ધનુષ્ય ઉંચા, ૧૦ નક્ષત્રો જ્ઞાન વૃદ્ધિ કરનારા, ૧૦ પ્ર.ના કલ્પવૃક્ષો છે, પેલી નરકોની જ. સ્થિતિ ૧૦ હજાર વર્ષ.

- ૨૩ ભગવાનને (ઋષભ દેવસિવાયના) સૂર્યોદયે કેવલજ્ઞાન થયું. ૨૩ ભગવાનને પૂર્વ ભવે માંડલિક રાજા હતા, ૨૩ ભગવાનને પૂર્વ ભવે ૧૧ અંગના જ્ઞાતા હતાં.
- મંડીત પુત્ર ગણધર ૩૦ વર્ષ સુધી ચારિત્ર પાળી મોક્ષે ગયા.
- મહાવિદેહ ક્ષેત્રનો વિષ્કંભ ૩૩ હજાર યોજનનો છે.
- ૩૪ વિજ્યો જંબુદ્વીપમાં ચક્રવર્તીના છે.
- અઢી દ્વિપ ૪૫ લાખ યોજન લંબાઇ-પહોળાઇ છે.
- સીમંતક નરકાવાસ, સૌધર્મ દેવનું ઉડુ વિમાન ઇષત્ પ્રાગ્ભારની પૃથ્વી, ૪૫ લાખ-યો. દરેકની જંબુદ્વીપની જગતી અને મેરૂ પર્વતની વચ્ચે ચારે દિશાએ ૪૫/૪૫ હજાર યોજનનું અંતર છે.
- ભ.વીરના ૫૩ સાધુ અને ૧ વર્ષનો દીક્ષા પાળી અનુત્તરે ગયા.
- દક્ષિણાર્ધ મનુષ્ય ક્ષેત્રમાં ૬૬/૬૬ સૂર્ય ચન્દ્ર પ્રકાશે છે. ઉત્તરાર્ધમાં એટલા પ્રકાશે છે.
- પાર્શ્વ ભગવાન ૭૦ વર્ષ સાધુ પર્યાય પાળી નિર્વાણ (વાસુપૂજ્ય ૭૦ ધનુષ ઉંચા.)

સમવાયાંગ છે. સમવાયનો અર્થ સમુદાય પણ થાય છે. આ આગમમાં એકથી માંડીને સાગરોપમ સુધીની વિરાટ સંખ્યામાં રહેલા પદાર્થોનું વર્ણન હોવાથી આનું નામ સમવાય છે.

ત્રેવીશ તીર્થંકર પરમાત્મા એવા હતાં જેઓને પૂર્વભવમાં અગિયાર અંગનું જ્ઞાન હતું. આદિનાથ પ્રભુનો નંબર આનાથી અલગ હતો. ૧૪ પૂર્વનું સ્થાન હતું.

જ્યારે તીર્થંકર પરમાત્મા નિર્વાણ પામે ત્યારે તીર્થંકર પ્રભુના મુખમાં રહેલી દાઢા ઇન્દ્ર મહારાજા લઇ લેતા હોય છે. પછી એને સુધર્મ દેવલોકમાં સુધર્મ નામની સભામાં માણિક્ય નામનો સ્તંભ હોય છે. તેની વચમાં વજ્ર-રત્નના બનેલા દાભડામાં રાખતા હોય છે અને પૂજતા હોય છે.

# (૫) પ્રજ્ઞપ્તિ સૂત્ર

◆ પ્રદક્ષિણા-૪૨ ◆ સાથિયા-૪૨ ◆ ખમાસમણ-૪૨

**ખમાસમણનો દુહો**

ગૌતમ પૂછે વીર વદે, પ્રશ્ન છત્રીશ હજાર,
વિવાહ પણ્ણત્તિ છે પાંચમું, સુણજો ભાવે ઉદાર.

કાર્યોત્સર્ગ-૪૨ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી ભગવતી સૂત્રાય નમ :**

**અથવા–શ્રી વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ સૂત્રાય નમ :**

સકલ કુશલ વલ્લી...બોલીને નીચેનું બોલવું.

## ચૈત્યવંદન

સુમતિનાથ સુહંકરૂં, કોસલ્લા જસ નયરી,
મેઘરાય મંગલા તણો, નંદન જિતવયરી. ........................ ૧
કૌંચ લંછન જિન રાજિયો, ત્રણશેં ધનુષની દેહ,
ચાલીશ લાખ પૂરવતણું, આયુ અતિ ગુણગેહ. .................. ૨
સુમતિ ગુણે કરી જે ભર્યા એ, તર્યા સંસાર અગાધ,
તસ પદ પદ્મ સેવન થકી, લહો સુખ અવ્યાબાધ. ................ ૩

## સ્તવનનો દુહો

પાવન પંચમ અંગમાં, પ્રશ્ન છત્રીશ હજાર,
ગૌતમ ગણધરે પૂછીયા, વીર કહ્યા નિરધાર. ......... ૧




આ ભગવતી સૂત્રમાં ગૌતમ સ્વામીજીએ પ્રભુને પુછેલ ૩૬૦૦૦ પ્રશ્નોના સુંદર સમાધાનો છે. અન્ય ગણધર-શ્રાવક-શ્રાવિકા અને કેટલાક અજૈનો દ્વારા પૂછાયેલ પ્રશ્નોત્તર પણ છે. આ આગમમાં અનેક વિષયોનું વિશિષ્ટ શૈલીથી ગંભીર વર્ણન છે. ગુરુમુખે સાંભળવા જેવું છે.



नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## સ્તવન

ભવિ તમે પૂજો રે ભગવતી સૂત્રને રે, વિવાહપન્નતિ નામ, પંચમ અંગે એ પંચમ ગતિ દિયે રે, ચરણકરણ ગુણ ઠાણ, ભવિં૦ (૧). એક સો આડત્રીશ શતકે સોહતું રે, વળી બેંતાલીશ ધાર. ઉદ્દેશા ઓગણીશસેં ઉપરે રે, પચ્ચીશ છે નિરધાર. ભવિ૦ (૨). સહસ ચોરાશી પદવૃંદે કરી રે, સોહે સૂત્ર ઉદાર, વિવિધ સુરાસુર નર નૃપ મુનિવરે રે, પૂછ્યા પ્રશ્ન પ્રકાર ભવિ૦ (૩). ષટ્દ્રવ્ય ચરણ કરણ નભ કાલના રે, ભાખ્યા અર્થ વિશેષ. ભવિ (૪). ઉપક્રમ નિક્ષેપ અનુગમ નય વળી રે, ચાર પ્રમાણ વિચાર, લોકાલોકપ્રકાશક જિને કહ્યા રે, પ્રશ્ન છત્રીશ હજાર. ભવિ૦ (૫). શ્રદ્ધા ભાસન રમણપણું કરી રે, સાંભળો સૂત્ર ઉદાર, ત્રિવિધ ભક્તિ કરી પૂજો સૂતકને રે, મણિ મુક્તાફળે સાર. ભવિ૦ (૬). સોનામહોર સહસ છત્રીશથી રે. સંગ્રામ સોનીએ સાર, રૂપવિજય કહે પૂજ્યું ભગવતી રે, તિમ પૂજો નર નાર. ભવિ૦ (૭).

## સ્તુતિ

સુમતિ સુમતિ દાયી, મંગલા જાસ માઇ,
મેરૂને વળી રાઇ, ઓર એહને તુલાઇ,
ક્ષય કીધા ધાઇ, કેવલજ્ઞાન પાઇ,
નહિ ઉણીમ, કાંઇ, સેવીએ એ સદાઇ.

## શ્રી વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ સૂત્ર

વિવાહ પન્નતી-શતક-૪૧, અધ્યયનો-૧૦૦ થી વધુ ઉદેસાઓ-૧૦૦૦, પદો-૨૮૮૦૦૦ આસૂત્ર વિશાલ રત્નાકર

છે. જેમાં વિવિધ રત્નો છે પ્રારંભમાં પંચપરમેષ્ઠિને નમસ્કાર, બ્રાહ્મી લીપીને નમસ્કાર કરેલ છે, ગૌતમ, વીર ભ. ને પૂછેલા ૩૬ હજાર પ્રશ્નોના સમાધાન કરેલ છે. જયંતીનામની રાજકુમારીએ ભગવાનને પ્રશ્નો પૂછેલા કે લોકો સુતા ભલા કે જાગતા ભલા ભ. ઉત્તર આપે પાપી લોકો સુતા ભલાને ધર્મી જાગતા ભલા તુંગીયા નગરના શ્રાવકે પ્રશ્નો પૂછેલા, પેથડશા મંત્રી દરેક પ્રશ્નના ઉત્તરમાં ગૌતમ શબ્દ જ્યાં આવે ત્યાં સોના મહોરથી પૂજન કર્યું નવાંગી વૃત્તિકાર અભયદેવસૂરિજી એ મહાન અર્થ ગંભીર સૂત્રને જયકુંજર હાથી સાથે સરખાવ્યો છે. આ હાથી યુદ્ધમાં વિજય મેળવનાર હોવાથી ઉપમા આપીને સૂત્રની મહાનતાને ચાર ચાંદ લગાવ્યા ઋષભદત્ત-દેવાનંદાની દીક્ષા મોક્ષનું વર્ણન, દેવાનંદા સમવસરણમાં ભગવાનને જોતાં સ્તનમાંથી દુધની ધારા.

- ગુણોના સમુદાયના ધારણ કરનાર ગણિ-આચાર્ય.
- ૧૨ અંગોનો સમુદાય = દ્વાદશાંગી, પેટીના જેવું તો પિટક = દાબડો, દ્વાદશાંગી ગણિપિટક.
- અતિ મુક્ત કુમાર=વિરાધના પશ્ચાત્તાપ=ઇરિયા વહિયં કેવલજ્ઞાન.
- જમલી પાપોદયે ૧૫ ભવો સુધી કેવા દુઃખો ભોગવશે.
- ગોશાલાને આશાતના દ્વારા કેવાફળોને પામે છે દરેક ભવમાં શસ્ત્ર-અગ્નિથી મૃત્યુ અનંત કાલપછી જ્યારે કેવલજ્ઞાન પામશે ત્યારે શિષ્યોને કહેશે ગુરૂની આશાતના અવિનયનું કેવું ભયંકર ફળ છે માટે કોણે અવિનય ન કરવો.
- તામલિ તાપસ અંતે સ.દર્શન પામી ઇંદ્ર પણું પામે છે.
- આયુષ અલ્પ (ટુંકું) શાથી બંધાય ? હિંસા-જૂઠ-સુપાત્રને

અકલ્પનીય વ્હોરાવાથી બંધાય છે. પણ શુદ્ધ નિર્દોષ ગોચરી વ્હોરાવાથી દીર્ઘાયુ બંધાય.

ભગવતી એટલે દ્રવ્યાનુયોગનો ખજાનો ! જો કે આમ તો આમાં ચારે ય અનુયોગો છે પણ મુખ્ય દ્રવ્યાનુયોગ છે. આ આકરગ્રંથ છે. જેના વખાણ ખુદ ગણધરોએ કરેલા છે, મંગલાચરણ પણ તેમણે કર્યું નમો સુઅસ્સ ! નમો આ મંગળ છે.

આગમ ન હોત તો મુક્તિ માર્ગ શી રીતે ચાલત ?

ભગવતીમાં માત્ર ગૌતમસ્વામી જ નહિ, જયંતી જેવી શ્રાવિકાએ પણ પ્રશ્નો કરેલા છે.

***णमो बंभालिविए*** કહી બ્રાહ્મી લીપીને નમસ્કાર કરવામાં આવ્યો છે. લિપિ અક્ષરરૂપ છે. ન ક્ષરતિ અક્ષરમ્ ! તીર્થંકર આવે ને જાય, પણ અક્ષરો તો રહે જ. ભગવાનની વાણીને પુષ્કરાવર્તની ઉપમા આપી. પુષ્કરાવર્તમાં એવો ગુણ છે કે એકવાર વરસ્યા પછી ૨૧ વર્ષ સુધી પાક થયા જ કરે.

ભગવાન ૩૦ વર્ષ બોલ્યા તેના ૧૦થી ૧૧ હજાર દિવસ થાય. તેના પ્રભાવે જ ભગવાનનું શાસન ૨૧ હજાર વર્ષ સુધી ચાલશે.

ભગવતીને જયકુંજર ગંધહસ્તીની ઉપમા આપી છે. પૂ. લબ્ધિસૂરિજીએ ગંધહસ્તી વગેરેના વિશેષણોમાં જ ૪ મહિના પૂરા કરી દીધેલા. ગંધહસ્તી પાસે બીજા હાથી ન ટકે તેમ ભગવતી પાસે બીજા વિઘ્નો ન ટકે. આ મંગળ છે માટે જ વારંવાર ભગવતી વંચાતુ રહેતું.

# (૬) જ્ઞાતાધર્મકથા સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૯ ◆ સાથિયા-૧૯ ◆ ખમાસમણ-૧૯

**ખમાસમણનો દુહો**

નાયાધમ્મ કહા ભલું છટ્ઠું અંગ વિશાળ,
પ્રથમ અનુયોગે શોભતો વિવિધ કથા ભંડાર.

કાર્યોત્સર્ગ-૧૯ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્રાય નમઃ**


સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

કોસંબીપુર રાજિયો, ધર નરપતિ તાય,
પદ્મપ્રભ પ્રભુતામયી, સુસીમા જસ માય.......................... ૧
ત્રીસ લાખ પૂરવ તણું, જિન આયુ પાલી,
ધનુષ અઢીશેં દેહડી, સવિ કર્મને ટાલી. .......................... ૨
પદ્મ લંછન પરમેશ્વરૂં એ, જિન પદ પદ્મની સેવ,
પદ્મવિજય કહે કીજિયે, ભવિજન સહુ નિતમેવ. .................. ૩

## સ્તવનનો દુહો

ષટ્વ્રતધારી ષટ્પદે, લેતા ઉંછાહાર,
યુગપ્રધાન શ્રી જંબૂએ, પૂછ્યા અર્થ વિચાર.......... ૧




આ જ્ઞાતાધર્મકથાંગસૂત્ર રુપક દ્રષ્ટાંતો તથા મહાપુરુષોના જીવન ચરિત્રથી સમૃદ્ધ છે. પૂર્વે આ આગમમાં બે અબજ છેતાલીસ કરોડ પચાસલાખ કથા-ઉપકથાઓ હતી એ વાત નોંધાયેલી છે. આજે માત્ર ૧૯ કથોઓ ઉપલબ્ધ છે. બાલ જીવોને ધર્મ પ્રત્યેક અનુરાગવાળા થવા માટે કથાનુયોગનો ઉત્તમ ગ્રંથ છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## સ્તવન

ષટ્વ્રતધારી મહામુનિ રે, જંબૂ જુગપરધાન, આગમ એ રૂડો. સ્વામી સુધર્માને નમી રે, પૂછે અર્થ નિધાન. આ૦ (૧). કહે સોહમં જંબૂ સુણો રે, જ્ઞાતા સુયખંધ દોય, આ૦ ઓગણીશ અધ્યયન છે તેહનાં રે, પદ સંખ્યાતાં જોય. આ૦ (૨). મેઘકુમારાદિક મુનિ રે, સંયમ ધોરી સાધ, આ૦ સાધન સાદી સિદ્ધિનાં રે, પામશે અવ્યાબાધ. આ૦ (૩). ઘોર પરિસહ જીપતા રે, દીપતા સંયમ તેજ. આ૦ પાળે પંચાચારને રે, લેવા શિવવહૂબ સેજ. આ૦ (૪). ચરણ-કરણ રયણે ભર્યા રે, શ્રુત રત્નાકર સાર, આ૦ જિન ઉત્તમ મુખ પદ્મથી રે, લહો ચિદ્રૂપ અપાર. આગમ એ રૂડો. (૫)

## સ્તુતિ

અઢીસેં ધનુષ કાયા, ત્યક્ત મદ મોહ માયા,
સુભીસા જસ માયા, શુકલ જે ધ્યાન ધ્યાતા,
કેવળ વર પાયા, ચામરાદિ ધરાયા,
સેવે સુરરાયા, મોક્ષનગરે સિધાયા.

## શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર

### ૩૧૧ કરોડ ધર્મકથા / શ્રુત સ્કંધ-૨

- **મેઘકુમાર**નો પૂર્વ ભવ હાથીના ભવે સસલાની દયા જીવરક્ષા ખાતર અઢીદ્વિવસ સુધી ૧ પગ ઉંચો રાખી સમતાથી કષ્ટ સહીને ત્રણ ભવે મોક્ષ નિશ્ચિત કર્યો.

- **મલ્લિકુમારી** દેહ અશુચિમય છે. તેના પર રાગ નહીં પણ વૈરાગ્ય ભાવ પેદા કરવો જોઇએ તેમનું જીવન દર્શન.
- **નંદમણિયાર** સાધુના ઉપદેશ વિના કેવું ભયંકર પતન થાય છે. સત્સંગમાં રહેવું જોઇએ, કેટલાને ગમતું નથી.
- **દ્રોપદીનો** જિન પૂજાનો અધિકાર.
- **ધન્ના સાર્થવાહ**
- **મયુરના અંડા-શુદ્ધા અને અશુદ્ધા**
- **બે કાચબા** ઇન્દ્રિય ગોપન સંકોચી રાખે તો કાચબો બચે, ઇન્દ્રિય બહાર તો ખતમ થાય ઇન્દ્રિય નિગ્રહ કરે તે વંદનીય પૂજનીય બને.
- **શેલક-પંથક** શિથીલ ગુરૂને પંથકે માર્ગે લાવ્યા.
- **સાર્થવાહે**-ચાર પુત્ર વધુઓની પરીક્ષા કરવા માટે પાંચ ડાંગરના ઘણા-દષ્ટાંત દ્વારા ૫-મહાવ્રતોને રોહિણીની જેમ સાચવા અને અન્યને પ્રદાન કરવા.
- **જિનરક્ષીત-જિનપાલ**-વિષયોને આધીન બને છે તેનાં બંને લોક બગડે છે, વિષયોના ત્યાગથી મહાન લાભ થાય છે.
- **ચંદ્રમા / સુબુદ્ધિપ્રધાન/દેશના/અશ્વ/પુંડરીક-કંડરીક**
- **ધન્ય સાર્થવાહ**-પત્ની ભદ્રા-પુત્ર જન્મ દાસ રમાડવા બદલે બાળકને બેસાડીને પોતે રમવા લાગ્યો. વિજય ચોર આ ભૂષણથી શણગારેલ બાળક જોઇને ઉપાડીને લઇ ગયો, પછી અલંકાર લઇને કુવામાં ફેંક્યો, નગર રક્ષકે ચોરને પકડ્યો, કારાગરમાં નાંખ્યો, થોડા સમય બાદ શ્રેષ્ઠીને સામાન્ય અપરાધમાં રાજાએ તેને કારાગરમાં નાંખ્યો બંનેને એક બેડીમાં પત્ની સાર્થવાહ માટે વિવિધ ભોજન ખાવા લાવતી

ચોરે માંગ્યું, પણ ન દીધું, મલમૂત્ર વિસર્જન માટે ચોરે ના પાડી. તકલીફ થઇ. તમે ભોજન કર્યું તો તમે જાવ, હું ભુખ્યો ન છુટકે આપ્યું, નોકરે પત્નીને વાતકરી તેને કહ્યું. પુત્ર હત્યારો તેને આપ્યું, તેમ સાધુ પણ આહાર-પાણી શરીરને અનાસક્ત ભાવે આપે જ્ઞાન-દર્શન-ચારિત્ર પાલન કરવા માટે વાપરે.

- **શંકા અને શ્રદ્ધા (બે ઇંડા)** જિન દત્તપુત્ર અને સાગર દત્ત પુત્ર બે મિત્ર હતાં, ઉધાનમાં ગયા તેણે મયુરીને બે ઇંડા જોયા, ઉપાડી બંને પોત પોતાના ઘરે લઇ ગયા સાગરદત્ત શંકાશીલ આમાં મયુર નીકળી શકે નહીં શંકા વારંવાર ઉંધા સીધા કાનમાં સાંભળે પણ અવાજ નથી આવતો મરેલો લાગે છે, અંડા નિર્જીવ છે બચ્ચો નહી નીકળે, જિનદત્ત પૂર્ણ શ્રદ્ધાથી મયુર પાળકને સોંપ્યું, મયુરીથી ઇંડા સેવનથી સુંદર મયુરને નાચવાની કલામાં પારંગત કર્યા, ઘણું ધન કમાયો, જિનેશ્વર વચન પર શંકાથી ભવ ભ્રમણનું કારણ, શ્રદ્ધાથી અનંત સુખ, શંકા રહિતથી લાભ થાય શંકાથી સાધના નિષ્ફળ જાય છે.

• મૂર્તિપૂજક માત્ર નથી પરંતુ આગમના પણ પૂજક છીએ, મૂર્તિ ખંડિત થાય તો પુનઃ પ્રતિષ્ઠા (નવી મૂર્તિની) પૂ. આચાર્ય ભ. દ્વારા કરી શકાય છે. આગમો ભસ્મીભૂત થાય તો પુનર્ સજીવન કરવા બહુ કઠિન છે.

# (૭) ઉપાસકદશાંગ સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૦ ◆ સાથિયા-૧૦ ◆ ખમાસમણ-૧૦

**ખમાસમણનો દુહો**

ઉવાસગ અંગે કહ્યા, શ્રાવક દશ અધિકાર,
વીર પ્રભુએ વખાણીયા, પર્ષદા બાર મોઝાર.

કાર્યોત્સર્ગ-૧૦ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી ઉપાસકદશાંગ સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી...બોલી ચૈત્યવંદન કરવું.

## ચૈત્યવંદન

શ્રી સુપાસ જિણંદા પાસ, ટાળ્યો ભવ ફેરો,
પૃથ્વી માત ઉરે જયો, તે નાથ હમેરો. ............................ ૧
પ્રતિષ્ઠિત સુત સુંદરૂ વાણારસી રાય,
વીશ લાખ પૂર્વતણું, પ્રભુજીનું આય. ............................ ૨
ધનુષ બસેં જિન દેહડી એ, સ્વસ્તિક લંછન સાર,
પદ પદ્મે જસ રાજતો, તાર તાર ભવ તાર........................ ૩

## સ્તવનનો દુહો

અંગ ઉપાસકમાં કહ્યા, દશ શ્રાવક અધિકાર,
વીર જિણંદ વખાણીયા, ધન્ય તેહના અવતાર. ........ ૧

# ૭ श्रीउपासकदशांगसूत्रम्




આ ઉપાસકદશાંગ સૂત્રમાં ભગવાન શ્રી મહાવીર પ્રભુના બારવ્રતધારી મુખ્ય દશ શ્રાવક સંબંધી રોચક સંક્ષિપ્ત વર્ણન છે. જેમા આદર્શ શ્રાવક જીવનનો બોધ થાય છે. ગોશાલાનો નિયતિવાદ તેમજ ગોશાલાએ પરમાત્માને આપેલી મહામાહણ, મહાગોપ, મહાસાર્થવાહ, મહાધર્મક અને મહાનિર્યામકની યથાર્થ ઉપમાઓનું વર્ણન છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## સ્તવન

સગ ભય વારક સાતમું, અંગ સુરંગ વિચાર, ભવિજન. સુયખંધ એક સોહામણો, અજ્ઝયણાં દશ સાર. ભવિ૦ (૧). આણંદ કામદેવ ગુણી ચુલણઇપિયા સુરાદેવ. ભવિ૦ ચુલ્લશતક કુંડકોલિયો, કરે જિન આગમ સેવ, ભવિ૦ (૨). સદ્દાલ પુત્ર છે સાતમા મહાશતક ગુણવંત ભવિ૦ (૩). વર્દ્ધમાન જિન દેશના, સાંભળી વ્રત લીએ બાર, ભવિ૦ (૪). અગિયાર પડિમા તપ તપી, અણસણ કરી લહી અગ્ગ. ભવિ૦ મહાવિદેહે મનુજ થઇ, જાશે દશ અપવગ્ગ. ભવિ૦ (૫). આગમ અમૃત રસ ભર્યો, જે પીએ નરનાર, ભવિ૦ (૬). રૂપવિજય પદ સંપદા, તે પામે નિરધાર ભવિ૦ (૭).

## સ્તુતિ

સુપાર્શ્વ જિનની વાણી, સાંભળે જેહ પ્રાણી,
હૃદયે પહેંચાણી, તે તર્યા ભવ્ય પ્રાણી,
પાંત્રીસ ગુણ ખાણી, સૂત્રમાં જે ગુંથાણી
ષટ્ દ્રવ્ય શું જાણી, કર્મ પીલે જ્યું ઘાણી૦...૧

## શ્રી ઉપાસકદશાંગ સૂત્ર

શ્લોક-૮૧૨, પદ-૫૭૬૦૦૦

શ્રુતસ્કંધ-૧૦, અધ્યયન-૧૦.

- આનંદ-કામદેવ આદિ ૧૦ શ્રાવકનો અધિકાર આવે.
- ગૌતમ અને આનંદ વચ્ચે થયેલ ચર્ચા તથા ગૌતમ સ્વામી આનંદને ખમાવે.
- દેવો દ્વારા વ્રતધારી શ્રાવકોને ધર્મથી ચલિત કરવા.

- સદાલપુત્ર ગોશાલાનો ધર્મ માનતા, પરંતુ વીર ભગવાનના ઉપદેશથી પ્રતિબોધ પામ્યા તે વાત મહા શતકશ્રાકને ભગવાન આલોચના કરવાનું જણાવે, પત્નીને ભલે સત્ય કહ્યું પણ અપ્રિય દુ:ખ ઉપજે તેવું ન બોલાય. ભ.વીરના ૧૦ શ્રાવકમાંથી આનંદ, કુંડ કાલિક, તેતલિપિતા, નંદિની પિતા યા ચાર શ્રાવકને દેવતાના ઉપસર્ગ થયાં નથી.
- ૨૦ વર્ષ સુધી શ્રાવકના વ્રતોનું પાલન, ૨૦ વર્ષમાં ૧૪ વર્ષ સુધી ઘરમાં રહ્યા ને, ૫ વર્ષ સુધી ગૃહ કાર્યનો ત્યાગ કરી, પૌષધ શાળામાં રહીને શ્રાવકની પ્રતિમાને આરાધીને, ઉપસર્ગ આવવાથી ચલિત ન થયાં, દરેક શ્રાવક એકેક માસનો સંથારો કરીને અંતે મૃત્યુ પામી પેલાં સો ધર્મ દેવલોકમાં ઉત્પન્ન થઇ ચાર પલ્યોપમ આયુષ, ત્યાંથી આવી, મહાવિદેહમાંથી મોક્ષમાં, શ્રાવકના ૧૨ વ્રતો, ૧૧ પ્રતિમાઓ દિન ચર્યાનું સુંદર વર્ણન કરેલ છે. ૧) આનંદ ૨) કામ દેવ ૩) ગાથા પતિ ૪) ચુલનિપિના ૫) સુરાદેવ ૬) ચુલ્લશતક ૭) કુંડમેલિક ૮) સદાળપુત્ર ૯) મહાશતક નંદિનીપિતા ૧૦) શાલિહ.
- **આનંદ શ્રાવક** - વાણિજય ગામમાં જિતશત્રુ રાજાના પુત્ર આનંદ શ્રા. ધનાઢય ૪ કરોડ સુવર્ણ મુદ્રાખજાનામાં (ભંડારમાં), ૪ કરોડ વ્યાપારમાં ૪ કરોડ ધનધાન્ય-દ્વિપદમાં ચતુષ્પદ માટે અને ૪ ગોકુલ હતા જે દરેકમાં ૧૦ હજાર ગાયો, તેજસ્વી વિપુલ ભવન શયન-આસન-યાન-સુવર્ણ રજતાદિ પ્રચુર ધનવાળા છતાં પરિગ્રહ પરિમાણને સંતોષી આરાધના પણ ઉત્કૃષ્ટ કક્ષાની હતી જે શ્રાવકો આદર્શ રૂપ હતાં, આજના શ્રાવકોનું લક્ષ ધનાઢ્ય-અબજોપતિ-ઉદ્યોગપતિનું હોવું જોઇએ પણ આવા ઉત્તમ શ્રાવકો બનવાનું હોય.

# श्रीअंतकृतदशांगसूत्रम्



આ અંતકૃતદશાંગ સૂત્રમાં અંતકૃત કેવલીઓનું વર્ણન આવે છે. 'અંત સમયે કેવલજ્ઞાન પામી અંત મુહર્તમાં મોક્ષે ગયા હોય તેને અંતકૃત કેવલી કહેવાય છે. દ્વારિકા નગરીનાં વર્ણનથી આ આગમની શરુઆત થાય છે. દ્વૈપાયન દ્વારા દ્વારિકાનો નાશ, અર્જુન માલી, અઈમુક્તા. શત્રુંજયનો અધિકાર જણાવ્યો છે. શ્રેણિક રાજાની ૨૩ રાણીઓની તપશ્ચર્યાનું સુંદર વર્ણન છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

# (૮) અંતકૃદશાંગ સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૯ ◆ સાથિયા-૧૯ ◆ ખમાસમણ-૧૯

**ખમાસમણનો દુહો**

અંત સંસારનો જેહને, કીધો તેહની વાત,
તે કારણ અંતગડ કહ્યું, લઇએ નામ પ્રભાત

કાર્યોત્સર્ગ-૧૯ લોગસ્સનો ◆ માળા-૨૦

માળાનો મંત્ર : **ૐ હ્રીં શ્રી અંતકૃદશાંગ સૂત્રાય નમ:**

સકલ કુશલ વલ્લી...બોલીને

## ચૈત્યવંદન

લક્ષ્મણા માતા જનમીયો, મહસેન જસ તાય,
ઉડુપતિ લંછન દીપતો, ચંદ્રપુરીનો રાય. ......................... ૧
દશ લાખ પૂરવ આઉખું, દોઢસો ધનુષની દેહ,
સુર નરપતિ સેવા કરે, ધરતાં અતિ સસનેહ. ..................... ૨
ચંદ્રપ્રભ જિન આઠમા એ, ઉત્તમ પદ દાતાર,
પદ્મવિજય કહે પ્રણમીએ, મુજ પ્રભુપાર ઉતાર. .................. ૩

## સ્તવનનો દુહો

નિરૂપમ નેમિ જિણંદની, સાંભળી દેશના સાર,
ગોયમ સમુદ્રસાગર પમુહ, પામ્યા ભવજળ પાર. ..... ૧

## સ્તવન

અંતગડ અંગ તે આઠમું રે, અષ્ટમી ગતિ દાતાર, નમો વીતરાગને. આઠ વરગ છે તેહના રે, અધ્યયન નેવું ઉદાર.

નમો૦ (૧). સુઅખંધ એક સોહામણો રે, અર્થ અનંતનું ધામ, નમો૦ ચરણ કરણ રયણે ભર્યો રે, આપે અવિચળ ઠામ. નમો૦ (૨). યદુવંશી યાદવ ઘણા રે, ત્યજી સંસાર ઉપાધિ, નમો૦ સંયમ શુદ્ધ આરાધીને રે, કાઢી કર્મની વ્યાધિ, નમો૦ અજ્જવ મદ્દવ ગુણે ભર્યો રે, સંયમ સત્તર પ્રકાર, નમો૦ (૩). અજ્જવ મદ્દવ ગુણે ભર્યો રે, સંયમ સત્તર પ્રકાર, નમો૦ સમિતિ ગુપ્તિ તપસ્યા કરી રે, પામ્યા ભવજળ પાર. નમો૦ (૪) આગમ રીતે ચાલતાં રે થયા મુનિ સિદ્ધ અનંત, નમો૦ આગમ પૂજી ભવિજના રે. લહો ચિદ્રૂપ મહંત. મો૦ (૫)

## સ્તુતિ

સેરે સુરવૃંદા, જાસ ચરણારવિન્દા,
અઠ્ઠમ નૃપનંદા, ચંદ વરણે સોહંદા,
મહસેન નૃપનંદા, કાપતા દુઃખ દંદા,
લંછન મિષ ચંદા, પાયમાનું સેવિંદા.

## શ્રી અંતકૃદ્દશાંગ સૂત્ર

**અધ્યયન-૯૨, વર્ગ-૮, શ્લોક-૮૫૦, અંતકૃત કેવળી-કેવળ જ્ઞાન પામીને તરત આયુષ પૂર્ણ કરી આઠ કર્મોનો ક્ષય કરી મોક્ષે જનારા આત્માઓ.**

- યાદવ વંશના **અંધક વિષ્ણુના** ગૌતમાદિ આઠ પુત્રો નેમિનાથ પાસે સંયમ ગ્રહણ કરી શત્રુંજય પર્વત પર અંતકૃત કેવલી થઇ મોક્ષ તેનું વર્ણન છે.

- ગજસુકુમાલમુનિ સ્મશાને કાઉસગ્ગ ધ્યાનમાં માથે બળતાં અંગારા મુકીને મરણાંત ઉપસર્ગ કરનારા સસરાના ઉપસર્ગને સમભાવપૂર્વક સહન કરીને કેવલી થઇ મોક્ષે, કૃષ્ણના ભાઇ છે.
- અઇમુત્તામુનિનું જીવન, કૃષ્ણા રાણીએ દીક્ષા લઇને વર્ધમાન તપની ૧૦૦ ઓળીની કરેલ આરાધના તમે પણ દીક્ષા લઇને કરશો.
- તપ-સંયમની સુંદર પ્રેરણા, નવાંગી ટીકાકાર અભયદેવસૂરિજી મ. છે.
- સિદ્ધગિરિ પર અંતકૃત કેવલી થઇ કેટલા પુણ્યાત્મા મહાત્માઓ મોક્ષે ગયા, અણસણ સિદ્ધગિરિ પર કરીને.
- કંસ પત્ની જીવયશા દારૂના નશામાં દિયરમુનિનો હાથ પકડ્યો ત્યારે મુનિ કહે જેના ઉત્સવમાં મસ્તબની છે તેનો સાતમોગર્ભ તને મારનારો થશે, સાંભળીને જીવયશાનો નશો ઉતર્યો પતિને વાત કરી, કંસે દેવકીને નજર કેદ રાખી, સાત પુત્રોને દેવે અપહરણ કરી સુલસાના મરેલા પુત્રોને જન્મતાં ટ્રાન્સફર કર્યું વ્હોરવા જાય બે-બે ની ટુકડી ત્રણવાર આવ્યા, દેવકીને ત્યાં, દેવકીના અરમાનો એક પુત્રને રમાડવાની હતી તેથી કૃષ્ણે આરાધન કરીને મોક્ષગામી ગજ સુકુમાલ દેવની સહાયથી દીધેલ પણ તેને દીક્ષા લઇ અંતકૃત કેવલી થઇ મોક્ષે ગયા.

# (૯) અનુત્તરોપપાતિકદશાંગ સૂત્ર

◆ પ્રદક્ષિણા-૨૩ ◆ સાથિયા-૨૩ ◆ ખમાસમણ-૨૩

**ખમાસમણનો દુહો**

અણુત્તરોવવાઇ સૂત્રને, નમીએ ભવિજિન સાર,
સંજમ લઇને અણુત્તરે, ઉપન્યા તેહ અધિકાર.

કાર્યોત્સર્ગ-૨૩ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં**

**શ્રી અનુત્તોરપપાતિકદશાંગ સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

સુવિધિનાથ નવમા નમું, સુગ્રીવ જસ તાત,
મગર લંછન ચરણે નમું, રામા રૂડી માત.......................... ૧
આયુ બે લાખ પૂરવતણું, શત ધનુષની કાય,
કાંકદી નયરી ધણી, પ્રણમું પ્રભુ પાય... .......................... ૨
ઉત્તમ વિધિ જેહથી લહ્યો એ, તેણે સુવિધિ જિન નામ,
નમતાં તસ પદ પદ્મને, લહિયે શાશ્વત ધામ ...................... ૩

## સ્તવનનો દુહો

જાલિ મયાલિ ઉવયાલિ મુનિ, પુરિસસેણ વારિસેણ,
સંયમ લઇ અનુત્તર ગયા, હું વંદું તિવિહેણ. .......... ૧

## સ્તવન

નવમું અંગ સેવો ભવિ પ્રાણી, નામ અણુત્તરોવવાઇ




અનુત્તરોવવાઈદશાંગ સૂત્રમાં શુદ્ધ ચારિત્રનું પાલન કરીને અનુત્તર દેવ વિમાને ગયેલા એકાવતારી 33 ઉત્તમ આત્માઓના જીવન ચરિત્ર છે. ખુદ મહાવીર પ્રભુએ જેમની પ્રસંશા કરી હતી તે ધન્ના-કાકંદીની કઠોર તપસ્યાનું રોમાંચક વર્ણન પણ છે. જે તપશ્ચર્યાથી તેઓનું શરીર હાડપિંજર જેવું બની ગયું હતું.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंचनमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

ગુણખાણી, એ તો સોહમ ગણધરની વાળી (૧). તુમે પૂજો લાલ, અનુત્તરોવવાઇ અંગ સુગંધી ચૂરણે, એ સેવો લાલ, ઉદયે આવે ભાગ્ય હોય જો પૂરણે (એ આંકણી) સુંદર એક સુખખંધ સોહે છે. ત્રણયં વર્ગે ભવિ મન મોહે છે, તેત્રીસ અધ્યયને બોહે છે. તુમે૦ એ૦ (૨). સગ શ્રેણિક ધારણી સુત જાણો, નંદા સુત અભયકુમાર શાણો, દોય ચેલણા નંદન મન આણો. તુમે૦ એ૦ (૩). વૈશાલિક વચન સુણી કાને, બૂઝયા વ્રત લીયે ઘણા બહુમાને, અનુત્તર સુર થાય સંયમ તાને. તુમે૦ એ૦ (૪). શ્રેણિક ધારણી સુત તેર ભલા, દીરઘસેનાદિક ગુણનીલા, લહ્યાં સંયમે અનુત્તર સુખ ભલાં. તુમે૦ એ૦ (૫). ધન ધન્નો કાકંદિવાસી, બત્રીશ રમણી ત્યજી ગુણરાશિ, લઇ સંયમ થયો અનુત્તરવાસી. તુમે૦ એ૦ (૬). જિન ઉત્તમ મુખ પદ્મની વાણી, સુનક્ષત્રાદિક નવ ગુણખાણી, લહ્યા રૂપવિજય અનુત્તર નાણી. તુમે૦ એ૦ (૭).

## સ્તુતિ

નરદેવ ભાવદેવો, જેહની સારે સેવો,
જેહ દેવાધિદેવો, સાર જગમાં જ્યું મેવો,
જોતાં જગ એહવો, દેવ દીઠો ન તેહવો,
સુવિધિ જિન જેહવો, મોક્ષ દે તત ખેવો.

## શ્રી અનુત્તરોપપાતિકદશાંગ સૂત્ર

- અનુત્તર = પ્રધાન, શ્રેષ્ઠ / ઉપપાત = જન્મ
- સર્વશ્રેષ્ઠ દેવલોકમાં જન્મ થયો તેવા તપ-સંયમ આદિ શુભ

ક્રિયા દ્વારા અનુત્તરદેવલોકમાં ઉત્પન્ન થયા છે. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં ઉત્તમ કુલે જન્મી દીક્ષા લઇ મોક્ષે જશે.

- સુવિશુદ્ધ ચારિત્રનું પાલન કરીને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા મહાપુણ્યશાળી ભવ્યાત્માઓના જીવન ચારિત્રો છે, જેમાં શ્રેણિકરાજાની ધારિણી રાણીના જાલિ વિગેરે સાતપુત્રો, ચેલ્લણા રાણીના બે પુત્રો તથા શ્રેણિકની પ્રથમ રાણી નંદીના પુત્ર ચાર બુદ્ધિના નિધાન અભયકુમારમહામંત્રીમાં જીવન ચરિત્રો, ચારિત્રની નિર્મલ આરાધના. અભયકુમાર સામ-દામ-દંડ-ભેદ ચાર નીતિમાં નિષ્ણાત હતા, ચાર બુદ્ધિના નિધાન હતાં કુશાગ્ર બુદ્ધિથી સમસ્યાને સુલટાવી દેવાનીકળા થોડીવારમાં ગમે તેવી જટિલ સમસ્યા હોય તોય, આદ્રકુમાર પ્રતિમા મોકલી પ્રતિબોધ તેના દ્વારા થઇને દીક્ષા લીધા, સુલસને ધર્મી બનાવ્યો અને ભ. કહ્યું અંતિમ રાજર્ષિ થઇ ગયા છે. હવે કોઇ થવાના નથી તેથી અભયકુમારે કહ્યું મારે રાજા નથી બનવું, રાજેશ્વરી નરકેશ્વરી આવા પાપો કરીને નરકમાં મારે જવું નથી, મેઘકુમાર અને નંદિસેણ કુલ ૨૫ પુત્રોનું વર્ણન છે. બાકી ૧૧ રાજ કુ. સંયમ ન લીધું. કાલઆદિ ૧૦ પુત્રો અને કોણીક-નરકે ગયા.
- ધન્નાકાંકદી (ધન્ના અણગાર) જીવન આઠ મહિનામાં છઠ્ઠના પારણે છઠ્ઠ ચાલે ત્યારે હાડકા ખખડતા હતાં.

ધન્યકુમાર સાર્થવાહના પુત્ર ૩૨ કન્યાઓ સાથે ૩૨, ૩૨, દાસ દાસી, વિપુલ સંસારના ભોગ સુખો અનુભવતો, દહેજમાં સસરાએ ઘોડા-રથ-રત્નો અલંકારો વસ્ત્રો-આસન-શય્યા બધુ મળ્યું છતાં ભ.ની દેશના વાહનવિના વંદન કરવા જાય છે,

દેશના સાંભળી વૈરાગ્ય થવાથી અનંતા દુઃખો આપનાર છે. માટે કામ ભોગો નો ત્યાગ કરો, છઠ્ઠ પારણે છઠ્ઠ અંતે માસ ક્ષમણ પાદોપગમન અણસણ કર્યું, અંગો પાંગનું વર્ણન, માસ-રૂધિર સુકાવાથી હાડકા ખડખડે શ્રેણિકરાજા વીરભ. ને પૂછ્યું ૧૪ હજાર સાધુમાં સર્વશ્રેષ્ઠ કોણ ભ. કહે ધન્નો અણગાર ૯ મહિનાની સાધનામાં અનુત્તર વિમાનમા આયંબીલ પણ ભિક્ષાચર-તાપસ-યાચક બ્રાહ્મણ લીધા પછી જે વધે તે નિરસ આહાર ગ્રહણ કરવાનો. ધન્ય છે તપસ્વી અણગારને.

- શ્રેણિકના ૧૦ કુમારોનું વર્ણન એકેક અધ્યયનમાં છે. ૩૬ પુત્રોમાં ૨૩ પુત્રોએ દીક્ષા લઇ અનુત્તરમાં ઉત્પન્ન.

**``सारं वीरागमजलनिधिं सादरं साधु सेवे''.**

**``आप्तार्थ संवेदनं आगमः''**

આગમ દર્પણમાં **``लोगो जत्थ पइट्ठिओ''** આખા લોકનો પરિચય થાય છે.

સિધ્ધસેન દિવાકરજીએ સૂત્રોની ઘણી વ્યાખ્યા આપી છે. એમાં કહ્યું છે..

**अस्मिन् शेते सूत्र राशिः इति सूत्रम्**

સૂત્રકાર અનંત અર્થ રાશિને સૂત્રમાં પૂરે છે.. ગૌતમસ્વામિ સુધર્માસ્વામીજી વિ. ગણધરો પૂર્વધરો સૂત્રકાર છે. તો સૂત્રમાં પૂરાયેલા અર્થોને બહાર લાવે તે વૃત્તિકાર પૂ. શીલાંકાચાર્ય હરિભદ્રસૂરિ મ. અભયદેવસૂરિ વિ.

## (૧૦) પ્રશ્ન વ્યાકરણ સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૦ ◆ સાથિયા-૧૦ ◆ ખમાસમણ-૧૦

### ખમાસમણનો દુહો

દશમા અંગને વંદીયે, પણ્હવાગરણ નામ,
પૂજો ધ્યાવે ભાવથી, લેવા શિવસુખ ધામ.

કાર્યોત્સર્ગ-૧૦ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્રાય નમ :**

સકલ કુશલ વલ્લી બોલીને

### ચૈત્યવંદન

નંદા દૃઢરથ નંદનો, શીતલ શીતલનાથ,
રાજા ભદ્દિલપુર તણો, ચલવે શિવ સાથ............................ ૧
લાખ પૂરવનું આઉખું, નેવું ધનુષ પ્રમાણ,
કાયા માયા ટાળીને, લહ્યા પંચમ નાણ ............................ ૨
શ્રીવત્સ લંછન સુંદરૂ એ, પદ્મ પદે રજે જાસ,
તે જિનની સેવા થકી, લહિયે લીલ વિલાસ ........................ ૩

### સ્તવનનો દુહો

ત્રિપદી અર્થ પ્રકાશિઓ, ગણધર ને જિનરાજ,
તે જિનદેવને પૂજતાં, લહિયે શિવસામ્રાજ્ય................ ૧




પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં હિંસા-જૂઠ-ચોરી-મૈથુન-પરિગ્રહ એ પાંચ મહાપાપોનું વર્ણન તથા તેના ત્યાગરુપ પાંચ મહાવ્રતોનું સ્વરુપ જણાવેલું છે. પૂર્વકાલમાં મંત્ર-તંત્ર-વિધા અતિશયોની અનેક વાતો તથા ભવનપતિ આદિ દેવો સાથે વાત કરવાની તથા ભુત-ભાવિને જાણવાની માંત્રિક પધ્ધતિઓ આ આગમમાં હતી.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## સ્તવન

ભવિ તુમે પૂજો શ્રી મહાવીર, સરસ કેસર ઘસી રે લોલ, ભવિ તુમે કસ્તુરી બરાસ, અંબર ભેળી ઘસી રે લોલ, ભવિ તુમે પંચવરણી વર કુસુમ, હાર કંઠે ધરો રે લોલ, ભવિ તુમે ધૂપ ઉખેવો ભાવથી, જિમ ભવજળ તરો રે લોલ. (૧). ભવિ તુમે જગદીપક જિન આગળ, દ્રવ્ય દીપક કરો રે લોલ, ભવિ તુમે ભાવદીપક લહો કેવળ નાણ ઉલટ ધરો રે લોલ, ભવિ તુમે અક્ષત નૈવેદ્ય ફળ ઠવી, ભવસાગર તરો રે લોલ, ભવિ તુમે સેવી સંવર ભાવ, એ શિવરમણી તરો રે લોલ, ભવિ તુમે સેવી સંવર ભાવ, એ શિવરમણી વરો રે લોલ. (૨). ભવિ તુમે છંડી આસવ પંચ, પૂજા પ્રેમે કરો રે લોલ, ભવિ તુમે જિનપૂજા જે શુદ્ધ, દયા તે મન ધરો રે લોલ, ભવિ તુમે શીલ સંયમ શિવ સમિતિ, સંવર જાણીયે રે લોલ, ભવિ તુમે સમ્મિતિ ભદ્રા બોધિ, પૂજો વખાણીયે રે લોલ. (૩). ભવિ તુમે જાણો દશમે અંગ, સુઅખંધ એક છે રે લોલ, ભવિ તુમે સમજો દશ અધ્યયન, અર્થથી છેક છે રે લોલ, ભવિ તુમ કર્મ નિર્જરા હેતુ, ચૈત્યભક્તિ કરો રે લોલ. ભવિ તુમે પૂજો ધ્યાઓ સમરો જિમ ભવજળ તરો રે લોલ. (૪). ભવિ તુમે શ્રી જિનરાજ, ઉત્તમ મુખ પદ્મની દેશના રે લોલ, ભવિ તુમે ટાળો અનાદિ કુકર્મ, દાયક જે કલેશના રે લોલ, ભવિ તુમે રૂપવિજય પદકમલા, વિમલા પાવજો રે લોલ, ભવિ તુમે સરસ સુકંઠે, શ્રી જિનઆગમ ગાવજો રે લોલ. (૫).

## સ્તુતિ

શીતલ જિન સ્વામી, પુણ્યથી સેવ પામી,
પ્રભુ આતમરામી, સર્વ પરભાવ વામી,
જે શિવગતિ ગામી, શાશ્વતાનંદ ધામી,
ભવિ શિવ સુખ કામી, પ્રણમીયે શીશ નામી.

## શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્ર


**શ્રુતસ્કંધ-૧ / અધ્યયન-૧૦ /**

પ્રથમ પાંચ અધ્યયનમાં હિંસાદિ પાંચ આશ્રવોનું
છેલ્લા પાંચ અધ્યયનમાં અહિંસાદિ પાંચ સંવરોનું.

અનેક મહા ચમત્કારી વિદ્યા મંત્રો તથા નાગકુમાર આદિ ભવનપતિ દેવો સાથે મુનિવર્યોએ કરેલી વાત ચીતોનો સમાવેશ, પ્રશ્ન વિદ્યા, અપ્રશ્નવિદ્યા, પ્રશ્ના પ્રશ્ન વિદ્યા તે હાલ વિચ્છેદ થયેલ છે.

- મંત્ર જેનો અધિષ્ઠાયક દેવ હોય તે.
- વિદ્યા જેની અધિષ્ઠાયિકાદેવી હોય તે, હાલમાં તો આશ્રવ-સંવર સિવાયનું બધું વિચ્છેદ થયેલ છે.
- પ્રશ્નોનું સ્પષ્ટી કરણ છે, શબ્દોના વ્યાકરણની જેમ પ્રશ્નોનું વ્યાકરણ છે.
- જેના ઘરમાં જવાથી માલિકને અપ્રીતિ થાય તેવા ઘરમાં આહારાદિ માટે જવું નહીં, અપ્રીતિવાળા શ્રાવકાદિ પાસેથી પીઠ ફલકાદિ લેવા નહીં.
- આહાર યાત્રા-પડલા ગુચ્છા-પૂજણી વિગેરે ઉપયોગી ઉપકરણનું વર્ણન.
- શુભાશુભ શબ્દાદિમાં રાગ-દ્વેષ ન કરવાં.

# ११ श्री विपाकांग सूत्रम्




શ્રીવિપાકાંગ સુત્રમાં અજ્ઞાન અવસ્થામાં હિંસા આદિ ભયંકર પાપોના ફલ (વિપાક) રુપે પરભવમાં કારમી પીડા અનુભવનારા દશ મહાપાપી જીવો અને ધર્મની ઉત્તમ આરાધનાથી પરભવમાં સુંદર સુખ અનુભવનારા દશ ધર્મી જીવોનાં ચરિત્રનું વર્ણન છે. મૃગા પુત્ર (લોઢીયો) અને મહામુનિ સુખાહુના પ્રસંગો અદ્ભુત છે.

नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## (૧૧) વિપાકશ્રુત સૂત્ર

◆ પ્રદક્ષિણા-૨૦ ◆ સાથિયા-૨૦ ◆ ખમાસમણ-૨૦

**ખમાસમણનો દુહો**

વિવાગસૂત અગીયારમું, દુઃખ સુખ ફળ અધિકાર,
તજીએ પાપને પુણ્યને પણ, ભજીએ સંવર સાર.

કાર્યોત્સર્ગ-૧૦ લોગસ્સનો ◆ માળા-૧૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી વિપાકશ્રુત સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

### ચૈત્યવંદન

શ્રી શ્રેયાંસ અગ્યારમા, વિષ્ણુ નૃપ તાય,
વિષ્ણુમાતા જેહની, એંશી ધનુષની કાય.......................... ૧
વરસ ચોરાશી લાખનું, પાલ્યું જેણે આય,
ખડ્ગી લંછન પદકજે, સિંહપુરીનો રાય. ....................... ૨
રાજ્ય તજી દીક્ષા વરી એ, જિનવર ઉત્તમ જ્ઞાન,
પામ્યા તસ પદ્મને, નમતાં અવિચલ થાય........................ ૩

### સ્તવનનો દુહો

બાંધ્યા યોગ કષાયથી, કર્મ અશુભ શુભ જેહ,
જિન જિનાગમ સેવથી, ક્ષય કરી લહો શિવગેહ. ...... ૧

## સ્તવન

અંગ અગ્યારમું શ્રી જિનવરે કહ્યું, ભવિજનને હિત કાજ, મુનિસર૦ ઇન્દ્રિય કષાય પ્રમાદને પરિહરી, લહો શાશ્વત શિવરાજ. મુનિ૦ (૧). શ્રી જિન પૂજો પ્રેમે ભવિજના (એ આંકણી) અરિહંત સિદ્ધ સૂરિ ઉવજ્ઝાયની. સાધ્યપદે રહ્યા સાધ, મુનિ૦ દર્શન નાણ ચરણ તવ સેવના કરી, લહો સુખ અગાધ. મુનિ૦ શ્રી૦ (૨). કર્મ શુભાશુભ ઉદયથી જીવને, સુખદુઃખ પ્રગટે રે અંગ મુનિ૦ શ્રી૦ (૩). પુણ્ય પાપ ફળ ત્યજવાં જીવને, ભજવો સંવર ભાવ, મુનિ૦ સિદ્ધિ સંસાર પદારથ ઉપજે, સમપરિણામનો દાવ. મુનિ૦ શ્રી૦ (૪). પુણ્ય પાપ પયડિ સવી ક્ષય કરી, દૃષ્ટિ પ્રભા પરાધાર, મુનિ૦ જિન ઉત્તમ મુખ પદ્મની દેશના, સુણી લહે ચિદ્રૂપ સાર. મુનિ૦ શ્રી૦ (૫). સુઅખંધ દોય અજઝયણાં વીશ છે, પદ સંખ્યા સુણો સાર, મુનિ૦ એક કોડી લાખ ચોરાશી ઉપરે, સહસ્ત્ર બત્રીસ ઉદાર. મુનિસર૦ શ્રી૦ (૬)

## સ્તુતિ

વિષ્ણુ જસ માત, જેહના વિષ્ણુ તાત,
પ્રભુના અવદાત, તીન ભુવને વિખ્યાત,
સુરપતિ સંઘાત, જાસ નિકટે આયાત,
કરી કર્મનો ઘાત, પામીયા મોક્ષ સાત.

# શ્રી વિપાકશ્રુત સૂત્ર

## શ્રુત સ્કંધ-૨, જંબુસ્વામી સુધર્માસ્વામી ને પૂ છે છે કે ૧૧- અંગનો અર્થ ભગવાને કહ્યો તે જણાવો.


બાંધેલા શુભા શુભ કર્મને ભોગવું તે વિપાક.
ભૂતકાળમાં અનંતા દુઃખો ભોગવેલા છે.
આસન્ન સિદ્ધિક જીવોને પાપી જીવોએ ભોગવેલાં દુઃખો સાંભળતાં વૈરાગ્ય પેદા થાય છે.
સુખ જોઇએ છે તેના ઉપાય ભૂત ધર્મ-દાનાદિ કરતો નથી, આશ્ચર્ય એ કે દુઃખ ઉપજે તેવા કર્મો કરે છે.
શુભાશુભ કર્મનો ઉદય (અનુભવ-ભોગવટો) પ્રદેશોદય અને વિપાકોદય તેમાં અહીં વિપાકોદયના બનાવો (પ્રસંગો) કહ્યો છે. શુભાશુભ કર્મનો વિપાકોદય સુખ-દુઃખ છે.
દુઃખ વિપાકમાં મૃગપુત્રાદિ એ પૂર્વભવમાં ઇક્કાઇ રાઠોડ ૫૦૦ ગામો તાબામાં હતાં, ધનવાન પણ અધર્મી પ્રજાપર નવા કર વેશ નાંખીને હેરાન કરતો હિંસાદિ પાપો કરતાં ૧૬ રોગો થયાં રીબાતાં, રીબાતાં ૨૫૦ વર્ષનું આયુષ પૂર્ણ કરીને નરકમાં, ત્યાંથી નીકળીને અહીં મૃગાપુત્ર તરીકે ગર્ભમાં આવતાં જ માતાને અનિષ્ટ ગર્ભપાતના ઘણા ઉપાયો નિષ્ફળ, જન્મતાં જ આંખકાન નાક-કાંઇ જ નહીં જાણે માંસનું પીંડ હોય તેના ઉપર પ્રવાહી મુકે તે થોડીવારમાં પરૂ અશુચિ રૂપે બહાર નીકળે બહુ દુઃખી થાય છે, પૂર્વમાં બાંધેલા કર્મોના ફળને ભોગવતાં, વેદનાથી મરીને તિર્યંચના ભવો કર્યા બાદ

પેલી નરકમાં વચ્ચે તિર્યંચના ભવો કરીને બીજી નરક માંડીને સાતે નરક સુધી જશે ત્યાંથી નીકળીને જલચર પંચેન્દ્રિય તિર્યંચ સ્થલચરાદિ વારંવાર ઉત્પન્ને થઇ અનુક્રમે ચઉરિન્દ્રય પૃથ્વી વિ. પંચે-તિર્યંચમાં સિંહાદિ ભવોમાં ભમશે પાપોક્ષય થતાં મનુષ્ય થઇને બોધ પામી દીક્ષા લઇને સૌધર્મ ચંદ્રદેવલોકમાંથી મહાવિદેહમાં ચારિત્ર લઇને મોક્ષે જશે.

- પાપ કર્મોના વિપાકો સાંભળીને જીવો પાપોથી ન અટકે તે બહુલ સંસારી દીર્ઘ સંસારી સંભવે.
- સુપાત્ર દેવાનો ઉત્સાહ ન જાગે તેવા જીવો પરિત્તસંસારી સંભવે નહીં.

દર્પણ : મુખના પરના ડાઘ,
વસ્ત્રોની સજાવટ, માથાના વાળ, કપાળ પર
તિલક, શરીર સૌંદર્ય જોવા ઘરમાં ઠેર ઠેર દર્પણ,
પ્લેટફોર્મપર, એરોડ્રામ-રેલ્વેમાં કારમાં પ્લેનમાં
રીક્ષામાં દર્પણ હોય છે, ફીટ કેટલા વિવિધ સ્થળે
પણ આત્મીક સૌંદર્ય જોવા આગમ દર્પણ
ઉપયોગી છે. મુખડા ક્યા દેખો દર્પણમાં
આગમ દર્પણ જોશો તો
આત્મદર્શન થશે, આગમ થી પછી
કલ્યાણની કેડી પર આગળ વધો.

# શ્રી ઉવવાઈ સૂત્રમ્.



શ્રી ઉવવાઈ સૂત્ર આચારાંગ સૂત્રનું ઉપાંગ છે. દેવ-નારકીના ઉપપાત-જન્મ, મોક્ષ-મન વિગેરે મુખ્ય વિષય છે. શ્રેણિક મહારાજાની પ્રભુને વાંદવા જવાની અપૂર્વ તૈયારી, શ્રેણિક રાજાએ કરેલું વીર પ્રભુનું સામૈયું, અબંડ તાપસના જીવન પ્રસંગો તેના સાતસો શિષ્યો, કેવલી સમુદ્ઘાત તથા મોક્ષનું રોમાંચક વર્ણન આ આગમમાં છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

# (૧૨) ઔપપાતિક સૂત્ર

◆ પ્રદક્ષિણા-૨૩ ◆ સાથિયા-૨૩ ◆ ખમાસમણ-૨૩

**ખમાસમણનો દુહો**

બાર ઉપાંગમાં આદ્ય છે, ઉવવાઇ જેહનું નામ,
વિધ વિધ વાતે સોહામણું પૂજો મન અભિરામ

કાર્યોત્સર્ગ-૨૩ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી અનુત્તરોપપાતિકદશા સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

વાસવ વંદિત વાસુપૂજ્ય ચંપાપુરી ઠામ,
વાસુપૂજ્ય કુલચંદ્રમાં, માતા જ્યા નામ .......................... ૧
મહિષ લંછન જિન બારમા, સિત્તેર ધનુષ પ્રમાણ,
કાયા આયુ વરસ વળી, બહોંતેર લાખ વખાણ. ................. ૨
સંઘ ચતુર્વિધ થાપીને એ, જિન ઉત્તમ મહારાય,
તસ મુખ પદ્મ વચન સુણી, પરમાનંદી થાય ...................... ૩

## સ્તવનનો દુહો

અંગતણા પદ એકનો, વિસ્તાર તેહ ઉપાંગ,
સેવો ધ્યાઓ એહને, મન ધરી અધિક ઉમંગ.......... ૧
આચારાંગનો ભાખિયો, થિવિરે કરી વિસ્તાર,
સૂત્ર ઉવવાઇ સોહામણું, પૂજી લહો ભવપાર.......... ૨

## સ્તવન

શાસન નાયક ગુણનીલો, ત્રિભુવન તિલો રે જગ વીરજિણંદ, દેવ સુરાસુર નરવરા, સેવે ભક્તે રે જસ પદઅરવિંદ. શાસન૦ (૧), ચઉદ સહસ ભલા મુનિવરા, સંઘ સાહુણી રે છત્રીસ હજાર, ચાર નિકાયના દેવતા પદ સેવતા રે કોડાકોડી સાર. શાસન૦ (૨). પાઉધર્યા ચંપાપુરી, રચ્યું સુરવરે રે સમોસરણ ઉદાર, કોણિક દેઇ વધામણી, આયો વંદન કે ભક્તે કરી સાર, શાસન૦ (૩), ચઉ ગઇ ગમણ નિવારણી, ભવ તારણી રે સુણી દેશના ખાસ, પરષદા લોક યથોચિતે, ગ્રહે મહાવ્રત રે અણુવ્રત ઉલ્લાસ. શાસન૦ (૪). સૂત્ર ઉવવાઇમાં કહ્યો, જે વિસ્તારે રે ગણધરે ઉચ્છાહ, તે શ્રુત પૂજો ભવિજના, જિમ નિસ્તરો ભવજલધિ અથાહ. શાસન૦ (૫). જિન પડિમા જિન આગમે જસ ભક્તિ રે તે લહે શિવસાર, શ્રી ગુરુ પદ્મવિજય તણો, શિષ્ય ભાખે રે કવિ રૂપ ઉદાર. શાસન૦ (૬)

## સ્તુતિ

વિશ્વના ઉપગારી, ધર્મના અદિકારી,
ધર્મના દાતારી, કામ ક્રોધાદિવારી,
તાર્યા નર નારી, દુઃખ દોહગહારી,
વાસુપૂજ્ય નિહારી, જાઉં હું નિત્ય વારી.....૧

## શ્રી ઔપપાતિક સૂત્ર

આચારાંગ સૂત્રનું ઉપાંગ છે, દેવ-નારકીના ઉપપાત-જન્મ, મન-મોક્ષાદિ મુખ્ય વિષય છે. શ્રેણિક રાજાની પ્રભુને વાંદવા જવાની અપૂર્વ તૈયારી, શ્રેણિકરાજાએ કરેલું વીરનું સામૈયું, અબંડ

તાપસના જીવન પ્રસંગો, તેમના ૭૦૦ શિષ્યો, કેવલિ સમુદ્ઘાત તથા મોક્ષનું વર્ણન બતાવ્યું છે.

- **ઉપપાત** = દેવ નારકીનો જન્મ વિષય વર્ણન ૧૧ અંગમાં રહેલ કઠિન શબ્દોનું વિસ્તારથી અર્થ સમજવા આવે જે અર્થ સમજાય નહીં તે માટે ઉપાંગ છે.
- **અબંડ પરિવ્રાજક** = સુલસાને ધર્મલાભ કહેવડાવ્યા ૭૦૦ પરિવ્રાજક (પહેરવેશથી તાપસ) હતા પાણી ખટ્યું અણસણ કર્યું, દેવલોકમાં, અંબડ પરિવ્રાજક શ્રાવક મહાવિદેહમાં સંયમ લઇ કેવલી-મોક્ષે.
- ઉદ્યાન અનેક પ્રકારના રંગ બેરંગી ફુલોની સુગંધથી શોભિત હોય છે, તેમ આ સૂત્ર પણ અનેક વિષયોનું વિસ્તૃત વર્ણનથી શોભિત છે. કોણિક સમ્રાટ્ દ્વારા પ્રભુવીરનું ભવ્ય સામૈયું તેનું વર્ણન છે ભ. વીરના શિષ્યો કેવા તેજસ્વી-વર્ચસ્વી-યશસ્વી તપસ્વી-જ્ઞાની, ધ્યાની અનેક લબ્ધિઓના ધારક હતા એમનું વર્ણન કર્યું છે.
- કોણિકને સમાચાર મળ્યા કે ભ. વીર શિષ્ય સમુદાય સાથે ચંપા નગરીમાં પધારશે. તેમાં આમર્ષ આદિ લબ્ધિધારક મુનિઓની ઋદ્ધિનું વર્ણન.
- અંગ સૂત્રોમાં રહેલાં અર્થને સ્પષ્ટ બોધ કરાવે તે ઉપાંગ અંગ સૂત્રોને ઉપાંગ સાથે સંબંધ છે.

• મૃત્યુના મુખમાંથી બચાવે તે અભયદાતા ના ઉપકારથી વધુ શ્રેષ્ઠ જ્ઞાનદાન છે.

## (૧૩) રાજપ્રશ્નીય સૂત્ર

◆ પ્રદક્ષિણા-૪૨ ◆ સાથિયા-૪૨ ◆ ખમાસમણ-૪૨

**ખમાસમણનો દુહો**

રાયપસેણિય સૂત્રમાં, રાજા પ્રદેશી અધિકાર,
સૂર્યાભદેવ નાટક કરે, વીર પ્રભુ આગળ સાર.

કાર્યોત્સર્ગ-૪૨ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી રાજપ્રશ્નીય સૂત્રાય નમઃ**


સકલ કુશલ વલ્લી બોલી નીચેનું-

### ચૈત્યવંદન

કંપિલપુર વિમલ પ્રભુ, શ્યામા માતા મલ્હાર,
કૃતવર્મા નૃપ કુલ નભે, ઉગમિયો દિનકાર........................ ૧
લંછન રાજે વરાહનું, સાઠ ધનુષની કાય,
સાઠ લાખ વરસતણું, આયુ સુખ સમુદાય ........................ ૨
વિમલ વિમલ પોતે થયા એ, સેવક વિમલ કરેહ,
તુજ પદ પદ્મ વિમલ પ્રત્યે, સેવું ધરી સસ્નેહ........................ ૩

### સ્તવનનો દુહો

શ્વેતાંબી નગરી ધણી, નામ પ્રદેશી રાય,
કેશી ગણધર દેશના, સાંભળી શ્રાવક થાય ............ ૧
સમકિત ધારી શુભમતિ, પાળી નિર્મળ ધર્મ,
નિરૂપમ સુરસુખ અનુભવી, મનુએ ભવે શિવધર્મ .... ૨




શ્રી રાયપસેણી એ સૂત્ર કૃતાંગ સૂત્રનું ઉપાંગ છે. જેમાં પ્રદેશી રાજાએ કરેલ જીવની શોધ-પરીક્ષા કેશી ગણધર દ્વારા ધર્મબોધ, તેમનું સમાધિ-મૃત્યુ, સૂર્યાભદેવ તરીકે ઉત્પત્તિ, સમવસરણમાં કરેલા ૩૨ નાટકો, ભગવંતને પૂછેલા નાસ્તીકવાદના ગુઢ ૬ પ્રશ્નોનું તાર્કિક નિરાકરણ આ આગમમાં છે. સિદ્ધાયતની ૧૦૮ જિન પ્રતિમાનું વર્ણન પણ છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## સ્તવન

સૂરિયાભ રે સુરવરે અવધિનાણથી રે લાલ, આમલકલ્પા ઉદ્યાન રે લાલ, મોરે મન માન્યો રે જિનવરૂ રે લાલ, વિચરતા રે વીર જિણંદ વિલોકિને રે લાલ, કરે વંદન સન્માન રે લાલ, મોરે૦ (૧). ભાખે રે આભિયોગિક સુરને તદા રે લાલ, ઉદ્‌ઘોષણા કરો સાર રે લાલ, મોરે૦ આવજો રે જિનવંદન કરવા ભણી રે લાલ, મોરે૦ પામવા ભવજળ પાર રે લાલ. મોરે૦ (૨). સુરવરે રે સાથે વંદી વીરને રે લાલ, પૂજી પદકજ ખાસ રે લાલ, મોરે૦ પૂછે રે ભવ્યાદિક ષટ્‌પદ ભલાં રે લાલ, પામી મન ઉલ્લાસ રે લાલ. મોરે૦ (૩). જિનપતિ રે જંપે ભવ્ય તું સમકિતી રે લાલ, ચરમ શરીરી ખાસ રે લાલ, મોરે૦ સાંભળી રે હરખે નાટક તે કરે રે લાલ, બત્રીશબદ્ધ ઉલ્લાસ રે લાલ મોરે૦ (૪). એક શત રે આઠ દેવ દેવી નાચે રે લાલ, થેઇ થેઇ કરતી ચંગ રે લાલ, મોરે૦ દેતી રે ફિરતી ચિહું દિશી ફૂદડી રે લાલ, જિનગુણ ગાતી ઉમંગ રે લાલ. મોરે૦ (૫). વાજે રે વાજાં છંદે નવ નવે રે લાલ. હાવ ભાવ લય તાલ રે લાલ, મોરે થાસક રે વાસક અંતર ભાવના રે લાલ, દ્વાદશ કિરણે રસાળ રે લાલ. મોરે૦ (૬). વિસ્તાર રે રાયપસેણી સૂત્રમાં રે લાલ, જિન ઉત્તમ મહારાજ રે લાલ, મોરે૦ ભાખે રે નિજ મુખ પદ્મથી દેશના રે લાલ, રૂપવિજય પદ કાજ રે લાલ. મોરે (૭).

## સ્તુતિ

વિમલજિન જુહારો, પાપ સંતાપ વારો,
શ્યામાંબ મલ્હારો, વિશ્વકીર્તિ વિફારો,
યોજન વિસ્તારો, જાસ વાણી પ્રસારો,
ગુણ ગણ આધારો, પુણ્યના એ પ્રકારો.

## શ્રી રાજપ્રશ્નીય સૂત્ર

સૂત્રકૃતાંગ સૂત્રનું ઉપાંગ છે.

જીવની શોધ-પરીક્ષા કેશી ગણધર દ્વારા ધર્મબોધ, સમાધિ મૃત્યુ, સર્યાભદેવ તરીકે ઉત્પત્તિ, સમવસરણમાં કરેલા ૩૨ના ટકો ભગવંતને પૂછેલા નાસ્તિક વાદના ગૂઢ-૬ પ્રશ્નોનું તાર્કિક નિરાકરણ, આમલ કલ્પા નગરીમાં ભ. વીરનું સમવસરણ રચાય છે, સૂર્યાભદેવ ભ.વીરની સામે ૧૦૮ દેવદેવીઓ વિકુર્વીને ૩૨ પ્રકારના નાટકો બતાવે છે, જેમાં સમુદ્રના ઉછળતાં મોજાનું નાટક, ચંદ્રોદય-સૂર્યોદયનું નાટક ક થી પ સુધી ૨૫ અક્ષરોની આકૃતિ બનતી જાય તેવા અભિનય નાટકો, ભ.વીરના જીવન ચરિત્રને પ્રદર્શિત કર્યું છે, નાટ્ય ક્ષેત્રની ઘણી માહિતીથી ભરપુર આગમ છે. નાટકના અંતે ગૌતમે ભગવાનને પૂછ્યું, દેવ કોણ હતાં ! ભગવાનને દેવનો પૂર્વભવ જણાવે, તે પાર્શ્વ ભ. ની પરંપરામાં થયેલ કેશી ગણધરના ઉપદેશથી બોધ પામેલ પ્રદેસીરાજાનું જીવન વૃત્તાંત, નાસ્તિક પ્રદેશી રાજાનું જીવન સદ્ગુરૂના સમાગમથી કેવું પરિવર્તન પામે છે. તેનો પુરાવો આ છે, ફક્ત ૧૩ છઠ્ઠની આરાધના કરી એકાવતારી થઇ આગામી ભવે મોક્ષ જશે, (૧૩ છઠ્ઠ ૧૩ પારણા = ૩૯ દિન)

**દુનિયાને પ્રસિદ્ધિમાં રસ છે**
**એટલું શાસ્ત્ર (જ્ઞાનમાં) નથી.**

# ૧૪ श्रीजीवाभिगम सूत्रम्



શ્રી જીવાભિગમસૂત્ર એ સ્થાનાંગ સૂત્રનું ઉપાંગ છે. પ્રશ્નોત્તર શૈલીમાં જીવ-અજીવ અઢી દ્વિપ-નરકાવાસ-દેવવિમાન સંબંધી વિશદ વિવેચન છે. વિજયદેવે કરેલી જિન પુજાનું વિસ્તુત વર્ણન આ આગમમાં છે. અષ્ટપ્રકારી જિનપુજાનો અધિકાર બહુજ રસપ્રદ છે.

नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

# (૧૪) જીવાભિગમ સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૦ ◆ સાથિયા-૧૦ ◆ ખમાસમણ-૧૦

**ખમાસમણનો દુહો**

જીવાજીવ પદાર્થનું ઉપજે જેહથી જ્ઞાન,
જીવાભિગમ ઉપાંગને, પૂજો બહુવિધ માન.

કાર્યોત્સર્ગ-૧૦ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી જીવાભિગમ સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

અનંત અનંત ગુણ આગરૂ, અયોધ્યાવાસી,
સિંહસેન નૃપ નંદનો, થયો પાપ નિકાસી ........................ ૧
સુજસા માતા જનમિયો, ત્રીશ લાખ ઉદાર,
વરસ આઉખું પાલીયું, જિનવવ જયકાર .......................... ૨
લંછન સીંચાણાતણું એ, કાયા ધનુષ પચાસ,
જિન પદ પદ્મ નમ્યા થકી, લહીયે સહજ વિલાસ ................. ૩

## સ્તવનનો દુહો

જીવાજીવ પદાર્થનો, અભિગમ જેહથી થાય,
જીવાભિગમ ઉપાંગને, પૂજતાં પાપ પલાય ........... ૧

## સ્તવન

ત્રિશલાનંદ વંદીએ રે, ત્રિભુવન જન આધાર રે, ગુણરસિયા, ત્રિવિધ અવંચક યોગથી રે, સેવી લહો ભવપાર રે, ગુણ૦ (૧). જીવાભિગમ ઉપાંગમેં રે, નવ પડિવત્તિ ઉદાર રે, ગુણ૦ ભાખી ગણધરને મુદા રે, જિનવર જગદાધાર રે. ગુણ૦ (૨). વિજયદેવ વક્તવ્યતા રે, ભાખી બહુ વિસ્તાર રે, ગુણ૦ જિનપૂજા યુક્તે કરી રે, લહેશે ભવ નિસ્તાર રે, ગુણ૦ જિનપૂજા યુક્તે કરી રે, લહેશે ભવ નિસ્તાર રે. ગુણ૦ (૩). નંદીશ્વર દ્વીપે, વળી રે, શાશ્વત જિન પ્રાસાદ રે. ગુણ૦ તે પૂજી સુરનર લહે રે, સમક્તિ શુદ્ધ સંવાદ રે. ગુણ૦ (૪). શિવસુખદાયી એ શ્રુત રે, ષટ્ દ્રવ્ય બહુ અધિકાર રે, ગુણ૦ શ્રદ્ધા ભાસન રમણતા રે, કરી પૂજા નિરધાર રે. ગુણ૦ (૫). જિન ઉત્તમ મુખ પદ્મની રે, વાણી અમૃત ધાર રે, ગુણ૦ રૂપ વિજય કહે પીજીએ રે, ધર્મ યૌવન દાતાર રે. ગુણરસિયા૦ (૬).

## સ્તુતિ

અનંત અનંત નાણી, જાસ મહિમા ગવાણી,
સુર નર તિરિ પ્રાણી, સાંભળે જાસ વાણી,
એક વચન સમજાણી, જેહ સ્યાદ્વાદ જાણી,
તર્યા તે ગુણ ખાણી, પામિયા સિદ્ધિ રાણી.

## શ્રી જીવાભિગમ સૂત્ર

- ઠાણાંગ સૂત્રનું ઉપાંગ છે.
- જીવ અજીવ પદાર્થનું ગહન ચિંતનાત્મક પરિશી લન છે. જેમાં પ્રારંભમાં વિજય દેવનો અધિકાર છે.

  સિધ્ધાયતનો (દેરાસરો)માં રહેલાં શાશ્વત જિન પ્રતિમાઓની જલપૂજાદિ પ્રકારની કરેલી પૂજા તથા માણેક સ્તંભમાં રહેલી તીર્થંકરોની નિર્જીવ દાઢાઓની પૂજા કરેલ છે, શ્રાવકો માટે જિનપૂજા આગમોક્ત વિધાન છે. વિશેષમાં જંબુદ્વીપ-લવણ સમુદ્રાદિ દ્વીપ-સમુદ્રો-સૂર્ય-ચન્દ્રાદિની માહિતી છે, અઢી દ્વીપનું, ૮૪ લાખ નરકાવાસ-નવતત્ત્વ-દંડકાદિ પ્રકરણોનો ઉલ્લેખ પન્નવણાના આધારે રચના થયેલી છે. ૧ થી ૬ પ્રકાર જીવના છે.
- લવણ સમુદ્રનું પાણી જંબુદ્વીપને શા માટે ડુબાડતો નથી. હે ગૌતમ ? તીર્થંકરની માંડીને ચક્રી-બલદેવ-વાસુદેવ-ચારણ વિદ્યાધરો-શ્રમણો-શ્રમણીઓ, શ્રાવક-શ્રાવિકા વિનીત આત્માઓના પ્રભાવથી ડુબાડતો નથી, મહાર્ધ્ધિક દેવોના પ્રભાવે અને લોકસ્થિતિને પણ કારણરૂપે બને છે. શરૂમાં તીર્થંકરાદિ વિશિષ્ટ પુણ્યશાળીના પ્રભાવે પછી ક્રમશઃ ઉતરતા છે ક ભદ્રપરિણામી (હજુ સ. દર્શન પામ્યા નથી તે)ના પ્રભાવે.
- સૂત્રમાં વિસંવાદ દેખાતા સૂત્રો છદ્મસ્થે બનાવ્યા છે. માટે ખોટા છે, તેવું ન કહેવું, કારણ કે સૂત્રોના વિચિત્ર અભિપ્રાયો હોય છે, જુદી રીતે ગ્રંથકારની તેમાં વિવક્ષા હોય છે. તેથી સાચુ જાણવા પ્રયત્ન કરવો, સૂત્રોના અભિપ્રાયઃ જાણ્યા વિના આ સૂત્ર ખોટું છે, ભૂલ લાગે છે એવું બોલનારા સૂત્રકારની

આશાતના કરે છે, તેઓ આપણાથી વધુ બુદ્ધિશાળી હતાં, કોઇ સૂત્ર કે પંક્તિ ન બેસેતો આ યુક્તિ યુક્ત નથી એવું ન બોલવું જોઇએ.

- માનુષોત્તર પર્વત અંદરની બાજુ એ મનુષ્ય ક્ષેત્ર તરફ ઉભી દિવાલ જેવોને બહારની બાજુએ પર્વતાકારે છે. અંદર બાજુએ મનુષ્ય વસે છે, ઉપરની બાજુએ સુવર્ણકુમાર દેવો વસે છે. બહારની બાજુએ સામાન્યથી દેવો તથા વિદ્યાધરોને જંઘાચારણ વિદ્યાચારણ મુનિઓ હોય છે.
- અઢી દ્વિપમાં ૧ ચંદ્ર, ૧ સૂર્યનું ગ્રહણ થાય ત્યારે બીજા બધા જ ચંદ્ર-સૂર્યનું ગ્રહણ થાય છે, યુગલિક ક્ષેત્રમાં સ્વરૂપથી તો ગ્રહણ થાય છે, ત્યાં તેની અસરો અશુભ નથી થતી, અઢી દ્વિપની બહારના સૂર્ય-ચંદ્રનું પરસ્પર અંતર ૫૦ હજાર યોજન, તેમનું તાપમાન ક્ષેત્ર લંબાઇ અપેક્ષાએ બાળ યોજન, નીચે ૯૦૦ યોજન સુધી પ્રકાશ ફેલાય છે.
- દેવલોકમાં ઇન્દ્રચ્યવી જાય ત્યારે બીજા ઇન્દ્રની ઉત્પત્તિનું અંતર જ. થી ૧ સમય ઉ. થી ૬ માસ છે, એક ઇન્દ્ર આવે અને બીજા ઇન્દ્રની ઉત્પત્તિ ન થઇ હોય ત્યારે ૪/૫ સામાનિક દેવો ભેગા થઇને ઇન્દ્રના સ્થાન પાસે જઇને કલ્પનું પરિપાલન કરે, વ્યવસ્થા ગોઠવે.
- ઘણા મત્સ્યો લવણ સમુદ્રમાં ઉ. ૫૦૦ યોજન અવગાહનાના અને કાલોદધિ સમુદ્રમાં ૭૦૦ યોજન અવગાહનાના અને સ્વયંભૂ રમણ સમુદ્રમાં ૧૦૦૦ યોજન અવગાહનાના ઘણા બાકીના સમુદ્રમાં થોડા હોય.

- નરકાવાસો ૩૦ હજાર યોજન ઉંચા, નીચેના ૧૦ હજાર યો. નો ભાગ તે પીઠ, પીઠ ઉપરનો વચલો ૧૦ હજાર યોજનનો જે પોલાણવાળો ભાગ તેમાં નારકો રહે છે, નરકા વાસો બહારથી ચોરસ અને અંદરથી ગોળાકારે, નરકાવાસો નીચે ક્ષુરપ્ર (અસ્ત્રો) જેવા આકારવાળા એટલે ધાર હાર પત્થરો અસ્ત્રોનું કામ કરતાં હોવાથી ક્ષુરપ્રસંસ્થાન છે.
  નારકીનું કામ કરતાં હોવાથી ક્ષુરપ્રસંસ્થાન છે. નારકીને તીર્થંકરના જન્મ, દીક્ષાદિ કલ્યાણક વખતે શાતા મળે પૂર્વજન્મના મિત્ર દેવ દ્વારા થોડો સમય સાતા મળે, સ-દર્શન ઉત્પત્તિ વખતે કે વિશિષ્ટ ભાવના ભાવે ત્યારે શાતા થાય પૂર્વે દાહ-છેદ વિના મર્યો હોય, મતિ સંકલેશવાળા ન હોય તે નરકમાં ઉત્પન્ન થાય ત્યારે પૂર્વભવ વ્યાધિનું દુઃખ ન હોય ક્ષેત્રકૃત્ દુઃખ પણ નથી. પરમાધામી કે પરસ્પરનું દુઃખ નથી.
- જંબુદ્વીપનો આકાર તેલથી તળેલા પુડલા જેવો ગોળ છે.
- જૈન દર્શન સિવાય સ્થાવરમાં એકેન્દ્રિયમાં જીવોનું નિરૂપણ મલતું નથી, તે સાધુ થાવર જીવોની રક્ષા કરે છે.

**• મુંડે મુંડે મતિર્ભિન્ના :**

દરેકના વિચારો જુદા હોય છે.

મતિ દરેકની અલગ અલગ હોય છે.

## (૧૫ ) પ્રજ્ઞાપના સૂત્ર

◆ પ્રદક્ષિણા-૩૬ ◆ સાથિયા-૩૬ ◆ ખમાસમણ-૩૬

**ખમાસમણાનો દુહો**

પન્નવણા સૂત્રે કહ્યાં, પદ છત્રીસ રસાળ,
ઉપાંગ માંહિ જ શ્રેષ્ઠ છે, સુણજો છોડી જંજાળ.

કાર્યોત્સર્ગ-૩૬ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી પ્રજ્ઞાપના સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

### ચૈત્યવંદન

ભાનુનંદન ધર્મનાથ, સુવ્રતા ભલી માત,
વજ્ર લંછન વજ્રિ નમે, ત્રણ ભુવન વિખ્યાત. .................... ૧
દસ લાખ વરસનું આઉખું, વપુ ધનુ પિસ્તાલીસ,
રત્નપુરીનો રાજિયો, જગમાં જાસ જગીશ ........................ ૨
ધર્મમારગ જિનવર કહે એ, ઉત્તમ જન આધાર,
તેણે તુજ પાદ પદ્મ તણી, સેવા કરું નિરધાર ..................... ૩

### સ્તવનનો દુહો

પન્નવણામાં પ્રેમથી, પદ છત્રીશ ઉદાર,
ભાખ્યાં બહુ અર્થે ભર્યાં, તે પૂજો નરનાર ............. ૧




શ્રી પન્નાવણા સૂત્ર એ સમવાયાંગ સૂત્રનું ઉપાંગ છે. પ્રશ્નોત્તર શૈલીના આ 'ગ્રંથને લઘુ ભગવતી સૂત્ર' પણ કહે છે. જૈન દર્શનના તાત્વિક પદાર્થોનો સંક્ષિપ્ત વિશ્વકોષ સમાન છે. આમાં નવતત્વની પ્રરુપણા છે. છ લેશ્યાનું સ્વરુપ કર્મગ્રંથ સયંમ સમુદ્‌ઘાત જેવી મહત્વની બાબતો સમજાવી છે. આ ઉપાંગ સૌથી મોટું છે. રત્નનો ખજાનો છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## સ્તવન

મુનિવર ભણજો રે, સૂત્ર પન્નવણા નામે, ભવિ તુમે સુણજો રે, વધતે શુભ પરિણામે, (એ આંકણી) એ આગમની ભક્તે પૂજા, કરતાં પાપ પલાય, કુમતિ કુસંગ કુવાસના જાયે, સમકિત નિર્મળ થાય. મુનિ૦ ભવિ૦ (૧). પન્નવણામેં ઠાણ અલ્પબાહુ, થિતિ વિશેષ વુક્કંતી, ઉસાસ સન્ના જોણી ચરિમપદ, ભાષાપદ સમરંતી. મુનિ૦ ભવિ૦ (૨). શરીરપદે પણ દેહપરૂવણ, પરિણામ તેરમો જાણો, કષાય ઇન્દ્રિય પ્રયોગ લેશ્યાપદ, ષડ્ ઉદ્દેશ વખાણો. મુનિ૦ ભવિ૦ (૩). કાયસ્થિતિ સમક્તિ અંતકિરિયા, અવગાહન સંઠાણ, કિરિયા કર્મ પ્રકૃતિ બંધ વેદન, વેદબંધ પદ જાણ. મુનિ૦ ભવિ૦ (૪). વેદવેદ આહારને ઉપયોગ, પાસણયા પદ સુણીયે, સન્નિ સંયમ અવધિ ચોત્રીસમો, પરિચારણા પદ મુણિયે. મુનિ૦ ભવિ૦ (૫). પરિવેદનાને સમુદ્દઘાત કરી, તુલ્ય કર્મ થિતિ કરતા, અંતરમુહૂર્ત યોગનિરોધી, રૂપવિજય પદ વરતા. મુનિ૦ ભવિ૦ તુમે સુણજો રે૦

## સ્તુતિ

ધર્મ ધર્મ ધોરી, કર્મના પાસ તોરી,
કેવલસિરિ જોરી, જેહ ચોરે ન ચોરી,
દર્શન મદ છોરી, જાય ભાગ્યા સટોરી,
નમે સુરનર કોરી, તે વરે સિદ્ધિ ગોરી.

# શ્રી પ્રજ્ઞાપના સૂત્ર

## સમવાયોગ સૂત્રનું ઉપાંગ છે.

## ૭૭૮૭ શ્લોકો ૩૬=પદો

**પ્રજ્ઞાપના=પ્ર=પ્રકર્ષ (મલય ગિરિ મ.ની ટીકા) જ્ઞાપના જણાવવું.**

- જીવ-અજીવ પદાર્થોને યથાર્થ જણાવે તે પ્રજ્ઞાપના.
- પ્રશ્નોત્તર શૈલીના આ ગ્રંથને લઘુ ભગવતી સૂત્ર પણ કહે છે, જૈન દર્શનના તાત્ત્વિક પદાર્થોનો સંક્ષિપ્ત વિશ્વકોષ સમાન છે.
- રચયિતા-ઉમા સ્વાતિ વાચકના શિષ્ય આર્ય શ્યામ છે.
- અંગ સૂત્રોમાં જેમ ભગવતી સૂત્ર મોટું છે, તેમ ઉપાંગ સૂત્રોમાં આ સૂત્ર સૌથી મોટું છે, રત્નોનો ખજાનો છે.
- ૩૬ વિષયોની વિશેષ સમજ છે, દ્રવ્યાનુંયોગથી ભરપુર છે, અનેક પ્રકરણોનો પણ આધાર ગ્રંથ છે. ભાષા-શરીર-અવગાહના-ઇન્દ્રિય કષાય સંયમ સંજ્ઞા સમુધ્ઘાત વિ. વિસ્તૃત જાણકારી.
- સ્ત્રી મોક્ષે ન જાય એમ દિગંબરો માને છે તેનું ખંડન કર્યું.
- યોગ પરિણામ છે, ત્યાં સુધી લેશ્યા હોય.
- ૧૪માં ગુણસ્થાનકે યોગ ન હોવાથી લેશ્યાન હોય, અ જોગી અલેસ્સા.
- દેવો અપર્યાપ્તની જ. અને ઉ. સ્થિતિ અંત મુહૂર્ત પર્યાપ્ત દેવની જ. અંતમૂહૂર્તની ઉ. સ્થિતિ ૩૩ સાગરોપમની, દેવીની જ. ૧૦ હજાર વર્ષની અને ઉ. સ્થિતિ ૫૫-પલ્યોપમની, ભવન વાસી દેવોની સ્થિતિ જ.૧૦ હજાર, ઉ. ૧ સાગરોપમ અધિક, ભવનદેવીનું જ. ૧૦ હજાર વર્ષ, ઉ. સાડાચાર પલ્યોપમ, અસુરકુમાર દેવનું જ. ૧૦ હજાર વર્ષ ઉ. ૧ સાગરો અધિક, નાગકુમારનું જ. ૧૦ હજાર વર્ષ, ઉ. દેશોને બે પલ્યો.નું છે.

# ६ श्री सूरपन्नति सूत्रम्




શ્રી સૂરપન્નતિ એ ભગવતી સૂત્રનાં ઉપાંગ રુપે છે. જેમા ખગોળ વિદ્યાની મહત્વની બાબતો ભરપૂર છે. સૂર્ય-ચંદ્ર-નક્ષત્રો-ગ્રહ આદિની ગતિના વર્ણન સાથે દિવસ-રાત-ઋતુઓ વિગેરેનું વર્ણન છે. ખગોળ સંબંધી ખૂબજ ઝીણવટભર્યા ચોક્કસ ગણિત સૂત્રો છે.

नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

# (૧૬) સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર

◆ પ્રદક્ષિણા-૫૭ ◆ સાથિયા-૫૭ ◆ ખમાસમણ-૫૭

**ખમાસમણનો દુહો**

સુરપન્નતિ શાસ્ત્રમાં, રવિ શશિનો છે વિચાર,
સોહમ ગણધરે વર્ણવ્યો, ખગોળ શાસ્ત્ર વિસ્તાર.

કાર્યોત્સર્ગ-૫૭ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીઁ શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

શાંતિ જિનેસર સોલમા, અચિરાસુત વંદો,
વિશ્વસેન કુલ નભોમણી, ભવિજન સુખ કંદો. .................... ૧
મૃગ લંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ,
હત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણ મણી ખાણ. ............. ૨
ચાલીશ ધનુષની દેહડી એ, સમ ચઉરસ સંઠાણ,
વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ......................... ૩

## સ્તવનનો દુહો

સૂરપન્નત્તિ સૂત્રમાં, યમુના જનક વિચાર,
ભાખ્યા સોહમ ગણધરે, ચાર તણો વિસ્તાર.......... ૧

## સ્તવન

સુરપન્નત્તિ ઉપાંગમાં જો, સત્તાવન્ન પાહુડા સાર જો, વીર જિણંદે વખાણીયા જો. તે સુણજો ભવિ નિરધાર જો. સુ૦ (૧) એકસો ચોરાશી ભલાં જો, મંડળ રવિચારના ખાસ જો, પાંચસેં ને દશ જોયણા જો, મંડળનો ચાર ઉલ્લાસ જો. સુર૦ (૨). દુગ દુગ જોયણ અંતરે જો, નિત્ય ઉગે સવિતા સાર જો, ઉડુપતિ ગ્રહ ઉડુ તારકા જો, નિજ યોગ્ય ખેતર ચરે ચાર જો સુર૦ (૩) જિનપત્તિ કલ્યાણ દિને જો, સમકિતી સવિતા ધરી ભાવ જો, ભક્તે કરે જિન સેવના જો, ભવવારિધિ તરવા નાવ જો. સુર૦ (૪). સુરપન્નતિ સૂત્રની જો, સેવનાથી કેવળ સુર જો, જિન ઉત્તમપદ પદ્મની જો, ભગતે ચિદ્રૂપનો પૂર જો. સુર૦ (૫)

## સ્તુતિ

શાંતિ સુહંકર સાહિબો સંયમ અવધારે,
સુમિત્રને ઘેર પારણું ભવપાર ઉતારે,
વિચરંતા અવનીતલે, તપ ઉગ્ર વિહારે,
જ્ઞાન ધ્યાન એકતાનથી તિર્યંચને તારે.

## શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર

- ૨૦ પ્રાભૃત-વિભાગ
- નિર્યુક્ત=ભદ્રબાહુસ્વામીની, કાલિક શ્રુત તરીકે છે.
- જ્યોતિષચક્ર-ખગોળ વિષયક, આ સૂત્ર પ્રશ્નોત્તર છે.
- આ સૂત્ર પ્રશ્નોત્તર પર છે, ગૌતમના પ્રશ્ન અને ઉત્તર ભ.વીરના,
- ગણિતાનુયોગમય-૮૮ ગ્રહોના નામ, ૨૮, નક્ષત્રો, ૬૬૯૭૫ કોડા કોડી તારા છે.

- તિર્ચ્છા લોકમાં સૂર્ય ચન્દ્ર અસંખ્ય છે. પણ મનુષ્ય ક્ષેત્રમાં અઢી દ્વિપમાં કુલ ૧૩૨/૧૩૨ સૂર્યચન્દ્ર છે. જંબુદ્વીપમાં બે સૂર્ય-બેચન્દ્ર, લવણ સમુદ્રમાં ૪/૪, ધાતકી ખંડમાં (૧)=૧૨/ ૧૨, કાલોદધિમાં-૪૨/૪૨, અધર્પુષ્કર દ્વીપમાં ૭૨/૭૨.
- ચન્દ્રનો પરિવાર નક્ષત્ર-ગ્રહો-તારા અમે છે.
- ચન્દ્ર અને સૂર્યમાં આયુષ્ય અને વિમાનોમાં ફરક આવે છે બાકી બધું સમાન જેવું છે.
- સુર્યનો પ્રકાશ જંબુદ્વીપમાં ૩૦ મુહૂર્ત સુધી ફેલાયેલો સંપૂર્ણ પ્રકાશ હોય જેમાં વૃદ્ધિ-હાનિ ન થાય, વર્ષમાં પહેલાં ૬ મહિનામાં રોજ સૂર્યનો પ્રકાશ-તેજ-ઘટે છે, ઓછો થાય છે, પછીના ૬-મહિના અનુક્રમે સૂર્યનો પ્રકાશ વધે છે.
- સૂર્ય-ચન્દ્રની ગતિથી દિન-રાત-ઋતુ વર્ષ થાય.

ઉત્સર્ગ-રાજમાર્ગ છે,
અપવાદ-ડાયવર્જન છે રાજમાર્ગ બરાબર તો
ડાયવર્જન પર ચાલવાની
જરૂર નથી, રોડ તુટ્યો હોય કે રોડ પર ચલાય
તેવું ન હોય તો ડાયવર્જન પર ચાલવાનું તે
પણ રાજ માર્ગ ચડવા માટે જ છે,
ડાયવર્જન રાજ માર્ગ ન ચડાવે તે ડાયવર્જન નથી,
એ અપવાદ નથી પણ ઉન્માર્ગ બની શકે છે,
જો સાવધાન ન રહ્યા તો...

# (૧૭) જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર

◆ પ્રદક્ષિણા-૫૦ ◆ સાથિયા-૫૦ ◆ ખમાસમણ-૫૦

**ખમાસમણનો દુહો**

પન્નતિ જંબૂદ્વીપની, જંબૂદ્વીપ અધિકાર,
ભરત ઐરાવતને વળી, મહાવિદેહાદિક ધાર.

કાર્યોત્સર્ગ-૫૦ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીઁ શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

કુંથુનાથ કામિત દીયે, ગજપુરનો રાય,
સિરિ માતા ઉરે અવતર્યા, સૂર નરપતિ તાય ........................ ૧
કાયા પાંત્રીસ ધનુષ્યની, લંછન જસ છાગ,
કેવલજ્ઞાનાદિક ગુણો, પ્રણમો ધરી રાગ ........................ ૨
સહસ પંચાણું વરસનું એ, પાળી ઉત્તમ આય,
પદ્મવિજય કહે પ્રણમીયે, ભાવે શ્રી જિનરાય ........................ ૩

## સ્તવનનો દુહો

ચોસઠ સુરપતિ સુરપતિ, સમકિત ધારી સુરંગ,
જન્મમહોત્સવ જિનતણો, કરે મન ધરી ઉછરંગ...... ૧

૧૭

# श्री जंबूद्वीप पन्नति सूत्रम्




શ્રી જંબૂદ્વિપ પ્રજ્ઞપ્તિ એ જ્ઞાતાધર્મકથાંગનું ઉપાંગ છે. આ આગમ મુખ્યત્વે ભુગોળ વિષયક છે. કાલચક્રનું છ આરાનું સ્વરુપ બહુજ સુંદર રીતે જણાવ્યું છે. ઉપરાંત જંબૂદ્વિપના શાશ્વત પદાર્થો, નવનિધિ, મેરુપર્વત ઉપર તીર્થંકરના અભિષેક, કુલધરનું સ્વરુપ તથા શ્રી ઋષભદેવ અને ભરત મહારાજાનું પણ પ્રાસંગિક વર્ણન છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## સ્તવન

જિન પૂજે હરિ ભક્તે કરી. (એ આંકણી) દ્રહ નદી ખીર સમુદ્ર કુંડથી, લાવે જળ કળશા ભરી, જળપૂજા જિનરાજની કરતાં, નાવે તે ભવમાં ફરી. જિન૦ (૧). કુલગિરિ વખ્ખારા ગજદંતા, દોયસેં તિમ કંચનગિરિ, ઔષધિ કમલ ફૂલ બહુ જાતિનાં, લાવે છાબ ભરી ભરી. જિન૦ (૨). ચોસઠ સુરપતિ નિજ નિજ કરણી. કરતા બહુ ભક્તે કરી, રાચે નાચે ને વળી માચે, સાચે ભાવે ફરી ફરી. જિન૦ (૩). જિન મુખ જોવતી પાતક ધોતી, નાચે સુરવહુ મનહરી, ઠમક ઠમક વીંછુઆ ઠમકાવે, ધમધમ ધમકતી ઘુઘરી, જનિ૦ (૪). ખલલ ખલલ ચૂડી ખલકાવતી, રણઝણ પાયે નેઉરી, થેઇ થેઇ કરતી દીયે ફૂદડી, લળી લળી નમતી કિંકરી. જિન૦ (૫). સુરવર સુરવધૂ ઇન્દ્ર ઇન્દ્રાણી, માને નિજસફલી ધરી, તિણવિધ શ્રાવિકા જિનની. પૂજા કરે ભવજળ તરી, જિન૦ (૬), જંબૂદ્વીપ પન્નતિ પાઠ સુણી, કુમતિ કુવાસના પરિહરી, રૂપવિજય કહે કરજો પૂજા, શિવવહુ સે જરમણ કરી જિન૦ (૭)

## સ્તુતિ

કુંથુ જિનનાથ જે કરે છે અનાથ,
તારે ભવપાથ, જે ગ્રહી ભવ્ય હાથ,
એહનો તજે સાથ, બાવલ દીયે બાથ,
તરે સુર નર સાથ, જે સુણે એક ગાથ.

## શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર

જૈન ભૂગોળ વિષયક તથા કાલચક્ર છ આરાનું સ્વરૂપ, જંબુદ્વીપના શાશ્વત પદાર્થો નવનિધિ, મેરૂપર્વત ઉપર અભિષેક, ભરત મહારાજાનું વર્ણન છે, સાત વિભાગો છે. દરેક વિભાગને વક્ષસ્કાર તરીકે ઓળખવાય છે. દરેક વિભાગને વક્ષસ્કાર તરીકે ઓળખાવાય છે. દરેક વિભાગને વક્ષસ્કાર તરીકે ઓળખવાય છે.

વક્ષસ્કારમાં વર્ષધર પર્વતો રમ્યક્ ક્ષેત્રથી ઐરાવત ક્ષેત્ર સુધીનું વિસ્તારનું જંબુદ્વીપમાં રહેલાં ક્ષેત્રો-પર્વતો-તીર્થોનું વર્ણન, જ્યોતિષ ચક્રનું ચંદ્રની ચાલ કરતાં સૂર્યની ચાલ ઉતાવળ હોય સૂર્યની ચાલ કરતાં ગ્રહ-નક્ષત્ર-તારાની ચાલ ઉતાવળ હોય છે, ચન્દ્રની ચાલ બધાથી ધીમી, તારાની ચાલ બધા થી ઉતાવળની તારાથી નક્ષત્રોની મહાઋદ્ધિ હોય છે, નક્ષત્રોથી ગ્રહોની, તેનાથી સૂર્યને ચન્દ્રની મહાઋદ્ધિ જાણવી, બધાથી થોડી ઋદ્ધિ તારાની, ચન્દ્રમાં સર્વાધિક ઋદ્ધિવાળા દેવો છે, સૂર્યોને ચન્દ્રો બે સમાન છે, જ્યારે નક્ષત્રો-ગ્રહો-તારાઓ સંખ્યાત ગુણા જાણવા.

**ભરતચક્રવર્તી :** આયુધશાલા માં ચક્રરત્નની ઉત્પત્તિ થઇ નોકરે વધામણી આપી, ચક્રનું પૂજન, મહોત્સવ કર્યા, છખંડ સાધવા પ્રયાણ, માગધ તીર્થ તરફ, ચક્રચાલે તેની પાછળ, ચક્ર જ્યાં સ્થિર થાય તે સ્થલે અઠ્ઠમ તપકરી રથમાં બેઠાં લવણ સમુદ્રમાં ઉતરી, સુસ્થિત દેવને નમસ્કાર કરી બાણ છોડ્યું, ક્રોધે સુસ્થિત દેવ બાણ ઉપર લખેલ ભરતનું નામ વાંચીને ભેટણું લઇને આવે, હું આપનો દાસ છું, હુકમ કરો, સમુદ્રમાંથી બહાર નીકળીને પારણું કર્યું, ભીલો સાથે યુદ્ધ કતાં, ચર્મરત્ન અને છત્ર રત્નથી સૈન્ય રક્ષા કરે. ૧૪ રત્નો નવનિધાન આદિનો સ્વામી, અનિત્ય

ભાવનાથી કેવલજ્ઞાન, ૧૦ હજાર રાજાઓ સાથે દીક્ષા લીધી ૧ લાખ પૂર્વ સુધી વિચારીને અષ્ટાપદ પર્વતે અનશન કરીને મોક્ષ પામ્યાં.

જંબુ દ્વીપમાં વર્ષધર પર્વતો કુટો (શિખરો) તીર્થો-માગધાદિ, વિદ્યાધરો ના નગરોની શ્રેણિઓ ૩૪ વિજય = મહાવિદેહ-૩૨ વિજય અને ભરત-૧ વિજય, એરાવત-૧ વિજય પેલા આરાના મનુષ્યનું આહાર-વસતિ-ગામ ગૃહાદિ ન હોય અસિ-તલવાર શસ્ત્રો ન હોય રાજા-નોકર-ભાઇ-મિત્ર-શત્રુ વિગેરેનો વ્યવહાર ન હોય, સિંહ આદિ યુગલિયાં મનુષ્યને ઉપદ્રવ ન કરે, મચ્છર-મરકી-ભૂતાદિ ઉપદ્રવો થાય નહી, કષાય અલ્પ હોય, કોઇ સાથે શત્રુ ભાવ નહીં, મૃત્યુ પામી દેવલોકમાં નિશ્ચિત્ત જાય છે.

- કેટલાક સૂત્ર નેજ માને છે, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ તર્કાદિ અર્થ જે સારભૂત એને માનતા નથી, એ આપમતિ એ ચાલનારા અને ઉંધુ કરનારા છે. તેથી ગમાર મૂર્ખ-શિરોમણી માર્ગને ભૂલી ગયેલા છે. વૃત્તિ, ચૂર્ણિ, ભાષ્ય, પ્રકરણાદિને નહિ માનતાં તેહીન સૂત્રને વિરાધે છે, કારણ કે શ્રી ઠાણાંગ સૂત્રમાં ત્રણ પ્રકારના પ્રત્યનીક (શત્રુ) કહ્યા છે સૂત્ર પ્રત્યનીક, અર્થ પ્રત્યનીક તદુભય પ્રત્યનીક અર્થને નહિ માનનારા અર્થ પ્રત્યનીક ગણાય તેથી સૂત્રની વિરાધના કરનારા જ કેવાય પહેલો સૂત્રનો અર્થ, બીજો નિર્યુક્તિ સહિત સૂત્રનો અર્થ અને ત્રીજો સંપૂર્ણ અર્થ કહેવો એમ તીર્થંકર કહ્યું છે. ભગવતી સૂત્રના ૨૫માં શતકનાં ત્રીજા ઉદેશામાં આ ત્રણ પ્ર. અર્થ કરવા તથા ઠાણાંગ સૂત્રમાં જેમ વિધિ સૂત્ર, નિષેધ સૂત્ર, ઉભય સૂત્ર કહ્યાં છે. તે બધાની સમજણ અર્થથી ટીકાદિથી જ પડે. જેમ આંધળો ને પાંગળો બે ભેગા મલે તો ઇચ્છિત સ્થાને પંહોચે તેમ સૂત્ર અને અર્થ બંને સાથે મળે તો તત્વબોધ રૂપી ઇચ્છિત કાર્ય થાય છે. કલ્પ ભાષ્યમાં જણાવ્યું છે.

# (૧૮) ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર

◆ પ્રદક્ષિણા-૫૦ ◆ સાથિયા-૫૦ ◆ ખમાસમણ-૫૦

**ખમાસમણનો દુહો**

ચંદ પન્નત્તિ ઉપાંગમાં, ચંદ્રાદિકનો સંચાર,
ગુરુગમથી તે જાણીએ, અનુયોગ ગણિત ઉદાર.

કાર્યોત્સર્ગ-૫૦ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

નાગપુરે અર જિનવરૂ, સુદર્શન નૃપ નંદ,
દેવી માતા જનમીયો, ભવિ જન સુખકંદ............................ ૧
લંછન નંદાવર્તનું, કાયા ધનુષ ત્રીશ,
સહસ ચોરાશી વરસનું, આયુ જાસ જગીશ ........................ ૨
અરૂજ અજર અજ જિનવરૂ એ, પામ્યા ઉત્તમ ઠાણ,
તસ પદ પદ્મ આલંબતાં, લહીયે પદ નિરવાણ .................... ૩

## સ્તવનનો દુહો


ચંદપન્નત્તિ સૂત્રમાં, જ્યોતિષ ચાર વિચાર,
શીખો ગુરૂ સેવા કરી, જિમ લહો અર્થ ઉદાર........... ૧

**સ્તવન**

ઉભા રહો ને હો જીઉરા, તું તો સાંભળ આગમ વાણ, કામ ક્રોધને છાંડીને નિત્ય, અનુભવ દિલડે આણ. ઉભા૦ (૧). અમૃતરસથી મીઠડી, એ તો ગણધર મુખની ભાખ, રોમરોમ રસ

૯૮

# श्री चंदपण्णत्ति सूत्रम्



શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ એ ઉપાશક દશાંગ સૂત્રનું ઉપાંગ છે. જૈન ખગોળ સંબંધી ગણિતાનુયોગથી ભરપુર ગ્રંથ છે...ચંદ્રની ગતિ, માંડલા, શુકલ કૃષ્ણ પક્ષમાં ચંદ્રની વૃદ્ધિ-હાનિ થવાના કારણો તથા નક્ષત્રનું વર્ણન છે. વર્તમાન કાલે જે ચન્દ્રદેવ છે તે પૂવજન્મમાં કોણ હતાં...કેવી રીતે આ પદવી પામ્યો વિગેરે રસીક બાબતોનું પ્રાસંગિક વર્ણન છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंचनमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

સંચરે, જિમ સાકર સરસી સાખ. ઉભા૦ (૨). ચંદપન્નત્તિ સૂત્રના, કહ્યા પાહુડા સરસ પચ્ચાસ, સાંભળતાં મન રીઝશે, નિત વધશે જ્ઞાન અભ્યાસ. ઉભા૦ (૩). શ્રાવણ વદી પડવા થકી, ચડી દિવસ માસ ઋતુ ખાસ, અયન સંવત્સર જુગતણી, નિત્ય કરી કલના અભ્યાસ. ઉભા૦ (૪). સંખ્ય અસંખ્ય અનંતતા, કરી કાળની કલના તીન, તથા ભવ્ય પરિપાકથી થાય શિવસુંદરી રસ લીન ઉભા૦ (૫). જિન ઉત્તમ મુખ પદ્મની, સુણી ચંદપન્નત્તિ સાર, પૂજી ધ્યાયી પામજો, નિજ રૂપવિજય જયકાર. ઉભા૦ (૬).

## સ્તુતિ

અર જિનવર રાયા, જેહની દેવી માયા,
સુદર્શન નૃપ તાયા, જાસ સુવર્ણ કાયા,
નંદાવર્ત પાયા, દેશના શુદ્ધ દાયા,
સમવસંરણ વિરચાયા, ઇન્દ્ર ઇન્દ્રાણી ગાયા.

## શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર

**મલયગિરિ ય ટીકા ઉપાસક દશાંગ સૂત્રોનું ઉપાંગ છે.**

- સૂર્ય કરતાં ચંદ્ર મહાર્ધ્ધિક છે, સૂર્ય વિમાન કરતાં ચંદ્રના વિમાન મોટા છે, આયુષ્ય મોટું છે શુકલ પક્ષની વૃદ્ધિ, કૃષ્ણ પક્ષમાં હાનિનું કારણ ચન્દ્ર છે, ચન્દ્ર લોકમાં જઇ આવ્યા એમ વૈજ્ઞાનિકો કહે છે તે બોગસ જાહેરાતો ત્યાં તો રત્નો-મણિ હોય માટી હોતી હશે ? ચંદ્ર શીત તેનો પ્રકાશ પણ શીત છે. જૈન ખગોળ સંબંધ, ગણિતાનુયોગથી ભરપૂર ચંદ્રની ગતિ, વર્તમાન કાળે જે ચંદ્રદેવ છે તે પૂર્વ જન્મમાં કોણ હતાં, કેવી રીતે આ પદવી પામ્યા વિગેરેનું સુંદર વર્ણન છે.

## (૧૯) નિરયાવલિકા સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૦ ◆ સાથિયા-૧૦ ◆ ખમાસમણ-૧૦

**ખમાસમણનો દુહો**

નિરયાલવિયા ઉપાંગમાં નરકાદિક અધિકાર,
સુણી ચેતો ભવિજના, પાપ ન કરીયે લગાર.

કાર્યોત્સર્ગ-૧૦ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી નિરયાવલિકા સૂત્રાય નમ :**

સકલ કુશલ વલ્લી બોલીને

### ચૈત્યવંદન

મલ્લિનાથ ઓગણીશમાં, જસ મિથિલા નયરી,
પ્રભાવતી જસ માવડી, ટાળે કર્મ વયરી............................ ૧
તાત શ્રી કુંભ નરેસરૂં ધનુષ પચવીસની કાય,
લંછન કલશ મંગલકરૂં, નિર્મમ નિરમાય ......................... ૨
વરસ પંચાવન સહસનું એ, જિનવર ઉત્તમ આય,
પદ્મવિજય કહે તેહને, નમતાં શિવસુખ થાય ...................... ૩

### સ્તવનનો દુહો

આશા દાસી વશ પડ્યા, જડ્યા કર્મ જંજીર,
પરિગ્રહ ભાર ભરે નડ્યા, સહે નરકની પીર........... ૧




શ્રી નિરયાવલિકા એ અંતકૃત દશાંગ સૂત્રનું ઉપાંગ છે. આ આગમમાં કોણિક મહારાજાએ ચેડા મહારાજાની સામે કરેલ ભીષણ સંગ્રામનું વર્ણન છે જેમા ૧ કરોડ ૮૦ લાખ જનસંખ્યાની ખુવારી થઈ હતી. લગભગ બધા નરક ગતિમાં ગયા તેથી આ આગમનું નામ નરક-આવલી-શ્રેણી પડયું છે. બીજું નામ કલ્પિકા છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## સ્તવન

પરિગ્રહ ભાર ભર્યા પ્રાણી, પામે અધોગતિ દુઃખખાણી, જસ મતિ લોભે લલચાણી રે, ચેતન ચતુર સુણો ભાઇ, લોભ દશા તજો દુઃખદાયી રે, ચેતન૦ લોભે લાલચ જાસ ઘણી, પરિણતિ નીચી તેહ તણી, લટપટ કરે બહુ લોક ભણી રે. ચેતન૦ લોભે૦ (૨). લોભી દેશ વિદેશ ભમે, ધન કારજ નિજ દેહ દમે, તડકા ટાઢનાં દુઃખ ખમે રે. ચેતન૦ લોભે૦ (૩). લોભે પુત્ર પિતા ઝગડે, લોભે નરપતિ રહે વગડે, લોભે બંધવ જોર લડે રે. ચેતન૦ લોભે૦ (૪). હાર હાથી લોભે લીનો, કોણિકે સંગર બહુ કીનો, માતામહને દુઃખ દીનો રે. ચેતન૦ લોભે૦ (૫). લોભારંભે બહુ નડિયા, કાલાદિક નરકે પડિયા, નિરયાવલિ પાઠે ચડિયા રે. ચેતન૦ લોભે૦ (૬). લોભ તજી સંવર કરજો, ગુરૂપદ પદ્મને અનુસરજો, રૂપવિજય પદને વરજો ચેતન૦ લોભે૦ (૭).

## સ્તુતિ

મલ્લિજિન નામે, સંપદા કોડી પામે,
દુરગતિ દુઃખ વામે, સ્વર્ગના સુખ જામે.
સંયમ અભિરામે, જે યથાખ્યાત નામે,
કરી કર્મ વિરામે, જઇ વસે સિદ્ધિ ધામે.

## શ્રી નિરયાવલિકા સૂત્ર

- અંતકૃત્ દશાંગ સૂત્રનું ઉપાંગ છે.
- બીજુ નામ કલ્પિકા છે.
- કોણિક રાજાએ ચેડા રાજાની સામે કરેલ ભીષણ સંગ્રામનું વર્ણન છે, જેમાં ૧ કરોડ ૮૦ લાખની ખુવારી થઇ હતી, એક કે બેને છોડીને પ્રાયઃ બધા નરક આદિ ગતિમાં ગયા, ચેલ્લણા રાણીથી બીજી નાની રાણીઓ ૧૦ના ૧૦ પુત્રોના નામ પરથી અધ્યયનના નામો અને માતાના નામ પરથી કાળાદિ ૧૦ પુત્રોના નામ છે.
- નિરયાવલિ = નરકમાં જનારા જીવોની શ્રેણી.
- ચેટક રાજાની રાણી પદ્માવતીના આગ્રહથી હલ્લ-વિહલ્લ પાસે શ્રેણિકે આવેલા સેચનક હસ્તી તથા ૧૮ સેરનો હાર માંગ્યો બે ભાઇઓ એ તે પાછા આપવાની ના પાડી પછી ભય લાગવાથી કોણિક રાજા બો ચીજ લઇ લેશે તેથી ચેલ્લણાનાપિતા, પોતાના નાના ચેટક ના શરણે આવ્યા, એટકે કોણિકે માંગણી કરી પણ ન્યાયથી મારા શરણે આવ્યા તો હું સોપીંશ નહીં, તમે રાજ્યનો ભાગ નથી આપ્યો બાપની મીલકત ત્રણેની ગણાય, છેવટે કોણિક યુદ્ધ કરવા તૈયાર કાલકુમારા યુદ્ધમાં કેટલાં ઘણા જીવોના સંહારથી બાંધેલા કર્મના ઉદયે ચોથી નરકે ગયો, ગૌતમ સ્વામીએ ભ. વીરને પૂછ્યું નરકે કેમ ગયા તે પૂછીને ફરી પૂછ્યું નીકળીને ક્યાં ઉત્પન્ન થશે ? ભ. વીર કહે મહાવિદેહમાં મનુષ્ય થઇ ચારિત્ર લઇને મોક્ષે જશે, ૧૦ કુમારો ચોથી નરકે પછી મહાવિદેહથી મોક્ષે.




શ્રી કપ્પવડંસિયા સૂત્ર અનુત્તરૌપપાતિક દશાંગનું ઉપાંગ છે. તેમાં શ્રેણિક મહારાજાના કાલ આદિ ૧૦ પુત્રો અને પદ્મ-મહાપદ્મ આદિ ૧૦ રાજકુમાર પૌત્રોએ પરમાત્મા પાસે દીક્ષા લઈ જુદા-જુદા દેવલોકમાં ગયા ત્યાંથી મોક્ષે જશે...તેમના તપ-ત્યાગ સંયમની સાધના વિસ્તારથી જણાવાઈ છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## (૨૦) કલ્પાવંતસિકા સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૦ ◆ સાથિયા-૧૦ ◆ ખમાસમણ-૧૦

**ખમાસમણનો દુહો**

કપ્પવડંસિયા સૂત્રમાં, શ્રેણિક પૌત્ર અધિકાર,
દશ અધ્યયન છે ભલાં, સુણિયે ભાવે ઉદાર.

કાર્યોત્સર્ગ-૧૦ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી કલ્પાવંતસિકા સૂત્રાય નમ :**

સકલ કુશલ વલ્લી બોલીને

### ચૈત્યવંદન

મુનિસુવ્રત જિન વીશમાં, કચ્છપનું લંછન,
પદ્મા માતા જેહની, સુમિત્ર નૃપ નંદન ............................ ૧
રાજગૃહી નગરી ધણી, વીશ ધનુષ શરીર,
કર્મ નિકાચિત રેણું વ્રજ, ઉદ્દામ સમીર ........................ ૨
ત્રીશ હજાર વરસતણું એ, પાલી આયુ ઉદાર,
પદ્મવિજય કહે શિવ લહ્યા, શાશ્વત સુખ નિરધાર ................. ૩

### સ્તવનનો દુહો

કપ્પવડંસિયા સૂત્રમાં, જે ભાખ્યા અણગાર,
તસ પદ પદ્મ વંદન કરૂં, દિવસ માંહે સો વાર .......... ૧

## સ્તવન

શાસનપતિ વીર જિણંદ રે, સુણી દેશના મન આણંદ રે, લહ્યા ચારિત્ર ગુણ મકરંદ, વાલા હો, સાંભળો જિનવાણી રે, આગમ અનુભવ રસ ખાણી વાલા૦ આ૦ (૧). શ્રેણિકસુત કાલકુમાર રે, પમુહા દશ મહા જુઝાર રે, નંદન તેહના દશ સાર. વાલા૦ આ૦ (૨). પદ્માદિક દશ ગુણ ભરિયા રે, સંયમ રમણીને વરિયા રે, ભવસાગર પાર ઉતરિયા વાલા૦ આ૦ (૩). જેણે માયા મમતા છોડી રે, એ તો સંયમરથના ધોરી રે, વરશે શિવસુંદરી ગોરી. વાલા૦ આ૦ (૪). નાક નવમ અગ્યારમો છંડી રે, દશ દેવલોકે રઢ મંડી રે, થયા સુવર પાપને ખંડી. વાલા૦ આ૦ (૫). વિદેહે પરમ પદ વરશે રે, એ સૂત્રને જે અનુસરશે રે, તે ભવસાગરનેે તરશે. વાલા૦ આ૦ (૬). શ્રી પદ્મવિજય ગુરૂરાયા રે, સેવાથી આગમ પાયા રે, કવિ રૂપવિજય ગુણ ગાયા. વાલા૦ આગમ૦ (૭).

## સ્તુતિ

મુનિસુવ્રત નામે, જે ભવિ ચિત્તકામે,
સવિ સંપત્તિ પામે, સ્વર્ગના સુખ જામે,
દુર્ગતિ દુઃખ વામે, નવિ પડે મોહ ભામે,
સવિ કર્મ વિરામે, જઇ વસે સિદ્ધ ધામે.

# શ્રી કલ્પાવંતસિકા સૂત્ર
## અનુત્તરોપ પાતિક દશાંગ સૂત્રનું ઉપાંગ

- શ્રેણિક મહારાજાના કાલાદિ ૧૦ પુત્રોના પદ્મ-મહાપદ્મ આદિ ૧૦ રાજકુમાર પૌત્રોએ ભ. વીર પાસે દીક્ષા લઇ દેવલોકમાં ગયા ત્યાંથી મોક્ષે જશે, તેમના તપ-ત્યાગ-સાધનાને વિસ્તારથી બતાવી છે. (સંયમ લઇ અંતે મહિનાનું અનશન સ્વીકાર) વિપુલાચલ પર્વત પરકાળ ધર્મ પામી દેવલોકમાં જાય છે, ત્યાંથી ચ્યવીને મહાવિદેહમાં મોક્ષે જશે. દરેક પુત્રો ૧ થી ૮ દેવ. સુધી ક્રમેથી, ૯માં દેવ નહી. ૧૦મું અને ૧૨મું દેવલોકે માત્ર ૫ વર્ષ દીક્ષા પામી અંતે એક મહિનાનું અનશન કરીને કાળ કરી સૌધર્મ દેવમાં ૨-સાગરો. ત્યાંથી આવી મહાવિદેહમાં જશે.

**નિર્યુક્તિ ટીકા ચૂર્ણિ આદિ**
**અર્થોની રચના કરનારા મહાપુરૂષો**
**કરતાં અત્યારના શુભમતિવાળા**
**વધારે કોણ છે ? લૂણ-મીઠું અમૃતની**
**તુલના કરી શકે નહિ.**

# (૨૧) પુષ્પિકા સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૦ ◆ સાથિયા-૧૦ ◆ ખમાસમણ-૧૦

**ખમાસમણનો દુહો**

સાધ્વી સુભદ્રનો રૂડો, સંદર્ભ સુણજો હેત,
તે આગમ પુષ્ફિઆ નમો, કરવા મુક્તિ સંકેત.

કાર્યોત્સર્ગ-૧૦ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી પુષ્પિકા સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન


મિથિલા નગરી રાજીયો, વિપ્રા સુત સાચો,
વિજયરાય સુત છોડીને, અવર મત રાચો ........................ ૧
નીલકમલ લંછન ભલું, પન્નર ધનુષની દેહ,
નમિ જિનવરનું સોહતું, ગુણ ગણ મણિ ગેહ .................... ૨
દસ હજાર વરસતણું એ, પાળ્યું પરગટ આય,
પદ્મ વિજય કહે પુણ્યથી, નમિયે તે જિનરાય ..................... ૩

## સ્તવનનો દુહો

પુષ્ફિયા સૂત્રની પૂજના, કરજો પંચ પ્રકાર,
જૈનાગમની પૂજના, શિવસુખ ફળ દાતાર.................. ૧

૨૧

# श्री पिप्फया सूत्रम्



શ્રી પુષ્પિકા આગમશ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્રના ઉપાંગ તરીકે છે. પરમાત્મા શ્રી વીર પ્રભુને ૧૦ દેવ-દેવીઓ અદ્ભુત સમૃદ્ધિ સાથે પુષ્પક વિમાનમાં બેસી વંદનાર્થે આવે છે. તેમના પૂર્વભવ ભગવાન શ્રી વીરપ્રભુ ગૌતમસ્વામીને જણાવે છે. વધુમાં સૂર્ય-ચંદ્ર-શુક્ર-બહુપુત્રિકા દેવી-પૂર્ણભદ્ર-માણિભદ્ર-દત્ત-શીલ આદિની રોમાંચક કહાની આપેલી છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## સ્તવન

જિનવર શ્રી મહાવીરને વંદી, સૂરિયાભ પરે આણંદી રે, સમક્તિ ગુણધારી, જિન ઉત્તમ મુખ પદ્મની વાણી, સાંભળી હિયડે હરખાણી રે સમ૦ (૧). સોહમ દેવલોકની વસનારી, બહુપુત્રિકા દેવી સારી રે, સમ૦ બત્રીશબદ્ધ નાટક મંડાણ, કરે જિનગુણને બહુમાન રે. સમ૦ (૨). દેવકુમાર કુમરી તિહાં નાચે, જિન મુખડું જોઇ જોઇ માચે રે, સમ૦ નાચે ઠમક ઠમક પદ ધરતી, તત થેઇ થેઇ નાટક કરતી રે. સમ૦ (૩). તાલ કંસાલ મુરજ ડફ વીણા સારંગીના સ્વર ઝીણા રે, સમ૦ ભેરી શ્રીમંડલ શરમાઇ, સ્વરમાં જિનવર ગુણ ગાઇ રે. સમ૦ (૪) સમક્તિ કરણી ભવજળ તરણી, શિવમંદિર નિસરણી રે, સમ૦ બહુપત્તિયા દેવી ભવ તરશે, ત્રીજે ભવે શિવસુખ વરશે રે. સમ૦ (૫). પુષ્ફિઆસૂતકનાં દશ અજઝયણાં, એ તો શ્રી જિનરાજનાં વયણાં રે. સમ૦ પૂજે ભાવે જે નર નારી, તે રૂપવિજય પદ ધારી રે. સમક્તિ૦ (૬).

## સ્તુતિ

નમિયે નમી નેહ, પુન્ય પાયે જ્યું દેહ,
અઘ સમુદય જેહ, તે રહે નાંહિ રેહ,
લહે કેવલ તેહ, સેવના કાર્ય એહ,
લહે શિવપુર ગેહ, કર્મનો આણી છેહ.

# શ્રી પુષ્પિકા સૂત્ર

- શ્રી વીર પ્રભુને ૧૦ દેવ-દેવીઓ અદ્‌ભૂત સમૃદ્ધિ સાથે પુષ્પક વિમાનમાં બેસી વંદનાર્થે આવે છે, તેમના પૂર્વભવ ભ. ગૌતમને જણાવે છે. સૂર્ય-ચન્દ્ર-શુક્ર-બહુપુત્રિકા દેવી-પૂર્ણભદ્ર-માણિભદ્ર દત્તશીલ આદિની કથાઓ રોમાંચક છે.
- વર્તમાનમાં જે જ્યોતિષ ચક્રમાં ચન્દ્ર-ઇન્દ્ર-સૂર્યઇન્દ્ર શુક્ર-ગ્રહ જે દેવો છે. તેઓ પૂર્ભવે પાર્શ્વનાથાય પાસે દીક્ષિત થયેલાં હતાં, અલ્પાંશે ચારિત્ર વિરાધનાથી ચન્દ્ર-સૂર્ય-શુક્ર તરીકે ઉત્પન્ન થયાં છે.
- શ્રી વસ્તિનગરીનો અંગતિ વેપારી હાલમાં ચન્દ્ર ઇન્દ્ર છે અને સુપ્રતિષ્ઠિત વેપારી હાલમાં સૂર્ય ઇન્દ્ર છે અને સોનિલ વેપારી હાલમાં શુક્ર ગ્રહ દેવ છે. આ ત્રણ દેવોએ રાજગૃહી નગરીના ગુણ શેલ ચૈત્યમાં વીર ભ. ના ચરણે આવી વંદના કરી વિવિધ નાટકો દેખાડીને ભક્તિ કરેલ છે. ત્રણ પછીના ભવે મોક્ષે જશો.

પ્રસ્તુત આગમ મેં ભી જ્યોતિષ કે નૌ અંગો પર વિવેચન કિયા ગયા હૈ–

(૧) દિવસ (૨) તિથિ (૩) નક્ષત્ર (૪) કરણ (૫) ગ્રહ દિવસ (૬) મુહૂર્ત (૭) શગુન / શકુન (૮) લગ્ન (૯) નિમિત્ત.

ઇનકા ઉપયોગ આચાર્ય ભગવન્ત 'લોચ, દીક્ષા, યોગ-પ્રવેશ, સૂત્ર કી અનુજ્ઞા આદિ મેં કરતે હૈં.'

| | |
|---|---|
| એકમ્=લાભ રહિત | નવમી=અયોગ્ય |
| બીજ/દૂજ=વિપત્તિ કારક | દશમી=વિહાર (પ્રયાણ) કે લિએ શુભ |

તીજ=અર્થ સિદ્ધિ,
લક્ષ્ય સિદ્ધિ
ચૌથ=અયોગ્ય
પંચમી=વિજય દાત્રી
છઠ=અયોગ્ય.
સપ્તમી=ગુણ વૃદ્ધિ મેં
સહાયક
અષ્ટમી=અયોગ્ય

એકાદશી=આરોગ્ય કે લિએ
કલ્યાણકારી
દ્વાદશી=અયોગ્ય
ત્રયોદશી=મિત્ર કો વશ કરનેવાલી
ચતુર્દશી=અયોગ્ય
પૂર્ણિમા=અયોગ્ય

એકમ્, તીજ, પંચમી, છઠ, અષ્ટમી, દશમી, એકાદશી, દ્વાદશી ઔર પૂર્ણિમા યે તિથિયાં દીક્ષા પ્રદાન કે લિએ સુયોગ્ય હૈ.

એકમ્, બીજ, દૂજ, છઠ, સપ્તમી, એકાદશી, દ્વાદશી, યે તિથિયાં વ્રત સ્વીકારને કે લિએ ઉત્તમ બતાઇ ગઇ હૈ.

પાંચમી, દશમી, પૂર્ણિમા યે તિથિયાં અનશન કરને કે લિએ શ્રેષ્ઠ હૈં.

નક્ષત્ર કી કુલ સંખ્યા ૨૭ હૈં એવં ઇન નક્ષત્રોં કા ચયન તારોં કે આધાર પર કિયા જાતા હૈ.

- હસ્ત, અભિજિત્, પુષ્ય ઇન નક્ષત્રોં મેં નએ કાર્ય કી શુરુઆત કી જા સકતી હૈ.
- અનુરાધા-રેવતી-ચિત્રા, મૃગશીર્ષ ઇન નક્ષત્રોં મેં બાલ એવં વૃદ્ધિ મુનિયોં કે લિએ ઉપકરણોં કા સંગ્રહ કિયા જા સકતા હૈ ઔર ગોચરી જાને કે લિએ ભી યે નક્ષત્ર ઉત્તમ હૈં.
- આર્દ્રા, જ્યેષ્ઠ, આશ્લેષ ઔર મૂલ યે નક્ષત્ર પ્રતિમા વહન કરને મેં તથા ઉપસર્ગ સહન કરને મેં અત્યંત હિતકારી હૈ.

- મેઘા/ભરણી-પૂર્વા-ફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદા, ઇન નક્ષત્રોં મેં યદિ બાહ્ય ઔર અભ્યંતર તપ કિએ જાએં તો ભરપૂર સફલતા મિલ સકતી હૈ.
- પ્રાયઃ બારહ ઘણ્ટે પ્રમાણ કા એક કરણ હોતા હૈ.
- બવ નામક કરણ મેં વ્રત-સ્થાપના, સૂત્ર-અનુજ્ઞા આદિ કરના ચાહિએ.
- શકુનિ, વિષ્ટિ નામક કરણ મેં અનશન કરના કલ્યાણકારી હૈ.
- ગુરુવાર, શુક્રવાર એવં સોમવાર ઇન વારોં મેં શિષ્ય કો દીક્ષા-દાન, પદવી-પ્રદાન, વ્રત-ગ્રહણ આદિ કાર્ય કરવાએં જા સકતે હૈં.
- યદિ ગમન કરતે સમય 'ખિલા હુઆ ફુલ દિખાઇ દે' તો સ્વાધ્યાય જ્ઞાનાર્જન કે લિએ ઉત્તમોત્તમ સમય જાનના ચાહિએ.
- યદિ આકાશ મેં અચાનક બાદલોં કી ગડગડાહટ સુનાઇ દે તો મોક્ષ સાધના, આત્મ રમણતા કે લિએ પ્રયત્ન કરના હિતાવહ હૈ.
- યદિ તિર્યન્ચ પશુ/પ્રાણિયોં કી આવાજ સુનાઇ દે, તો પ્રસ્થાન કરના સુખદાયી હૈ.
- પૂરે ગ્રંથ એક બાત સ્પષ્ટ રુપ સે ફલિત હોતી હૈ કિ આચાર્ય ભગવંત અપની ઇસ જ્યોતિષ વિદ્યા કા ઉપયોગ સર્વથા નિરવદ્ય કાર્યો કે લિએ હી કરેં. કિસી ભી સાવદ્ય કાર્ય મેં કતઇ ન કરેં.

## ભવનપતિ અધિકાર

- ભવનપતિ દેવોં કા નિવાસ સ્થાન હમારી પૃથ્વી સે લગભગ ૧ લાખ ૭૮ હજાર યોજન નીચે કી ઓર સ્થિર હૈ.

- ભવનોં મેં રહને કી વજહ સે યે દેવ ભવનપતિ કહલાતે હૈં.
- ઇનકા સ્વભાવ બચ્ચોં કી તરહ તૂફાની, ચંચલ ઔર કૃતૂહલપૂર્ણ હોતા હૈ.
- ઇનકે ભવનોં કી કુલ સંખ્યા ૭ લાખ ૭૨ હજાર હૈ.
- ઇન દેવોં કે ઇન્દ્રોં કી સંખ્યા ૨૦ હૈ.
- ભવનપતિ દેવોં કે મસ્તક પર મુકુટ હોતા હૈ એવં મુકુટ કે ઉપર સિંહ, હાથી, ઘોડા આદિ પશુ ચિન્હ અવશ્ય અંકિત હોતે હૈં.
- ભવનપતિ દેવોં કે ભવન 'બડે બડે નગરોં મેં હોતે હૈં. નગર વજ્રરત્ન કે બને હોતે હૈં. નગર-દ્વાર સુવર્ણ કે બને હોતે હૈં. નગર કે દ્વારોં પર વિશાલકાય સુવર્ણ ઘંટ હોતે હૈ. જબ કોઇ આકસ્મિક /સ વિશેષ કાર્ય આ પડતા હૈ. તો ઘંટનાદ દ્વારા સર્વત્ર ખબર પહુઁચાઇ જાતી હૈ.'

ભવનપતિ દેવતાઓં કા જઘન્ય આયુષ્ય=૧૦,૦૦૦ વર્ષ હૈ. એવં ઉત્કૃષ્ટ આયુ મર્યાદા=૧ સાગરોપમ સે અધિક હૈ.
શરીર પ્રમાણ=૭ હાથ હૈ.

## 'વ્યંતર અધિકાર'

- ઇનકા નિવાસ સ્થાન હમારી પૃથ્વી સે નીચે કી ઓર ૧૦૦ યોજન કે અન્તરાલ કે બાદ આરંભ હોતા હૈ.
- વ્યંતર દેવોં કા સ્વભાવ નવયુવકોં કી તરહ ઉદ્ધૃત સ્વચ્છંદ હોતા હૈ.
- ઇન દેવોં કો રહને કે લિએ અસંખ્ય નગર હૈં.
- ઇનકે ઘરો મેં મણિ-સોના રત્ન આદિ બહુમૂલ્ય ધાતુ કી શય્યાએઁ હોતી હૈ.

- ઇન દેવતાઓં કે ૩૨ સમૃદ્ધિમાન ઇન્દ્ર હોતે હૈં.
- વ્યંતર દેવોં કા જઘન્ય આયુષ્ય=૧૦,૦૦૦ વર્ષ હૈ.
- ઉત્કૃષ્ટ આયુષ્ય=૧ પલ્યોપમ હૈ.
- દેહ કા પ્રમાણ=૭ હાથ હૈ.

## 'જ્યોતિષ અધિકાર'

- ઇનકા નિવાસ સ્થાન હમારી પૃથ્વી સે ઉપર કી ઓર લગભગ ૭૯૦ યોજન ઉપર હૈ.
- યે દેવતા સ્વભાવ સે ભદ્ર એવં શાન્ત હોતે હૈં.
- ઇનકે વિમાન આભાયુક્ત, અત્યંત ચમકીલે તથા રોશનીદાર હોતે હૈં.
- ઇનકા જઘન્ય આયુષ્ય પલ્યોપમ કા આઠવાં ભાગ જિતના તથા ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ પલ્યોપમ સે કુછ અધિક હોતા હૈ.
- ઇનકી દેહ કા પ્રમાણ ૭ હાથ કા હોતા હૈ.
- ઉત્કૃષ્ટ આયુષ્ય=૧ પલ્યોપમ સે કુછ અધિક.
- જઘન્ય આયુષ્ય=૧ પલ્યોપમ કા આઠવાં ભાગ.

## વૈમાનિક અધિકાર

- ઇનકા નિવાસ સ્થાન...
- વૈમાનિક દેવોં કે તીન પ્રકાર હોતે હૈં-
  (અ) વૈમાનિક (બ) ગ્રૈવેયક (સ) અનુત્તર
- વૈમાનિક દેવોં કે કુલ ૮૪ લાખ ૯૭ હજાર ૨૩ વિમાન હૈં. જો અત્યંત જાજ્વલ્યમાન, દેદીપ્યમાન રત્નોં કે બને હુએ હૈં.
- વૈમાનિક દેવોં કે કુલ ૧૨ ઇન્દ્ર હોતે હૈં.
- વૈમાનિક દેવોં કા જઘન્ય આયુષ્ય ૧૦ હજાર વર્ષ તથા ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરોપમ હોતા હૈ.

- ઇનકે શરીર કી ઉંચાઇ ૭ હાથ સે ૧ હાથ તક હો સકતી હૈ.
- ૯ ગ્રૈવેયક એવં ૫ અનુત્તર મેં વહી જીવ જા સકતા હૈ જિસને અપને પૂર્વ ભવ મેં સંયમ / દીક્ષા સ્વીકાર કી હો.
- અનુત્તરવાસી દેવતા, જિનકા આયુષ્ય ૩૩ સાગરોપમ જિતના હોતા હૈ ઉન્હેં ૩૩ હજાર સાલ મેં એક બાર ભોજન કરને કી ઇચ્છા હોતી હૈ. તથા સામાન્ય કિસ્મ કે દેવતા જિનકા આયુષ્ય ૧૦,૦૦૦ વર્ષ હોતા હૈ ઉન્હેં એકાન્તર (એકદિન છોડકર) હી ભોજન કરને કી ઇચ્છા હૈ.
- સર્વોત્તમ કક્ષા કે અનુત્તરવાસી દેવ લગભગ ૧ વર્ષ સાઢે ચાર મહીને મેં એક બાર સાંસ લેતે હૈં. સામાન્ય કિસ્મ કે દેવતા ૭ સ્તોક મેં એક બાર સાંસ લેતે હૈં.
- દેવતાઓં કા શરીર અત્યંત સુન્દર, મજબૂત હોતા હૈ. શ્વાસ ખુશ્બૂ સે ભરપૂર હોતી હૈ. આંખોં કી પલકેં કભી ઝપકતી નહીં હૈ. શરીર મેં બાલ હડ્ડી માંસ રુધિક (ખૂન) આદિ નહીં હોતે એવં દેવતા હમેશા જમીન સે ચાર અંગુલી ઉપર હી ચલતે હૈં.
- દેવતા સભી કલાઓં મેં કુશલ હોતે હૈં તથા એક સમય મેં અનેક રુપ બના સકતે હૈં.
- દેવતાઓં સે દેવેન્દ્રોં કી શક્તિ / સમૃદ્ધિ / સુખસંપન્નતા કઇ ગુના જ્યાદા, વિશિષ્ટ કોટિ કી હોતી હૈ.

## 'ઇન્દ્ર દ્વારા પ્રભુ કી સ્તુતિ ક્યોં ?'

- અપાર ઋદ્ધિ ઓર વૈભવ કે સ્વામી ઇન્દ્ર મહારાજા ભી તારક અરિહંત પરમાત્મા કો ઇસલિએ નમસ્કાર કરતે હૈં કિ ક્યોંકિ પ્રભુ કે પાસ ઇન્દ્રોં સે ભી અદ્ભુત એશ્વર્ય હૈ. ઇસકે બાવજૂદ


પ્રભુ સંપૂર્ણ નિરાસક્ત હૈં. જબકિ હમ લોગોં કે પાસ સામાન્ય, અલ્પ જીવી સમૃદ્ધિ હૈ...ઔર, આસક્તિ કા તો કહના હી ક્યા ?

સદિયોં પુરાની ઘટના હૈ. કુણાલ નામ કા નગર થા. વહાં વૈશ્રમણ નામ કા રાજા રાજ્ય કિયા કરતા થા. ઉસકા એક મહામંત્રી થા રિષ્ઠ. જો સ્વભાવ સે હી મિથ્યામતિ થા.

એક બાર-'ઋષભસેન' નામક જૈનાચાર્ય ભગવન્ત કા નગર મેં ધૂમધામ સે પ્રવેશ હુઆ । આચાર્યશ્રી કા શિષ્ય પરિવાર વિશાલ થા. આચાર્યશ્રી કેસાથ ઉપાધ્યાયજી ભી થે જિનકા નામ થા-'સિંહસેન' મહારાજ.

રિષ્ઠ મંત્રી કો આચાર્ય ભગવંત તથા ઉપાધ્યાય ભગવંત ખૂબ ખટકતે થે. આખિરકાર એક દિન રિષ્ઠ મંત્રી ને આચાર્ય શ્રી કે સાથ વાદ વિવાદ કરને કી ઘોષણા કી. આચાર્યશ્રી ને ભી યે 'મહત્ત્વપૂર્ણ જવાબદારી' ઉપાધ્યાયજી કો સૌંપી. વાદ વિવાદ હુઆ. ઉપાધ્યાયજી ને મંત્રીશ્વર કો કરારી શિકસ્ત દી. સર્વત્ર ઉપાધ્યાય જી કી પ્રશંસા હુઇ. નતીજા યહ હુઆ કિ મંત્રી કે અહંકાર કો જબરદસ્ત ઠેસ પહુંચી. વહ આગબબૂલા હો ઉઠા. આવેશ ઔર આક્રોશ મેં આકર ઉસને ધ્યાન મગ્ન ઉપાધ્યાયજી કે વસ્ત્રોં કો બુરી તરહ જલા દિયા. વસ્ત્ર તો જલે શરીર ભી જલને લગા. લેકિન આશ્ચર્ય કી બાત તરહ યહ હૈ કિ ઉપાધ્યાયજી સમતા નહીં જલી. વે જરા ભી વિચલિત નહીં હુએ ઔર પ્રસન્ન મુખમુદ્રા મેં સંસાર સે વિદા લી. સદ્ગતિ કો પ્રાપ્ત કી.

# २२ श्री पुष्फचूलिया सूत्रम्



શ્રી પુષ્પચૂલિકા સૂત્ર એ વિપાકસૂત્રનું ઉપાંગ છે. શ્રી હ્રીઁ ધૃતિ આદિ ૧૦ દેવીઓની પૂર્વભવ સહિત કથાનકો છે. શ્રી દેવી પૂર્વભવમાં ભુતા નામની સ્ત્રી હતી. તેને શ્રી પાર્શ્વનાથ ભગવાને નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા કરાવી હતી. આદિનું સુંદર વિવરણ છે.

नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## (૨૨) પુષ્ફચૂલિકા સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૦ ◆ સાથિયા-૧૦ ◆ ખમાસમણ-૧૦

**ખમાસમણનો દુહો**

પુષ્ફ ચૂલિયા ગ્રંથમાં, સિરિ આદિ દશ અધિકાર,
તે આગમ સેવો સત્વો, કરવા ભવ નિસ્તાર.

કાર્યોત્સર્ગ-૧૦ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી પુષ્ફચૂલિકા સૂત્રાય નમ :**

સકલ કુશલ વલ્લી બોલીને

### ચૈત્યવંદન

નેમિનાથ બાવીશમાં, શિવાદેવી માય,
સમુદ્રવિજય પૃથ્વીપતિ, જે પ્રભુના તાય ........................... ૧
દશ ધનુષની દેહડી, આયુ વરસ હજાર,
શંખ લંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર ....................... ૨
શૌરીપુરી નયરી ભલી એ, બ્રહ્મચારી ભગવાન,
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલનાથ ..................... ૩

### સ્તવનનો દુહો

પુષ્ફચૂલિયા સૂત્રમાં શ્રી ધૃતિ કીર્તિ બુદ્ધિ,
દશ દેવી જિન ભક્તિથી, લગતે ભવે લહે સિદ્ધિ ...... ૧

## સ્તવન

જિન પૂજા ભવતરણી, પૂજા ભવતરણી, શિવમંદિર નિસરણી, પૂજા ભવતરણી ભવતરણી, શિવ૦ જલચંદન કુસુમાવલી ધરણી, ધૂપ દીપતતિ કરણી. પૂજા૦ (૧). અક્ષત નૈવેધ ફલશૌં વરણી, ભવસાગર ઉતરણી, પૂજા૦ સમકિત ધારીકું આચરણી, કુમતિકું રવિ ભરણી. પૂજા૦ (૨). સિરી હિરિ ધૃતિ દેવી આચરણી, અવધિ દોષ નીઝરણી, પૂજા૦ બત્રીસબદ્ધ નાટકની કરણી, કરી શિવ લાડી વરણી, પૂજા૦ (૩). અવધિ આશાતના દોષની ખરણી, સંવર નૃપની ધરણી, પૂજા૦ ભાવ થકી નિત્ય નિત્ય આચરણી, ચઉપંચમગુણ ઠરણી. પૂજા૦ (૪). કાઉસ્સગ્ગધ્યાંને મુનિકું વરણી, પાપસંતાપકી હરણી, પૂજા૦ શ્રી ગુરૂ પદ્મવિજય મુખ વરણી, રૂપવિજય સુખ કરણી પૂ૦ (૫).

## સ્તુતિ

રાજુલ વરનારી, રૂપથી રતિ હારી,
તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી,
પશુઆં ઉગારી, હુઆ ચારિત્રધારી,
કેવલશ્રી સારી, પામીયા ઘાતી વારી.

## શ્રી પુષ્પચૂલિકા સૂત્ર વિપાક સૂત્રનું ઉપાંગ છે...

શ્રી દેવી, હ્રી દેવી-ધૃતિદેવી-કીર્તિદેવી-બુદધિ દેવી ને લક્ષ્મીદેવી-ઇલાદેવી-સુરાદેવી રસદેવી-ગંધદેવી કુલ ૧૦ દેવીઓના

ગતભવના વર્ણન આ ભવે ભ. વીર પાસે આવી ભક્તિથી વંદન કરીને નાટક દેખાડીને સ્વસ્થાને ગઇ, આગામી ભવે મહાવિદેહ ઉલ્લેખ છે, ગત ભવમાં ૧૦ દેવીઓએ પાર્શ્વ વિ.ના મુખ્ય સાધ્વીજી પુષ્પ ચુલા પાસે દીક્ષા સ્વીકારી પરંતુ શરીરની સંભાળ સુશ્રુષા કરવાથી ચારિત્ર વિરાધના કરીને સૌધર્મ દેવ લોકમાં પલ્યોપમ ના આયુષવાળી દેવીઓ થઇ છે.

શ્રી દેવી સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થઇ વીરપ્રભુ તે દેવીનો પૂર્વ ભવના પ્રશ્ન નો ઉત્તર આપતા કહે છે સુદર્શન ગાથાપતિની ભૂતા નામની પુત્રીને કોઇ પરણ્યું નહીં, તેથી તે મોટી ઉંમર સુધી કુમારી રહી, એકદા પાર્શ્વ ભ. પધાર્યા વંદન કરવા નીકળી, દેશના સાંભળી પ્રતિબોધ પામી પિતા આયા લઇને ચારિત્ર પાળતાં, એકદા તે શરીરની શોભા-ટાપટીપ શુશ્રુષા કરનારી થઇ આવી પ્રવૃત્તિથી ગુરૂણીએ કહ્યું, આમ ન કરાય ભૂલનું પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ કરો આ વાતગમી નહીં, તેથી જુદા ઉપાશ્રયમાં રહીને શરીર શોભા કરવા લાગી આસ્થિતિમાં ઘણો કાળ ચારિત્ર પાળીને વિરાધના દોષથી અંતે કાળધર્મ પામી સૌધર્મ દેવ. માં પલ્યોપમ આયુષ શ્રીદેવી તરીકે ઉત્પન્ન થઇ અહીંથી આવીને મહાવિદેહમાં મોક્ષ પદ પામશે. ૯ દેવીના ૯ અધ્યયનો સમજવા પૂર્વભવમાં પુષ્પચુલા સાધ્વીની શિષ્યાઓ થઇ હતી તે બધી સાધ્વીઓ. શરીર પરિચર્યાથી ચારિત્ર વિરાધીને સૌધર્મમાં પલ્યો-આયુષવાળી દેવીઓ થઇ તે બધી દેવીઓ ભ. પાસે નાટક દેખાડ્યું, દેવીઓ આવીને મહાવિદેહમાં મોક્ષે જશે.

# (૨૩) વન્હિદશા સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૦ ◆ સાથિયા-૧૦ ◆ ખમાસમણ-૧૦

**ખમાસમણનો દુહો**

વૃષ્ણિક વંશ જ બાહની, કરી કથા સવિસ્તાર,
ચરમોપાંગને ભાવીને, વણ્હિદશા મનોહાર.

કાર્યોત્સર્ગ-૧૦ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી વન્હિદશા સૂત્રાય નમ:**


સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

જય ચિંતામણિ પાર્શ્વનાથ ! જય ત્રિભુવન સ્વામી,
અષ્ટકર્મ રિપુ જીતીને, પંચમી ગતિ પામી.......................... ૧
પ્રભુ નામે આનંદકંદ, સુખ સંપત્તિ લહિયે,
પ્રભુ નામે ભવભય તણાં, પાતક સબ દહિયે ...................... ૨
ૐ હ્રીં વર્ણ જોડી કરી એ, જપીએ પાર્શ્વ નામ,
વિષ અમૃત થઇ પરિણમે, લહીએ અવિચળ ઠામ.................. ૩

## સ્તવનનો દુહો

ચારિત્ર નિરતિચાર જે, પાળે નિર્મળ મત્ર,
નિષધાદિક મુનિવર પરે, સરવારથ ઉપપન્ન............. ૧
વહિન્દશામાં વરણવ્યા, નિષધાદિક મુનિ બાર,
કર જોડી તેહને સદા, વંદુ વાર હજાર..................... ૨




શ્રી વન્હિદશા સૂત્ર એ દ્રષ્ટિવાદના ઉપાંગ તરીકે છે. તેમાં અંધકવૃષ્ણિ વંશના અને વાસુદેવ. શ્રી કૃષ્ણના વડીલ બંધુ બળદેવના નિષધ વિગેરે ૧૨ પુત્રો અખંડ બ્રહ્મચારી બની પ્રભુ નેમનાથ પાસે દીક્ષા સ્વીકારી સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ગયા તે ત્યાંથી મહાવિદેહ ક્ષેત્ર મોક્ષે જશે વિગેરે હકીકત સુંદર શબ્દોમાં જણાવી છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## સ્તવન

પૂજો રે ભવિયા જિન સુખદાયી, જે અક્રોહી અમાયી રે, અવિનાશી અકલંક મનોહર, તિન ભુવન ઠકુરાઇ રે, પૂજો૦ (૧). નેમિ જિનેશ્વર વચન અમૃત રસ, પીવા બુદ્ધિ ઠરાઇ રે, નિષધ કુમારાદિક મુનિ દ્વાદશ. લિયે સંયમ લય લાઇ રે પૂજો૦ (૨). ઇગ્યાર અંગ સુરંગ ભણીને, ચરણ કરણ થિર ઠાઇ રે, પૂજો૦ (૩). બાર અજ્ઝયણે વહ્નિ દશામેં, કહે સોહમ સુખદાઇ રે, એ આગમને પૂજો ધ્યાઓ, ગાવો હરખ ભરાઇ રે પૂજો૦ (૪). સત્ય કપૂર ખિમા જિન ઉત્તમ, પદ્મવિજય ગુરૂ પાયી રે, અનુભવ યોગે રૂપવિજય ગણી, આગમ પૂજા ગાયી રે, પૂજો૦ (૫)

## સ્તુતિ

પાસ જિણંદા વામાનંદા, જબ ગરભે ફલી,
સુપના દેખે અર્થવિશેષે કહે મઘવા મલી,
જિનવર જાયા સુર હુલરાયા, હુઆ રમણી પ્રિયે,
નેમિરાજી ચિત્ત વિરાજી, વિલોકિત વ્રત લીયે.


## શ્રી વહ્નિદશા સૂત્ર

- અંધક વૃષ્ણિ દશા અંધગપદ લોપ તેથી વહિન દશા કેવાય, વૃષ્ણિ વંશમાં ઉત્પન્ન થયેલાની હકીકત અંધક વૃષ્ણિ રાજાના પુત્ર વસુદેવ તેનાપુત્ર બલ દેવને કૃષ્ણ થયાં, કૃષ્ણા મોટા બલદેવ ભાઇના ૧૨ પુત્રોના જીવન ચરિત્રો, નિષધાદિગત જન્મોમાં પણ આ તમામ પુત્રો એ નિર્મલ નિરતિચાર ચારિત્ર.

પાલન કરીને ૩૩ સાગરોપમના સર્વાર્થ વિમાને એકાવતારી દેવમાં ઉત્પન્ન, આગામી ભવે મહાવિદેહમાં સિદ્ધ થશે...

**નિષધકુમાર :** દ્વારકા નગરીના નંદન નામના ઉધાનમાં સુરપ્રિયયક્ષનું મંદિર હતું, ઘણા મિથ્યાત્વી લોકો તેની પૂજા કરતાં, કૃષ્ણ ત્રણ ખંડના સ્વામી રાજ્ય કરતાં બળદેવના પુત્ર નિષધ હતા તે ૫૦ રાજકુમારીઓને પરણ્યા, એકદા તે નેમિનાથ પ્રભુ પધાર્યા, કૃષ્ણ પણ ધામ ધુમથી વાંદવા ગયા. નિષધકુમાર દેશનાથી પ્રતિ બોધ પામી શ્રાવક ધર્મ સ્વીકારીને ગયા, વરદેવ ગણધરે નેમિ પ્રભુને પૂછ્યું કે નિષધ કુ. રાજ્ય ઋદ્ધિનું સુખ કેવી રીતે મેળવ્યું ? પ્રભુ કહે કે પૂર્વભવે મહાબળ રાજાનો વીરાંગદં પુત્ર હતો.પુણ્ય ફલથી સુખ ભોગવટો એકદા ત્યાં સિદ્ધાર્થ સૂરિ પધાર્યા, વીરાંગદ પુત્ર પણ ત્યાં વંદન કરવા ગયો દેશનાથી પ્રતિબોધ પામી ચારિત્ર લઇ ઉલ્લાસ થી આરાધના કરી તેથી બ્રહ્મદેવ લોકમાં ૧૦ સાગરોપમ મહર્દિર્ધક દેવ થયો ત્યાંથી આવી નિષધ કુ. થયાં પૂર્વભવે કેટલી નિર્મલ ચારિત્ર આરાધનાથી તે આવી ઋદ્ધિ પામ્યા છે નેમિ ભ. થી દેશનાથી ચારિત્ર લઇ ને વર્ષ સુધી તપ સાથે નિર્મલ આરાધના કરી અંતે ૨૧ દિવસનું અનશન કરી કાળધર્મ પામી સર્વાર્થ સિદ્ધિ વિમાનમાં ૩૩ સાગરો. એકાવતારી દેવ થયાં, ત્યાંથી મહાવિદેહમાં મોક્ષે જશે, ૧૨ કુમારો પૂર્વભવે ચારિત્ર પાળીને પાંચમાં દેવલોકે દેવ થઇ બળદેવના પુત્ર પણે ઉપજી નેમિ ભ. પાસે ચારિત્ર લઇ સર્વાર્થ સિદ્ધ વિમાને હાલ ત્યાં ૧૨ પુત્રો એકાવતારી દેવનું સુખ ભોગવી મહાવિદેહથી મોક્ષે જશે...

# श्री चउसरण पयन्ना सूत्रम्



આ પયન્નામાં આરાધક ભાવને વધારવા અરિહંત-સિધ્ધ-સાધુ અને ધર્મ એ ચાર શરણની મહતા, દુષ્કૃતની ગર્હા, સુકૃતની અનુમોદના ખૂબ માર્મિક રીતે જણાવી છે. ચૌદ સ્વપનના નામોલ્લેખ છે. આ સૂત્ર ચિત્ત પ્રસન્નતાની ચાવી છે. ત્રિકાલ પાઠથી ચમત્કારિક લાભ થાય છે સૂત્રનું બીજું નામ કુશલાનુબંધિ છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

# (૨૪) ચતુઃશરણ પ્રકીર્ણક સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૦ ◆ સાથિયા-૧૦ ◆ ખમાસમણ-૧૦

**ખમાસમણનો દુહો**

પયન્ના વરતે છે ઘણાં, પણ દશ મુખ્ય ગણાય,
ચઉ શરણ પયન્નાને નમું, પાતક દૂર પલાય.

કાર્યોત્સર્ગ-૧૦ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી ચતુઃ શરણ પ્રકીર્ણક સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

સિદ્ધારથ સુત વંદિયે, ત્રિશલાનો જાયો,
ક્ષત્રિય કુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો ...................... ૧
મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય,
બહોંતેર વરસનું આઉખું, વીર જિનેશ્વર રાય ..................... ૨
ખીમાવિજય જિનરાયના એ, ઉત્તમ ગુણ અવદાત,
સાત બોલથી વર્ણવ્યા, પદ્મવિજય વિખ્યાત ....................... ૩

## સ્તવનનો દુહો

શ્રુતધર વીર જિણંદના, ચઉદ સહસ અણગાર,
પ્રત્યેકબુદ્ધ તેણે રચ્યા, પયન્ના ચઉદ હજાર............. ૧
સંપ્રતિ પણ વરતે ઘણા, પણ દશનો પડઘોષ,
તે આગમને પૂજતો, કરે પુણ્યનો પોષ ................ ૨

## સ્તવન

ચારિત્ર શુદ્ધ આરાધના, સામાયિકથી થાય લાલ રે, સાવધ યોગને છાંડતાં, પાતક દૂર પલાય લાલ રે, ચા૦ (૧). દર્શનાચારની શુદ્ધતા, ચઉવીસથ્થે થાય લાલરે, ગુણ ગાતાં જિનરાજના, સમકિત દૂષણ જાય લાલરે. ચા૦ (૨). જ્ઞાન દર્શન ચારિત્રના, આરાધક ગુરુરાય લાલ રે, દ્વાદશધા વંદન કરી, પૂજીજે, શ્રી ગુરુરાય લાલ રે. ચા૦ (૩). અતિક્રમ વ્યતિક્રમ વ્રતતણા, દર્શન ચરણ ને નાણ લાલ રે, તેહનાં દૂષણ છંડીયે, પડિક્કમણું તે જાણ લાલ રે. ચા૦ (૪). વ્રણ રૂઝે જેમ પટ્ટિએ, તિમ કાઉસ્સગ્ગે દોષ લાલ રે, પડિક્કમતાં બાકી રહ્યા, કરીજે તેહનો શોષ લાલ રે, ચા૦ (૫). ગુણ ધારણ કરવા ભણી, કરજે દશ પચ્ચક્ખાણ લાલ રે, વીર્યાચાર વિશુદ્ધતા, કરી સઘલે સુહ ઝાણ લાલ રે. ચા૦ (૬). ચઉશરણે જિનરાજની, પૂજના કરજે જેહ લાલ રે, જિન ઉત્તમ પદ પદ્મની રૂપવિજય લહે તેહ લાલ રે. ચા૦ (૭).

## સ્તુતિ

જય જય ભવિ હિતકર, વીર જિનેશ્વર દેવ,
સુર નરના નાયક, જેહની સારે સેવ,
કરુણારસ કંદો, વંદો આણંદ આણી,
ત્રિશલા સુત સુંદર, ગુણ મણિ કેરો ખાણી.

# શ્રી ચતુ:શરણ પ્રકીર્ણક સૂત્ર

**મૂળ=શ્લોક=૬૩ કુલ ૮૮૦ શ્લોક**

-ચતુ : શરણ પ્રકીર્ણક સૂત્ર : ચાર શરણોનો સ્વીકાર, દુષ્કૃત ગર્હા, સુકૃત અનુમોદના આ ત્રણ વસ્તુ મન સંકિલશ પરિણામ વાળું થયું હોય તો વારંવાર રટણ કરવું. મન શાંત હોય તો પણ કરવું એનાથી ભવસફળ છે. આરાધક ભાવને વધારવા અરિહંત ભ. સિધ્ધ વિ. સાધુ અને ધર્મ આ ચાર શરણાની મહતા.

**છેદ=પ્રાયશ્ચિત ગ્રંથો, કોર્ટ કઇ પરિસ્થિતિમાં વર્તતો ગુન્હેગાર બને, કઇ પરિસ્થિતિમાં ન વર્તતો હોય તો ગુન્હેગાર બનતો નથી.**

**સિન્યોરિટી ઘટાડી દે,**
**બે-ચાર માસ છેદ કરે**
**૧૦ પ્રકારનું પ્રાયશ્ચિત્ત.**

# (૨૫) આતુરપ્રત્યચાખ્યાન સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૦ ◆ સાથિયા-૧૦ ◆ ખમાસમણ-૧૦

**ખમાસમણનો દુહો**

આઉર પચ્ચકખાણ સૂત્રમાં, વિવિધ મરણ વિચાર,
પચ્ચકખાણ ધર્મ આરાધતાં, પામે ભવજળ પાર.

કાર્યોત્સર્ગ-૧૦ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી આતુરપ્રત્યચાખ્યાન સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

પહેલા પ્રણમું વિહરમાન, શ્રી સીમંધર દેવ,
પૂર્વ દિશે ઇશાન ખૂણે, વંદુ હું નિત્યમેવ.......................... ૧
પુક્ખલવઇ વિજ્યા તિહાં, પુંડરિકિણી નગરી,
શ્રી શ્રેયાંસ રાજા ભણો, જીત્યા સવિ વયરી. ...................... ૨
દેહમાન ધનુષ પાંચશે, માતા સત્યકી નંદ,
રૂકમણી રાણી નાહલો, વૃષભ લંછન જિનચંદ .................. ૩
ચોરાશી લખ પૂરવ આય, સોવન વરણી કાય,
વીશ લાખ પૂરવ કુમાર વાસ, તેમ ત્રેશઠ રાય.................... ૪
ગણધર ચોરાશી કહ્યા એ, મુનિવર એકસો કોડિ,
પંડિત ધીરવિમલ તણો, જ્ઞાનવિમલ કહે કરજોડિ. .............. ૫




આ પયન્નમાં અંતિમ સમયે કરવા લાયક આરાધનાનું સ્વરુપ બાલમરણ, પંડિતમરણ-બાલ પંડિત મરણ, પંડિત-પંડિત મરણનું સ્વરુપ ખૂબજ સ્પષ્ટતાથી વિચારાઈ છે. આવા પ્રકારના દુર્ધ્યાન જણાવી રોગ અવસ્થામાં શાનાં પચ્ચખાણ કરવાં, શું વોસિરાવવું કઈ ભાવનાઓ ભાવવી વિગેરે સમજાવ્યું છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## સ્તવનનો દુહો

રાગ દ્વેષને છેદજે, ભેદજે આઠે કર્મ,
સ્નાતક પદને અનુસરી, ભજજે શાશ્વત શર્મ .......... ૧

## સ્તવન

દેશવિરતિ ગુણઠાણમેં રે વરતે શ્રાવક જેહ, આણંદાદિકની પરે રે, તજે મિથ્યાત્વને તેહ. (૧). સુગુણ નર, પૂજો શ્રી જિનદેવ. (એ આંકણી) બારે વ્રતના પરિહરે રે, પ્રત્યેકે અતિચાર, કરમાદાન પન્નર તજી રે, સમકિતના પંચ છાર. સુ૦ (૨). જ્ઞાન દર્શન ચારિત્રના રે, તપ વીરજના જેહ, અતિચાર અલગા કરી રે, ભજ જિનવર ગુણદેહ સુ૦ (૩). પારંગત પદ પૂજીયે રે, તજી ત્રેસઠ દુર્ધ્યાન, ઇન્દ્રિય કષાયને ઝીપીને રે, પામે સમકિતજ્ઞાન. સુ૦ (૪). આઉર પચ્ચકખાણ સૂત્રની રે, કરે આરાધના જેહ, ત્રીજે ભવે શિવ સંપદા રે, નિશ્ચય પામે તેહ, સુ૦ (૫). તેણે એ સૂત્રની પૂજના રે, કરજો ધરી સુહ ઝાણ, રૂપવિજય કહે પામજો રે, શાશ્વત સુખ નિર્વાણ સુ૦ (૬)

## સ્તુતિ


સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ,
એસા પરિવારે સીમંધર ભગવાન,
દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર.
વાચક જશ વંદે નિત નિત વાર હજાર.

# શ્રી આતુરપ્રત્યચાખ્યાન સૂત્ર

## મૂળ=શ્લોક=૮૦ કુલ ૫૦૦ શ્લોક

- રોગ ગ્રસ્ત દેહની અસીમ પીડાથી ઘેરાયેલા આત્માને આરાધના કરાવવા માટે યોગ્ય પચ્ચક્ખાણ કરવા, શું વોસિરાવું, કઇ ભાવનાઓ ભાવવી, આપયન્નામાં અંતિમ સમયે કરવા લાયક આરાધનાનું સ્વરૂપ.
- આ સૂત્રનું ઉદગમ ભગવતી સૂત્રના ૧૩માં શતકનો સાતમો ઉદેશો છે. જ્યાં મરણના અનેક ભેદોનું મરણ, મરણ નજીક આત્માએ સ્વઆરાધના કેવી રીતે કરવી, પોતે કરેલા દુષ્કૃતિને યાદ કરી ગુરૂ મ. પાસે આલોચન-નિંદા-ગર્હાનું વિધાન અને આરંભના પચ્ચક્ખાણ કરવા સર્વજીવ પ્રતિ સમભાવ, વેર કોઇની સાથેન રાખવું, ધનાદિની મૂર્છાનો ત્યાગ કરવો, આહાર-કષાય-મમતાનો ત્યાગ કરૂં, સાગર પ્રત્યાખ્યાન, દેવગુરૂ-ધર્મની શ્રદ્ધા કરવી નવાપાપના પચ્ચક્ખાણ કરવા, અંત સમયે સામાયિકનો પાઠ ઉચ્ચરેને, ઉપધિ અને શરીરાદિ વોસિરાવા, રાગનો ત્યાગ કરવો સંથારા પોરસિમાં મારો આત્મા શાશ્વત અનંત જ્ઞાનાદિ ગુણોમય છે, સ્ત્રી કુટુંબ દોલત સંયોગ બાહ્ય ભાવો છે, એગોહં નત્થિ મે કોઇ, આ ભાવના ભાવળી, પાપોની નિંદા ગર્હા કરવી, અંત સમયે અશાતનો તીવ્ર ઉદય થાય તો ગભરાવું નહીં, ધૈર્ય રાખીને સમતા ભાવે તે કર્મ ઉદયે વેદના સહન કરે હાય વોય કરવાથી વેદના ઓછી થતી નથી ચીક્કણાં અશુભકર્મ બંધાય.
- બાલ મરણ, બાળ પંડીત મરણ, પંડિત પંડિત મરણના સ્વરૂપની સ્પષ્ટતા કરી છે.

# २६ श्री महाप्रत्याख्यान पयन्ना सूत्रम्



આ પયન્નામાં સાધુઓએ અંત સમયે કરવા લાયક આરાધનાનું ખાસ વર્ણન છે. દુષ્કૃતોની નિંદા-માયાનો ત્યાગ-પંડિત મરણની અભિલાષા અને પ્રસંશા, પૌદ્‌ગલિક આહારથી થતી અતૃપ્તિ પાંચ મહાવ્રતોનું પાલન અને આરાધનાનું વર્ણન છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

# (૨૬) મહાપ્રત્યાખ્યાન સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૦ ◆ સાથિયા-૧૦ ◆ ખમાસમણ-૧૦

**ખમાસમણનો દુહો**

મહાપચ્ચકખાણ પયન્નામાં, પંડિત વીરજવંત,
અનશન શુદ્ધ આરાધતાં મુનિ હોવે મુક્તિનો કાંત.

કાર્યોત્સર્ગ-૧૦ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ॐ ह्रीँ श्री મહાપ્રત્યાખ્યાન સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

વપ્રા વિજય વિજયા પુરી, સુદૃઢ નૃપ તાત,
યુગમંધર જિનવર નમું, જસ તારા માત ........................... ૧
પ્રિયા મંગલાનો નાહલો, ગજ લંછન સોહે,
સોવન વાન ધનુ પાંચસે, ભવિજનં મન મોહે ................... ૨
લક્ષ ચોરાશી પૂરવનું એ, આયુમાન લહ્યો એહ,
શુધ્ધ સંયમ સંગ્રહી, કેવલ પામ્યા જેહ ............................ ૩
ત્રિગડે બેઠા ભવિકને, આપે ઉપદેશ,
પ્રાતિહાર્ય આઠે ભલા, અતિશય ચોત્રીશ ......................... ૪
પાંત્રીશ વાણી ગુણ કહ્યા, સો કોડિ મુનિ સંઘાત,
દશ લખ કેવલધરમુનિ, વંદુ નિશ દિન પ્રભાત.................... ૫
મહાવિદેહે વિચરતાં એ, વંદે સુર નર કોડિ,
પંડિત ધીરવિમલ તણો, નય વંદે કર જોડિ......................... ૬

## સ્તવનનો દુહો

મહાપચ્ચકખાણ પયન્નામાં, પંડિત વીરજવંત,
અનશન શુદ્ધ આરાધતાં, હોય મુનિ શિવવધૂકંત ..... ૧

## સ્તવન

પૂજા જિનરાજતણી કરી, ચોરાશી આશાતના હરીએ, જુગતિથી અષ્ટ દ્રવ્ય ધરીએ. પૂજા૦ (૧). આણા શ્રી જિનવરની કરીયે, મિથ્યા શ્રુત દૂરે પરિહરિયે, જિનાગમ પૂજા અનુસરીયે. પૂજા૦ (૨). દર્શન જ્ઞાન ચરણ જેહ, સંયમ તપ સંવર ગેહ, કરી જિન ભાવપૂજા એહ. પૂજા૦ (૩). મુનીશ્વર તેહના અધિકારી, નિયાણા નવના પરિહારી, નમો નમો સંયમ ગુણધારી. પૂજા૦ (૪). સંવરમેં મન જાસ રમે, ક્રોધ દાવાનલ તાસ શમે, તેહને અણસણ તીન ગમે. પૂજા૦ (૫). પંચ પરમેષ્ઠિની પૂજા, જે કરે તસ પાતક ધ્રૂજ્યાં, કર્મ અરિ સાથે તે ઝુઝ્યા. પૂજા૦ (૬), જિન ઉત્તમ પૂજન કરીયે, તસ પદ પદ્મને અનુસરીયે, રૂપવિજય શિવ પદ વરીયે પૂજા૦ (૭).

## સ્તુતિ

સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ,
એવા પરિવારે યુગમંધર ભગવાન,
દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર,
વાચક જશ વંદે નિત નિત વાર હજાર.

## શ્રી મહાપ્રત્યાખ્યાન સૂત્ર

- સર્વ વિરતિ ધરોની (મુનિઓની) અંત સમયની આરાધનાની વિધિ છે પ્રારંભમાં જિને. વંદન કરીને પાપનું પચ્ચક્ખાણ દુષ્કૃત નિંદા, કરેમિભંતે નો ઉચ્ચાર, ઉપધિ વિગરેનો ત્યાગ, રાગ દ્વેષનો ત્યાગ, સર્વ જીવોની ક્ષમાપના, ૧૮ પાપ સ્થાનકોની નિંદા, એકત્વ અનિત્યત્વાદિ ભાવનાઓથી વિભાવનાદિ, પાપ કરવું દુષ્કર નથી, કારણ કે પાપ કરવાના સંસ્કાર અનાદિના પણ ગુરૂ પાસે નિર્મળ ભાવપૂર્વક પાપોની આલોચના કરવી તે અતિદુષ્કર છે.
- નિશીથ ચૂર્ણિમા-તં ન દુક્કરંણં પડિએવિજ્જઉ તં દુક્કરં જં સમ્મમાલોજ્જઉ પાપભીરૂ માટે આ યાદ રાખવું જોઇએ. પાપ કરાય તે દુષ્કર કાર્ય નથી, પાપ કરવું બહાદુરીનું કામ નથી, ગુરૂ ભ. પાસે પાપોનું પ્રાયશ્ચિત તે કરીને આત્માને શુદ્ધિ કરવા તે કામ જ દુષ્કર છે, અઇમુત્તા મુનિ, માષ, તુષ મુનિની જેમ સરલતા ગુણવાળા જીવો મોક્ષે પામે શલ્ય રાખનારને ઘણું નુકશાન છે, અનાદિ સંસારમાં ઘણીવાર બાળ મરણ પામ્યો. અંતિમ આરાધના પર્વતની ગુફા સ્થાને થઇ શકે પંડીત મરણથી જન્મ મરણનો અંત કરે છે. નરકની વેદનાની આગળ આવેદના શા હિસાબમાં વેદના આ બહુ થોડી છે, મંત્રીયાવિના સમતાથી સહન કરવી.. પાંચ મહાવ્રતોનું પાલન....આદિ વિશિષ્ટ માહિતી યુક્ત.

# શ્રી ઓઘ નિર્યુક્તિ સૂત્ર

ચોમાસામાં વિહાર કરવાથી લાગતાં દોષોનું વર્ણન જણાવ્યું છે.

અગીતાર્થ સાધુએ ગીતાર્થની નિશ્રામાં જ રહેવું જોઇએ એ વાત પર ભાર મૂક્યો છે.

વિહારમાં આગળ-પાછળના સાધુનું ધ્યાન રાખવું. એ માટે દાંડાથી રસ્તા પર નિશાન બનાવવું જેથી પાછળના સાધુ ભટકી ન પડે.

કારણ સિવાય સાધુ દિવસે નિદ્રા લે તો પ્રાયશ્ચિત આવે. પડિલેહણ કરતા બોલે તો છ કાયની વિરાધનાનું પાપ લાગે.

ગોચરી ગવેશણા અને એમાં લાગતાં દોષોનું વર્ણન છે. આ વિષયમાં શ્રી વજસ્વામી, ધર્મરુચિ અણગાર, વાનરજૂથ અને માછલીનું ઉદાહરણ આપ્યું છે.

સાધુએ કેટલી ઉપધિ રાખવી ? કેવી રાખવી ? એની સ્પષ્ટતા કરી છે.

નંદિપાત્ર કેવું હોવું જોઇએ ? એનો શો ઉપયોગ એનું નામ નંદિ કેમ આદિ જણાવ્યું છે.

ઉપકરણની વ્યાખ્યા બતાવી છે કે જે આત્માને ઉપકાર કરવામાં સહયોગી બને તે ઉપકરણ કહેવાય.

પ્રાયશ્ચિત લેવા પર ભાર મૂક્યો છે. બિમાર વૈદ્ય જેમ બીજા વૈદ્યને જણાવી દવા લઇ આરોગ્ય મેળવે તેમ આચાર્ય પણ બીજા યોગ્ય આચાર્યની પાસે પ્રાયશ્ચિત લઇ શુદ્ધ થાય એ જણાવ્યું છે.

આમ સામાન્યથી સાધુની બધી બાબતોનું વર્ણન આ સૂત્રમાં હોવાથી આનું નામ '**ઓઘનિર્યુક્તિ**' રાખવામાં આવ્યું છે.

आ=समन्तात्  गम=गम्यते इति आगमः. એટલે કે ચારે બાજૂથી પદાર્થોની જાણકારી જેના દ્વારા થાય તે આગમ ! અત્યારે આપણી પાસે ૪૫ આગમ છે.

परिच्छिद्यते अनेन इति आगम.

સૂત્ર રાજા સમાન છે અને અર્થ
મંત્રી સમાન છે. તેમાંથી એકની હીલના કરે તો
સંસાર અનર્થને આપે.

શ્રાવકના વાર્ષિક ૧૧ કર્તવ્યો પૈકી
'શ્રુતપૂજા' એક કર્તવ્ય છે. શ્રુતને લખાવવાથી
શ્રુત પૂજાનો લાભ મળે છે. જેમ કે મહારાજા
કુમારપાળે રાજભવનમાં ૭૦૦ લહિયાઓ
બેસાડી હજારો ધર્મગ્રંથો લખાવ્યા હતા.અ

## (૨૭) ભક્તપરિજ્ઞા સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૦ ◆ સાથિયા-૧૦ ◆ ખમાસમણ-૧૦

**ખમાસમણનો દુહો**

જિન આણા આરાધતાં, તપ જપ ક્રિરિયા જેહ,
ભત્ત પરિણ્ણામાં કહ્યું, શિવપદ લહે તેહ.

કાર્યોત્સર્ગ-૧૦ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી ભક્તપરિજ્ઞા સૂત્રાય નમ :**

સકલ કુશલ વલ્લી બોલીને

### ચૈત્યવંદન

બાહુ પ્રભુ સમરૂં વળી,વત્સા વિજયે જેહ,
સમવસરણ દીયે દેશના, ગાંજતો જેમ મેહ........................ ૧
સુગ્રીવ તનુ સોહામણો, વિજયા રાણી જાત,
સુસીમા નગરી દીપતી, ત્રણ ભુવન વિખ્યાત ...................... ૨
પાંચસે ધનુષની દેહડી, કંચન વરણી કાય,
મોહિનીપતિ મન મોહે, મૃગ લંછન સોહાય ....................... ૩
કેવલી દશ લખ સાથમેં, સો કોડિ મુનિરાય,
ચોરાશી લખ પૂર્વનું, આયુ શ્રી જિનરાય ......................... ૪
ગામ નગર પાવન કરે, મહાવેદહ મોઝાર,
ધીર વિમલ કવિરાયનો, જ્ઞાનવિમલ કહે તાર....................... ૫




આ ભક્ત પરિજ્ઞા સૂત્રમાં ચારે આહારનો ત્યાગ કરી અણસણ માટેની પૂર્ણ તૈયારી જણાવી છે. પંડિત મરણના ત્રણ પ્રકાર ૧) ભક્ત પરિજ્ઞા ૨) ઈંગિની ૩ પાદપોપગમન છે. ભક્ત પરિજ્ઞા મરણ ૧) સવિચાર ૨) અવિચાર એ બે પ્રકારનું છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## સ્તવનનો દુહો

જિન આણા આરાધતાં, તપ જપ કરિયા જેહ,
ભત્તપરિશા સૂત્રમાં, કહ્યું શિવપદ લહે તેહ ............ ૧

## સ્તવન

ત્રિકરણ યોગ સમારીને જી, આલોઇ અતિચાર, સંવર જોગ સંવરીજી, કરી શુચિ તન મન સાર કે, મોહનગારા રાજ વંદો, જિનરાજ પરમ સુખકંદો (૧). (એ આંકણી) કૃષ્ણનાગ મહામંત્રીથીજી, પામે ઉપશમ જેમ, જિન પૂજા પ્રણિધાનથીજી, મન ઉપશમ લહે તેમ કે. મો૦ (૨). કામ સ્નેહ ને દિટ્ઠિનાજી, નવલા છંડી રાગ, ધર્મરાગ વાસિત મનેજી, પામે ભવજળ તાગ કે. મો૦ (૩). સમકિત નિર્મળ કારણેજી. જિનપૂજા નિરધાર, નાગકેતુ પરે જે કરેજી, તે લહે ભવજળ પાર કે. મો૦ (૪). અરિહંત સિદ્ધ ને ચૈત્યનીજી, પ્રવચન સૂરિ સાધ, ષટ્પદ પૂજી ભાવથીજી, તરી સંસાર અગાધ કે. મો૦ (૬). શ્રી ગુરુ પદ્મવિજય મુખેજી, ભત્તપયન્ના સાર, સાંભળીને જે પૂજશેજી, તેસ ચિદ્રૂપ અપાર કે. મોહન૦ (૭).

## સ્તુતિ

સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ,
એવા પરિવારે યુગમંધર ભગવાન,
દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર,
વાચક જશ વંદે નિત નિત વાર હજાર.

# શ્રી ભક્તપરિજ્ઞા સૂત્ર

- પંડીત મરણના ત્રણ પ્રકાર=૧) ભક્ત પરિજ્ઞા ૨) ઇંગિની ૩) પાદોપગમન.
- ભક્ત પરિજ્ઞાને યોગ્ય કોણ મરણ નજીક મુનિ ગીતાર્થ ગુરૂને વંદન કરીને અનશન કરાવાની વિનંતી કરે, ત્યારબાદ ગીતાર્થ મુનિએ કેટલા દોષોનું પ્રાયશ્ચિત વિશેષ શુદ્ધિ માટે ૫-મહાવ્રત ઉચ્ચરાવી ક્ષમાપના કરાવે અને હિતશિક્ષા દે.
- સંસારનું સુખ અસ્થિર છે, દુર્ગતિના દુઃખ આપનારું છે.
- વ્રતધારી શ્રાવકને અંતકાળે અણુવ્રતો ઉચ્ચરાવા ગુરૂ પાસે અનશન સ્વીકારે, સંથારો દીક્ષા હાલ આ વિધિ પ્રચલિત નથી.
- શ્રી સંઘને અનશનની વાત જણાવી, આહાર ત્યાગની વાત સ્પષ્ટ સમજાવી.
- અવ્રતો-હિંસાદિ દોષો દુર્ગતિમાં લઇ જનારા.

જેમ સાગરમાં વહાણનો આધાર
તરવા માટે તેમ સંસાર સાગર તરવા
સ્ટીમર જેવું આલંબન આગમ-શાસ્ત્રો છે.




આ પયન્નામાં ગ્રંથ વૈરાગ્ય રસના ભંડાર છે. મનુષ્યપણાના ૧૦૦ વર્ષના આયુષ્યમાં ૪,૬૦,૮૦,૦૦,૦૦૦ ચોખાના દાણાનો આહાર થાય છે. તે જ રીતે બીજી વસ્તુઓનો આહાર થાય છે છતાં તૃપ્તિ ન થાય. ગર્ભાવસ્થા, જન્મની વેદના, આયુની ૧૦ દશા વિગેરેનું વર્ણન છે.

તંદુલ-ભાત ખાવાના સંખ્યાના વિચારથી આ ગ્રંથનું નામ પડેલું છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

# (૨૮) તંદુલ વૈચારિક સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૦ ◆ સાથિયા-૧૦ ◆ ખમાસમણ-૧૦

**ખમાસમણનો દુહો**

તંદુલ વેયાલીય શાસ્ત્રમાં, ગર્ભાદિક અધિકાર,
સુણી ધર્મ આરાધજો, તરવા આ સંસાર.

કાર્યોત્સર્ગ-૧૦ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી અનુત્તોરપપાતિકદશાંગ સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

નિસઢ નૃપતિ નંદન ભલો, સુબાહુ ભગવંત,
ઇન્દ્ર ચંદ્ર સુર અસુર તિમ, નરનારી પ્રણમંત ........................ ૧
ધનુષ પાંચસેં રૂઅડી, સોના સરખી દેહ,
ચોત્રીસ અતિશય સોહતો, સમવસરણમાં તેહ .................... ૨
નલિનીવતી વિજયા કહી, નયરી અયોધ્યા જાણ,
પાંત્રીશ ગુણ વાણી તણા, કેતા કરૂં વખાણ ........................ ૩
સુનંદાનો નાહલો, કિંપુરૂષાનો પ્રાણ,
મર્કટ લંછન દીપતો, તીન જગતનો ત્રાણ .......................... ૪
પાંખ નહીં પ્રભુ માહરે, કિમ આવું તુજ પાસ,
ધીરવિમલ પંડિત તણો, જ્ઞાનવિમલ ધરે આસ .................... ૫

## સ્તવનનો દુહો

જન્મ જરા મરણે કરી, ભમિયો જિઉ સંસાર,
કિમહિક જોગે નરભવ લહ્યો, તો કર ધર્મ ઉદાર ...... ૧

## સ્તવન

શ્રી જિનવર જગદાધાર, અડ પ્રાતિહાર જ સાર, ચઉવિધસુર સોવાકાર, એક કોડી જઘન્ય વિચાર. (૧). ભવિક જન પૂજિયે જિનરાજા, જિમ લહિયે શિવસુખ તાજા. ભ૦ (એ આંકણી) પંચવરણી કુસુમની માલ, જિન કંઠે ઠવો સુરસાલ, ગુણ ગાવો ભાવ વિશાલ, શિવરમણી વરો તત્કાલ. ભ૦ (૨) અશુચિ પુદ્‌ગલથી ભરીયો, દેહ ઔદારિક દુઃખ દરિયો, નરભવ શુચિપદ અનુસરીયો, જિનભક્તિ કરી ભવ તરિયો. ભ૦ (૩). જિનવર પરૂજા પ્રભાવે, દુઃખ દોહગ ઉદય ન આવે, જિનવર પદવી ભલી પાવે, તસ સુરવધૂ મળી ગુણ ગાવે. ભ૦ (૪). તંદુલવિયાલી મઝાર, કહ્યો ગર્ભતણો અધિકાર, તે સાંભળી ધર્મ વિચાર, કરી પામો ભવજળ પાર. ભ૦ (૫). જિનવર મુખ પદ્મની વાણી, સાંભળી વરો શિવ પટરાણી, જિમ દુઃખ દોહગ હોય હણી, લહો રૂપવિજય સુખખાણી ભવિક૦ (૬).

## સ્તુતિ

સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ,
એવા પરિવારે યુગમંધર ભગવાન,
દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર,
વાચક જશ વંદે નિત નિત વાર હજાર.

# શ્રી તંદુલ વૈચારિક સૂત્ર
## પૂ. વિમલવિજય ગણીની ટીકા શ્લોક-૫૬૮

આપ યન્ના ગ્રંથ વૈરાગ્ય રસના ભંડાર છે, તંદુલ=ચોખાને અનુલક્ષીને વૈરાગ્યનો ઉપદેશ ૧૦૦ વર્ષના આયુષમાં ૪૬૦ ક્રોડ ૮૦ લાખ ચોખાના દાણાનો આહાર થાય છતાં તૃપ્તિ ન થાય. માતાના ગર્ભમાં જીવના આગમનથી લઇને જન્મે પછી પણ શરીરના વિકાસાદિનું વર્ણન સ્ત્રીના ૯૩ નામો પર્યાયવાચી છે.

- પૂર્વભવનું આયુષ પૂર્ણ થયાં પછી જ આગામી ભવના આયુઃ ઉદય થાય તો માતાના ગર્ભમાં પ્રવેશ થાય છે, જીવગર્ભમાં ઔદારિક શરીર શી રીતે બનાવે, ત્યાં ગર્ભમાં કઇ રીતે આહાર કરે, ગ્રહણ કરેલો આહાર કેવા કેવા સ્વરૂપે પરિણામે, ઔદારિક દેહના દરેક અવયવો ક્યાં ક્રમે કેટલા ટાઇમે બનાવે છે ? ગર્ભમાં કેવા સ્વરૂપે રહે છે, જન્મ કાલે જીવ શરીરના ક્યા ત્યાગથી નીકળે છે, જન્મ્યા બાદક્યા ક્રમે મોટા થાય, ડો. વૈદ્યની લાઇનના અનુભવી સીવીલ સર્જનાદિ પણ જો અહીં કહેલી શારીરિક શોધ ખોળ સાથે સરખાવે તો શરીર રચનાનું નવું જ્ઞાન મળે.
- જીવ જે સમયે ગર્ભમાં આવ્યો તેજ સમયે કાર્મણ શરીરથી માતાના લોહીનો અને પિતાના વીર્યનો આહાર કરે તે ઓજા આહાર કેવાય, પછી તેમાંથી કલલ-અર્બુદ-પેશી વિગેરે અવસ્થાનું નસ-શિરા, ધમની-રોમાદિની સંખ્યાનું વર્ણન, ગર્ભમાં રહેલ જીવને મળમૂત્ર ન હોય, ગ્રહણ કરેલો આહાર કાન આદિ ઇન્દ્રિયો રૂપે પરિણમાવે છે, આહારમાંથી ઇન્દ્રિય આદિ બનાવે છે. ગર્ભમાં રહેલ જીવને કવલાહાર ન હોય,

અને ગર્ભમાં રહેલા જીવે બનાવેલાં શરીરના અંગોમાંના કેટલાં અંગોમાં શુક્રની જો વિશેષતા (અધિકપણું) હોય તો તે અંગો વ્યવહારથી એમ કેવાય કે આપિતાના અંગો છે, લોહી વધુ હોય તો તે અંગો માતાના અને ગર્ભમાં રહેલ જીવ ખરાબ ભાવથી મરીને નરકે જાય, શુભ ભાવનામાં મરે તો દેવ લોકમાં જાય, ગર્ભનો જીવ ચત્તો-પડખાં ભેર સ્વરૂપ ગર્ભમાં રહે છે. પગઆદિ કોઇ પણ અવયવથી જીવગર્ભમાંથી નીકળે છે બહાર, કોઇ પાપી જીવની અપેક્ષાએ ગર્ભમાં રહેવાનો કાલ ૧૨ વર્ષનો ઘટી શકે છે.

- ધર્મનો કાળ બહુ થોડો છે, કેટલોક ભાગ ઉંઘવામાં બાલ પણામાં, યુવાનીમાં ઘડપણમાં જાય છે, માટે પ્રમાદ ત્યાગી ધર્મનો કાલ છે સ્ત્રી અશુચિમલ મૂત્ર ભરેલી અપવિત્ર છે, સ્ત્રી શરીરની અંદરનો માંસાદિ ભાગ બહાર આવેને ચામડીનો ભાગ અંદર જાય તો તિરસ્કાર ભાવ પેદા થાય છે સ્ત્રી ઘણા દોષોની ખાણ છે તેના પર મોહન રાખવો જોઇએ.
- મરણાદિ દુઃખોના સમયે ભોગવાના વખતે પુત્ર-સ્ત્રી વિ. પરિવારમાંનો કોઇ જીવ દુઃખથી બચાવી શકતો નથી.
- પરભવમાં ધર્મ જ એક સાથે આવે છે.

**તાવને તપાસવા માટે થર્મો મીટર છે,**
**તેમ આત્મ પરિણતિને તપાસવા**
**થર્મો મીટર આગમ છે.**




શ્રી ગણિવિજ્જા પયન્નામાં જ્યોતિષ સંબંધી પ્રાથમિક માહિતીઓનું વર્ણન છે. દિવસ, તિથિ, ગ્રહ, મુહૂર્ત, શકુન, લગ્ન, હોરા, નિમિત્ત વિગેરેનું વર્ણન છે.

ગણિ, આચાર્યને પ્રતિષ્ઠા, દીક્ષા, તપસ્યા, ઉપધાન આદિનાં જરુરી મુહૂર્ત શુદ્ધિનો અધિકાર આમાં વર્ણવ્યો છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

# (૨૯) ગણિવિદ્યા સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૦ ◆ સાથિયા-૧૦ ◆ ખમાસમણ-૧૦

**ખમાસમણનો દુહો**

ગણિવિજ્જા પયન્ને કહી, જ્યોતિષ વિદ્યા સાર,
શુભકર્મમાં તે યોજીએ, વરવા સિદ્ધિ અપાર.

કાર્યોત્સર્ગ-૧૦ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી ગણિવિદ્યા સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

ઘાતકી ખંડ પુષ્કલાવતી, પુંડરિકિણી નયરી,
સુજાત પ્રભુ સોહતા, જીત્યા કર્મ વયરી. ........................... ૧
દેવસેન રાજા વળી, દેવસેના નંદન,
ભરતક્ષેત્રમાં હું રહ્યો, કરૂં કોટિ વંદન ........................... ૨
ભાનુ લંછન જિનતણું, જયસેનાનો કંત,
અર્થ થકી પ્રકાશતો, દ્વાદશાંગી ગુણવંત ........................... ૩
કાય ધનુ શત પાંચને, સો કોડિ પરિવાર,
આયુ પૂરવ લાખ છે, ચોરાશીનું સાર ........................... ૪
દેવ દીયે જો પાંખડી, આવું તુમ હજૂર
નય કહે શ્રી જિન નામથી, અક્ષય સુખ ભરપૂર ................. ૫

## સ્તવનનો દુહો

તિથિ વાર કરશે ભલું, શુભ મુહૂર્ત્ત લઇ જેહ,
સાધે ધર્મ સોહામણો, નિશ્ચય ફળ લહે તેહ............ ૧

## સ્તવન

સમકિતધારી રે જુક્તિ થકી કરો, આગમ રીત સંભાળી રે. (૧). શ્રી જિન પૂજો રે ભાવે ભવિજના. (એ આંકણી) અંગ ચઢાવી રે કેશર કુસુમને, કસ્તુરી ને બરાસ રે, રતન જડિત સુંદર આભૂષણે, પૂજો મનને ઉલ્લાસે રે. શ્રી૦ (૨). ધૂપ દીપ નૈવેધ ને ફળ ઠવો, જિન આગળ ધરી રાગ રે, વીર્ય ઉલ્લાસે રે નિત્ય પૂજા કરે, તે પામે ભવ તાગ રે. શ્રી૦ (૩). જિનગુણ સ્તુતિ કરતાં મન નિર્મલું, તેહિ જ શિવસુખ મૂલ રે, સંવર વાધે રે સાધે સિદ્ધિને, લહે શિવસુખ અનુકૂળ રે. શ્રી૦ (૪). ગણિવિજ્જા સૂત્રે મન થિર કરી, આરાધો નરનારી રે, જિન ઉત્તમ પદ પદ્મને પૂજતાં, લહો ચિદ્‌રૂપ ઉદાર રે. શ્રી૦ (૫).

## સ્તુતિ

સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ,
એવા પરિવારે યુગમંધર ભગવાન,
દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર,
વાચક જશ વંદે નિત નિત વાર હજાર.


# શ્રી ગણિવિદ્યા સૂત્ર

## ગણિ=આચાર્ય, વિજ્જા=વિદ્યા

- આમાં જ્યોતિષ સંબંધી પ્રાથમિક માહિતી-દિવસ-તિથિ-ગ્રહ-મૂહૂર્ત, શુકન લગ્ન હોરા નિતિમાદિનું વર્ણન છે.
- બળ કરતાં તિથિનું બળ ચઢિયાતું ગણાય છે. તેથી નક્ષત્રનું બલ ચઢિયાતું ગણાય છે. પછી કરણ-ગ્રહ મુહૂર્ત-શકુન લગ્ન નિમિત્ત.
- જ્યોતિષ શાસ્ત્રને લગતી-માહિતી.
- આચાર્ય-કુલ-ગુણ-સંઘના શ્રેય માટે શાસ્ત્રનો ઉપયોગનો અધિકારી છે.
- દિવસ-તિથિ-નક્ષત્ર-કરણ-ગ્રહ-મુહૂર્ત-લગ્ન-શકુન-નિમિત્ત.
- ગણિવિદ્યા-આચાર્ય ગચ્છનાયક તેથી કુલગુણ સંઘ વિગેરે નિમિત્તે સારા દિન-તિથિ નક્ષત્રાદિ જોઇને નક્કી કરીને તે દિન દીક્ષા-પ્રતિષ્ઠાદિ કરાવે, ઠાણાંગ અને સમવાયાંગમાં જ્યોતિષની થોડી માહિતી તથા ૧૧માં પૂર્વમાં જ્યોતિષની વિસ્તારથી વર્ણન, ૧૨ ઉપાંગોમાં સૂર્ય પ્રજ્ઞપ્તિ ચન્દ્ર પ્રજ્ઞપ્તિ અને જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ એમાં જ્યોતિષની વિગત કહી છે.
- શુભ દિવસે કરેલાં ધર્મ કાર્યો નિર્વિઘ્ને પૂર્ણ થાય છે. તેથી વિપરીત દિવસમાં કાર્યો ન કરવા પાદોપગમન અનશન-વિદ્યા-લોચ-વડી દીક્ષાદિ વિધાભ્યાસ-તપ-નવું ઉપકરણ વાપરવામાં વર્જ્ય નક્ષત્રો છોડવા.
- નિમિત્ત કરતાં (૯ પદાર્થોમાં) પણ મનનો ઉત્સાહ ચઢી જાય છે.

* ચોથ-નોમ-ચૌદશ (૪-૮-૧૪) રિક્તાતિથિ છે. આ ત્રણ તિથિમાંથી કોઇપણ તિથિઓ જો શનિ કે મંગળવાર હોય તો તે સર્વ સામ્રાજ્ય ને પણ આપવા સમર્થ છે, ધર્માદિ કાર્યો આતિથિમાં થાય.
* શનિ-ભૌમગતારિકતા-સર્વ સામ્રાજ્યદાયિની એગે રવિ જોગે પત્તે સવ્વે વિગ્ધાઇ વિણસ્સંતિ કદાચ દિવસાદિની શુદ્ધિ સંપૂર્ણ ન જણાતી હોય તે કાર્ય જરૂર કરવાનું હોય તે વખતે ઉત્તમ જોગની પાસ કરવી આખા પ્રસંગે એક રવિ યોગ હોયતો દિવસાદિની અશુદ્ધિ લગાર પણ નુકશાન કરી શકતી નથી.

આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજ તથા આગમપ્રજ્ઞ શ્રી જંબૂવિજયજી મહારાજે તો કમાલ કરી. પ્રાચીન અનેકાનેક હસ્ત લિખિતો પરથી અતિશુદ્ધ પાઠો સંપાદન કરી આગમાદિ ગ્રંથો મુદ્રિત કરાવ્યા, વળી શ્રી ચતુરવિજયજી તથા તેવા અન્ય મહાત્માઓએ વિશુદ્ધ પાઠસંપાદનો પૂર્વકના પ્રકાશનો સંઘને આપ્યા. વર્તમાનકાળે પણ આવા શ્રુતસેવકો, ભલે આંગળીના વેઢે ગણાય એવા પણ છે. તેઓના અતિપરિશ્રમ પૂર્વકના શુદ્ધ પ્રકાશનો એ જિનશાસનની સાચી મૂડી છે. વર્તમાનમાં સાંગોપાંગ આગમના જ્ઞાતા ગચ્છાધિપતિ **પૂ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.** જેવા વિધમાન છે તે શ્રી સંઘનું અને આપનું પુન્ય કેવાય.




આ પયજ્ઞામાં રાધાવેધનુ વર્ણન છે. રાધાવેધની સાધનાની જેમ સ્થિર ચિત્તે આરાધનાનું લક્ષ રાખી સર્વપ્રવૃત્તિ કરી અધ્યવસાય સ્થિર કરવા અને મરણ સુધારવું એવા સ્વરુપના ઉપદેશ છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

# (૩૦) ચંદ્રાવેધ્યક સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૦ ◆ સાથિયા-૧૦ ◆ ખમાસમણ-૧૦

**ખમાસમણનો દુહો**

રાધાવેધ સમ સાધજો, વિનયાદિક ગુણ ભંડાર,
ચંદાવિજય પયન્ને સુણો, ધન્ય મુનિ કથા સાર.

કાર્યોત્સર્ગ-૧૦ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી ચંદ્રોવેધ્યક સૂત્રાય નમ :**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

મિત્રપ્રભુ કુલચંદલો, સુમંગલા સુત ધીર,
દૂરિત વિષય કષાય તે, ભંજન ભડવીર ............................ ૧
વપ્રા વિજયમાં રહી, વિજયા નગરી જેહ,
પ્રભુ વંદન તિહાં કરૂં, ધન ધન જગમાં તેહ ...................... ૨
દૂર ભરતે વસીયો થકો, લળી લળી લાગું પાય,
વીરસેનાનો કંતલો, ધનુષ પાંચસે કાય............................ ૩
દશ લાખ કેવળી તણી, પ્રભુ પરષદા સોહે,
ગણધર ચોરાશી વળી, ચંદ્ર લંછન મન મોહે...................... ૪
સ્વયંપ્રભ જિનરાજ સુણો, જ્ઞાનવિમલ અરદાસ,
દાસનો દાસ છું તાહરો, આપો સમકિત વાસ.................... ૫

## સ્તવનનો દુહો

કેવળનાણ દર્શનધરા, ત્રણ્ય જગત શિરતાજ,
લોકાલોક પ્રકાશકર, નમો સકલ જિનરાજ............ ૧

## સ્તવન


જિનવર પૂજો જયકારી, જે ત્રણ્ય ભુવન ઉપકારી રે, દિલડો અડ રહ્યો વારૂજી. ત્રણ્ય નિસિહી પ્રદક્ષિણા સારી, કરી તીન પ્રણામ વિચારી રે, દિલડો અડ રહ્યો વારૂજી, જિનરાજ ભક્તિને કાજે. દિ૦ (૧). તિવિહા પૂજા હિતકારી, ત્રણ્ય ભાવ અવસ્થા પ્યારી, દિ૦ ત્રિદિશિ નિરખણી પરિહારી, જિન સનમુખ અંબક ધારી રે. દિ૦ (૨). પય ભૂમિ તિહાં પ્રમાર્જી, જિન પૂજા કરજો તાજી રે, દિ૦ (૩). ઇન્દ્રિય ચંચળતા છારી. પ્રણીધાન સમર ત્રણ ધારી રે, દિ૦ નાણ દંસણ ચરણ વિચારી, કરો જિનપૂજા મનોહારી રે. દિ૦ (૪). ચંદાવિજય શ્રુત ધારી, અણગારની જાઉં બલિહારી રે, દિ૦ શ્રી જિન ઉત્તમ દિલધારી, લહો રૂપવિજય નરનારી રે. દિ૦ (૫).

## સ્તુતિ

સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ,
એવા પરિવારે યુગમંધર ભગવાન,
દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર,
વાચક જશ વંદે નિત નિત વાર હજાર.

## શ્રી ચંદ્રાવેધ્યક સૂત્ર

- અંતે સમયે મનને સ્થિર કરવું, આત્માને આરાધક ભાવને જોડવા, મન માંકડાને સમાધિ મળે, સ્થિર કરવું મનને અઘરું, તેના માટે રાધા વેધનો ઉલ્લેખ.
- ચંદ્ર=ડાબી આંખની કીકી, વેધક=વીંધવું ઉંધા-સીધા ચક્રો/વીંધવું દુષ્કર છે.
- રાધાવેધની જેમ સાધનામાં મનને સ્થિર રાખી સર્વ પ્રવૃત્તિ કરી મરણ સુધારવું.




દેવેંદ્રસ્તવ...પયન્નમાં બત્રીશ ઈન્દ્રોઓને કરેલી પરમાત્માની સ્તવનાનું વર્ણન સુંદર રીતે છે. ઉપરાંત ૩૨ ઈન્દ્રોના સ્થાન, આયુષ્ય, શરીર, અગ્રમહિષીઓ, રિદ્ધિ-સિદ્ધિ પ્રરાક્રમ વિગેરેનું વર્ણન છે. સૂર્ય-ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર-સિદ્ધશિલા સ્વરુપ સિદ્ધોની અવગાહના સુખ આદિનું પણ વર્ણન છે.

नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

# (૩૧) દેવેન્દ્રસ્તવ સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૦ ◆ સાથિયા-૧૦ ◆ ખમાસમણ-૧૦

**ખમાસમણાનો દુહો**

આખ્યાન બત્રીશ ઇન્દ્રનું, વર્ણવ્યું છે વિસ્તાર,
આવાસ, સ્થિતિ આદિ ઘણું, દેવિંદ થવન મોઝાર.

કાર્યોત્સર્ગ-૧૦ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી દેવેન્દ્રસ્તવ સૂત્રાય નમ :**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

સુશીલા નગરી સોહામણી, વત્સા વિજયે રાજે,
ઋષભાનન વિચરે તિહાં, ભવિજન સંશય ભાંજે ................ ૧
કીર્તિરાયનો બેટડો વીરસેનાનો નંદ,
શરણું તેહનું રાખતા, આપે સુખ અમંદ ........................... ૨
મૃગપતિ લંછન પાઉલે, જયાવતીનો કંત,
મુજ મનમાંહે તું વસ્યો, રાત દિવસ એકંત ........................ ૩
ધનુષ પાંચસે દીપતિ, હેમમયી જસ દેહ,
ચઉમુખ દીયે દેશના, વર્ષે અમીરસ મેહ ........................... ૪
એ પ્રભુજીને ભેટવા, હૈયામાંહે, કોડ,
ધીરવિમલ કવિરાયનો, પ્રણમે બે કર જોડ ......................... ૫

## સ્તવનનો દુહો

ચઉવિહ દેવ નિકાયના, ઇન્દ્ર વૃંદ નમે જાસ,
તે જિનરાજને પૂજતાં, પાપ તાપ હોય નાશ .......... ૧

## સ્તવન

સુરપતિ સઘળા નિજ પરિકર, સાથે સુરગિરિ શૃંગ રે, શ્રી જિનરાજની પૂજા કરવા, આવે અતિ ઉછરંગ. (૧). સુરપતિ રસિયા રે, જિનરાજ પુજા નવરંગ કરે ઉલ્લસિયા રે. (એ આંકણી) પાંચ રૂપ કરી હરિ જિનઘરથી, ધરતો વિનય અમંદ રે, સુરવર સાથે જિનગ્રહી હાથે, આવે મેરૂ ગિરીંદ સુર૦ જિ૦ (૨). ઔષધિ મિશ્રિત તીરથ જળથી, કળશા ભરી મનોહાર રે, પારંગતનું અંગ પખાળી, કરે આતમ નિસ્તાર, સુર૦ જિ૦ (૩). બાવના ચંદને જિન તનુ અરચી, પહેરાવે ફુલમાલા રે, સુરબળા જિનવર ગુણ માળા, ગાવે રંગ રસાળ સુર૦ જિ૦ (૪). તિણવિધ ભાવિક શ્રાવક ભક્તે, પૂજે પ્રભુપદ પદ્મ રે, રૂપવિજય પ્રભુ ધ્યાન પસાયે, લહે શાશ્વત શિવસદ્મ, સુરપતિ રસિયા રે, જિનરાજ પૂજા નવરંગ૦(૫).

## સ્તુતિ

સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ,
એવા પરિવારે યુગમંધર ભગવાન,
દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર,
વાચક જશ વંદે નિત નિત વાર હજાર.

# શ્રી દેવેન્દ્રસ્તવ સૂત્ર

- દેવેન્દ્રોને લાગતી વિગતો બતાવા પૂર્વક દેવેન્દ્રોથી પૂજિત જિને. ભ. સ્તુતિ કરાઇ છે. આ સૂત્રનું ઉત્થાન આ રીતે છે, વર્ષાઋતુનો સમય શાંતવાતાવરણ ત્યારે કોઇ વિવેકી જ્ઞાની શ્રાવક પત્ની સાથે વીર પ્રભુના ચૈત્યમાં પૂજા માટે દ્રવ્યપૂજા પછી ભાવપૂજા ઉપક્રમે પ્રથમ ૨૪ તીર્થંકરની સ્તુતિ કરતા રહે છે. ૩૨ ઇન્દ્રોથી સ્તવાયેલા હે નાથ ? હું આપના ચરણ કમલને નમસ્કાર કરું છું. તેમની ધર્મ પત્ની પતિને પ્રશ્ન કરે ૩૨ ઇન્દ્રો કેવી રીતે ? ઉત્તરમાં વ્યંતર સિવાયના ૩૨ ઇન્દ્રોના વર્ણનથી માંડીને સિધ્ધ ભ. સુધીનું વર્ણન.
- દેવેન્દ્રોના નામ, ભવનોની અને વિમાનોની સંખ્યા ઇન્દ્રનું આયુષ, ભવનાદિની જાડાઇ, દેવનો પ્રવિચાર અવધિ જ્ઞાનાદિના ઉત્તરો આપ્યાં.
- ભવનપતિ દેવો દક્ષિણ અને ઉત્તર દિશામાં રહે છે.
- બે દેવલોક સુધી દેવીઓ, સર્વાર્થ સિધ્ધ વિમાનના દેવો એકાવતારી છે. દેવોને આહાર અને શ્વાસોશ્વાસ આયુષ અનુસારે, જેટલા સાગરોપમ તેટલા હજાર આહારની ઇચ્છા થાય, તેટલા પખવાડીએ શ્વાસોશ્વાસ લઇને મૂકે છે.

**જૂના લખાયેલ ૧ કરોડ ગ્રંથોમાંથી
છેલ્લા ૧૫૦૦ વર્ષમાં મોટા ભાગના ગ્રંથો
કાળક્રમે જીર્ણશીર્ણ થઇને નાશ પામી ગયા,
તે મોગલોના આક્રમણ કાળમાં.**

# (૩૨) મરણસમાધિ સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૦ ◆ સાથિયા-૧૦ ◆ ખમાસમણ-૧૦

**ખમાસમણનો દુહો**

મરણ સમાહિ પયન્નામાં, પંડિત મરણને કાજ,
ઉપાય કહ્યા તે સેવીએ, લેવા મુક્તિનું રાજ.


કાર્યોત્સર્ગ-૧૦ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી મરણસમાધિ સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

અનંતવીરજ અરિહંતજી, સુણો મારો પોકાર,
મોહરાય મુંઝવે ઘણો, કરજો નાશ વિકાર ........................ ૧
નલીનીવતી વિજયા મહીં, નયરી અયોધ્યા ધૂરે,
વિજયાપતિ આરાધતાં, મનવાંછિત પૂરે ........................ ૨
મેઘરાય મંગલાવતી, નંદન ગુણભંડાર,
અષ્ટાપદ સમ દેહડી, હસ્તિ લંછન સાર ........................ ૩
ત્રયાસી લાખ છદ્મસ્થને, લાખ પૂરવની દીક્ષા,
જે જિન આણા વેગળા, માંગે ઘર ઘર ભિક્ષા ........................ ૪
મધુકરને જિમ માલતી, જિમ બપૈયા મેહ,
તિમહીજ માહરે તું પ્રભુ, જ્ઞાનવિમલ ધરો નેહ ........................ ૫




આ પયન્નામાં સમાધિ-અસમાધિ મરણનો વિસ્તૃત વિચાર કરી મરણ સુધારવાની આદર્શ પદ્ધતિઓ તથા મનની ચંચલતા, કષાયની ઉગ્રતા, વાસનાની પ્રબળતા રોકવાના અમુક ઉપાયો. અને આરાધક પુણ્યાત્માઓના અનેક દૃષ્ટાંતનો સમાવેશ છે.

नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## સ્તવનનો દુહો

સાધન સાધે સિદ્ધિનાં, સાવધાનપણે સાર,
તે મુનિવર આરાધના, કરી પામે ભવપાર .............. ૧

## સ્તવન

અનેહાં રે સિદ્ધિ નિરંજન પૂજતાં રે. પાતક દૂર પલાય, પૂજક પૂજક પૂજ્યની પૂજના રે, કરતાં પૂજ્ય તે થાય. સિદ્ધ૦ (૧). અનેહાં રે દંસણ નાણ ચરણતણી રે, હોય આરાહણ ખાસ, શ્રી જિનરાજ પૂજા થકી રે, ચિર સંચિત અઘ નાશ. સિદ્ધ૦ (૨). અનેહાં રે સાધન જોગથી સંપજે રે, સાધ્યપણું નિરધાર, ધ્યાતા ધ્યેયના ધ્યાનથી રે, ધ્યેય હોયે જગસાર, સિદ્ધ૦ (૩). અનેહાં રે તિવિહ પૂજા એ પૂજ્યની રે, કરતાં જિનપદ થાય, તિવિહ અવંચક જોગથી રે, ભાવ પૂજાશું ઠહરાય. સિદ્ધ૦ ૪. અનેહાં રે જિન ઉત્તમપદ્મની રે, પૂજના કરશે જેહ, રૂપવિજય પદ સંપદા રે, અવિચળ લહેશે તેહ. સિદ્ધ૦ ૫.


## સ્તુતિ

સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ,
એવા પરિવારે યુગમંધર ભગવાન,
દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર,
વાચક જશ વંદે નિત નિત વાર હજાર

# શ્રી મરણસમાધિ સૂત્ર

- અંત સમયે આરાધનામાં પેલાં આલોચના માટે ૧૪ પ્રકારની વિધિ, અંતે ૧૨ ભાવનાઓનો અધિકાર જણાવ્યો છે.
- ધર્મ પ્રાપ્તિની દુર્લભતા, કામ લોગોની ભયંકરતા, વિષયોની તુચ્છતા, બાલમરણથી થતી જીવની દુર્દશા, મૃત્યુ સમયે જે મુનિઓને સમાધિ, મુક્તિપદ પ્રાપ્ત કરેલ છે.
- જન્મ્યો તે મરણ પામવાનો છે, જે મરણ પામે તે જન્મ પામે જ એવો નિયમ નથી નિર્વાણ પદને પામે, નિર્વાણ પદને પામે તે મરણ છે-૫ ઇન્દ્રિયો શ્વાસ. આયુષ (મન-વચનકાયા) ત્રણ બળ=૧૦ પ્રાણોથી જીવ છુટો પડે તે મરણ કેવાય, તીર્થંકર માટે મરણ નહીં, નિર્વાણ શબ્દ વપરાય છે. **મરણ બે પ્રકારે :** ૧) સમાધિ મરણ ૨) અસમાધિ મરણ, બેમાં શ્રેષ્ઠ સમાધિ મરણ છે.
- મમતાદિ દોષોને તજવાનો, ભાવશલ્યને દૂર કરવાનો ઉપદેશ.
- આહાર-દેહ-ઉપધિ વોસિરાવાની વિગત.
- સંથારાને સ્વીકારવાની વિધિ જેમ સનત્ કુમાર ગજસુકુમાલ અવંતિ સુકુમાલ-ચંદ્રાવતં સક સુકોશલ મુનિ વજ્રસ્વામી, ઢંઢણ ઋષી, અષાઢાભૂતિ મરણ મળે સમાધિ ભાવે રહી આત્મહિતને કરનાર છે.

**વૈજ્ઞાનિકો રસાયણ પદાર્થોના મિશ્રણથી સ્ફોટક પદાર્થનું નિર્માણ કરે છે, તેમ જ્ઞાની પુરૂષ અક્ષરના સંયોજનાથી શાસ્ત્ર નિર્માણ કરે છે.**




આ પયન્નમાં છેલ્લા સંથારાનું માર્મિક વર્ણન છે. અંતિમ સમયે ક્ષમાપનાની આદર્શ વિધિ...આવા પંડિત મરણના બળે પ્રાપ્તિ થતી આત્મઋદ્ધિની પ્રાપ્તિ...દ્રવ્ય અને ભાવ સંથારાનું સ્વરુપ...તથા વિષમ સ્થિતિમાં પણ પંડિત મરણની આરાધના કરનાર મહાપુરુષોના ચરિત્ર જણાવ્યા છે.

नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## (૩૩) સંસ્તારક સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૦ ◆ સાથિયા-૧૦ ◆ ખમાસમણ-૧૦

**ખમાસમણનો દુહો**

સંથારે કરે સાધના, પંડિત મરણને કાજ,
સંથારગ પયન્ને સુણો, અર્ણિકા આદિ મુનિરાજ.

કાર્યોત્સર્ગ-૧૦ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી સંસ્તારક સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

### ચૈત્યવંદન

સુર અસુર ઝાંખા પડે, સુરપ્રભ જિન પાસે,
સ્વ-પર ચક્ર દુર્ભિક્ષ ને, અરિ મારી નાસ ............................ ૧
પુષ્કલાવતી પુંડરિકીણી, ધાતકીખંડ વિશાળ,
કંચનવાન જિનેસરૂં, ટાળે કર્મ જંજાળ ............................ ૨
રાણી વિજયા શીલવતી, વિજયરાજનો સુત,
ગંધહસ્તિ સમ ગાજતો, કકરો ભવિજન પૂત ..................... ૩
નંદસેનાધવ પાય નમું, શશિ લંછન રાજે,
પંચસય ધનુ ઊંચ દેહ, કંચન સમ છાજે ........................... ૪
વીતરાગ મન તું વસ્યો, કર માહરી સંભાળ,
નય કહે શ્રી જિનભક્તિથી, લહીયે મંગળમાળ.................... ૫

## સ્તવનનો દુહો

ભાવ તીરથ આધાર છે, જંગમ તીરથ ચાર,
થાવર તીર્થ અસંખ્યમાં,મુખ્ય શત્રુંજય ગિરનાર ...... ૧
પાદપોગમ અણસણ કરી, સિદ્ધિ લહ્યા જિન સર્વ,
તે જિનવરની પૂજના, કરીએ મૂકી ગર્વ ................. ૨

## સ્તવન

ત્રિશલા નંદન રે દેહે, રચિયે પૂજા અધિક નેહે, નવ નવ ભાંતે રે કરિયે, જિમ ભવસાયર હેલે તરિયે. (૧). ચેતન પ્યારા રે મહારા, જિન પૂજા કરી લહો ભવપારા. ચે૦ (એ આંકણી) નમન કરો કે મન રંગે, અરચો કેશર પ્રભુ નવ અંગે, ફૂલની ફૂટડી રે માળા, કંઠે ઠવો પંચરંગ રસાળા. ચેતન૦ (૨). ધૂપ દીપ રે મનોહાર, અક્ષત નૈવેધ ફળ સુરસાળ, જિનવર જગ રે શણગાર, ગાવો ગીત જ્ઞાન મનોહાર. ચેતન૦ (૩). દરિસણ ચરણ ને નાણ, તપ એ ચઉહા પૂજા જાણ, આરાધક તે રે કહિયે, પૂજા દ્વાદશ ભેદે લહિયે. ચેતન૦ (૪). પાદપોપ પદ રે ધારી, વરીયા જિન ઉત્તમ શિવનારી, તસ પદ પદ્મને રે વંદો, રૂપવિજય પદ લહી આણંદો. ચેતન૦ (૫).

## સ્તુતિ

સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ,
એવા પરિવારે યુગમંધર ભગવાન,
દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર,
વાચક જશ વંદે નિત નિત વાર હજાર.

• નિર્મલ પવિત્ર ચારિત્રનો આરાધક મુનિવર મૃત્યુને નજીક આવેલું જાણીને વિધિપૂર્વક આરાધના કરી, આરાધક ભાવમાં ઓતપ્રોત બનીને મૃત્યુના બિહામણાં સ્વરૂપને મંગલ મહોત્સવનું રૂપ કેવી રીતે આપે છે, આરાધક મુનિઓના દ્રષ્ટાંતો સુકોશલ મુનિ અવંતિ સુકુમાલ ચાણક્ય મંત્રી-સ્કંદકસૂરિના શિષ્યો ૫૦૦, અર્ણિકા ચાર્ય જેવા મહાપુરૂષોએ સંથારો સ્વીકાર કરનારા, અંતિમ સમય ક્ષમાપનાની આદર્શ વિધિ, આવા પંડીત મરણથી આત્મ વૃદ્ધિ પ્રાપ્ત થાય, દ્રવ્ય અને ભાવ સ્વરૂપ સંથારોનું સ્વરૂપ, વિષમ સ્થિતિમાં પંડીત મરણની આરાધના કરનારાનું જીવન ચરિત્ર છે.

## શ્રી સંસ્તારક સૂત્ર

'એસે કઇ સારે રસપ્રદ/રોચક પ્રસંગો સે ભરપૂર હૈ સંસ્તારક પયન્ના. ઇસમેં હમારે જીવન કે સબસે મહત્ત્વપૂર્ણ પહલે મૃત્યુ' કી સમઝાઇશ દી ગઇ હૈ.

ઇસ પયન્નાજી કા એકમાત્ર સંદેશ હૈ-**'સમાધિમય મૃત્યુ કી પ્રાપ્તિ'**. સમાધિ કા તાત્પર્ય હૈ સમતા, સંતુલન, આવેશ રહિત અવસ્થા.

સંસ્તારક પયન્ના મેં હમેં યહી સિખાયા ગયા હૈ કિ હમ 'સંસાર સે કૈસે વિદાઇ લેં ?' ગ્રન્થ મેં બતાયા હૈ કિ સાધક અપની મૃત્યુ કો નિકટ જાનકર અપને જીવન વ્યવહાર કો સમેટને કા પ્રયત્ન કરેં. જિતના હો સકે ઉતના પરિચિતોં સે પરાઙમખ હોકર અન્તર્મુખ બને. કિસી ભી પ્રકાર કી વસ્તુ કે ઉપર જો મમતા/

રાગ દશા શેષ હૈ, ઉસે પૂરી તરહ સે શૂન્ય/અલ્પ કર દેં. દેહ ઔર આત્મા ભિન્ન હૈ, દેહ વિનાશી હૈ, આત્મા અવિનાશી હૈ ઇસ ભાવ કો પૂર્ણતઃ આત્મ સાક્ષાત્ કરેં. કિસી ભી જીવ કે પ્રતિ કોઇ મામૂલી સા અપરાધ ભી યદિ હો ગયા હો તો ઉસસે અંતરમન સે ક્ષમા માંગે ઔર યદિ કિસી ને હમેં પરેશાન કિયા હો, તો ઉસે ભી ક્ષમા પ્રદાન કરે.

યથાશક્તિ ચારોં આહાર કા ત્યાગ. શાયદ 'સંથારા' સ્વીકાર કરને કી પ્રક્રિયા કા સબસે કઠિન / દુર્જેય કાર્ય યહી હૈં. બિના આહાર કિએ 'ધર્મરુચિ' ઔર ધર્મારાધના મેં સ્થિર રહના પ્રબલ કસૌટી હૈ.

ઇસ પ્રકાર વિધિપૂર્વક, સદ્ગુરુ સાન્નિધ્ય મેં કિયા ગયા સંથારા ભગીરથ કર્મ નિર્જરા મેં સહાયક હોતા હૈ.

શ્રી ગચ્છાચાર પયન્ના મેં હમેં જીને કી કલા સિખાઇ ઔર અંતિમ દો પયન્ના મેં મરને કા અંદાજ સમઝાયા.

અપેક્ષા સે કહા જા સકતા હૈ કિ જિંદગી કો સમઝના તથા જીના આસાન હૈ લેકિન મુશ્કિલ હૈ મૃત્યુ કો સમઝના-પરખના-અપનાના. ક્યોંકિ મૃત્યુ કી એક સબસે બડી ખાસિયત હૈ 'આકસ્મિક આક્રમણ' (ઇમરજેંસી અટેક). મૌત કહીં ભી કભી ભી ઔર કિસી કો ભી આકર કે ઉઠા જાતી હૈ.

**'નિત્યં અવલોક-નીયો મૃત્યુઃ'**

મરણ કા સ્મરણ નિત્ય કરો. કભી મત ભૂલો કિ મૃત્યુ નહીં આએગી.

જાણે મંત્રાક્ષર ન હોય... એમ બહુમાનપૂર્વક સાંભળવું...

# श्री दशाश्रुतस्कंध सूत्रम्

૩૪



આ દશાશ્રુતસ્કંધમાં અસમાધિત ૨૦ સ્થાન વિગેરે ૧૦ અધ્યયનો છે. જેમા ૮મું પર્યુષણા કલ્પ નામનું અધ્યયન એજ કલ્પસૂત્ર છે. જે હર વર્ષે ચતુર્વિધ સંઘ સમક્ષ ધામધુમથી વંચાય છે. આ આગમમાં ૨૦ અસમાધિ સ્થાન, ૨૧ શબલ દોષ, ગુરુની ૩૩ આશાતના, સાધુ, શ્રાવકની પડિમા, ૯ નિયાણા આદિ ઘણી વિગતો છે.

नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

# (૩૪) દશાશ્રુતસ્કંધ સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૯ ◆ સાથિયા-૧૯ ◆ ખમાસમણ-૧૯

**ખમાસમણનો દુહો**

છ છેદ સૂત્રોને ભજો, દશાસુયખંધ સાર,
કલ્પસૂત્ર જેહમાં કહ્યું, શ્રમણ સંઘ આધાર.

કાર્યોત્સર્ગ-૧૯ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્રાય નમ :**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

વિજયા નગરી ગુણનિધિ, વપ્રામાંહે જેહ,
નાગરાજ સુત ગુણનીલો, ગુણગણ મણી ગેહ .................. ૧
જગજીવન જગહિતકરૂ, દશમો દેવ વિશાલ,
શરણાગત હિત વત્સલ, દિનમણિ લંછન લાલ.................. ૨
ભદ્રાદેવી માવડી, વિમળાનો ભરથાર,
લખ ચોરાશી આઉખુ, દશ લખ કેવલી સાર...................... ૩
કંચન વાન જગદીશરૂ, ગામ નગર પડિબોહે,
પ્રાતિહારજ આઠશું, ભવિયણના મન મોહે........................ ૪
નેક નજરથી દેખીયે, જેમ સીઝે સવિ કાજ,
જ્ઞાનવિમલ ગુણ ગાવતાં, લહિયે ત્રિભુવન રાજ................. ૫

## સ્તવનનો દુહો

ષડ્વ્રત પાલક મુનિ તણાં, ભાખ્યાં ષટ્ શ્રુત જેહ,
છેદ સૂત્ર તે જાણીયે, ધરીયે તેહશું નેહ.................. ૧

શ્રુત શ્રુતપદ દાયકતણી, પૂજા વિવિધ પ્રકાર,
કરતા જિનપદ પામીયે, સકલ જંતુ હિતકાર............ ૨

## સ્તવન

જિનવરની જિનવરની, પૂજા કીજે લાલ જિનવરની, શિમંદિર નીસરણી, પૂજા૦ (એ આંકણી) નામ ગોત્ર જિનવરનાં કાને, સુણતાં પાપ પલાય, તે જિનવરની ભાવે પૂજા, કરતાં શિવસુખ થાય. પૂજા૦ (૧). જિન આણા રંગી ગુણી સંગી, આંગી જેહ રચાવે, સકલવિભાવ અભાવ કરીને, જિનવર લીલા પાવે. પૂજા૦ (૨). શ્રેણિકરાયે વીર જિણંદની, ભક્તિ કરી બહુ માને, તીર્થંકર પદ નિર્મળ બાંધ્યું, જિનપૂજા પ્રણિધાને. પૂજા૦ (૩). નમનાભિગમન વંદન કરણી, થય થુઇ મંગલ સાર. ભાવ સ્થાપના જિનને કરતાં લહીએ ભવજલ પાર. પૂજા૦ (૪). દશા સૂત્રનાં દશ અજઝયણાં, ગુરૂ મુખ પદ્મથી જાણી, રૂપવિજય કહે સંયમ સાધો, વરવા શિવ પટરાણી. પૂજા૦ (૫).

## સ્તુતિ

સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ,
એવા પરિવારે યુગમંધર ભગવાન,
દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર,
વાચક જશ વંદે નિત નિત વાર હજાર.

# શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર

## શ્લોક=૨૦૦૦

- અસમાધિના ૨૦ સ્થાનો વિ. અધ્યયનો છે. જેમાં આઠમું પર્યુષણ કલ્પ અધ્યયન એજ કલ્પસૂત્ર છે. જે દર વર્ષે ચતુર્વિધ સંઘ સમક્ષ બહુમાનથી વંચાય છે, ગુરૂની ૩૩ આશાતના સાધુ-શ્રાવકની પડિમા, નિયાણાદિનું વર્ણન છે.
- કેટલાક ગીતાર્થનું માનવું છે કે પંચકલ્પ બૃહત્ કલ્પ ભાષ્યનો ભાગ છે. છતાં આવશ્યક સૂત્રથી અળગ ઓઘ નિર્યુક્તિ ને અને દશવૈકાળિકથી પિંડ નિર્યુક્તિ ને અલગ ગણી છે, તેમ પાંચ કલ્પને અલગ પંચકલ્પના વિચ્છેદ પછી તેના સ્થાને જિત કલ્પને ગણવાનું કારણ એ કે ૧૦ પ્રકારના પ્રાયશ્ચિતાદિનું વર્ણન કર્યું છે.
- જેમ શરીરનો કોઇ ભાગ રોગાદિ કારણથી સડી ગયો હોય તો બાકીના શરીરને બચાવાની ખાતર સડી ગયેલા ભાગને કાપી ને દૂર કરાય તેમ નિર્મલ ચારિત્ર શરીરના દૂષિત ભાગનો છેદ કરીને બાકીના ચારિત્ર શરીરને સાચવાના વિવિધ પ્રકારના ઉપાયો છેદ સૂત્રમાં બતાવ્યા છે. તેની રચના ગણધરાદિ વિશિષ્ટ જ્ઞાની પુ. કરી હોવાથી (પ્રત્યેક બુધો-૧૪ પૂર્વીઓ કે ૧૦ પૂર્વી જણાવ્યા હોય તે સૂત્રો કેવાય છે છેદ સૂત્રનું રહસ્ય એ છે કે પ્રમાદાદિ કારણોમાંથી જ્ઞાન-દર્શન-ચારિત્રમાંનો કોઇપણ ગુણ દેશથી કે સર્વથી દૂષિત થયો હોય તો તે દોષની શુદ્ધિ કઇ રીતે કરી ચારિત્રાદિ ગુણોની રક્ષા કરવી, અનેક પ્રશ્નોના સ્પષ્ટ ખુલાસો છેદ સૂત્રમાં છે.

- **શિષ્યોના ૩ ભેદ=૧) પરિણામી શિષ્યો** - દેશકાલાદિને ઓળખીને ઉચિત પ્રવૃત્તિ કરે તે.

૨) **અતિ પરિણામી શિષ્યો**- ઉત્સર્ગ માર્ગને જ વ્યાજબી માને એકાંત તે.

૩) **અપરિણામી**-અપવાદ માર્ગને જ વ્યાજબી માને એકાંતે તે.

- અતિ પરિણામી અને અપરિણામી બંને પ્રકારના શિષ્યોને છેદ સૂત્ર ભણાવાય જ નહીં. પરંતુ દીક્ષા પર્યાયકાયા દેશ-કાલાદિને ભણાવાય છે.
- વસ્ત્રને વાસણ ને સાંધી શકાય તેમ ચારિત્ર આદિ મૂલ ગુણમાં લાગેલાં દોષો અતિક્રમણ આદિની શુદ્ધિ કરીને ચારિત્ર આદિ ટકાવાના ઉપાયો છે.

શ્રી વર્ધમાન સ્વામીના શ્રી મુખેથી ત્રિપદી સ્વરૂપ પ્રગટેલી અને ગુરૂગૌતમાદિ ગણધર ભગવંતો દ્વારા દ્વાદશાંગીબદ્ધ થયેલી શ્રુતગંગાને નિરંતર વહેતી રાખવા જિનશાસનના સૂરિપુરંદર અને શ્રુતપ્રેમીઓએ જબરદસ્ત સત્પુરૂષાર્થ કર્યો હતો. દુષ્કાળાદિના કારણે કંઠસ્થી કરણનું કાર્ય કપરું જણાતા પૂજ્ય દેવર્દ્ધિગણિ ક્ષમા શ્રમણની આગેવાની હેઠળ વીર સં. ૯૮૦માં વલ્લભીપુરના આંગણે ૫૦૦ આચાર્ય ભગવંતોએ ૧૩ વર્ષ સુધી નિરંતર ગ્રન્થસ્થીકરણનું કાર્ય કરી પ્રાયઃ ૧ કરોડ ગ્રંથોનું લેખન કરાવી સંકલન કર્યું.




શ્રી બૃહત્કલ્પસૂત્રમાં સાધુ-સાધ્વીના મૂલગુણ, ઉત્તર ગુણોને લગતા પ્રાયશ્ચિતનો અધિકાર છે ઉત્સર્ગ તથા અપવાદનું ઝીણવટ ભર્યું વર્ણન છે. વિહાર વિગેરેમાં નહીં ઉતરવા આદિ પ્રસંગે કઈ રીતે આચરણા કરવી તેમા છદ્મસ્થના અનુપયોગ કારણે લાગતા દોષોનું શોધન જણાવેલ છે. પ્રત્યાખ્યાન પ્રવાહ નામના પૂર્વમાંથી સંકલિત થયેલ છે.

नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

# (૩૫) બૃહત્કલ્પ સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૯ ◆ સાથિયા-૧૯ ◆ ખમાસમણ-૧૯

**ખમાસમણનો દુહો**

પ્રાયશ્ચિત્ત અધિકારને, વળી આચાર શાસ્ત્રની વાત,
કલ્પબૃહદ્‌માં આકરી, આચરે મુનિ સુખશાત.

કાર્યોત્સર્ગ-૧૯ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી બૃહત્કલ્પ સૂત્રાય નમ:**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

શંખ લંછનધર સ્વામીજી, વજ્રધર જિનરાય,
શરણાગત પ્રતિપાળ જે, સેવે સુર નર રાય ........................ ૧
વર કંચન સચ્છાયકાય, સરસતી માતા જાણું,
વંદન થુતિ ભગતિ કરે, તેહનો જન્મ પ્રમાણું ........................ ૨
સુવર્ણ પદ્‌મે પગ દીયે, પદ્મરથ નંદન,
વિજયાવતી પતિ જગ જ્યો, કરે કર્મ નિકંદન........................ ૩
ધન ધન વત્સા વિજયને, ધન સુશીમા નગરી,
સમકિતિ આરાધતાં, મિથ્યામતિ ગમે વયરી........................ ૪
ધન્ય તિહાંના માનવી, નીરખે પ્રભુ મુખચંદ,
જ્ઞાન વિમલ પ્રભુ ઇમ ભણે, દેજો સુખ અમંદ ........................ ૫

## સ્તવનનો દુહો

બૃહત્કલ્પમાં ભાખીયા, મુનિવરના આચાર,
કલ્પાકલ્પ વિભાગથી શ્રી જિનવરે નિરધાર ............ ૧

## સ્તવન

નિત્ય કરીયેજી પૂજા નિત્ય કરીયેજી, વિધિયોગે રે પૂજા નિત્ય કરીયે, ભવસાયર જિમ ઝટ તરીયેજી. વિધિ૦ (એ આંકણી) તદ્‌ગત ચિત્ત સમય અનુસારે, ભાવ ભક્તિ મન અનુસરીએજી, વિધિ૦ સંવર યોગમાં ચિત્ત લગાઇ, ષટ્ પલિમંથ દૂરે કરીયેજી. વિધિ૦ (૧). સંયમના પલિમંથ કુકઇતા, મુખરપણું દૂરે કરીયેજી, વિધિ૦ (૨). સત્ય વચન પલિમંથ મુખરતા તજી સંયમ રમણી વરીયેજી વિધિ૦ ચક્ષુ લોલ ઇરજી પલિમંથુ મુનિજિન નિતનિત પરિહરીએજી વિધિ૦ તિંતણીક એષણા પલિમંથુ સત્ય વચન વ્રત વિખરીયેજી વિધિ૦, ઇચ્છા લોલ પલિમંથુ મુનિવર મન નહિ આચરીયેજી, વિધિ૦ ભિન્ન નિયાણ મોક્ષ પલિમંથુ, તજી જિન આણા શિર ધરીયેજી. વિધિ૦ (૪). જિન આણાધારી મહામાહણ, ભવ સાયર હેલો તરીયેજી, વિધિ૦ દ્રવ્ય પૂજા આરાધક શ્રાવક, ભાવિક સુરપદ અનુસરીયેજી. વિધિ૦ (૫). જિન ઉત્તમ પદ પદ્મ પૂજનથી, નવયૌવન શિવવહુ વરીયેજી, વિધિ૦ બૃહતકલ્પ આચરણ કરતાં, રૂપવિજય ભવજળ તરીયેજી. વિ૦ (૬).

## સ્તુતિ

સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ,
એવા પરિવારે યુગમંધર ભગવાન,
દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર,
વાચક જશ વંદે નિત નિત વાર હજાર.

# શ્રી બૃહત્કલ્પ સૂત્ર

બૃહત્ કલ્પ - પ.પૂ. ભગવાન ભદ્રબાહુસ્વામીની રચના છે. જેટલું કેવળજ્ઞાની જાણે તેટલું જ ૧૪ પૂર્વધર જાણે... પડતો કાળ.. વિષમ પરિસ્થિતિ કાળ વધુને વધુ બગડતો જવાનો.. સંઘયણ બુદ્ધિ ધૃતિ ઘટતી જવાની છતાં બધા પ્રભુનું શાસન પામી શકે.. સાધી શકે તેવો માર્ગ છેદસૂત્રમાં બતાવ્યો.

છેદ નામ કેમ આપ્યું ? છેદ એટલે પ્રાયશ્ચિત દંડ સજા સૂત્ર. કઇ સ્થિતિમાં કઇ રીતે વર્તે તો ગુનેગાર થાય અને કઇ રીતે ન વર્તે તો ગુનેગાર ન થાય ? આ વાત બતાવી છે. ડોક્ટરથી ઓપરેશનમાં દર્દી મરી જાય તો કેસ ન થાય. પણ રમતા રમતા શસ્ત્ર વાગે અને મરી જાય તો કેસ થાય. આ શસ્ત્રનું વાગવું એ આકસ્મિક છે કે જાણી જોઇને ? આ બધી વિચારણા થયા પછી દંડ થાય.

થયેલી ભૂલના કારણે મુનિનો પર્યાય કાપવામાં આવે, ત્રણ ચાર મહિના ઓછા કરવામાં આવે, સીનીયોરીટી ઓછી કરાય, આ આખી વિધિ જેમાં છે તે છેદસૂત્ર કહેવાય.

આમાં એટલી બધી ગંભીર વાતો છે કે અપરિપક્વ સાધુ સાધ્વી સામે મૂકી ન શકાય.

નાની ઉંમરના સાધુ સાધ્વી હોય.. બાળદિક્ષિત હોય તેઓને જ્યાં સુધી બગલમાં વાળ... દાઢી.. મૂછ ન ઉગે ત્યાં સુધી આ ગ્રંથ ન ભણાવાય.

જે કાંઇ શિષ્ય ખરાબ કરે તેનો છઠ્ઠો ભાગ ગુરૂને આવે. દીક્ષા આપનાર દિક્ષા આપીને છૂટી શકતા નથી. શુભ માર્ગ બતાવવો પડે. બૃહતકલ્પમાં આચાર્ય ઉપાધ્યાય ગણીની પ્રવર્તિની વિગેરે આચાર માર્ગથી / માહિતીથી જો આચારમાર્ગ સમ્યગ્ ન બતાવે અને દુર્ગતિમાં જાય તો તેનું પ્રાયશ્ચિત ગુરૂને આવે

ગીતાર્થ એક હોય તેની નિશ્રામાં હજારો વિચરી શકે. અગીતાર્થનું ટોળું નકામું.

વૈદ્ય ભણેલો- હોશિયાર હોય દેખાડવો પણ હોય પણ પ્રેક્ટીસ, ન જાણતો હોય તો..

દવા ન કરાવાય.

આખુ શાસન આગમોના આધારે, શ્રુતના આધારે જ ચાલે. શ્રુતધર પુરુષ ન હોય તો આગમ ન ચાલી શકે.

પહેલા પુસ્તકો ન હતા. ગુરૂ બોલે શિષ્ય સાંભળે અને પાકુ કરે.

કાલિક સૂત્રો તે તેના સમયે જ ભણાય.

ઉત્તરાધ્યયન છેદસૂત્રો બધા કાલિકસૂત્રો છેલ્લાં અને પહેલા પ્રહરમાં જ ભણી શકાય.

વગડામાં શ્રુતધુર છે. તેના પ્રાણજાય એમ હોય તો, શ્રુત પણ ચાલ્યુ જાય. તો તેના માટે કેટલાક અપવાદના વિધાનો કર્યા છે.

(૧) કોઇ બોધિથી ભ્રષ્ટ ન થાય. (૨) શ્રુતનો નાશ ન થાય. એ બે મુખ્ય વાત છે. તે માટે બધા અપવાદોનું સેવન કરવાનું.

કાલિકાચાર્ય સાધુ વેશ ગોપવી... વર્ષો સુધી રહ્યા. યુદ્ધ કર્યું રાજાને ખતમ કર્યો. પાછા આ. ભગવંતનો સંઘમાં પ્રવેશ થયો. એક સાધ્વીના શીલના નિમિત્તે, ભાવિમાં સમગ્ર સાધ્વીના શીલની રક્ષા માટે, ભવિષ્યમાં રાજાઓ સાધ્વીના રૂપ જોઇને અપહરણ કરવાની હિંમત ન કરી શકે, તે માટે કાલિકાચાર્યે વેશ મૂક્યો. છતાં ન તો પદ ગયુ ન તો સાધુપણું ગયું.

બધી પરિસ્થિતિમાં અપરિણત મુનિને ખબર ન પડે. તે રીતે અપવાદમાર્ગનું સેવન કરવાનું બતાવ્યું છે.

બીજ બુધ્ધિના ધારક ગણધર ભગવંતોએ તેમાંથી દ્વાદશાંગીની રચના કરી. ત્રિપદીના ૧૪ અક્ષરમાંથી ૧૪ પૂર્વનું સર્જન કર્યું...


જિનેશ્વર ભગવંતો અર્થથી જ પ્રકાશે અને સૂત્રો ગણધર ભગવંતો ગૂંથે તેમાં ક્રમશઃ જિનનામ કર્મ તથા ગણધર નામ કર્મનો ઉદય કારણભૂત છે.

- નિશીથ, મહાનિશીથ, પંચકલ્પ ભાષ્યની રચના ગણધર ભગવંતે કરી છે. બૃહત કલ્પ ભાષ્ય-વ્યવહારસૂત્ર-દશા શ્રુત સ્કંધની રચના ભદ્રબાહુ સ્વામીએ કરી છે. મૂળગુણાદિમાં થયેલાં અપરાધોનું પ્રાયશ્ચિત્તાદિનું વર્ણન બૃહત્કલ્પ સૂત્ર-નિશીથાદિ રચાયાં પ્રથમ ગણધરે નવમાં પ્રત્યાખ્યાન પ્રવાદ પૂર્વ ના ત્રીજા વસ્તુ વિભાગમાં ૨૦માં પાહુડામાં કરેલું છે, ત્યારબાદ પૂર્વનો અભ્યાસ વિચ્છેદ પામતાં પ્રાયશ્ચિત્તાદિ વિધાનને અવિચ્છિન્ન રાખવા, ૧૪ પૂર્વી ભદ્રબાહુ સ્વામીજી વ્યવહારને બૃહત્કલ્પસૂત્ર રચના કરી, તેમાં કેવા પ્રસંગે કેવા નિમિત્તોથી કેવા અપરાધો કઇ કઇ બાબતમાં સંભવે છે, પ્રશ્નોનો ખુલાસો તથા પ્રાયશ્ચિત્તની બીના કહી છે, વ્યવહાર સૂત્રમાં.

• ૬-ઉદેશા છે, તેમાં કલ્પ (આચાર)ના ૬ ભેદોનું વર્ણન, સાધુ-સાધ્વીજીને શું ખપે, શું નખ ક્યા અપરાધોનું ક્યું પ્રાયશ્ચિત્તનો અધિકાર છે. ઉત્સર્ગ-અપવાદનું ઉંડાણથી વર્ણન છે. વિહાર વિગેરેમાં નદી ઉતરવા પ્રસંગે કઇ રીતે આચરણ કરવી તેમાં છદ્મસ્થના અનુપયોગથી લાગતાં દોષોનું શોધન બતાવેલ છે.

**સાત ક્ષેત્ર પૈકી ત્રીજું ક્ષેત્ર**
**'જિનાગમ' છે. શ્રાવકે ૭ ક્ષેત્રની**
**નિરંતર ભક્તિ કરવી જોઇએ.**

આમ શ્રુતજ્ઞાનનો કેટલોક વારસો
કાળના પ્રભાવે નાશ પામ્યો.
કેટલોક મોગલ-અંગ્રેજ જેવાનાં કારણે
વિનાશ પામ્યો. તો કેટલાક કાળજીના અભાવે,
જ્ઞાન પ્રત્યેની ઉપેક્ષાના કારણે, ઉધઇ વગેરેને
કારણે જીવાતોથી જીર્ણશીર્ણ થઇને નાશ પામ્યો.




શ્રી વયવહાર સૂત્ર એં દંડનીતિ શાસ્ત્ર છે. પ્રમાદાદિ કારણથી પુણ્યત્માઓને લાગતા દોષાને નિવારણની પ્રક્રિયા જણાવી છે. આચોલના સાંભળનાર, કરનાર બન્ને કેવા હોવા જોઈએ, આલોચના કેવા ભાવથી કરવી, કોને કેટલું પ્રાચશ્ચિત...કોને પદવી આપવી...કયા આગમોકોને ભણાવવા, પાંચ વ્યવહાર વિગેરે નિરુપણ છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## (૩૬) વ્યવહારકલ્પ સૂત્ર

◆ પ્રદક્ષિણા-૩૨ ◆ સાથિયા-૩૨ ◆ ખમાસમણ-૩૨

**ખમાસમણનો દુહો**

નિર્ગ્રંથ સાધુ સાધ્વીની આચાર સંહિતા જાણ,
દ્વાદશાંગ નવનીત સમ, છેદ વ્યવહાર પ્રણામ.

કાર્યોત્સર્ગ-૩૨ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી વ્યવહારકલ્પ સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

### ચૈત્યવંદન

ચંદ્રાનન મુખ દેખીને, ચંદ્ર ગયો આકાશ,
છાસઠ છાસઠ ભટકતા, રાત દિન અવકાશ ........................ ૧
રાણી લીલાવતી રૂઅડી, માત પ્રભાવતી રાણી,
બાર પરખદા હરખતી સુણતાં જિનની વાણ ........................ ૨
વાલ્મિક નંદન જગ જ્યો, ત્રણ ભુવનનો ઇશ,
કંચન વાન પણસય ધનુ, જગમાં જાસજગીશ.................... ૩
ભદ્ર લંછન જગદીશનું, અયોધ્યા નગરી મોઝાર,
સુંદર સંયમી સાથમાં, સો કોડી અણગાર........................... ૪
ધાતકી ખંડના વિદેહમાં, દૂર રહ્યાં જિનરાજ,
જ્ઞાનવિમલ નિત પ્રણમતાં, સિધ્યા સઘળા કાજ. ................. ૫

### સ્તવનનો દુહો

વ્યવહાર સૂત્રમાં ભાખીયો, વ્યવહાર પંચ પ્રકાર,
ગણધરને શ્રી જિનવરે, વરવા શિવવહુ સાર........... ૧

## સ્તવન

વિધિપૂર્વક જિનરાજની, પૂજા કરી શુભ ચિત્ત, સલુણે, આપશક્તિ અનુસારથી, ત્રણ્ય ટંક સુપવિત્ત, સલુણે. વિધિ૦ (૧). સુરભિ દુગ્ધ ઘટે કરી, કરે અભિષેક જે સાર, સલુણે૦ તે સુર સુખ ઉજ્જવલ લહી, વરે શિવ સુખ નિરધાર, સલુણે૦ વિધિ૦ (૨). દધિ ઘૃત કુંભ સુખ ભરી, પૂજે જે નરનારી સલુણે૦ તે સુર સુખ તાજાં લહી, પામે ભવજળ પાર, સલુણે૦ વિધિ૦ (૩). આગમ શ્રુત આણા ભણી ધારણા જીત એ પંચ સલુણે, જે જે કાળે જે હોય, તે સેવે ગત ખંત, સલુણે૦ વિધિ૦ (૪). વ્યવહાર જીત છે સંપ્રતિ, તિણ વિધિ જ કરે કાજ સલુણે, જિન ઉત્તમ મુખ પદ્મની, વાણીયે ચિદ્રૂપરાજ સલુણે૦ વિધિ૦ (૫).

## સ્તુતિ

સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ,
એવા પરિવારે યુગમંધર ભગવાન,
દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર,
વાચક જશ વંદે નિત નિત વાર હજાર.


## શ્રી વ્યવહારકલ્પ સૂત્ર

**મૂળ=૭૭૩ શ્લોક, કુલ=૫૨૭૭૩ શ્લોક પ્રમાણ**

- વ્યવહાર સૂત્રમાં દંડનીતિ, પ્રમાદાદિ કારણથી પુણ્યાત્માઓને લગતાં દોષોને નિવારણની પ્રક્રિયા જણાવી, આલોચના સાંભળનાર કરનાર બંને કેવા હોવા જોઇએ, આલોચના કેવા ભાવથી કરવી, કોનું કેટલું પ્રાયશ્ચિત્ત કોને પદવી આપવી, ક્યા આરાધકોને ભણાવવા, પાંચ વ્યવહારાદિનું નિરૂપણ...

# श्री जीतकल्प सूत्रम्

૩૭



શ્રી જીતકલ્પ ગંભીર ગ્રંથ છે. સાધુ જીવનમાં...લાગેલા અતિચારો, અનાચારોના દશ અને ઓગણીશ પ્રકારના પ્રાયશ્ચિતોનું વિધાન કર્યું છે. આ ગંભીર ગ્રંથ છે. પીઢ ગીતાર્થ ભગવંતોજ આ ગ્રંથના અધિકારી ગણાય છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

# (૩૭) જીતકલ્પ સૂત્ર

◆ પ્રદક્ષિણા-૩૫ ◆ સાથિયા-૩૫ ◆ ખમાસમણ-૩૫

### ખમાસમણનો દુહો

જીતકલ્પાખ્યે વર્ણવ્યાં, દશ પ્રાયશ્ચિત સાર,
શ્રમણ જીવન વિશુદ્ધ બને, પાળે પંચાચાર.

કાર્યોત્સર્ગ-૩૫ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી જીતકલ્પ સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

પૂર્વવિદેહ પુષ્કલાવતી, પુષ્કર દ્વીપે સોહે,
પુંડરિકિણી નગરી તિહાં, ચન્દ્રબાહુ મન મોહે .................... ૧
દેવાનંદ પિતા વળી, રેણુકા માત મલ્હાર,
પદ્મ લંછન પરમેસરૂ, ત્રણ ભુવન સુખકાર ........................ ૨
શીલ સુગંધે વિલસતી, સતીયોમાં શિરદાર,
સુગંધા રાણી જ્યો, જગનાયક ભરથાર............................ ૩
મંજુલા પાંચશે ધનુષની, સોનલ વરણી જાણ,
કાયા શ્રી જિનરાજની, પરહિતકારી વખાણ ........................ ૪
ભગવંત તુમ જોવા ભણી, અળજો ધરે બેઉ આંખ,
ઉડી આવી તુજને મલું, જ્ઞાનવિમલ હોવે પાંખ .................. ૫

## સ્તવનનો દુહો

જીતકલ્પ સૂત્રે કહ્યો, આલોયણ અધિકાર,
શ્રી જિનરાજે જીવનો, કરવા ભવ નિસ્તાર............. ૧

## સ્તવન

શ્રી જિનરાજ પૂજા કરો રે લોલ, પ્રાયશ્ચિત્ત સવિ પરિહરો રે લોલ, વિનય કરીને ધ્યાઇયે રે લોલ, મધુર સ્વરે ગુણ ગાઇયે રે લોલ. (૧). આણાયે કરણી કરે રે લોલ, તે પ્રાણી ભવજળ તરે રે લોલ, અવિધિ દોષને છંડીયે રે લોલ. વિધિયોગે સ્થિર મંડિયે રે લોલ. (૨). દોષ તજી નિજ દેહથી રે લોલ, આલોયણ કરી નેહથી રે લોલ, પડિક્કમણે અઘ વારીયે રે લોલ, મિત્ર વિવેગ મન ધારીયે લોલ. (૩). કાઉસ્સગ્ગ અઘ ટાળીયે રે લોલ, તપ કરી પાતક ગાળીયે રે લોલ, છેદ તતા મૂલ જાણીયે રે લોલ, તપ કરી પાતક ગાળીયે રે લોલ, છેદ તથા મૂલ જાણીયે રે લોલ, અણવઠ્ઠિય પદ માણીયે રે લોલ. (૪). પારંચિત દશમો વળી રે લોલ. કહે જિન ગણધર છે કેવળી રે લોલ, જિનઆણા પૂજા દયા રે લોલ, કરી ઉત્તમ શિવપદ ગયા રે લોલ. (૫) જીતકલ્પ જે જાણશે રે લોલ. તે હઠવાદ ન તાણશે રે લોલ, શ્રી ગુરૂ પદ્મવિજય કહી રે લોલ, વાણી રૂપવિજય લહી રે લોલ. (૬)

## સ્તુતિ

સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ,
એવા પરિવારે યુગમંધર ભગવાન,
દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર,
વાચક જશ વંદે નિત નિત વાર હજાર.

# શ્રી જીતકલ્પ સૂત્ર

પાંચ પ્રકારના વ્યવહારથી આપણું શાસન ચાલે છે. ૧) આગમ ૨) શ્રુત ૩) આજ્ઞા ૪) ધારણા ૫) જીતવ્યવહાર.

૧) ૧૪ પૂર્વી, ૧૦ પૂર્વી, ૯ પૂર્વી, કેવલી...તેમનો વ્યવહાર તે આગમવ્યવહાર. તેમનો કલ્પ..મર્યાદા જુદી..

૨) શ્રુત વ્યવહાર - અંગ કે તેના સિવાયનો વ્યવહાર જેના દ્વારા ચાલે છે.

૩) પ્રાયશ્ચિત લેવું હોય આપવું હોય...એમાં સંકેતો કરેલા હોય છે. આ સંકેતો ને સમજી તેના દ્વારા મહાપુરુષો ચાલે.. તે આજ્ઞા વ્યવહાર.

૪) પોતાને જે સંકેતો મળ્યા છે. જે પ્રાયશ્ચિત મળ્યા છે તે ધારી રાખવા તે ધારણા વ્યવહાર.

૫) તત્ તત્ કાલીન સમગ્ર ગીતાર્થ આચાર્યોએ જે વ્યવસ્થા નિર્દિષ્ટ કરી તેનાથી વિપરીત જોવા મળે તો પણ આચાર્ય ભગવંતનો નિર્ણય જ સ્વીકાર કરવો... ગીતાર્થો વિરોધ વગર નક્કી કરે તે આગમ કરતાં પણ મહાન છે. બૃહત્કલ્પભાષ્ય, પંચકલ્પભાષ્ય, પિંડનિર્યુક્તિ, વ્યવહાર કલ્પભાષ્ય તેની ગાથાઓ પણ આમાં છે.

શ્રાદ્ધજિતકલ્પ - શ્રાવકે કેવી રીતે વર્તવું ? તેનું વર્ણન છે.

યતિજીતકલ્પ - સાધુએ કેવી રીતે વર્તવું ? તેનું વર્ણન છે.

મૂળ દ્વાદશાંગી, આચારાંગથી લોકબિંદુસારમાં ૧૨ અંગ સુધીનો માર્ગ બનાવેલો છે.

સાધુ જીવનમાં લાગેલાં અતિચારો અનાચારોના ૧૦ તથા ૧૯૫૦ના પ્રાયશ્ચિત્તોનું વિધાન પ્રતિસેવનાના ભેદો લક્ષણો વિસ્તારથી.

# (૩૮) લઘુનિશીથ સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૬ ◆ સાથિયા-૧૬ ◆ ખમાસમણ-૧૬

**ખમાસમણનો દુહો**

રચીયું છેજ નિસીહને, પ્રણમે હિતાહિત કાજ,
નિરતિચારે પાળતાં, ધન્ય ધન્ય તે મુનિરાજ.

કાર્યોત્સર્ગ-૧૬ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી લઘુનિશીથ સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

ભૂજંગદેવ ભજતાં થકા, કાઢે કર્મનો કાટ,
સમોસરણે દેખાડતો, શિવનગરની વાટ........................... ૧
નયરી વિજયા દીપતી, વપ્રા વિજય સુહાય,
પુષ્કરદ્વીપના વિદેહમાં, સમરતા સુખ થાય ........................ ૨
શીલ સુરંગી સંચરે, મહિમા દેવી માત,
સોના સરખું શરીરને, મહબલ છે તાત ........................... ૩
કમલ લંછન જગદીશનું, ગંધસેનાનો કંત,
પાંચસે ધનુષની દેહડી, ભક્ત વત્સલ ભગવંત.................... ૪
અવિનાશી પદ પામવા, તુજ સમ અવર ન કોય,
નય કહે અવધારીયે, અજર અમર પદ હોય ....................... ૫

## સ્તવનનો દુહો

લઘુ નિશીથમાં સાધુનો, ઉત્તમ કહ્યો આચાર,
ધન્ય તેહ અણગારને, જે ધરે નિરતિચાર.............. ૧

# શ્રી નિશીથ સૂત્રમ્

૩૮



શ્રી નિશીથ સૂત્રમાં સાધુના આચારોનું વર્ણન છે. પ્રાયશ્ચિત અને સામાચારી વિષયક વાતોનો ભંડાર છે. પ્રમાદાદિથી ઉન્માર્ગ ગયેલા સાધુને તે સન્માર્ગે લાવે છે. આ આગમનું બીજું નામ આચાર પ્રકલ્પ છે. નિશીથ-મધ્યરાત્રિએ અધિકારી શિષ્યને ખાનગીમાં ભણાવાય તેવું મહત્વપૂર્ણ આગમ છે.



नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## સ્તવન

જગદ્‌ગુરૂ જિનવરજ્યકારી, સેવો તુમે ભાવે નરનારી, આસાયણ ચોરાશી વારી. જગ૦ (૧). જલ ચંદન કુસુમે કરીયે, ધૂપ દીપ અક્ષત ધરીયે, નૈવેધ ફળ આગળ કરીયે. જગ૦ (૨). થઇ થુઇ ભાવ પૂજા સારી, નાટક ગીતથી મનોહારી, ત્રિધાશુદ્ધિ કરે હિતકારી. જગ૦ (૩). ભાવથી દ્રવ્ય પૂજા કરશે, તે ભવસાયરને તરશે, સરસ શિવસુંદરીને વરશે. જગ૦ (૪). વીશ ઉદ્દેશાથી સાર, સૂત્ર નિશીથ છે મનોહાર, ભણી લહો રૂપવિજય જગપાર. (૫).

## સ્તુતિ

સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ,
એવા પરિવારે યુગમંધર ભગવાન,
દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર,
વાચક જશ વંદે નિત નિત વાર હજાર.

## શ્રી લઘુનિશીથ સૂત્ર

જ્ઞાનાચારાદિ પાંચે આચારમાં દોષ લાગ્યા હોય તો તેનું પ્રાયશ્ચિત કઇ રીતે આવે ? તેનું વર્ણન છે. આથી આનું બીજું નામ આચાર પ્રકલ્પ છે. પ્રસિદ્ધ નામ નિશીથ સૂત્ર છે, આવું નામ કેમ છે ? નિશીથ = રાત્રિ, રાત્રિના કાલગ્રહણલેવાપૂર્વક ગુરૂ મ.સા. કાનમાં આપે છે. બીજાને ન સાંભળાય તેમ. રાત્રિએ સંભળાવતું સૂત્ર છે. માટે નિશીથ નામ છે.

આ બહુ ગંભીર સૂત્ર છે. ગમે તેને ન આપી શકાય.

જ્ઞાનીએ કિલ્લેબંધી કરી છે. ઘણી બધી શરતો Condition લખેલી છે. ભૂલેચૂકે આ સૂત્ર મોટેથી... ઉંચે સ્વરે અપાય તો ઘણા વિઘ્નો.. સંકટો થાય છે. માટે કાનમાં મંદ સ્વરે અપાય છે.

જો ભૂલેચૂકે ઊંચા સ્વરે આવા સૂત્રો અપાય તો કેવા અપાયો / અનર્થો સર્જે એ માટે ઉદાહરણ માછીમારનું દૃષ્ટાંત આપ્યું છે. એક આચાર્ય ભગવંત નવવાડના પાલનપૂર્વક... શુદ્ધ રીતે આચારનું પાલન થાય તેવી જગ્યા પસંદ કરી રાત્રે રોકાયા. એક શિષ્યને આગમ ભણાવવાનું હશે. આસપાસ કોઇ નથી એમ માની શિષ્યને કાનમાં સૂત્ર અર્થ કહ્યા. તેમાં સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય માછલા કેમ ઉત્પન્ન થાય.. ? તેની વાતો આવે છે. બાજુમાં માછીમારનું મકાન છે. માછીમાર જાગી જાય છે. દિવાલે કાન માંડી બધુ સાંભલે છે. ફલાણી વનસ્પતિ ફલાણુ ચૂર્ણ ભેગા કરી પાણીમાં નાંખો તો અનેક માછલા ઉત્પન્ન થાય. ગુરૂ મ. એ વિશ્વાસમાં છે કોઇ સાંભળતું નથી. બીજે દિવસે માછીમાર ચૂર્ણ લાવ્યો. ઘણા માછલા ઉત્પન્ન કર્યા. વગર મહેનતે વગર પ્રયત્ને આટલી બધી માછલીઓ ઉત્પન્ન થઇ. રોજનો ધંધો ચાલુ થયો. સસ્તા ભાવે વેચે છે ધંધો ધીકતો ચાલે છે. લખપતિ બને છે. ફરી આ.ભ. પધારે છે. એજ ઘરમાં ઉતરે છે. માછીમાર મ.સા. ને ઓળખી જાય છે. આવા આ.ભ. ની કૃપાથી આટલું બધું ધન મળ્યું છે સંપત્તિમાંથી હીરા...માણેકનો થાળ ભરી કૃતજ્ઞભાવે ભેટણું ધરે છે. આ.ભ. પૂછે છે 'શું વાત છે ?' માછીમાર કહે છે,'આપશ્રીનો તો મારા પર જબરદસ્ત ઉપકાર છે. તમે પહેલા આવેલા. ત્યારે શિષ્યના કાનમાં સૂત્રો સાંભળાવતા હતા. એ મેં

સાંભળી આપની કૃપાથી મેં એટલી બધી માછલીઓ મેં પેદા કરી કે હમણાં ગામમાં સંપત્તિમાન હું છું. આ.ભ. જેમ સાંભળે છે. તેમ રૂંવાડા ખડા થઇ જાય છે. કાંટાની જેમ ખૂંચે છે. મારાથી એક ગંભીર ભૂલ થઇ ગઇ. એક સૂત્ર મેં વિપરીત રીતે (મંદ સ્થરે નહિ) કહ્યું. હવે શું કરવું ? હવે આ ધંધો બંધ તો કરે નહિ. બંધ થાય નહિ તો મારા નિમિત્તે કેટલા માછલાનો સંહાર થાય..? ખૂબ વિચાર કર્યો. આચાર્ય ભગવંતે ન છૂટકે બળતા હૃદયે બીજી વાત કરી. આમાં તને શું મળ્યું ? મારી પાસે તો એવી વિદ્યા છે કે સુવર્ણ પુરુષ પેદા થાય. બંધ ઓરડામાં તારે આટલા દ્રવ્યો... આટલા ચૂર્ણો પાણીમાં નાંખવાના એટલે સુવર્ણ પુરુષ તૈયાર થઇ જશે. તારે કોઇ કામ કે ધંધો કરવાની જરૂર ન પડે. માછીમારે બીજા દિવસે પ્રયોગ કર્યો. ઓરડો બંધ કર્યો. પાણી અને ચૂર્ણમાંથી વાઘ ઉત્પન્ન થયો. માછીમારને ખતમ કર્યો. અંતર્મુહૂર્તે વાઘ વિલીન થઇ ગયો. જો ધંધો ન છોડે તો પોતાના દીકરાને ધંધો શીખવે તો કેટલા બધા પંચેન્દ્રિયની હિંસાની પરંપરા થાય માટે આ ઉપાય કર્યો.

નદી ઉતરવી જ પડે તો શું કરવું ? જયણાપૂર્વક નદી ઉતરે. एगं पायं जले किच्चा एगं पायं थले किच्चा આ પાઠ દ્વારા નદી ઉતરવી પડે.

ચક્રવર્તીના શીતગૃહનું વર્ણન છે. ચક્રવર્તી પાસે એવા ઓરડા મકાન છે કે જેમાં વૈશાખ મહિનાની ગરમીમાં તાપ ન લાગે. શિયાળામાં તેમાં ગરમાટો રહે. ચોમાસાના ભેજવાળા વાતાવરણની પણ અસર ન રહે. શીતગૃહમાં કોઇ ભેજની શારિરીક તકલીફ ન થાય.

**જ્ઞાન સ્થવીર :-** ૧) જઘન્ય ૨) મધ્યમ ૩) ઉત્કૃષ્ટ

**૧) જઘન્ય :-** ઠાણાંગ અને સમવાયાંગ સૂત્ર જેણે અર્થસાથે પ્રાપ્ત કર્યું છે તે.

**૨) મધ્યમ :-** નીશીથસૂત્ર ગુરૂ મ. ના ચરણોમાં યોગોદવહનપૂર્વક પ્રાપ્ત કર્યું છે.

**૩) ઉત્કૃષ્ટ :-** તે તે કાલનું સમસ્ત શ્રુતજ્ઞાન જેણે પ્રાપ્ત કર્યું છે.

પોતાના દ્વારા જે દોષનું સેવન થયું હોય તેને બરાબર ચારે બાજુથી જોઇ ગુરુ મ. પાસે પ્રગટ કરે તે આલોચના. તેના બદલે ગુરુ મ. તપ કાયોત્સર્ગ સ્વાધ્યાય આદિ આપે તે પ્રાયશ્ચિત.

કોઇ વ્યક્તિથી પાપ થઇ ગયું છે. શરમ લજ્જાથી કહી શકતી નથી. ગીતાર્થને ખબર પડી જાય કે આણે પાપ કર્યું છે પણ એકરાર કરતા શરમ આવે છે. તો ગીતાર્થ તેની પાસે સમજાવી પાપ પ્રગટ કરાવે છે. પાપ થઇ ગયા બાદ જેટલી મોડી આલોયણ...મોડુ પ્રાયશ્ચિત કરીએ તો પાપનો ગુણાકાર થતો જાય.. જેટલું વહેલું પ્રાયશ્ચિત લઇએ તેટલો પાપનો ભાગાકાર થતો જાય. માટે પાપનું આલોચન તત્કાળ ગુરૂ મ. પાસે વ્યક્ત કરવું જોઇએ...

પાપ કરવું એ દુષ્કર નથી. અનાદિકાળથી આખુ જગત કુનિમિત્તથી ભરેલું છે. માટે પાપ થવું દુષ્કર નથી. સમ્યગ્ વિધિપૂર્વક પ્રગટ કરવું તે જ દુષ્કર છે. પ્રભુ વીરની પર્ષદામાં આ એકરારની વાત પ્રાયશ્ચિતનું વર્ણન સાંભળી એક બાઇ ઉભી થઇ. રડતી રડતી કાકલૂદીભરી વિનંતી કરે છે. મેં ભયંકર પાપો કર્યાં છે.

મારા માથામાં જેટલા વાળો છે. તેટલા પતિ મેં કર્યા છે. તેનું પ્રાયશ્ચિત આપો. ૧૨ પર્ષદાની વચ્ચે ઉંચા કુળની વ્યક્તિ પરમાત્મા પાસે પ્રાયશ્ચિત માંગે છે. પરમાત્મા કહે છે તે જે જાહેરાત કરી... પાપનો એકરાર કર્યો તે જ પ્રાયશ્ચિત છે. માત્ર મિ. દુ. કહી દે. પાપ કેટલું મોટું... ? અને પ્રાયશ્ચિત કેટલું નાનું... ? ત્યાં ભાગાકાર કોણે કર્યા ? નિંદા.... ગર્હા... એકરારે...

- સાધુના આચારોનું વર્ણન, પ્રાયશ્ચિત્ત અને સામાચારી વિષયક વાતોનો ભંડાર છે. પ્રમાદાદિથી ઉન્માર્ગ ગયેલા સાધુને તે સન્માર્ગ લાવે છે બીજુ નામ આચાર પ્રકલ્પ નિશીથ=મધ્ય રાત્રીએ અધિકારી શિષ્યને ખાનગીમાં ભણાવાય તેવું આગમ છે. જ્ઞાનાચારાદિ-૫-આચારોમાં લાગેલાં દોષોના પ્રાયશ્ચિત્તનું વર્ણન, અપવાદની પ્રરૂપણા ઉત્સર્ગ માર્ગને ટકાવા'' કહી છે. ઉત્સર્ગ માર્ગનો લોપ કરવો નહીં, અને અપવાદ માર્ગને પુષ્ટ બનાવો નહીં, મોટા સ્વરે ન ભણાવાય, અયોગ્ય ન સાંભળે બેસીને વાચના આપવી.

વૈજ્ઞાનિકો રસાપણ પદાર્થોના
નિશ્રણથી સ્ફોટક પદાર્થનું નિર્માણ કરે છે,
તેમ જ્ઞાની પુરૂષ અક્ષરના સંયોજનાથી
શાસ્ત્ર નિર્માણ કરે છે.

# (૩૯) મહા નિશીથ સૂત્ર

◆ પ્રદક્ષિણા-૪૨ ◆ સાથિયા-૪૨ ◆ ખમાસમણ-૪૨

**ખમાસમણનો દુહો**

મહાનિશીથને વંદીએ ઉત્તમ કહ્યા આચાર,
વિધિ નિષેધ અપવાદ વળી, ઉત્સર્ગ માર્ગ વિચાર

કાર્યોત્સર્ગ-૪૨ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી મહા નિશીથ સૂત્રાય નમઃ**


સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

ભદ્ર કરે ભવિ લોકનું ભદ્રાવતીનો નાથ,
કર્મ નિકંદન કારણે, એ સમ અવર ન સાથ ........................ ૧
રાજસેન સુત રાજતો, તારામાંહી ચંદ,
ત્રિકરણ યોગે પ્રણમતાં, કાઢે ભવ ભય ફંદ ........................ ૨
માત યશોદા હરખતી, દેખી પ્રભુ મુખ ચંદ,
કાયા ધનુ શત પંચ છે, જિનજી સુખનો કંદ ........................ ૩
લંછન મિષે વલગી રહ્યો, પદ મધ્યે જસ ચંદ,
વત્સા વિજયે વિહરતા, જગગુરૂ જગદાનંદ ........................ ૪
ધન સુશમા નગરી અને, ધન્ય તિહાંના લોક,
પંડિત ધીરવિમલ તણો, જ્ઞાનવિમલ હરે શોક ........................ ૫

## સ્તવનનો દુહો

મહાનિશીથ સિદ્ધાંતમાં, મુનિમારગ નિરધાર,
વીર જિણંદ વખાણીયે, પૂજું તે શ્રુત સાર .............. ૧




શ્રી મહાનિશીથ સૂત્રમાં વર્ધમાન વિદ્યા તથા નવકારમંત્રનો મહિમા...ઉપધાનનું સ્વરુપ અને વિવિધ તપનું વર્ણન છે. ગચ્છનું સ્વરુપ, ગુરુકુલવાસનું મહત્વ, પ્રાયશ્ચિતતોનું માર્મિક સ્વુરુપ, બ્રહ્મચર્ય વ્રત ભંગથી કેટલા દુઃખ પડે છે. તે જણાવી કર્મ સિદ્ધાંત સિદ્ધ ક્યોં છે. સંયમી જીવનની વિશુદ્ધ પર ખૂબજ ભાર મૂક્યોં છે.

नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## સ્તવન

શ્રી જિનરાજને જાઉં ભામણે રે જાસ સુરાસુર ખાસ, સેવા સારે રે તારે આપને રે, નિર્મળ સમકિત જાસ. શ્રી જિન૦ (૧). દુવિહા પૂજા ભાખી સૂત્રમાં રે, દ્રવ્ય ને ભાવથી ખાસ, ભાવ પૂજા સાધક સાધુ ભલા રે, ગૃહીને દોય ઉલ્લાસ. શ્રી જિન૦ (૨). દાનાદિક સમ જિન પૂજના રે, બારમો સ્વર્ગ નિવાસ, ભાવ પુજાથી શિવ સુખ સંપજે રે, કહે જિન આગમ ખાસ, શ્રી જિન૦ (૩). તિગ પણ અડ નવ સત્તર પ્રકારથી રે, એકવીશ અડસય ભેદ, ભક્તિ યુક્તિથી જે પૂજા કરે રે, ન લહે તે ભવ ખેદ. શ્રી જિન૦ (૪). જિનવર ને જિનઆગમ પૂજતાં રે, કર્મ કઠિન ક્ષય થાય, તીરથપતિપદ પામી નિર્મળું રે, સાદિ અનંત પદ ઠાય, શ્રી જિન૦ (૫). ક્ષમાવિજય જિનરાજે ભાખીયું રે, ઉત્તમ જિન મુખ પદ્મથી ખાસ, મહાનિશીથ સૂત્ર તે પૂજતાં રે, રૂપવિજય સુખ વાસ. શ્રી જિન૦ (૬).

## સ્તુતિ

સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ,
એવા પરિવારે યુગમંધર ભગવાન,
દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર,
વાચક જશ વંદે નિત નિત વાર હજાર.

## શ્રી મહા નિશીથ સૂત્ર

- નવકાર મંત્રનો મહિમા, ઉપધાનનું સ્વરૂપ વર્ધમાન વિધા, ગચ્છનું, ગુરૂકાલવાસનું મહત્ત્વ બ્રહ્મચર્ય વ્રત ભંગથી કેટલું દુઃખ પડે, સંયમ જીવનની વિશુદ્ધિ તથા આઠ અધ્યયનોમાં છેલ્લા બે અધ્યયનનો ચૂલિકા નામથી ઓળખાય છે.
- અપરાધ શલ્યને દૂર કરવાદિ અને કુશીલ સંગથી કેટલા ભયંકર નુકશાનો, તેના ત્યાગથી કેટલા લાભો તે જણાવ્યા છે, ગચ્છવાસી મુનિના આ ચાર પ્રાયશ્ચિત્તની વિગત, રજ્જા સાધ્વીજી સુંસઢ-સુમતિ નાગિલ-સાવધાચાર્ય આદિ એ શુદ્ધ પ્રાયશ્ચિત્ત ન લેવાથી દીર્ઘકાળ સુધી સંસારમાં રખડપટ્ટી કરવી પડી, દષ્ટાંતો દ્વારા વર્ણવેલ છે.

**મહાનિશીથ સૂત્ર** – મહા= મધ્ય. આ સૂત્ર મધ્યરાત્રિએ જ શિષ્યને આપી શકાય. તેનું નામ મહાનિશીથ છે. દરેક આગમના જોગ કરવાના છે. તેમાં સૌથી કઠિન જોગ મહાનિશીથના છે. તેની સાધના કઠિન છે. તપશ્ચર્યા કઠિન છે. અને કાયક્લેશ પણ કઠિન છે. ઉપધાન તપની આરાધના પણ મહાનિશીથવાળા જ કરાવી શકે. સૂત્રનું ઉચ્ચારણ.. વિધિ મહાનિશીથવાળા જ કરાવી શકે... આ સૂત્રની કેટલી ગરિમા અને ગૌરવ હશે કે જ્યારે આ સૂત્રનો વિચ્છેદ થશે ત્યારે ચૌદ રાજલોકમાં અંધારું થશે. તીર્થંકરના ચાર કલ્યાણક વખતે ચૌદ રાજલોકમાં અજવાળું થાય છે. પણ નિર્વાણ કલ્યાણક વખતે બપોરનો સમય હોય તો પણ ક્ષણ ભર અંધારું થાય છે. તેમ પાંચમો આરો પૂર્ણ થશે ત્યારે ભારે-અંધારું થશે. કલ્કિરાજા થશે. સાધુને ગોચરીને ટેક્ષ ભરવો પડશે ત્યારે

આ સૂત્રનો વિચ્છેદ થશે. ૪૮ કલાક આકાશમાં વાદળા ન હોય તો પણ સૂર્યના દર્શન ન થાય... આનાથી કલ્પના કરો કે આ મહાનિશીથ કેટલું ગૌરવવંતુ હશે ?

આના આઠ અધ્યયનો છે.

સુશીલના સંસર્ગથી આપણા આત્માની ઉર્ધ્વગતિ થાય છે. અને કુશીલના સંસર્ગથી આપણા આત્માની અધોગતિ થાય છે.

નમસ્કાર મહામંત્રનું પણ વર્ણન આમાં આવે છે. નવકાર એ સામાન્ય નામ છે. નમસ્કાર મહામંત્ર આ સૈદ્ધાંતિક નામ છે. શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધ સચૂલિક'' આ આગમિક નામ છે. નવકાર એ માત્ર શ્રુતસ્કંધ નથી. પણ મહાશ્રુતસ્કંધ છે. નવકાર માટે ઉપધાન કરવાનું, કેટલા દિવસનો ? કયો તપ કરવાનો..? આનું વર્ણન આમાં છે.

૨૦૦૪ યુગપ્રધાન થવાના છે. ૨૦૦૦ યુગપ્રધાન ક્ષાયોપશમિક સમ્યક્ત્વના ધણી થશે.

ચાર યુગપ્રધાન ક્ષાયિક સમ્યકત્વના ધણી થશે. આ સમ્યક્ત્વ આવેલું જાય નહિ.

કમલપ્રભાચાર્ય ઉત્સૂત્ર પ્રરૂપણા કરવા દ્વારા, જરા સરખી ભૂલથી, બાંધેલા તીર્થંકર નામકર્મના દલિયા વિખેરી અનંતસંસાર તેમણે વધાર્યો. તીર્થંકર નામકર્મના ભેગા કરેલા દલિયાના નાશ કર્યા. ૭૦૦ વર્ષનું તેમનું આયુષ્ય હતું. વ્યંતર... વાસુદેવની પત્ની...અનેક તિર્યંચના ભવો... અનંતો સંસાર ભમી મહાવિદેહમાં જઇ મોક્ષે જશે.

# (૪૦) આવશ્યક સૂત્ર

◆ પ્રદક્ષિણા-૩૨ ◆ સાથિયા-૩૨ ◆ ખમાસમણ-૩૨

**ખમાસમણનો દુહો**

મરણ સમાહિ પયન્નામાં, પંડિત મરણને કાજ,
ઉપાય કહ્યા તે સેવીએ, લેવા મુક્તિનું રાજ.

કાર્યોત્સર્ગ-૩૨ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી આવશ્યક સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન


નેમિપ્રભ જિનરાજજી, કીધા દુશ્મન અંત,
પાંચશે ધનુષનું દેહમાન, તેજ પ્રતાપ અનંત .................... ૧
સેના સુતા સોહામણો, મોહના રાણી પ્રેમ,
નલીનાવતી વિજયમહીં, નયરી અયોધ્યા ખેમ .................... ૨
અગંજ વીરરાયા તણો, કંચન વાન સુચંગ,
સત્સાસત્ય પ્રકાશતો, દિવાકર રહ્યો અંગ .................... ૩
હું નિર્ભાગી રડવડું, ઇણ ભરતે અનાથ,
ગણધર ચોરાશી ભલા, દેજો શિવપુર સાથ .................... ૪
એ જિન વંદો ભાવથી, કરી એકણ ચિત્ત,
જ્ઞાનવિમલ પ્રભુ નિત દીયે, પુણ્ય પરિમલ વિત્ત .................... ૫

## સ્તવનનો દુહો

ચારિત્ર તરૂના મૂલ સમ, મૂલસૂત્ર છે ચાર,
શ્રી જિનરાજે વખાણીયાં, પૂજી લહો ભવપાર ........ ૧

# श्री आवश्यक सूत्रम्





આવશ્યક સૂત્રમાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓ દરરોજ અવશ્ય કરવા યોગ્ય છ આવશ્યક-સામાયાકિ, જિનસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણનું વિગતવાર વર્ણન છે, આત્મોન્નતિના ઉપયોગી પદાર્થોથી ભરપૂર છે, પ્રાસંગિક રીતે પણ અનેક બાબતો આ આગમમાં જણાવી છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

આવશ્યક આરાધિયે, ષડ્ અધ્યયને ખાસ,
નમન સ્તવન પૂજન કરી, કરો આતમ સુપ્રકાશ....... ૨

## સ્તવન

ચોખે ચિત્તથી, કરિયે શ્રી જિનરાજની સેવ, જગમાં કો નહીં રે, દીસે અધિકો દુજો દેવ, કરૂણા જલનિધિ રે, જગમાં કલ્પતરૂ ભગવાન, કરિયે પૂજના રે, અષ્ટપ્રકારી રૂડે ધ્યાન. (૧). ભાવો ભાવના રે, ધારો શુદ્ધ નિરંજન દેવ, ગાવો ગુણ ભલા રે, સારો ત્રિકરણ યોગે સેવ, દાતા ધરમના રે, ત્રાતા ષડ્‌વિધ જીવના સાર, તે પ્રભુ પૂજતાં રે, લહિયે ભવસાયરનો પાર. (૨). સૂત્ર આવશ્યકે રે, ભાખ્યા ષડ્ અધ્યયન રસાલ, તેહને સેવતાં રે, પાતક જાયે સહુ વિસરાલ, સમભાવે કરી રે, કરીયે આવશ્યક દોય ટંક, ભાવની વૃદ્ધિએ રે, તોડે આઠ કરમનો વંક, (૩). સાવધ યોગની રે, વિરતિ જિનગુણનો બહુમાન, ચરણે ગુરૂતણે રે, વાંદણા દીજે ધરી શુભ ધ્યાન, આલોઇએ મને રે, વાસર રયણીના અતિચાર કાઉસ્સગ્ગ ધ્યાનથી રે, સોહી આતમની કેર સારજ, કરી પચ્ચક્‌ખાણને રે, આતમ તારે ગૃહી આણસાર, વીરજ ફોરવી રે, પામે ભવસાયરનો પાર, વાણી સાંભળે રે, ઉત્તમ ગુરૂ મુખ પદ્મની જેહ, રૂપવિજય કહે રે, તે લહે અવિચળ શિવપુર ગેહ. (૫).

## સ્તુતિ

સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ,
એવા પરિવારે યુગમંધર ભગવાન,
દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર,
વાચક જશ વંદે નિત નિત વાર હજાર.

# (૪૧) દશ વૈકાલિક સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૪ ◆ સાથિયા-૧૪ ◆ ખમાસમણ-૧૪

**ખમાસમણનો દુહો**

દશ વેયાલિયે દશ કહ્યાં, અધ્યયનો ભલી ભાત,
સર્વવિરતિ નિર્મળ કરે, વંદીએ ઉઠી પ્રભાત.


કાર્યોત્સર્ગ-૧૪ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી દશ વૈકાલિક સૂત્રાય નમ :**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

સ્તરમા જિનવર સમરૂં, વીરસેન ગુણવંત,
શીયલ સલીલા કામિની, રાજસેનાનો કંત...................... ૧
સકલ સમીહિક પૂરમો, ધોરી લંછન પાય,
ભાનુમતિ સુત ગુણનીલો, કંચન વરણી કાય ..................... ૨
ભાનુસેન નંદન ભલો, પુંડરિકિણી આધાર,
સુર અસુર સેવે તિહાં, ચઉગતિ ભ્રમણ નિવાર.................... ૩
પુષ્કલાવતી રળીયામણી, પુંડરિકિણી ગામ,
દૂર રહી ભક્તિ કરૂં, અવધારો ગુણધામ........................... ૪
પણસય ધનુ કાયા લહી, વિચરી રહ્યા જિનદેવ,
સો કોડિ પરિવાર મેં, નય કહે કરો નિત સેવ...................... ૫




પૂ. આ. શય્યંભવ સૂરિ મ. પોતાના પુત્ર મનકમુનિનું આયુ અલ્પ જાણી મોહ, પૂર્વમાંથી વૈરાગ્ય રસથી ભરપૂર ગાથાઓ, દશ અધ્યયન રુપી ઘડાઓમાં સંગ્રહિત કરી જેના પાનથી શ્રમણ સંયમ ભાવમાં સહજ રીતે સ્થિર થઈ શકે છે. મનકમુનિના કાલધર્મ પછી શ્રી સંઘની વિનંતિથી આચાર્ય મ. એ આગમ યથાવત રાખ્યું.

नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## સ્તવનનો દુહો

દશવૈકાલિક સૂત્રમાં, મુનિ મારગ અધિકાર,
ભાવે તેહ આરાધતાં, પામીજે ભવપાર ................ ૧

## સ્તવન

શ્રી જિનવર મુખની વાણી, અનુભવ અમૃતરસ ખાણી, લાલ જિનવાણી. ચઉ અનુયોગે કહેવાણી, સગ ભંગી જોગ ઠરાણી. લાલ૦ (૧). નય સાત થકી ગૂંથાણી, સ્યાદ્વાદની છાપ અંકાણી, લાલ૦ પાંત્રીસ વયણ ગુણ જાણી, ગણધર દિલડે સોહાણી. લાલ૦ (૨). ભવતાપને દૂર ગમાવે, શુચિ આતમ બોધને પાવે, લાલ૦ મિથ્યાત્વતિમિરકું તરછણી, દુર્મતિ વ્રતીને રવિ ભરણી. લાલ૦ (૩). શ્રુતિ શ્રદ્ધાવંત જે પ્રાણી, વિધિયોગે શ્રદ્ધા આણી, લાલ૦ કરે પૂજા નવ નવ રંગે, ધન ખરચે અધિક ઉમંગે. લાલ. (૪). પૂજા તે દયારસ ખાણી, ભાવ ધર્મની એ નિશાની, લાલ૦ શ્રી ગુરૂ મુખ પદ્મની વાણી, ચિદરૂપવિજય પદ ખાણી. લાલ૦ (૫).

## સ્તુતિ

સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ,
એવા પરિવારે યુગમંધર ભગવાન,
દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર,
વાચક જશ વંદે નિત નિત વાર હજાર.

# શ્રી દશ વૈકાલિક સૂત્ર

ભગવાન મહાવીર સ્વામિના નિર્વાણગમન પછી ૮૦ વર્ષે આ સૂત્રની રચના થઇ છે.

પ્રભુવીરની ચોથી પાટે આવેલા પૂજ્યપાદ ચતુર્દશ પૂર્વધર શ્રી શય્યંભવસૂરિજી મહારાજાએ જ્યારે પ્રવ્રજ્યા ગ્રહણ કરી ત્યારે તેઓશ્રીની ધર્મપત્ની ગર્ભવતી હતી.. તેણીએ એક પુત્રનો જન્મ આપ્યો. જેનું નામ મનક આપવામાં આવ્યું. વૈરાગ્યવાસિત મનકે નાની ઉંમરમાં પૂ. શય્યંભવસૂરિજી મ. (પિતાજી મ.) પાસે દીક્ષા અંગીકાર કરી. પૂજ્યશ્રીએ મનકમુનિના માત્ર છમાસના આયુષ્યને પોતાના જ્ઞાનથી જાણી લીધું. અલ્પ સમાજમાં આ મુનિ કઇ રીતે શ્રુત સાગરનો પાર પામશે ? ને જ્ઞાન વિના તેનાં મુનિ જીવનનો આનંદ તે કઇ રીતે માણશે ?


આથી ઉપકાર બુધ્ધિથી તેઓશ્રીએ ચૌદપૂર્વમાંથી સારભૂત અવતરણ કરી આ દશવૈકાલિક સૂત્રની રચના કરી.

પાછળની બે ચૂલિકા - શ્રી યક્ષા સાધ્વીજી મ. (પૂ. સ્થૂલિભદ્રજીની બહેન) જે પરમકૃપાળુ શ્રી સીમંધર ભગવાન પાસે શ્રીયકના મૃત્યુ સંબંધમાં પૂછવા ગયેલ હતા તેઓ પ્રભુજી પાસેથી જે લાવ્યા તેમાંથી આ દશવૈકાલિકની ૨ ચૂલિકા તરીકે પ્રસ્થાપિત કરીને બે ચૂલિકા આચારાંગમાં પ્રસ્થાપિત કરી.

આ રીતે દશવૈકાલિક દશ અધ્યયન અને બે ચૂલિકાથી યુક્ત હોવાથી તથા વિકાળવેળાએ બનાવેલ હોવાથી તેનું નામ દશવૈકાલિક સૂત્ર રખાયું છે.

સંયમમાર્ગની સ્થૂલથી સૂક્ષ્મ વાતો આ સૂત્રમાં છે..

આ સૂત્રના યોગોદ્વહન નૂતન દીક્ષિતોને પહેલા કરાવવામાં આવે છે.. સંયમ જીવનનું ઘડતર આનાથી થાય છે.




પરમાત્મા મહાવીર પ્રભુએ જયારે આ પૃથ્વી પરથી વિદાય લેવાનો સમય થયો ત્યારે અંતિમ હિતશિક્ષા રુપે, મહત્વની વાતો સતત સોળ પ્રહરની દેશના વડે જણાવી તેનો સંગ્રહ છે, આ દેશનામાં નવમલ્લી અને નવલચ્છી રાજાઓ ઉપસ્થિત હતા. વૈરાગ્ય, મુનિવરોના ઉચ્ચ આચારો, જીવ, અજીવ, કર્મપ્રકૃતિ લેશ્યા વિગેરેનું વર્ણન આપેલ છે.

नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

# (૪૨) ઉત્તરાધ્યયન સૂત્ર

◆ પ્રદક્ષિણા-૩૬ ◆ સાથિયા-૩૬ ◆ ખમાસમણ-૩૬

**ખમાસમણનો દુહો**

પાવાપુરીમાં પ્રકાશિયું, મહાવીર મુખ મનોહર,
ઉત્તરજઝયણ સહુને જચ્યું, મુક્તિ મારગ કરનાર.

કાર્યોત્સર્ગ-૩૬ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી ઉત્તરાધ્યયન સૂત્રાય નમ :**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

નગરી વિજ્યામાં પ્રભુ, દેવરાજ ઘર આયા,
સુર નર નારી હરખતાં, ઉમયાદેવી જાયા ........................ ૧
મહાભદ્ર કરનાર તે, મહાભદ્ર જિનારાય,
વપ્રા વિજયે વિચરતાં, ગજ લંછન પાય ........................ ૨
રૂપ ગુણના ભંડાર સમ, સૂર્યકાંતા રાણી,
અશરણ શરણ જિણંદ તું, ગુણગણની ખાણ ...................... ૩
હેમવાન સોહામણો, રૂપે જીત્યો અનંગ,
પંચ શત ધનુ દેહમાન, સુખ સંપતિ દે ચંગ ...................... ૪
ચોરાશી જિન ગણધર, આપે અક્ષય સુખ,
જ્ઞાનવિમલ પ્રભુ ભક્તિથી, નાસે દોહગ દુઃખ .................. ૫

## સ્તવનનો દુહો

ઉત્તરાધ્યયને ઉપદિશ્યાં, અજ્ઝયણાં છત્રીશ,
સમજી અર્થ સોહામણો, પૂજો શ્રી જગદીશ ............ ૧

## સ્તવન

જિનરાજ જગત ઉપકારીજી, પૂજો નરનારી. એ તો તીન ભુવન હિતકારીજી, જિનવર જયકારી. પ્રભુ નામે નવનિધિ થાયજી, પૂજો૦ દુઃખ દોહગ દૂર પલાયજી. જિન૦ (૧). પારંગત પાર ઉતારેજી, પૂજો૦ આણે ભવસાયર આરે જી, જિન૦ ભવ ભવનાં પાપ ગમાવેજી, પૂજો૦ મિથ્યા જ્વર તાપ શમાવેજી, જિન૦ (૨). જલ ચંદન કુસુમ ને ધૂપેજી, પૂજો૦ જિમ કેવલનાણને પાવોજી, જિન૦ (૩). થય થુઇ જિનરાજની કીરયેજી, પૂજો૦ અક્ષત નૈવેદ્ય ફલ ધરીયેજી. દ્રવ્ય ભાવથી પૂજો જેહજી, પૂજો૦ આપે અવિચલ સુખ તેહજી, જિન૦ (૪). ઉત્તરાધ્યયન સૂત્ર જે ધ્યાવેજી, પૂજો૦ તે ત્રીજે ભવે શિવ પાવેજી, જિન૦ શ્રી પદ્મવિજય ગુરૂવાણીજી, પૂજો૦ દીયે રૂપવિજય સુખખાણીજી. જિન૦ (૫).

## સ્તુતિ

સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ,
એવા પરિવારે યુગમંધર ભગવાન,
દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર,
વાચક જશ વંદે નિત નિત વાર હજાર.

# શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

સૂત્રકૃતાંગ સૂત્રનું ઉપાંગ છે.

ચારે બાજુની પદાર્થોના અર્થ જાણકારી માહિતી જેના વડે પ્રાપ્ત થાય તે આગમ કહેવાય. ૪૫ આગમ=आ समन्तात् गम्यते.

આ સૂત્રનાં મૂળ શ્લોક ૨૦૦૦ છે અને ૩૬ અધ્યયન છે. **ભદ્રબાહુસ્વામીજીની નિર્યુક્તિ છે તથા વાદિવેતાલ શ્રી શાંતિસૂરિજી મહારાજે મોટી ટીકા લખી છે.**

અત્યારે પણ આ સૂત્ર ઉપર પૂ. નેમિચંદ્રસૂરિ, પૂ. શાંતિચંદ્રસૂરિ, પૂ. ભાવ વિ. મ., પૂ. લક્ષ્મીવલ્લભ ગણિની ટીકા મળી આવે છે. કુલ ૧૧૬૭૦૮ શ્લોક પ્રમાણ સાહિત્ય આ આગમ ઉપર ઉપલબ્ધ છે. ભદ્રબાહુસ્વામીએ નિર્યુક્તિની ચોથી ગાથામાં કહ્યું છે કે આ સૂત્રના ૩૬ અધ્યયનોમાંના કેટલાક અધ્યયનોની ઉત્પત્તિ થઇ છે. કેટલાક અધ્યયનો જિનભાષિત છે. કેટલાંક અધ્યયનો પ્રત્યેક બુધ્ધાદિના સંવાદાદિરૂપ છે.

શ્રી દશવૈકાલિક સૂત્રની રચના થયા પહેલાંના સમયમાં શિષ્યોને આચારાંગ સૂત્ર ભણાવ્યા પછી આ સૂત્ર ભણાવાતું. આ રીતે આચારાંગ પછી ભણાવવા લાયક જે અધ્યયનો તે ઉત્તરાધ્યયન કહેવાય. આ વાત વ્યવહાર ભાષ્યાદિમાં કહ્યું છે.


દશવૈકાલિકની રચના થઇ તે પછી શિષ્યોને અનુક્રમે આવશ્યક સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર અને આચારાંગસૂત્ર ભણાવાય છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના યોગોદ્વહન કરીને વિનયાદિ ગુણોને ધારણ કરનારા શિષ્યો વિધિપૂર્વક નિશ્ચે

ભવ્ય કહેવાય છે. એમ નિર્યુક્તિકારાદિ મહાપુરૂષો કહે છે.

ખાસ કરીને સાધુ-સાધ્વીની સમાચારીનું વર્ણન છે. સંયમરૂપી વૃક્ષને ટકાવવા મૂલસ્વરૂપ સમાચારીનું વર્ણન હોવાથી આ મૂલસૂત્ર કહેવાય છે.

નવું શ્રુત સર્જન કરવાની તો આપણામાં શક્તિ નથી. પણ જે શ્રુત બચ્યું છે, તેનું સંરક્ષણ કરવાની આપણા સૌની પવિત્રતમ ફરજ છે.

શ્રુતની અપૂર્વ-અદ્ભુત વાતોને ઘર-ઘર અને ઘટ-ઘટમાં ગુંજતી કરી દઇએ.




શ્રી પિંડનિર્યુક્તિ આગમમાં મુખ્યત્વે ગોચરીની શુદ્ધિનો સ્પષ્ટ ખ્યાલ છે. સંયમ સાધના માટે શરીર જરુરી છે, શરીર ટકાવવા માટે પિંડ, ગોચરી જરુરી છે, આ માટે સાધુ ગોચરી જાય ત્યારે ઉદ્‌ગમ-ઉત્પાદન એષણાના દોષો રહિત આહાર ગ્રાસેષણા દોષો ટાળવાનું સુંદર નિરુપણ કર્યું છે.



नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

# (૪૩) પિણ્ડનિર્યુક્તિ સૂત્ર

◆ પ્રદક્ષિણા-૧૦ ◆ સાથિયા-૧૦ ◆ ખમાસમણ-૧૦

**ખમાસમણનો દુહો**

શ્રમણસંઘ ભોજન વિધિ, પિણ્ડ નિજ્જુત્તી મોઝાર,
નિર્દોષ ભિક્ષા ગવેષતાં, વંદુ તે અણગાર.

કાર્યોત્સર્ગ-૧૦ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી પિણ્ડનિર્યક્તિ સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

દેવયશના ગુણ ઘણા, તિહુયણે, કરે પ્રકાશ
જગમાં જોડી કો નહીં, ઇન્દ્ર ચંદ્ર જસ દાસ ........................ ૧
અંગજ ગંગાદેવીનો સમતા રસ ભરીયો,
વત્સા વિજયે રાજતો, કેવલ કમલા વરીયો ........................ ૨
નયરી સુશીમા ગુણનિધિ, જિહાં વિચરે જિનરાજ,
ધનુષ પાંચશે દેહડી, તિહુણ ભુવનની લાજ ........................ ૩
ચંદ્ર લંછન દીપતું પ્રભાવતી આધાર,
પુત્ર સર્વભૂતિ તણો, સો કોડિ પરિવાર ........................ ૪
જગનાયક જગદીશ્વરું, કંચન વરણી દેહ,
જ્ઞાનવિમલ ગુણ ગાવતાં, વાધે ધર્મ સ્નેહ ........................ ૫

## સ્તવનનો દુહો

ક્રોધ માન માયા તજી, લોભ ન જાસ લગાર,
શુદ્ધ ઉંઝ આહાર લે, વંદુ તે અણગાર.................. ૧


## સ્તવન

જય જય જિનવર જયકારી, જસ મૂરતિ મોહનગારી રે, ભવિ પૂજિયે જિનરાજા. જિમ લહિયે શિવસુખ તાજાં રે, ભવિ૦ અશોકથી શોક નિવારે, સંસાર સમુદ્રથી તારે, ભવિ૦ (૧). પંચવરણી કુસુમ વરસાવે, સુર ભક્તિતેય સમક્તિ પાવે રે, ભવિ૦ વાંસલિયે સમસૂર પૂરે, નિજ આતમ તમ કરે દૂર કરે ભવિ૦ (૨). ઉજ્જવલ ચામર સોહતાં, પરિષદ જન મન મોહંતા રે. ભવિ૦ સિંહાસન આસનકારી, પ્રભુ દર્શન બલિહારીરે (૩). ભામંડલ રવિ સમ સોહે, દેવ દુંદુભિ જન મન મોહે રે, ભવિ૦ ત્રણ છત્ર પ્રભુ શિરે ધારે, ત્રણજગતની આપદા વારે રે. ભવિ૦ (૪). પિંડનિરજુગતિ પરકાશી, જિન ઉત્તમ ગુણની રાશી રે, ભવિ૦ શ્રી પદ્મવિજય ગુરૂ શિષ્ય, કહે રૂપ નમો જગદીશ રે, ભવિ૦ (૫).

## સ્તુતિ

સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ,
એવા પરિવારે યુગમંધર ભગવાન,
દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર,
વાચક જશ વંદે નિત નિત વાર હજાર.

# श्री नन्दि सूत्रम्



પરમ મંગલરુપ આ આગમમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મન: પર્યવજ્ઞાન-કેવલજ્ઞાન એ પાંચ જ્ઞાનનું વિગતવારનું વર્ણન છે, દ્વાદશાંગીનું સંક્ષિપ્ત વર્ણન ખૂબજ સુન્દર છે, અનેક ઉપમાઓ પૂર્વક શ્રી સંઘનું વર્ણન, તીર્થંકર, ગણધરના નામો, સ્થવિરોના ટૂંકા ચરિત્રો જણાવેલા છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

# (૪૪) નંદી સૂત્રાય સૂત્ર

◆ પ્રદક્ષિણા-૫૧ ◆ સાથિયા-૫૧ ◆ ખમાસમણ-૫૧

**ખમાસમણનો દુહો**

મંગલ નન્દીસૂત્રમાં, પાંચે જ્ઞાન પ્રકાશ,
ભણીએ સ્તવીએ ભાવથી, પ્રગટે આત્મ સુવાય.

કાર્યોત્સર્ગ-૫૧ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી નંદી સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

વીતશોકા નયરી વસે, કર્ણિકાદેવી નંદ,
દ્રવ્ય ભાવ ભક્તિ કરે, આપે સુખ અમંદ........................ ૧
પુષકર દ્વીપ પશ્ચિમમાં, નલિનીવતી ગુણખાણ,
કંચનવાન કાયા ઊંચી, પીંચશે ધનુષની જાણ.................... ૨
ચાર ગતિને ચૂરવા, સમજણ આપે સાર,
તિણ કારણ જંઘામહિ, સ્વસ્તિક લંછન ધાર...................... ૩
રૂપ ગુણ શીલથી ભરી, રત્નમાલા નાર,
રાજપાલ અંગજ કહ્યો, ત્રિભુવનજન આધાર..................... ૪
અજિતવીર્ય જિન પ્રણમતાં, જાયે રાગ ને રીશ,
કૃપા કરી સંભારજો, જ્ઞાનવિમલ નિશ દીશ........................ ૫

## સ્તવનનો દુહો

મઇ સુઅ ઓહી મણપજ્જવા, પંચમ કેવળનાણ,
નંદિસૂત્રમાંહે કહ્યાં, પૂજું તે સુહઝાણ .................. ૧

## સ્તવન

જિનવર જગગુરુ જગધણી, ઉપકારી રે, તમે પૂજો ધરી મન રંગ, મળી નરનારી રે, સમવસરણમાં સોહતા ઉ૦ નિર્મળ જેહ નિઃસંગ, જગત ઉપકારી રે. (૧). મતિ શ્રુત નાણના જાણીયે, ઉ૦ અડવીશ ચઉદશ ભેદ, જ૦ અવધિ ષડ્ ભેદે લહો, ઉ૦ દુગ મણપજ્જવ ભેદ. જ૦ (૨). ક્ષાયિકભાવે કેવલી, ઉ૦ લોકાલોકના જાણ, જ૦ ચાર જ્ઞાનની જે પ્રભા, ઉ૦ એહમાં તસ મંડણ. જ૦ (૩). સેરો ધ્યાવો ભાવથી, ઉ૦ ગાઓ જિનગુણ ગીત, જ૦ ભાવના ભાવો ભાવશું, ઉ૦ ભક્તિ કરો ધરી પ્રીત. જ૦ (૪), નાણ નાણીની પૂજના, ઉ૦ કરતાં લહીએ નાણ, જ૦ નંદીસૂત્રની પૂજના, ઉ૦ કરો ભવિયણ સુહઝાણ. જ૦ (૫). જિન ઉત્તમ પદ પદ્મની. ઉ૦ પૂજા કરો ધરી રાગ. જ૦ રૂપવિજયપદ સંપદા, ઉ૦ પામો નિત્ય અથાગ. જ૦ (૬).

## સ્તુતિ

સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ,
એવા પરિવારે યુગમંધર ભગવાન,
દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર,
વાચક જશ વંદે નિત નિત વાર હજાર.

૧૪ પૂર્વધરના કાળમાં... પૂ. ભદ્રબાહુસ્વામિજીના કાળમાં પણ દુષ્કાળ પડતો રહ્યો. ઘણા મુનિઓ ગોચરીના અભાવે કાળ કરી ગયા. ઘણા મુનિઓ સ્વાધ્યાય કરી ન શક્યા. પહેલા લખવામાં આવતું ન હતું. શ્રુતધર સાંભળી ને યાદ રાખતા. શ્રુતં સ્મૃતં સાંભળ્યું યાદ રખાતું હતું. આજ સુધી આવી પરંપરા ચાલી છે. અપાત્ર વ્યક્તિના હાથમાં ન જાય માટે તેને લખતાં ન હતા.

પૂ. ભદ્રબાહુસ્વામીના સમયમાં પહેલી આગમ વાચના થઇ. સ્થૂલિભદ્રજીએ મૂળથી ૧૪ પૂર્વ અને અર્થથી ૧૦ પૂર્વ મેળવ્યા. પૂર્વ વજ્રસ્વામી સુધી ચાલ્યા. યુગપ્રધાન મુનિનો પ્રભાવથી અઢી યોજન સુધી મારી મરકી વિગેરેનો નાશ થાય છે.

દુષ્કાળમાં આર્યવજ્રસેન અને આર્યરક્ષિત બે શ્રુતધર વજ્રસ્વામીના વારામાં આવી પડેલા દુષ્કાળમાં બચ્યા. આ મુનિઓ ધીમે ધીમે સાડાનવ પૂર્વ.. પછી નવ પૂર્વ એમ શ્રુતવિચ્છેદ પામતું ગયું.

એ આપણને શ્રુત બચાવી આપ્યું. એમની યાદમાં વયરી શાખા રાખી છે. નાગાર્જુનની વાચના મથુરામાં થઇ.

દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણની નિશ્રામાં વલ્લભીપુરમાં વાચના થઇ. તે સમયે જે ઉપલબ્ધ સૂત્રો હતા તેનો પરિચય નંદીસૂત્રમાં મૂકી દીધો. ત્યાં સુધી શ્રુત સ્મૃતિમાં હતું. ગ્રંથમાં ન હતું. જેથી અપાત્રને રહસ્યો ન મળે. ગુરૂદ્વારા સુપાત્રને બધુ જ બતાવી શકાય.

ત્યાર પછી ગ્રંથારુઢ થયું. જે રીતે લખાયેલું તે જ રીતે

આપણા સુધી આવ્યું છે.

દેવર્દ્ધિગણી સુધી કોઇ કુળ ધર્મની મર્યાદાઓ બંધાયેલી હતી નહિ. કોઇના ઘરમાં શ્રુત મૂકી ન શકાય. ઘર કાલે ધર્મ બદલી નાંખે તો...! શ્રુતને રાખવું ક્યાં ? દુષ્કાળમાં ઘણા ગ્રંથો વિચ્છેદ થયા..

વનવાસ ગચ્છમાં ચૈત્યવાસ શરૂ થયો ગૃહસ્થના હાથમાં ન જાય અને શ્રુતની રક્ષા થાય તે માટે શ્રુત મંદિરમાં રાખવાની શરૂઆત થઇ.

નંદી એટલે મંગળ. નંદીનો અર્થ જ્ઞાન પણ થાય . જ્ઞાન આપણને હંમેશા આનંદમાં રાખી શકે. કોઇપણ ઉત્તમવિધિ હોય.. દીક્ષાના વિધિ ત્યારે નંદી સૂત્ર સંભળાવે. ઉપધાનમાં પ્રદક્ષિણા દઇ. નવકાર ગણીએ તે નંદિવિધિ કહેવાય. આખા નંદીસૂત્રમાં માહિતી આપી છે. અને અનુયોગમાં તે કઇ રીતે સમજાવવું ? તેની પદ્ધતિ આપી છે. નંદી એટલે પોઠિયો પણ થાય. નંદી એટલે મંગલ વાજીંત્ર. નંદી એટલે મોટું પાત્ર. નંદી એટલે જ્ઞાન...માત્ર જ્ઞાન જ એવી ચીજ છે કે જે આપણને આનંદમાં રાખી શકે.. જ્ઞાની ક્યારેય પણ પોતાના સ્વભાવની.લીનતા ગુમાવતા નથી.

નંદીમાં પાંચ જ્ઞાનની સમજણ આપવામાં આવી છે. જ્ઞાન બે પ્રકારનું છે.

૧) પરોક્ષ ૨) પ્રત્યક્ષ

૧) જે જ્ઞાન ઇંદ્રિયો વડે થાય તે પરોક્ષ જ્ઞાન કહેવાય. ૧) મતિજ્ઞાન ૨) શ્રુતજ્ઞાન

૨) જે જ્ઞાન ઇન્દ્રિયો વિના સાક્ષાત્ આત્માથી થાય તે પ્રત્યક્ષજ્ઞાન કહેવાય.તે ત્રણ છે. ૧) અવધિજ્ઞાન ૨) મનઃ પર્યવજ્ઞાન ૩) કેવળજ્ઞાન.

અવધિજ્ઞાન - અવધિદર્શનનું જોડલું છે. તેમ કેવળજ્ઞાન કેવળદર્શનનું પણ જોડલું જ છે. કારણ કે જોવું અને જાણવું સાથે જ ચાલે.

અવધિ એટલે સીમા મર્યાદાવાળું જ્ઞાન મર્યાદામાં રહેલા રૂપી પદાર્થનું સાક્ષાત્ આત્માથી જ્ઞાન કરવું તે અવધિજ્ઞાન કહેવાય. તે અવધિજ્ઞાનના પ્રતિપાતિ અપ્રતિપાતિ હીયમાન વર્ધમાન એમ અનેક ભેદો છે.

પ્રત્યક્ષનું વર્ણન નાનું છે અને પરોક્ષનું વર્ણન મોટું છે. આથી નંદીસૂત્રમાં પ્રથમ પ્રત્યક્ષનું વર્ણન કર્યુ. પછી પરોક્ષનું વર્ણન કર્યુ છે.

અવધિના બે પ્રકાર ૧) ભવપ્રત્યયિક - દેવ નારક ૨) લબ્ધિપ્રત્યયિક - મનુષ્ય તિર્યંચ. ઘણાને ભીત આદિનું આવરણ હોય તો પણ દેખાય.

મનઃ પર્યવજ્ઞાન - અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિયના મનોગતભાવોને જાણવા. સંયમીને જ ઉત્પન્ન થાય. તેના બે ભેદ ૧) ઋજુમતિ ૨) વિપુલમતિ..

કેવળજ્ઞાનના બે પ્રકાર છે ૧) ભવસ્થ ૨) અભવસ્થ

પ્રત્યક્ષના વર્ણન પછી પરોક્ષનું વર્ણન આવે છે.

મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન તે મતિઅજ્ઞાન શ્રુતઅજ્ઞાન કહેવાય.

સમ્યક્દૃષ્ટિનું જ્ઞાન તે મતિજ્ઞાન શ્રુતજ્ઞાન કહેવાય.

મતિજ્ઞાના પેટાભેદો અનેક છે. વ્યંજનાવગ્રહ, અર્થીવિગ્રહ, ઇહા, અપાય, ધારણા.

મતિજ્ઞાન - તેના બે ભેદ છે. ૧) શ્રુતનિશ્રિત ૨) અશ્રુતનિશ્રિત

અશ્રુતનિશ્રિતના ચાર ભેદ ૧) ઓત્પાતિકી ૨) વૈનયિકી ૩) કાર્મિકી ૪) પારિણામિકી.

૧) ઔત્પાતિકી બુદ્ધિમાં શાસ્ત્રમાં રોહકની વાર્તા આવે છે. ઉજ્જૈની પાસે નટોનું ગામ છે. ત્યા ભરત નામે નટ છે. જે રોહકના પિતા છે. તેને બીજીવારની વહુ છે. નવી "મા" છોકરાને બરાબર સાચવતી નથી. છોકરો દરરોજ સ્કુલે જાય. પણ હંમેશા સાવકી "મા" થી સાવચેત રહે છે. સાવકી "મા" ને મોંઢા પર કહી દે - મારા બાપા મારા માટે તને લઇને આવ્યા છે. પછી મને ન સાચવે તે ન ચાલે-તેની 'નવી મા નાની' છે. પફ પાવડર શણગાર સજવામાં સમય જાય. એટલે નાના છોકરાને સાચવવા સમય ન મળે.

એકવાર પૂનમ રાત્રી - રોહક નવી "મા" ને કહે કે જો તું મને બરાબર સાચવે નહિ તો હું પણ તને બતાવી દઇશ. મા કહે જા હવે શું કરી લેવાનો હતો ? એટલે પૂનમની રાત્રીએ રોહક તેના પિતાને કહે છે કે જુઓ જુઓ.. એ વરંડો ઓળંગીને કોઇ જતુ રહ્યું... આમ પિતાના કાનમાં ફૂંક મારી. એકવાર વહેમ જીવનમાં આવે એટલે સંબંધમાં ઓછાશ આવી જાય. બે ભાઇબંધની દોસ્તી તોડાવવી હોય તો કાનમાં ફૂંક મારો. દોસ્તી તૂટી જાય.

આ બાજુ પિતા "નવી મા" ની ઉપેક્ષા કરે છે. નવી મા ને ખ્યાલ આવી ગયો કે આ બધા રોહકના કારસ્તાન છે. રોહક "નવી મા" ને કહે મેં તને કહ્યું હતુ ને કે તું મને બરાબર સાચવ ? છેવટે "નવી મા" પાસે બરાબર ધ્યાન રાખવાનું સાચવવાની ચેલેંજ લીધી. બીજી પૂનમે રાત્રે રોહક દોડતા દોડતા પોતાનો પડછાયો જ બતાવતા પિતાને કહે જુઓ જુઓ પેલો પુરુષ ચાલ્યો. પિતા હસવા માંડ્યા. આ તો તારો જ પડછાયો છે રોહક કહે, પેલી પૂનમે પણ આ જ પડછાયો જોયો હતો. આજ પડછાયાને ભાગતા જોયો હતો. અને પિતાના મનમાંથી વહેમ નીકળી ગયો. અને "નવી મા" સાથે યથાવત્ ફરી પિતાનો વ્યવહાર ચાલુ થયો.

નાનો છોકરો નાવા ધોવાનું બધુ કરે. પણ જમવાનું પપ્પા જોડે જ. મમ્મી કદાચ મને મારી નાંખે તો. પપ્પાને થોડી મારી નાંખે ? એટલે પપ્પા ખાય તે જ ખાય. રોહક એક વાર ઉજ્જેણી નગરીમાં આવે છે. ત્યાં નદીના કિનારે રેતીમાં આખી ઉજ્જેણી નગરી ચિતરેલી છે. નગરશેઠ સેનાપતિ રાજમહેલ આખુ નગર બધુ જ એકઝેટ આબેહુબ ચિતરે છે. એટલામાં રાજા ત્યાંથી પસાર થાય છે. એટલે રોહકે કહ્યું, અરે, રાજકુમાર, આ માર્ગે ન જાઓ. તમે જોતાં નથી. આ રાજદરબાર છે. રાજાએ નીચે ઉતરીને જોયુ તો ઉજ્જેણી નગરીને ચિતરેલી જોઇને છંક થઇ જાય છે. રાજાને ૪૯૯ મંત્રી છે. પણ ૪૯૯માં કોઇ મુખ્ય મંત્રી ન હતો. આખી નવકારવાળી હોય પણ મેરૂ ન હોયતો ? રાજા રોહકને પૂછે છે તે પહેલા કોકવાર આ નગરી જોઇ છે ? રોહકે - ના, પહેલી વાર જ

જોઇ છે. રાજા રોહકની બૃદ્ધિ ઉપર ઓવારી જાય છે. રાજાએ તેનું નામ સરનામું આદિ લઇ લીધુ.

એકવાર રાજાએ રોહકના ગામવાસીઓને કહ્યું - તમારી પશ્ચિમનું વન પૂર્વમાં ફેરવી નાંખો. નહિતર ગામ ઉડાડી નાંખીશ. રોહકના પિતા અને બીજા બધા ચિંતામાં !

રોહકે ઉપાય બતાવ્યો - ગામડામાં કાચા ઘરો હતા. તેને ઉખેડી વનની પેલી બાજુ ગામ વસાવો. એટલે વન પૂર્વમાં આવી જશે.

વળી એકવાર રાજાએ કહેડાવ્યું કે તમારી કૂવાનું મીઠુ પાણી અમારે વાપરવું છે માટે તમારી કૂઇને તાત્કાલિક અહીં મોકલો રાજાની આજ્ઞા થઇ આખુ ગામ ચિંતાતુર બની ગયું હવે શું કરવું ? એટલામાં રોહકે આ કોયડો ઉકેલ્યો. તેણે રાજાને એક ચિઠ્ઠી લખી - કે અમારી ગામડાનો કૂવો ઘણી શરમાળ છે. તમારો કૂવો લેવા મોકલો તો પરણાવીને મોકલીએ.

અભયકુમારે કૂવામાંથી વીંટી કાઢવી. આ પણ ઔત્પાતિકી બુદ્ધિ છે.

જે વાતો શાસ્ત્રોમાં ન લખી હોય પણ પોતાની બુદ્ધિથી ઉપજેલો જવાબ આપે. તે ઔત્પાતિકી બુદ્ધિ કહેવાય.

નાના સાધુને કોકે પ્રશ્ન કર્યો. તમે સર્વજ્ઞના પુત્રો છો તો આ નગરમાં કેટલા કાગડા છે ? નાના સાધુએ જવાબ આપ્યો - ૬૬૬૩૬. તમે ગણી લો. વધારે નીકળે તો એમ સમજજો કે મહેમાન કાગડા બીજેથી આવ્યા છે ઓછા નીકળે તો એમ સમજજો કે અહીંથી બહાર ગયા હશે.

એકવાર પ્રશ્ન કર્યો કે હાથીનું વજન કેટલું ?

હવે હાથીનું વજન કેવી રીતે કરવું ? એક નાવમાં હાથી બેસાડ્યો. હાથી ને લીધે નાવ જેટલી ડૂબી. તેટલી નિશાની કરી. પછી નાવમાં પથરા ભર્યા. પેલી નિશાની સુધી નાવ ડૂબે તેટલા પથરા ભર્યા. અને પછી પથરાનું વજન કરી લીધું. આટલું હાથીનું વજન થયું. આ ઔત્પાતિક બુદ્ધિ કહેવાય.

કાગડો કેમ વિષ્ટા ચૂથે ? જલે વિષ્ણુ થલે વિષ્ણુ - શાસ્ત્રમાં જણાવ્યું છે તે જોવા આ પણ ઔત્પાતિક બુદ્ધિના દૃષ્ટાંતો છે.

વૈનયકી બુદ્ધિ - બે શિષ્ય - બંને જ્યોતિષ જ્ઞાન જાણે. એક વાર એક ડોશીએ પૂછ્યું, મારો બેટો પરદેશથી ક્યારે આવશે ? તે જ વખતે ડોશીના માથેથી ઘડો ફૂટી ગયો.

એક શિષ્યે જવાબ આપ્યો - તારો દીકરો મરી ગયો છે.

બીજો શિષ્ય કહે - દીકરો ઘરે રાહ જોતો હશે. ડોશીમાં ઘરે ગયા. અને ખરેખર ત્યાં તેનો પુત્ર રાહ જોતો હતો. પ્રથમ શિષ્ય હતો - તેણે ઘટ ફૂટ્યો માટે ડોશીનો પુત્ર પણ ફૂટ્યો. માટે દીકરો મરી જશે. એમ ભાવી ભાખ્યું બીજો શિષ્ય હતો - તેણે ઘડો ફૂટ્યો. ધરતીમાં મળી ગયો. ઘડો ધરતીનો છોકરો અને તે ધરતીમાં મળી ગયો. માટે ડોશીને દીકરો મળી જશે એમ ભવિષ્ય ભાંખ્યું.

કાર્મિકી - કામ કરતા કરતા બુદ્ધિ ઉપજે. એક કાપડિયો વેપાર કરતા કપડું કેટલા મીટર છે ? ખ્યાલ આવી જાય. બેનો - ત્રણ ઘડા માથે છતાં લહેર કરતી તાળી પાડતી ચાલે. દરજીને તમને કેટલું કપડું જોઇશે ?... ખ્યાલ આવી જાય.

રાજાભોજ - ગાંગુ તેલી સાતમા મજલેથી તેલની ધાર કરે તો પણ લોટાની મધ્યમાં પડે.

ઉપરથી સોય ફેંકે નીચે દોરો લઇને ઉભો હોય તો પણ પરોવાઇ જાય.

કુશળ ચિત્રકાર વ્યક્તિને માત્ર જોઇને જ સીધે સીધુ તેનું આબેહૂબ ચિત્ર દોરી શકે.

પારિણામીકી - એકવાર રાજાના રાજમાં યુવાનીઓ વધી ગયા. બધા જુવાનીઆઓએ નક્કી કર્યુ કે ક્યાંય હવે ડોસા તો ન જ જોઇએ. એકવાર બધા જુવાનીયા ફરવા જાય છે. રસ્તામાં તરસ્યા ગયા. પાણી મળતું નથી. શું કરવું ? હવે એક પિતૃભક્ત છોકરો છુપાવીને બાપાને લઇ આવેલો. ખલટામાં બાપાને લઇ ગયેલો. તેણે ડોસાને પૂછ્યું પાણી ક્યાંથી મળશે ? ડોસાએ કહ્યું - આ ગધેડો છે. એ જ્યાં જશે. ત્યાં પાછળ જવું. ત્યાંથી પાણી મળી જશે.

એકવાર વરરાજાની જાન જતી હતી. જાનમાં બધા જુવાનીયા હતા. કોઇ ઘરડાને લીધા ન હતા. હવે સામાપક્ષનાએ શરત મૂકી કે પહેલા આ અમારા ગામના તળાવને ઘીથી ભરી નાંખો. પછી જ સામૈયું કરીએ. બધા જુવાનીયા મૂંઝવણમાં મૂકાઇ ગયા. એટલામાં પેલાપિતૃભક્ત યુવાન જે તેના પિતાને છુપાવીને લાવ્યો હતો તેમણે આ મૂંઝવણને દૂર કરી. ડોસાએ કહેડાવ્યું કે પહેલા તળાવનું પાણી ખાલી કરો. પછી ઘી થી ભરી દઇએ. આ કોઠા સૂઝ કહેવાય.

આ અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ચાર ભેદ છે.

મુનિ વાચક છે. શ્રાવક સાંભળે આ બેની જોડીથી શ્રુત ટકે.

શ્રુતજ્ઞાન - ૮૪ આગમો છે. પણ હાલ ૪૫ જ મળે છે. અંગબાહ્ય.. અંગપ્રવિષ્ટ... વિગેરે તેના ૧૪ ભેદો છે. ઉત્તરાધ્યયન સૂત્રનો એક એક શ્લોક મંત્રાક્ષર છે. એક એક અધ્યયનને એક એક અધિષ્ઠાયક ઇન્દ્ર છે. આખુ ઉત્તરાધ્યયન કંઠસ્થ કરો તો દરરોજ સ્વાધ્યાય કરો તો ત્રીજે કે સાતમે ભવે મોક્ષ થાય.

ઉત્થાન શ્રુતને મુનિભગવંત બોલે તો ત્યારે તેના ક્રોધથી આખુ નગર ધ્રૂજી ઉઠે. આખું નગર અસ્તવ્યસ્ત થઇ જાય.

અને ફરી જો સમુત્થાન શ્રુત ને ભણે તો બધુ શાંત થઇ જાય. બધું જ વ્યવસ્થિત થઇ જાય. આ છે શ્રુતની પ્રચંડ તાકાત..!

આચારાંગના ૧૮૦૦૦ પદ છે. એક એક પદમાં એક ક્રોડ શ્લોક છે. આગળ આગળના અંગોમાં ડબલ ડબલ પદો છે.

# (૪૫) અનુયોગદ્વાર સૂત્ર

◆ પ્રદક્ષિણા-૬૨ ◆ સાથિયા-૬૨ ◆ ખમાસમણ-૬૨

**ખમાસમણનો દુહો**

પ્રશ્નોત્તર પરિપાટીથી વર્ણવ્યા વિવિધ પદાર્થ,
અનુયોગદ્વારને હું સ્તવું, તજવા મિથ્યા અનર્થ.

કાર્યોત્સર્ગ-૬૨ લોગસ્સનો ◆ માળા-૨૦

**માળાનો મંત્ર : ૐ હ્રીં શ્રી અનુયોગદ્વાર સૂત્રાય નમઃ**

સકલ કુશલ વલ્લી બોલીને

## ચૈત્યવંદન

ત્રિભુવનમાંહી શાશ્વતા, જિનવર ચૈત્ય ઉદાર,
મુજ મનમાંહે કોડ ઘણા, ચઉમુખ બિંબ જુહાર.................... ૧
પૂરવ દિશિ પ્રકાશતા, ઋષભ પ્રભુ મહારાજ,
ત્રિકરણ શુદ્ધે પૂજતા, સારે સઘલા કાજ ............................ ૨
વૈમાનિક ગ્રૈવેયક ને, અનુત્તરમાંહી લીજે,
એકસો અંશી બિંબ તો, સવિ મંદિર ગણીજે...................... ૩
સો જોજન લંબાઇ ને, પચાસનો વિસ્તાર,
ઊંચા બહોંત્તેર પ્રણમતા ધર્મરત્ન પદ ધાર........................ ૪

## સ્તવનનો દુહો

શ્રી અનુયોગદ્વારમાં, ચઉ અનુયોગ વિચાર,
શ્રદ્ધા ભાસન રમણતા, કી પૂજો નરનાર ............... ૧

ધન્ય ધન્ય આગમ જિનતણું, બોધિ બીજ ભંડાર;
નાણ ચરણ રયણે ભર્યું, શાશ્વત સુખ દાતાર.......... ૨

# श्री अनुयोगद्वार सूत्रम्

૪૫




અનુયોગ દ્વાર સૂત્ર એ સર્વ આગમોની માસ્ટર ચાવી રુપ છે. આ આગમના અભ્યાસથી આગમોને સમજવાની પદ્ધતિ મળે છે. કેમકે પદાર્થોના નિરુપણની વ્યવસ્થિત સંકલના સ્વરુપ શૈલી એજ આ આગમની આગવી વિશિષ્ટતા છે. પ્રાસંગિક કેટલીક મહત્વની માહિતીઓ પર પ્રકાશ પાડયો છે.


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं.

## સ્તવન

શ્રી અનુયોગદુવારની, મનમોહન મેરે હું જાણું બલિહારી, મન૦ ત્રિશલાનંદ જિનવરે, મન૦ ભાખ્યા અર્થ વિચાર. મ૦૧. ઉપ ક્રમ નિક્ષેપ અનુગમા, મન નય અનયોગ એ ચાર, મન૦ ષટ્ ચઉ દુગ સગ ભેદથી, મન૦ સૂત્ર તણો વિસ્તાર. મન૦ ૨. સૂત્ર સુણે સંશ્ય ટળે, મન૦ શ્રદ્ધા નિર્મળ થાય, મન૦ તત્ત્વજ્ઞાનમાં ચિત્ત રમે, મન૦ દુર્મતિ દૂર પલાય. મન૦ ૩. શ્રુતવાસિત જે પ્રાણીયા. મન૦ તે લહે ભવજળ પાર, મન૦ જ્ઞાન ભાણ જસ ઝળહળે, મન૦ તે કરે જગ નિસ્તાર. મન૦ ૪. સૂત્ર લખાવે સાચવે, મન૦ પૂજે ધ્યાયે સાર, મન૦ ભણે ભણાવે શુભ મને, મન૦ અનુમોદે ધરી પ્યાર મન૦ ૫. તે સુર નર વર સુખ લહી મન૦ કર્મ કઠિન કરે દૂર, મન૦ કેવલ કમલા પામીને મન૦ શિવવહુ વરે સસનૂર. મન૦૬ . ગુરૂ મુખ પદ્મની દેશના, મન૦ સાંભળી હર્ષ અપાર, મન૦ રૂપવિજય કહે તે લહે, મન૦ નિત્ય નિત્ય મંગલ ચાર, મનમોહન મેરે. ૭.

## સ્તુતિ

સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ,
એવા પરિવારે યુગમંધર ભગવાન,
દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર,
વાચક જશ વંદે નિત નિત વાર હજાર.

# શ્રી અનુયોગદ્વાર સૂત્ર

**અનુયોગદ્વાર** - નંદીસૂત્ર દ્વારા મંગલિક થયું. હવે સૂત્રનો અર્થ સાથે યોગ કરવામાં આવે તેને અનુયોગ કહેવાય. સૂત્રનો અર્થ સાથે યોગ કેવી રીતે કરવો ? તેના માટે અનેક દ્વારો આપેલા છે.

કોઇપણ વસ્તુના ઓછામાં ઓછા ચાર નિક્ષેપા હોય. ૧) નામ ૨) સ્થાપના ૩) દ્રવ્ય ૪) ભાવ.

કોઇ છોકરાનું નામ આવશ્યક રાખ્યું હોય તો તે નામ આવશ્યક કહેવાય.

સ્થાપના આવશ્યક - આવશ્યકની ક્રિયા કરનારનું ચિત્ર હોય.

**દ્રવ્યાવશ્યક** - ૧) આગમથી અને ૨) નો આગમથી એમ બે ભેદ છે તેમાં નો આગમ ત્રણ ભેદ ૧) જ્ઞશરીર ૨) ભવ્યશરીર ૩) તદવ્યતિરિક્ત

૧) જ્ઞશરીર - જેને ''આવશ્યકનું'' જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. તેવા સાધુનો મૃતદેહ તે દ્રવ્યથી નોઆગમથી જ્ઞશરીર આવશ્યક કહેવાય.

૨) ભવ્ય શરીર - હાલ ''આવશ્યક''નું જ્ઞાન પ્રાપ્ત કર્યું નથી. પણ ભવિષ્યમાં જે ''આવશ્યક''નું જ્ઞાન પ્રાપ્ત કરવાના છે તેને દ્રવ્યથી નોઆગમથી ભવ્યશરીર કહેવાય.

૩) તદ્વ્યતિરિક્ત - તદ્વ્યતિરિક્ત દ્રવ્યાવશ્યકના ત્રણ ભેદ છે ૧) લૌકિક ૨) કુપ્રાવચનિક ૩) લોકોત્તર.

૧) લૌકિક - સામાન્યથી મનુષ્યો પ્રભાત થતા સ્નાન કરવું, દાતણ કરવું, શરીર પર તેલનું માલિશ કરવું, કાંસકી વડે વાળ ઓળવા રૂપ વિગેરે દ્રવ્યાવશ્યક કરે છે. આ લૌકિક આવશ્યક કહેવાય.

૨) કુપ્રાવચનિક - જે પાખંડીજનો ચામુંડા વિગેરે દેવતાના સ્થાનોમાં ફૂલો વડે પૂજા કરવી, ધૂપપૂજા કરવી, વિલેપનાદિ આવશ્યક કાર્યો કરે છે. તે કુપ્રાવચનિક આવશ્યક કહેવાય.

૩) લોકોત્તર - જે સાધુઓના ગુણરહિત છે. કેવલ વેશમાત્ર ધારણા કરી, સાધુ જેવા ગણાતા, પગલે પગલે અનેક અસંયમ સ્થાનનું સેવન કરનારા મુનિઓ જે સવાર સાંજ પ્રતિક્રમણાદિ અવશ્ય કાર્યો કરે છે તે લોકો દ્રવ્યાવશ્યક કહેવાય.

ભાવવશ્યક - બે ભેદ છે ૧) આગમથી ૨) નો આગમથી

૧) આગમથી - આવશ્યક અર્થના ઉપયોગરૂપ પરિણામ તે આગમથી ભાવ આવશ્યક છે. અને 'નો' શબ્દથી જ્ઞાનનો દેશથી નિષેધ છે. નો શબ્દ મિશ્રવાચી છે. જ્ઞાન ક્રિયા ઉભયનો પરિણામ સમજાવો.

૨) નોઆગમથી - નોઆગમથી ભાવ આવશ્યક ૧) લૌકિક ૨) લોકોત્તર ૩) કુપ્રાવચનિક એમ ત્રણ પ્રકારે છે.

૧) લૌકિક - દિવસના પૂર્વ ભાગમાં મહાભારત વાંચવું. અને પાછલા ભાગમાં રામાયણ આદિ વાંચવું તે.

૨) લોકોત્તર - ઉપયોગપૂર્વક આવશ્યક શ્રવણ કરવું આવશ્યક અર્થમાં પરિણામયુક્ત થઇને, સવાર સાંજ પ્રતિક્રમણ

આદિ અવશ્ય કરવા યોગ્ય ક્રિયાઓ કરે તે લોકોત્તર ભાવ આવશ્યક છે.

૩) કુપ્રાવચનિક - મંત્ર પાઠાદિ પૂર્વ યજ્ઞમાં અંજલિ હોમાદિ કરવા તે કુપ્રાવચનિક ભાવ આવશ્યક છે.

આમ આવશ્યકના અલગ અલગ દૃષ્ટિકોણથી અર્થો સમજાવ્યા. પરંતુ હવે અહીં કોનો અધિકાર છે ? તો અહીં બીજા કોઇ આવશ્યક લેવા નહિ.

માત્ર મુક્તિના હેતુથી જે આવશ્યક કરે તેનો જ અહીં અધિકાર છે. લોકોત્તર ભાવ આવશ્યક એ ખરેખર મોક્ષસુખની પ્રાપ્તિમાં કારણભૂત હોવાથી લોકોત્તર ભાવ આવશ્યક જ શ્રેષ્ઠ છે.

અનુયોગના મૂળ ચાર દ્વાર છે. ૧) ઉપક્રમ ૨) નિક્ષેપ ૩) અનુગમ ૪) નય.

૧) ઉપક્રમ - ઉપક્રમના પણ અલગ અલગ અર્થ થાય છે. ઉપક્રમ એટલે સમીપમાં લાવવું. આ કાર્યનો ઉપક્રમ કરવાનો તો અહીં ઉપક્રમનો "આરંભ" અર્થ થશે. આના આયુષ્યનો ઉપક્રમ થયો. અહીં ઉપક્રમનો અર્થ "નાશ થવું" થાય.

વળી તે ઉપક્રમ ૧) નામ ૨) સ્થાપના ૩) દ્રવ્ય ૪) ક્ષેત્ર ૫) કાળ ૬) ભાવથી ૬ પ્રકારે છે. વળી તેમાં આગમથી નો આગમથી અનેક પેટાભેદો છે.

તમે સૂત્ર બોલો પણ ઉપયોગ નથી. તો તે આગમથી કહેવાય. વિગેરે વિગેરે...

ઉપક્રમના ૬ ભેદો છે. ૧) આનુપૂર્વી ૨) નામ ૩) પ્રમાણ ૪) વક્તવ્યતા ૫) અર્થાધિકાર ૬) સમવતાર.

૨) નિક્ષેપ - નિક્ષેપના ત્રણ ભેદો છે. ૧) ઓઘનિષ્પન્ન ૨) નામનિષ્પન્ન ૩) સૂત્ર આલાપક નિષ્પન્ન.

૩) અનુગમ - અનુગમના બે ભેદ છે ૧) સૂત્ર અનુગમ ૨) નિર્યુક્તિ અનુગમ વલી નિર્યુક્તિ અનુગમના ત્રણ પેટાભેદ. ૧) નિક્ષેપ નિર્યુક્તિ ૨) ઉપોદ્‌ઘાત નિર્યુક્તિ ૩) સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ.

૪) નય - છેલ્લે ગ્રંથમાં નયની ચર્ચા આવે છે.

નય સાત છે ૧) નૈગમ ૨) સંગ્રહ ૩) વ્યવહાર ૪) ઋજુસૂત્ર ૫) શબ્દ ૬) સમભિરૂઢ ૭) એવંભૂત નય.

એવંભૂત નય

ઇન્દ્ર શબ્દનો જે અર્થ થાય. તદનુરૂપ ક્રિયા કરતો હોય તેને જ ઇંદ્ર કહેવાય.

મૌન હોય ત્યારે જ મુનિ કહેવાય - આ એવંભૂતનયની દૃષ્ટિ છે.

# આગમની અનુપ્રેક્ષા

# પ્રસ્તાવના...

શ્રુતજ્ઞાનની સુરગંગામાં સર્વાંગીણ સ્નાન કરનારા. જ્ઞાનમગ્ન આત્માનું સુખ શબ્દોમાં વ્યક્ત થઈ શકતું જ નથી !

ભીષણ ભવવનમાં ભટકાવનારા વિષયાનંદથી મુક્ત થવાનો એક માત્ર અણમોલ ઉપાય જ્ઞાનાનંદ છે.

એ જ્ઞાનાનંદની પ્રાપ્તિ માત્ર પુસ્તકોને, શાસ્ત્રોને કે ગ્રંથોને વાંચી લેવા માત્રથી થતો નથી. એના માટે પુરુષાર્થ કરવામાં આવે તો જ જ્ઞાનાનંદનો અનુભવ થાય.

ખરેખર તો શાસ્ત્રનું શ્રવણ કરવાનું હોય છે. શાસ્ત્રોને સાંભળવાનું કામ કરવાનુ છે. શાસ્ત્રજ્ઞ સદ્‌ગુરુ શાસ્ત્ર બોલે અને જ્ઞાનાર્થી શિષ્ય એને સાંભળે. પરંતુ એ ક્યારે સાંભળી શકે ?

એટલે, શાસ્ત્રશ્રવણ કરવા માટે.

૧. દેહની સ્થિરતા

૨. વાણીનું અનુચ્ચારણ, અને

૩. વિચારોથી મુક્તિ.

શાસ્ત્રજ્ઞ સદ્‌ગુરુ પાસે વિનયથી બેસવાનુ

સ્મૃતિમાંથી કોઇ અંશ ભૂસાઇ ગયો...

આ તો તમે પ્રાકૃત, સંસ્કૃત કે ગુજરાતી વગેરે ભાષાનાં શબ્દો, વાક્યો કે ગ્રંથ સ્મૃતિના ભંડાર ભર્યા; આગળ વધીને એ શબ્દો, વાક્યો કે ગ્રંથના માત્ર અર્થજ્ઞાનને પ્રાપ્ત કરીને તમારી સ્મૃતિમાં એનો સંગ્રહ કર્યો, એ સંગ્રહને સાચવી રાખ્યો.

શાસ્ત્રવચનોની અનુપ્રેક્ષા-ચિંતન-મનન કરવાથી જ જ્ઞાનાનંદ પ્રગટે છે. વિષયાનંદ એને તુચ્છ અને અસાર ભાસે છે. ચિત્તમાં તો જ્ઞાનાનંદનો જ અનુભવ કરતો રહેશે.

ભિન્ન ભિન્ન વિષયોને સ્પર્શતાં, ભિન્ન ભિન્ન ગ્રંથોમાંથી લીધેલા. અદ્‌ભુત જિનવચનોનો સંગ્રહ આપ્યો છે.

**परो हि योगो मनसोवशत्वम् । २९-१४५**

૧. મનની વ્યગ્રતા, મનની સ્વચ્છંદતા કોને ન હોય ? સુસાધુને ન હોય, કેવું સરસ પ્રતિપાદન કર્યું છે–

**मनोव्यग्रता नास्ति सुसाधूनाम् । ३६-१९३**

૨. ''અધિકાર ! અધિકાર !'' ની બૂમ પાડનારાઓ અને આકાંક્ષાઓ

રાખનારાઓને કેવુ સ્પષ્ટ કહી દે છે ! મૂર્ખને કોઇ પણ વિષયમાં, કોઈ જાતનો અધિકાર નથી.

**मुर्खस्य सर्वत्रानधिकारित्वात् । ३७-१९६**

૩. જ્ઞાન અને જ્ઞાની (ગીતાર્થ મુનિ)નું હાર્દિક મૂલ્યાંકન કરવાનું સ્પષ્ટ વિધાન જુઓ–

**गीतार्थतायां महानादरो विधेयः । ३७-१९७**

૪. બીજા મનુષ્યોના હૃદયમાં વસી જવા માટે, બીજાઓની આંખોના તારા બની જવા માટે કેવો સરળ અને સીધો માર્ગ બતાવે છે. ''પરોપકારપરાયણ બની જાઓ !''

**परोपकारपरो हि पुमान् सर्वस्य नेत्रामृताञ्जनम् । ४१-२२१**

૫. પરોપકારની પવિત્ર પ્રવૃત્તિમાં પણ વિવેકદૃષ્ટિ આપનારૂ આ આગમ વચન ધ્યાનમાં રાખવું જ પડે. ''પોતાના આત્મા માટે એ પરોપકાર ઉપકારી હોવો જોઇએ.''

**परोपकारी हि स एव सुधिया विधेयो य आत्मना उपकारको भवति ।**

**८८-४३७**

૬. **न हि उत्तमाः स्वप्नेऽपि नीचजनवार्तां श्रुण्वन्ति कुर्वन्ति वा । ४५-२३९**

ઉત્તમ પુરુષો સ્વપ્નમાં પણ હલકા માણસોની વાતો સાંભળતા નથી કે કરતા નથી.

૭. એક દોષ એક વ્યક્તિમાં જુએ છે ત્યારે બીજાઓ માટે પણ એવી જ દોષશંકા કરતા હોય છે.

**न तु एकस्य दोषदर्शनमात्रेण सर्वेषां तदाशङ्का कर्तुं युक्ता । ५४-२९१**

૮. ધર્મોપદેશ કોણ આપે ? "જેને બોલતાં આવડે તે ધર્મોપદેશ આપે." એવી એક માન્યતા બંધાઈ જાય છે, તે માન્યતા ખરેખર સ્વ-પરને નુકશાન કરનારી છે. અહીં આગમવાણી માર્ગદર્શન આપે છે: "સંવિગ્ન ગીતાર્થ જ પરમ કરુણાથી ઉપદેશ આપે. બીજાઓ પહેલાં પોતાના જ આત્માને બોધ આપે !"

**संविग्गो गीयत्थो बोहेइ परंपराइ करुणाए ।**
**अन्नो पुण तुसिणीओ पुव्विं बोहेइ अप्पाणं ॥ १०४-४८७**

૯. બીજા જીવોમાં ગુણ જોનાર ગુણી છે, બીજા જીવોમાં દોષ જોનાર દોષી છે !

गुणी गुणान् पश्यति दोषी च दोषान् पश्यति ।
१६५-७०९

१०. અહિંસા, ધ્યાન, રાગાદિનિગ્રહ અને સાધર્મિક-।। શ્રી અનુરાગ. આ ચાર વાતો જિનશાસનનો સાર છે !

किं सारं जिनशासने ?

अहिंसा ध्यानयोगश्च रागादिनां विनिग्रहः
साधर्मिकानुराग' च सारमेतज्जिनशासने ।

१९३-८०७

# લેખકનું પ્રાક્કથન

જે પૂ. સાધુ-સાધ્વી ભગવંતોને સંસ્કૃત-પ્રાકૃત ભાષાનું જ્ઞાન ન હોય અને શ્રાવક-શ્રાવિકાને પણ આવા આધ્યાત્મિક અને તાત્વિક આગમિક પદાર્થોનો બોધ સરળતાથી થાય તે માટે ગુજરાતીમાં પણ તેનો ભાવાર્થ અને ક્યાંક ક્યાંક જરૂરી વિવેચન કર્યું છે. આ એક જ પુસ્તકમાંથી અનેક ગ્રંથોના તાત્ત્વિક પદાર્થોનો બોધ સૌ કોઇને મળી રહે તે શુભ ધ્યેયથી. પુસ્તક તૈયાર કર્યું છે.

છદ્મસ્થ સહજ કે પ્રેસ દોષના કારણે કાંઇપણ શાસ્ત્ર વિરુદ્ધ આ ગ્રંથમાં છપાઇ ગયું હોય તો હાર્દિક મિચ્છામિ દુક્કડ.

|| શ્રી આદિનાથાય નમઃ ||

**નમો નાણસ્ય**

# આગમ અનુપ્રેક્ષા

१. **जिनमताय मम नमोऽस्तु ।**
**અર્થ** – જિનમતને મારો નમસ્કાર થાઓ.

२. **सर्वार्हदाज्ञा प्रमाणमेव कार्या ।**
**અર્થ** – અરિહંતની સર્વ આજ્ઞા પ્રમાણ કરવી જોઇએ. સર્વ આજ્ઞા સત્ય માની તેનો હૃદયથી સ્વીકાર કરવો જોઇએ.

३. **मूलोत्तर गुणानामाधारः सम्यक्त्वं ।**
**અર્થ** – મૂલ ગુણો, ઉત્તર ગુણોનો આધાર સમકિત છે (સર્વ ગુણોની આધારશીલા સમકિત છે.)

४. **अनुकम्पा प्रवणचित्तो जीवः सामायिकमवश्य लभते, अनुकम्पा युक्तत्वात् ।**
**અર્થ** – અનુકંપામાં (દયામાં) તત્પર ચિત્તવાળો જીવ સામાયિકને (સંયમને) પ્રાપ્ત કરે છે. કારણ કે તે અનુકંપાથી યુક્ત છે.

५. **आज्ञाराधकश्च कर्मक्षपयति शुभ वा तद् बध्नाति ।**
**અર્થ** – જિનાજ્ઞાનો આરાધક અશુભ કર્મોને ખપાવે છે અથવા શુભ કર્મોને બાંધે છે.

६. **चक्रवत्तित्वं हि सम्यग्दष्टयः एव निर्वर्त्तयन्ति ।**
**અર્થ** – ચક્રવર્તીપણાનું પુણ્ય સમ્યગ્દષ્ટિ આત્માઓ જ બાંધે છે.

७. जस्स पुण उक्कोसिया चरित्ताराहणा तस्स दंसणाराहणा नियमा उक्कोसा ।

**અર્થ** – જેને ચારિત્રની ઉત્કૃષ્ટ આરાધના હોય તેને નિયમા (નક્કી) સમ્યગ્દર્શનની ઉત્કૃષ્ટ આરાધના હોય.

८. अष्ट वर्षस्यैव प्रवज्यार्हत्वात् ।

**અર્થ** – આઠ વર્ષનો (મનુષ્ય) જ પ્રવજ્યાને (દીક્ષાને) લાયક છે. (તે પૂર્વે નહિ.)

९. यथाऽनागताद्धाया अन्तो नास्ति एवमतीताद्धाया आदिरिति समतेति ।

**અર્થ** – જેમ ભવિષ્યકાળનો અંત (છેડો) નથી તેમ ભૂતકાળની આદિ નથી. માટે તે બંને સમાન છે.

१०. न पुनरेकदा सुखदुःखवेदनमस्ति, एकोपयोगत्वाज्जीवस्य ।

**અર્થ** – એક સમયે એક સાથે સુખ-દુઃખ બંનેનો અનુભવ ન હોય. કારણ કે જીવને (એક કાળે) એક જ ઉપયોગ હોય.

११. अनुप्रेक्षाया उपयोगमन्तरेणाभावाद् ।

**અર્થ** – અનુપ્રેક્ષા (સ્વાધ્યાય) મનના ઉપયોગ વિના ન હોય.

१२. एकस्यापि सूत्रस्यानन्तोऽर्थः ।

**અર્થ** – એક સૂત્રનો પણ અનંત અર્થ છે.

१३. अचिन्त्यत्वात् पुद्गलपरिणामस्य ।

**અર્થ** – પુદ્‌ગલનો પરિણામ અચિંત્ય છે.

१४. न हिंस्यात् सर्वभूतानि ।

**અર્થ** – કોઇપણ જીવોની હિંસા કરવી ન જોઇએ.

१५. जीवदयामूलत्वाद् धर्मस्य ।

**અર્થ** – ધર્મ જીવદયામૂલક છે.

१६. सर्वत्र ज्ञानक्रियाऽविनाभाविन्येव पुरुषार्थसिद्धिः ।

**અર્થ** – સર્વત્ર જ્ઞાન અને ક્રિયા ઉપયથી જ પુરુષાર્થની સિદ્ધિ થાય છે. (એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી કાર્યસિદ્ધિ ન થાય.)

१७. येन गुरोः समीपे धर्मः श्रुतः स एवान्यान् श्रावयति, नान्यः ।

**અર્થ** – જેણે પોતાના ગુરુ પાસે ધર્મ સાંભળ્યો હોય તે જ બીજાઓને ધર્મ સંભળાવે, બીજે નહિ.

१८. नमस्कारस्य पाठस्य नित्यत्वात्, तीर्थवर्त्तिना केनाऽपि पराकर्त्तु मशक्यत्वात् । (धर्मपरीक्षा)

**અર્થ** – નવકારનો પાઠ નિત્ય હોવાથી તીર્થમાં (શાસનમાં) રહેલા કોઈનાથી તેમાં ફેરફાર કરવો શક્ય નથી.

१९. उत्सूत्रभाषिणोऽनुपरताः मृताः सन्तो नियमादनन्त संसारिण एव स्युः । (धर्मपरीक्षा)

**અર્થ** – શાસ્ત્રવિરૂદ્ધ બોલનારા ઉત્સૂત્રભાષણથી આલોચના લઈ નિવૃત્ત ન થાય અને મરે તો નિયમા (નક્કી) અનંત સંસારી જ થાય.

२०. कारणाभावात्कार्यस्याप्यभावः ।

**અર્થ** – કારણના અભાવથી કાર્યનો પણ અભાવ હોય.

२१. हिताहित प्राप्ति परिहारोपदेष्टा गुरुः ।

**અર્થ** – આત્મહિતને સાધવાનો અને આત્મ અહિતનો ત્યાગ કરવાનો ઉપદેશ આપનાર ગુરુ કહેવાય.

२२. **जिनेन्द्राज्ञा पराङ्मुखो जिनेन्द्रमेव महाविभूत्या पूजयन्नपि तिरस्करणीयः ।**

**અર્થ** – જિનાજ્ઞાથી પરાઙમુખ (જિનાજ્ઞાને ન માનતો) એવો જીવ જિનેશ્વદેવની મોટી વિભૂતિ (વૈભવ) થી પૂજા કરતો હોય તો પણ અવજ્ઞાને પાત્ર છે. (જ્યાં જિનાજ્ઞા નથી ત્યાં જિનપૂજા નથી.)

२३. **विशिष्ट कष्टस्य कर्मक्षय प्रत्यकारणत्वाज्जिनाज्ञाया एव कर्मक्षय प्रति कारणत्वात् ।**

**અર્થ** – કર્મક્ષયમાં વિશિષ્ટ દેહકષ્ટ એ કારણ નથી, પરંતુ જિનાજ્ઞાનું પાલન એ જ કર્મક્ષયમાં (મુખ્ય) કારણ છે.

२४. **द्रव्यपूजा हि भावपूजा कारणं ।**

**અર્થ** – દ્રવ્યપૂજા જ ભાવપૂજાનું કારણ છે.

२५. **यथाशक्ति यथोचितं यथावसरं च परस्पराबाधया सर्वमपि धर्मानुष्ठानमनुष्ठेयं ।**

**અર્થ** – યથાશક્તિ યથોચિત યથા અવસરે પરસ્પર એક બીજા ધર્માનુષ્ઠાનને બાધા ન આવે એ રીતે ધર્મકાર્યો કરવાં જોઇયે. (દા. ત. પૂજાના અવસરે પૂજા અને પ્રવચનના અવસરે પ્રવચન સાંભળવું.)

२६. **सर्वत्रैव सूत्रस्य मार्गेण चरेद् भिक्षु**

**અર્થ** – સર્વત્ર સાધુ શાસ્ત્રોક્ત માર્ગે ચાલે. (શાસ્ત્રોક્ત માર્ગ છોડીને ચાલનારો સાધુ ન કહેવાય.)

२७. प्रति अवसर्प्पिणी चरम श्रुतधरः सूत्रपाठ मर्यादां कुरुते ।

**અર્થ** – દરેક અવસર્પિણીમાં છેલ્લા શ્રુતધર (ભગવંત) સૂત્રપાઠની મર્યાદા કરે છે.

२८. न हि उत्सूत्रभाषिसमीपे सम्यग्दष्टिदेवता प्रादुर्भवति, किंतु ततो दूरत एव नश्यति । (प्रवचन परीक्षा)

**અર્થ** – ઉત્સૂત્ર ભાષણ કરનાર પાસે સમ્યગ્દષ્ટિ દેવે। (શાસનદેવે।) પ્રગટ થતા નથી, પરંતુ તેનાથી દૂર જ ભાગે છે.

२९. उत्सूत्रमार्गपतितः प्रभावको न भवति ।

**અર્થ** – ઉત્સૂત્રમાર્ગે ગયેલો શાસન પ્રભાવક બનતો નથી.

३०. स एवाचार्यो जिनसदृशः यो जिनमत सम्यक् यथावस्थित प्रकाशयति, इतरथा स पापपुञ्जः परित्याज्यः ।

**અર્થ** – તે જ આચાર્ય જિન સમાન (તીર્થંકર સમાન) છે કે જે જિનમતની યથાવસ્થિત પ્રરૂપણા કરે છે. પણ જો એમ ન કરતો હોય તો તે પાપપુંજ સ્વરૂપ આચાર્યનો પરિત્યાગ કરવો જોઇએ.

३१. जिनपूजा विघ्नकरो महापातकी ।

**અર્થ** – જિનપૂજા કરનારને ખોટો ઉપદેશ આપીને જિનપૂજા કરતાં અટકાવનારો મહાપાપી છે.

३२. शरीरचिन्ता निमित्तमपि बहिर्गमनं साध्वीनामनुचितं, कथं स्वेच्छया तासां ग्रामानुग्राम विहार करणमुचितम् ।

**અર્થ** – શરીરચિન્તા નિમિત્તે પણ ઉપાશ્રયની બહાર જવું તે પણ સાધ્વીઓ માટે અનુચિત છે, તો પછી સ્વેચ્છાએ એક ગામથી બીજે ગામ વિહાર કરવાનું તો તેઓને ઉચિત ક્યાંથી જ હોય ?

३३. मनसोऽशुभव्यापारे प्रवर्त्तनं, श्रुतमेव निगृह णाति ।
**અર્થ** – અશુભમાં પ્રવૃત્તિ કરતા મનને રોકનાર શ્રુતનો અભ્યાસ છે. (કુંભે બાંધ્યું જળ રહે, જ્ઞાને બાંધ્યું મન રહે.)

३४. केवल सूत्रवादी मिथ्यादृष्टिरेव भवति ।
**અર્થ** – માત્ર સૂત્રને માનનારો મિથ્યાદૃષ્ટિ જ છે. (પંચાંગી આગમને માને તે જ સમ્યગ્દૃષ્ટિ.)

३५. तीर्थंकराज्ञया भुञ्जानः अपि उपवासी ।
**અર્થ** – તીર્થંકરની આજ્ઞાથી ખાનારા પણ ઉપવાસી છે.

३६. अवश्य भाविनो वस्तुनः स्थगितिर्बलवत्ताऽपि कर्तुमशक्याः ।
**અર્થ** – જે વસ્તુ અવશ્ય બનવાની હોય તેને બળવાન પુરુષ પણ રોકવા સમર્થ નથી.

३७. श्रावकधर्मः साधुधर्मद्वारा मोक्षकारणं ।
**અર્થ** – શ્રાવકધર્મ એ સાધુધર્મ દ્વારા મોક્ષનું કારણ છે. (મોક્ષનું સાક્ષાત્ કારણ તો સાધુધર્મ જ છે. જ્યારે શ્રાવકધર્મ સાધુધર્મ પેદા કરીને મોક્ષમાં કારણ બને છે.)

३८. साधुधर्माशक्तस्यैव श्रावक धर्मानुज्ञा ।
**અર્થ**–સાધુધર્મ પાળવાની અશક્તિમાંજ શ્રાવકધર્મ પાળવાની આજ્ઞા છે.

३९. यावत्कायिक व्यापारस्तावदारम्भादि संभवः, न च तद् भित्या संयमाद्यनुष्टानमपि परिहर्त्तव्य ।
**અર્થ** – જ્યાં સુધી કાયિક પ્રવૃત્તિ છે ત્યાં સુધી આરંભ સમારંભનો સંભવ રહેવાનો. પરંતુ આરંભ સમારંભના ભયથી સંયમના અનુષ્ઠાનો છોડવાં નહિ જોઇએ.

(દા. ત. વિહાર કરતાં રસ્તામાં નદી આવી. તો સાધુએ જયણાપૂર્વક નદી ઉતરવી જોઇએ. પણ વિરાધનના ભયથી પાછા વળી જવું જોઇએ નહિ.)

**૪૦. सति सामर्थ्ये साधुवृत्यैव स्थेयं ।**

**અર્થ** – છતી શક્તિએ સાધુની વૃત્તિથી રહેવું જોઇએ. (શક્તિ હોય તો સાધ્વાચારનું બરાબર પાલન કરવું જોઇએ.)

**૪૧. प्रव्रजितेन साधुना नैकत्र स्थेयं, कुलादिप्रतिबन्धेन बहुदोषसंभवात् ।**

**અર્થ** – દીક્ષિત સાધુએ એક જગ્યાએ ન રહેવું જોઇએ. કારણ કે એક જગ્યાએ વધુ રહેવાથી ગૃહસ્થોના ઘરો સાથે, લોકો સાથે ગાઢ રાગ થવાથી ઘણા દોષો ઉત્પન્ન થાય છે.

**૪૨. श्रावकाणां साधूनां च परस्परं अपेक्षा । श्रावकाभावे कस्य धर्मः श्रावते ? नहिं रोगिणोऽभावे निपुणस्यापि वैद्यस्य चिकित्सा कर्म संभवति ।**

**અર્થ** – શ્રાવકો અને સાધુઓને પરસ્પર અપેક્ષા રહેલી છે. શ્રાવકના અભાવે સાધુ કોને ધર્મ સંભળાવે ? (અને શ્રાવક સાધુના અભાવે કોની પાસે ધર્મ સાંભળે ?) રોગીના અભાવે નિષ્ણાત વૈદ્યનું પણ ચિકિત્સાકર્મ સંભવતું નથી. (જેમ રોગી અને વૈદ્યને પરસ્પર અપેક્ષા છે તેમ શ્રાવક અને સાધુને પરસ્પર અપેક્ષા છે.)

**૪૩. साधु विरहित देशे श्रावकस्य निवासो न युक्तः ।**

**અર્થ** – સાધુરહિત દેશમાં શ્રાવક (જૈનો)ને રહેવું ઉચિત નથી. (અમેરિકા, આફ્રિકા જનારા જૈનોએ આ બાબતનો ખાસ વિચાર કરવાની જરૂર છે.)

४४. श्रावकस्तावत्तीर्थे साध्वादीनां हितेच्छुर्यथाशक्ति तद् भक्त्युद्यतः प्रतिसमयमनन्ताः पापप्रकृतीः परिशाटयति, पुण्य प्रकृतीश्च बध्नाति ।

**અર્થ** – શ્રાવક (જૈન) સંઘમાં રહેલા સાધુ-સાધ્વીઓનો હિતેચ્છુ યથાશક્તિ તેઓની ભક્તિ-સેવામાં તત્પર બનેલો પ્રતિસમય અનંતી પાપ પ્રકૃતિઓનો નાશ કરે છે અને અનંતી પુણ્ય પ્રકૃતિઓને બાંધે છે. (સાધુ-સાધ્વીની ભક્તિનું ફળ કેટલું બધું છે તેનો વિચાર શ્રાવક-શ્રાવિકાઓ કરે.)

४५. गुरुकूलवास एव ज्ञानादि संपद् हेतुः ।

**અર્થ** – ગુરુનિશ્રા-ગુરુપારતંત્ર્ય એજ જ્ઞાનાદિ સંપત્તિનું કારણ છે.

४६. अर्हदादिस्मरणं तु महानिर्जराङ्गम् ।

**અર્થ** – અરિહંત, સિદ્ધ વગેરે પરમેષ્ઠિઓનું નામસ્મરણ મહાન નિર્જરાનું અંગ (સાધન) છે.

४७. वैयावृत्यं च महानिर्जराहेतुः तीर्थकरपदतानिबन्धनं ।

**અર્થ** – વૈયાવચ્ચ એ મહાન નિર્જરાનું અને તીર્થંકરપદનું કારણ છે.

४८. न हि तीर्थं संविग्नाचार्य विरहितं भवेत् ।

**અર્થ** – તીર્થ (જૈન શાસન) સંવિગ્ન ગીતાર્થ આચાર્ય વિનાનું (કદી) ન હોય. અર્થાત્ તીર્થ હોય તે સંવિગ્ન ગીતાર્થ આચાર્યથી યુક્ત જ હોય.

४९. यावदपवादप्रयोजनं न पतति तावदुत्सर्ग एव बलवान्, अपवादस्थाने चापवादः ।

**અર્થ** – જ્યાં સુધી અપવાદની જરૂર ન પડે ત્યાં સુધી ઉત્સર્ગ

(મુખ્યમાર્ગ) બળવાન અને અપવાદના સ્થાને અપવાદ બળવાન. ઉત્સર્ગના નિર્વાહ યોગ્ય દ્રવ્ય ક્ષેત્રકાળ ભાવનો યોગ ન હોય ત્યારે જ સંયમ કે વ્રતની રક્ષા માટે અપવાદ સેવવાનો હોય છે. 'કારણિકો અપવાદ બલીયાન્'

૫૦. **तीर्थंकराज्ञा व्यतिरिक्तं सर्वमपि प्रमादं ।**

**અર્થ** – તીર્થંકરની આજ્ઞા શૂન્ય (ભિન્ન) બધોજ પ્રમાદ છે. (જ્યાં તીર્થંકરની આજ્ઞાનું પાલન છે ત્યાં અપ્રમાદ છે અને જ્યાં તીર્થંકરની આજ્ઞાનું પાલન નથી ત્યાં પ્રમાદ છે.)

૫૧. **मिथ्यादर्शनं-अतत्त्वार्थश्रद्धानम् ।**

**અર્થ** – મિથ્યાદર્શન એટલે અતત્ત્વભૂત પદાર્થોની શ્રદ્ધા. (અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિ.)

૫૨. **संसारः परमं दुःखं, मोक्षश्च परमं सुखं ।**

**અર્થ** – સંસાર (એ) પરમ દુઃખ છે અને મોક્ષ (એ) પરમ સુખ છે.

૫૩. **संसारभीता न करन्ति पापम् ।**

**અર્થ** – સંસારથી ભય પામેલા (સાધુઓ) પાપ કરતા નથી અને સંસારથી ભય પામેલો ગૃહસ્થ પાપ કરે તો પણ દુઃખતા હૃદયે.

૫૪. **परस्य भार्या मनसाऽपि नेच्छेत् ।**

**અર્થ** – પારકાની સ્ત્રીની મનથી પણ ઇચ્છા ન કરે.

૫૫. **शीलं श्रियः कार्म्मणं । शीलं गुणानां निधिः ।**
**शीलं खनिः श्रेयसां । शीलं तु मुक्तिप्रदम् ।।**

**અર્થ** – શીલ લક્ષ્મીનું વશીકરણ છે, શીલ ગુણોનો ભંડાર છે. શીલ કલ્યાણની ખાણ છે, શીલ મુક્તિને આપનારું છે.

५६. सपुण्या यत्र गच्छन्ति भवेयुस्तत्र सम्पदः ।
**અર્થ** – પુણ્યશાળીઓ જ્યાં જાય છે, ત્યાં સંપત્તિઓ હોય છે.

५७. आचारहीनं न पुनन्ति वेदा, यद्यप्यधीताः सहषड्भिरङ्गै ।
**અર્થ** – આચારહીન છ અંગો સહિત વેદો ભણેલો હોય તો પણ પવિત્ર થતો નથી. (આચારહીનને વેદો પવિત્ર કરતા નથી.)

५८. एक्कावि जा समत्था जिणभक्ति दुग्गइं निवारेउं ।
**અર્થ** – એકલી જિનભક્તિ પણ દુર્ગતિને અટકાવવા સમર્થ છે.

५९. स्वच्छंदेन क्रियमाणं शोभनमपि भवाय भवति ।
**અર્થ** – પોતાના મનની કલ્પનાથી સારૂં કરેલું કામ પણ સંસાર (વૃદ્ધિ) માટે થાય છે.

६०. भोगतत्वस्य तु पुन र्न भवोदधिलङ्घनम् ।
**અર્થ** – ભોગમાં તત્ત્વબુદ્ધિવાળો જીવ ભવસમુદ્રનું ઉલ્લંઘન કરી શકતો નથી.

६१. बहु सावद्यो गृहवासः कथं श्रेयान् ?
**અર્થ** – બહુ પાપમય ગૃહવાસ શ્રેયકારી કેમ હોય ?

६२. विवेकः बहुश्रुत पूजात उपजायते ।
**અર્થ** – બહુશ્રુતની પૂજાથી વિવેક ઉત્પન્ન થાય છે.

६३. गुणैरुत्तमतां याति, न तु जाति प्रभावतः ।
**અર્થ** – મનુષ્ય ગુણોથી ઉત્તમતાને પામે છે. નહિ કે જાતિના પ્રભાવથી. (નિશ્ચયનયની અપેક્ષાએ જાણવું.)

६४. न च व्रतं विना धर्मः ।
**અર્થ** – વ્રત વિના ધર્મ ન હોય.

૬૫. ऋद्धि सत्कार सन्मानं तन्मनसाऽपि न प्रार्थयेत् ।

(उत्तराध्ययन सूत्र)

**અર્થ** – ઋદ્ધિ, સત્કાર, સન્માનની ઇચ્છા મનથી પણ ન કરવી.

૬૬. वरं प्राणपरित्यागो, न तु शीलस्य खण्डनं ।
प्राणत्यागे क्षणं दूःखं, नरकः शीलखंडने ।।

**અર્થ** – પ્રાણનો ત્યાગ કરવો સારો, પણ શીલનું ખંડન કરવું સારૂં નથી. (કારણ કે) પ્રાણત્યાગમાં ક્ષણનું દુઃખ છે જ્યારે શીલભંગમાં નરકનાં દીર્ઘકાળનાં દુઃખો છે.

૬૭. द्यूतं च मांसं च सुरा च वेश्या पापर्द्धि चौर्यं परदारा सेवा ।
एतानि सप्त व्यसनानि लोके घोरातिघोरं नरकं नयन्ति ।

**અર્થ** – જુગાર, માંસ, મદિરા, વેશ્યા, શિકાર, ચોરી, પરદારા; આ સાત વ્યસનો સંસારમાં ઘોરાતિઘોર નરકમાં લઈ જાય છે.

૬૮. भक्खणे देवदव्वस्स परत्थी गमणेण य ।
सत्तमं नरयं जंति सत्तवाराउ गोयमा ।

**અર્થ** – હે ગૌતમ ! દેવદ્રવ્યના ભક્ષણથી અને પરસ્ત્રીગમનથી મનુષ્ય સાતવાર સાતમી નરકમાં જાય છે.

૬૯. कृपणेन समो दाता न भूतो न भविष्यति ।
अस्पृशन्नैव वित्तानि, यः परेभ्यः प्रयच्छति ।

**અર્થ** – કૃપણ જેવો દાતા થયો નથી અને થશે નહિ, કેમકે તે ધનને અડ્યા વિના જ બીજાને ધન આપે છે.

૭૦. गुरुभक्तेः श्रुतज्ञानं भवेत् कल्पतरूपमम् ।

**અર્થ** – ગુરુભક્તિથી કલ્પવૃક્ષની ઉપમાવાળુ શ્રુતજ્ઞાન થાય (મળે).

૭૧. **गुणानुमोदनात: तत्तुल्यमेव पूर्वपुरुषानुष्ठानसममेव जायते फलं-कर्मक्षयादिको गुण: ।**

**અર્થ** – (પૂર્વ પુરુષોના) ગુણોની અનુમોદનાથી પૂર્વ પુરુષોએ આચરેલા અનુષ્ઠાનો સમાન ફળ પ્રાપ્ત થાય છે. ગુણની અનુમોદનાથી પૂર્વ પુરુષ જેટલી જ કર્મનિર્જરા, ગુણપ્રાપ્તિ વગેરેનો લાભ મળે છે. (દા. ત. બળદેવ મુનિ, તેમને વહોરાવનાર રથકાર અને બળદેવ મુનિના સંયમની અને રથકારના દાનની અનુમોદના કરનાર હરણ પણ સમાન ગતિને પામ્યું.)

૭૨. **रह: स्थानस्य चित्तविप्लुति निमित्तत्वात् ।**

**અર્થ** – એકાંત સ્થાન ચિત્તની મલીનતાનું નિમિત્ત છે. (પ્રાથમિક કક્ષાના સાધકો માટે 'એકાંત' એ બુરામાં બુરી ચીજ છે.)

૭૩. **यतिजन सहायता हि ब्रह्मचर्यगुप्तिर्वर्तते ।**

**અર્થ** – બ્રહ્મચર્યની નવ વાડોનું પાલન બીજા સાધુઓની સહાયતાની સારી રીતે થાય છે. (એકલ દોકલ સાધુ-સાધ્વીથી બ્રહ્મચર્યનું પાલન મુશ્કેલ બની જાય છે.)

૭૪. **गुरोर्वैयावृत्त्यमात्रमपि कुर्वन् महत् फलमासादयति, गुरु विषय वैयावृत्यमात्रस्यापि महत्वात् ।**

**અર્થ** – ગુરુની માત્ર વૈયાવચ્ચ કરનાર સાધુ પણ મહાન ફળને પ્રાપ્ત કરે છે. ગુરુ વિષયક માત્ર વૈયાવચ્ચ પણ મહાન વસ્તુ છે.

૭૫. **न हि मोक्षलक्षणं महाफलं महाप्रयत्नमन्तरेण साधयितु शक्यते ।**

**અર્થ** – મોક્ષરૂપી મહાફળ મહાન પ્રયત્ન વિના પ્રાપ્ત કરવું શક્ય

નથી. (તપ સંયમમાં જોરદાર પુરુષાર્થ વગર મોક્ષપ્રાપ્તિ શક્ય નથી.)

૭૬. **आज्ञा परतंत्रस्य बाह्या प्रवृत्तिर्विरतिं न बाधते ।**
**અર્થ** – જિનાજ્ઞાને આધીનની બાહ્ય પ્રવૃત્તિ વિરતિને બાધા પહોંચાડતી નથી. (જિનાજ્ઞાને આધીન મતિવાળાને નિયમા વિરતિના પરિણામ હોય.)

૭૭. **संसारभीरुरेव आलोचना प्रदाने योग्यः तस्यैव दुष्करकरणाध्यवसायित्वात् ।**
**અર્થ** – ભવભીરુ જ પોતાના પાપોની આલોચના (ગુરુ આગળ પ્રગટ કરવા) આપવા માટે યોગ્ય છે. કેમકે તે જ દુષ્કર કાર્ય કરવાના પરિણામવાળો હોય છે.

૭૮. **दुष्करं आलोचनादानं ।**
**અર્થ** – ગુરુ આગળ શુદ્ધ આલોચના કરવી દુષ્કર છે. (મોટા મોટા માસખમણના તપો કરવા, ઉગ્ર વિહાર કરવા હજુ સહેલા છે, પરંતુ માયા માન મુકીને શુદ્ધ હૃદયે ગુરુ આગળ પોતાના દોષોને પ્રગટ કરવા તે અતિ કઠીન કામ છે.)

૭૯. **अतिचारासेवनेन तप्यतेऽनुतापं करोति स एव तदालोचयितु शक्येति ।**
**અર્થ** – અતિચારોનું સેવન કરીને જે મનમાં પશ્ચાતાપ કરે છે તે જ સાચી આલોચના કરી શકે છે.

૮૦. **सशल्यमरणस्य संसारकारणत्वात् ।**
**અર્થ** – શલ્ય સહિત મરણ એ સંસારવૃદ્ધિનું કારણ છે.

(રૂક્મિ સાધ્વી અને લક્ષ્મણા સાધ્વી સશલ્ય મરી તો એકના ૧ લાખ ભવ થયા અને બીજા ૮૦ ચૌવિસી સુધી ભવમાં ભટકી.)

**૮૧. निःशल्यो व्रती ।**

**અર્થ** – વ્રતધારી શલ્ય વિનાનો હોય. (શલ્યને છૂપાવવાનું છે તો વ્રત કેવું ?)

**૮૨. शुभभावः आगमानुसारी भवति नियमेन । अनाज्ञानुगाम्यशुभ एव ।**

**અર્થ** – આગમાનુસારી પ્રવૃત્તિ કરનારને નિયમા શુભ ભાવ થાય છે, જ્યારે આગમબાહ્ય પ્રવૃત્તિ કરનારનો અશુભ ભાવ હોય છે.

**૮૩. पूर्वसाध्वपेक्षया हीनतर क्रिया परिणामत्वेऽपि दुःषमसाधूनां साधुत्वमेव ।**

**અર્થ** – પૂર્વકાળના સાધુઓની અપેક્ષાએ આ પંચમ કાળના સાધુઓની સંયમક્રિયાના ઉતરતા પરિણામ હોવા છતાં પણ તેઓને સાધુતા તો હોય જ. (દા. ત. સૈકા પહેલાં જેવાં ઘી દૂધ દહીં હતાં તેવાં આજે નથી છતાં તેને ઘી દૂધ દહીં કહેવાય છે. તેમ હજારો વર્ષો પૂર્વે જેવી સંયમક્રિયાઓ હતી તેવી આજે દુઃષમકાળના પ્રભાવે સાધુઓમાં ન હોવા છતાં પણ સાચા સાધુઓ તો હોય જ. (દરેક વસ્તુ કાળ પ્રમાણે હોય.)

**૮૪. सूत्रार्थानुस्मरणतः रागादि विनाशनं भवति ।**

**અર્થ**–શાસ્ત્રના અર્થનું ચિંતન કરવાથી રાગ દ્વેષ મોહનો નાશ થાય છે.

**૮૫. दुःप्रापं स्वचित्त रञ्जनम् ।**

**અર્થ** – પોતાના ચિત્તનું રંજન દુઃખે કરીને પ્રાપ્ત થાય છે. (પર ચિત્તરંજન કરવું સહેલું છે, પરંતુ સ્વચિત્તનું રંજન કરવું કઠીન છે.)

८६. विकथा प्रवृत्तो हि प्राणी न युक्तायुक्तं विवेचयति, स्वार्थहानीमपि न लक्षयति ।

**અર્થ** – વિકથામાં પ્રવૃત્ત થયેલો પ્રાણી યુક્ત કે અયુક્તનો વિચાર કરતો નથી. પોતાના સ્વાર્થની હાનિને પણ જોઇ શકતો નથી.

८७. प्रिय वाक्य प्रदानेन सर्वे तुष्यन्ति जन्तवः ।
तत्वात्तदेव वक्तव्यं, किं वचनेऽपि दरिद्रता ।।

**અર્થ** – પ્રિય વાક્યના દાનથી સર્વે જીવો ખુશ થાય છે. માટે તેવું પ્રિય વચન જ બોલવું જોઇએ. શા માટે વચનમાં દરિદ્રતા રાખવી જોઇએ ? (લાખોનું દાન દેનારા પણ અવસરે પ્રિય વાણીનું દાન દઇ શકતા નથી.)

८८. श्रावकस्य गुरुसमीप एव सूत्रार्थग्रहणं युक्तं ।

**અર્થ** – શ્રાવકે ગુરુ પાસેજ સૂત્રાર્થ ભણવાં યુક્ત છે.
(અહીં પંચમહાવ્રતધારી ત્યાગી ગુરુ સમજવા.)

८९. शरीरनिर्वाह कारणेष्वपि वस्तुषु मन्दादरो भवति भावश्रावकः ।

**અર્થ** – શરીર નિર્વાહના આધારભૂત સાધનો જેવા કે ધન ધાન્ય ઘર વગેરે વસ્તુઓમાં ભાવ શ્રાવક મંદ આદરવાળો હોય. (આસક્તિ ન હોય.)

९०. संविग्नगीतार्था आगम निरपेक्षं नाचरन्ति ।

**અર્થ** – સંવિગ્નગીતાર્થ મહાપુરુષો આગમ નિરપેક્ષ (આગમવિરુદ્ધ) પ્રવૃત્તિ કરતા નથી.

११. छट्ठट्ठम दसम दुवालसेहिं मासद्धमासखमणेहिं ।
अकरेंतो गुरुवयणं अणंत संसारिओ होई ॥

**અર્થ** – છઠ્ઠ અઠ્ઠમ ચાર પાંચ પંદર મહિનાના ઉપવાસ કરતો હોય, પણ ગુરુ આજ્ઞાનું પાલન ન કરે તો અનંત સંસારી થાય. (ગુર્વાજ્ઞા પાલનનું મહત્ત્વ કેટલું બધું છે તે આહિં સમજવા જેવું છે.)

१२. अभव्यस्य भव्याभव्यत्वशङ्काया अभावात् ।

**અર્થ** – અભવ્ય આત્માને 'હું ભવ્ય હોઇશ કે અભવ્ય' એવી શંકાનો અભાવ હોય. (જેને એમ થાય છે કે હું ભવ્ય હોઇશ કે અભવ્ય તે નિયમા ભવ્ય જ હોય.)

१३. असदाचारिणः प्रायो लोका कालानुभावतः ।
द्वेषस्तेषु न कर्तव्यः संविभाज्य भवस्थितम् ॥

**અર્થ** – કલિકાલના પ્રભાવે પ્રાયે કરીને લોકો અસદાચાર હોય છે તેથી તેવા લોકો ઉપર દ્વેષ ન કરવો, પરંતુ તેઓની ભવસ્થિતિનો વિચાર કરવો.

१४. न हि धर्माधिकारोऽस्ति हीनसत्त्वस्य देहिनः ।

**અર્થ** – હીનસત્ત્વવાળા જીવોને ધર્મનો અધિકાર નથી. (હીનસત્ત્વવાળા જીવો કંઇ લોભ-લાલચ કે ભય દેખતાં ધર્મને ધક્કો મારતાં વિચાર નથી કરતા.)

१५. न अगीतार्थस्य गुर्वादिपारतंत्र्यं विना गुणलेशसम्भावनापि,
प्रत्युत महानर्थसम्पात एव ।

**અર્થ** – ગુરુપારતન્ત્ર્ય વિના અગીતાર્થને જરા પણ ગુણની સંભાવના તો નથી, પરંતુ ઉલટો મહાન અનર્થ આવી પડે છે.

१६. स्री समुद्रेऽत्र गम्भीरे निमग्नमखिलं जगत् ।
उन्मज्जति महात्माऽस्माद् यति कोऽपि कथंचन ॥
**અર્થ** – આખું જગત સ્ત્રીરૂપી ગંભીર સમુદ્રમાં ડૂબેલું છે. તેમાંથી કોઇક મહાત્મા સ્ત્રીરૂપી સમુદ્રનો પાર પામે છે.

१७. स्थावर जीवजन्तुनां, पालनं नैव कुत्रचित् ।
अन्यत्र भक्षणं तेषां, बाहुल्येन निगद्यते ॥
**અર્થ** – જૈન ધર્મ સિવાય બીજે સ્થાવર જીવોની રક્ષા કરવાનું વિધાન નથી. પણ ઘણું કરીને તેઓનું ભક્ષણ કરવાનું કહેવામાં આવે છે.

१८. अन्यायार्जितं वित्तानां व्ययो धर्मे भवेन्नहि ।
केनचिद् यदि क्रियेत, तदा तत्र कषायता ॥
**અર્થ** – અન્યાયથી ઉપાર્જેલા ધનનો ઉપયોગ (પ્રાયે) ધર્મમાં થાય નહિ, અને કદાચ ધર્મમાં ઉપયોગ થાય તો પણ તેનો દાનધર્મ કષાયવાળો હોય. અથવા કષાય પ્રેરિત તેનું દાન હોય. (અન્યાયોપાર્જિત ધન ઉધમાત મચાવ્યા વિના ન રહે. કુલટા સ્ત્રીથી પતિ સુખી થાય તો જ અન્યાયોપાર્જિત ધનથી મનુષ્ય સુખી થાય.) આજે ઘર ઘરની અંદર જે કલેશ, કંકાસ અને કુસંપ દેખાય છે તેનું મુખ્ય કારણ આ કાળું નાણું છે. પૈસાના પૂજારીઓને આજે આ ન્યાયનીતિના ધર્મનો વિચાર કરવાની ફુરસદ જ ક્યાં છે ?

१८. त्रयाणां रहस्यं न सम्भवति, तेन कारणेन पर प्रत्ययकारणात्-परेषां प्रत्ययोत्पादनार्थं त्रयो विहरन्ति। इतरथा न समर्थः स आत्मनिग्रहं कर्तुम्, त्रयोऽपि चोत्सर्गतो न कल्पन्ते ।

**અર્થ** – ત્રણમાં ખાનગીની સંભાવના નથી. ત્રણ હોવાથી બીજાઓને વિશ્વાસનું કારણ અને છે. માટે ત્રણ સાધુઓએ સાથે વિહરવું જોઇએ. નહિતર તે સાધુઓ ઇન્દ્રિયદમન કરવા સમર્થ બની શકતા નથી. ઉત્સર્ગથી તો ત્રણ સાધુઓએ પણ વિચરવું ન જોઇએ, પણ અપવાદમાર્ગથી ઓછામાં ઓછા ત્રણ સાધુઓએ વિચરવું જોઇએ.

**૯૯. यत्र ज्ञानादीनां हानिस्तत्र न वस्तव्यम् ।**
**यत्र च सुशिक्षा ग्रहणे आसेवने च तत्र वस्तव्यम् ॥**

**અર્થ** – જ્યાં જ્ઞાન દર્શન ચારિત્રની હાનિ થતી હોય ત્યાં સાધુઓએ રહેવું ન જોઇએ, અને જ્યાં ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષા (ગુરુ તરફથી) મળતી હોય ત્યાં રહેવું જોઇએ.

**૧૦૦. आयसक्खियमेवेह पावगं परिवज्जए ।**

**અર્થ** – આત્માની સાક્ષીએ જ પાપનો ત્યાગ કરવો જોઇએ. (કોઈના ભયથી કે દબાણથી પાપનો ત્યાગ નથી કરવાનો, પરંતુ પાપ મારા આત્મા માટે સારૂં નથી, તે મારા માટે અકર્તવ્ય છે એમ સમજી પાપ ત્યાગ કરવાનો છે.)

**૧૦૧. जिन शासनस्य सारो जीवदया, निग्रहः कषायाणाम् ।**
**साधर्मिक वात्सल्य भक्तिश्च तथा जिनेन्द्राणाम् ॥**

**અર્થ** – જૈન શાસનનો (જૈન ધર્મનો) સાર જીવદયા, કષાયોનો નિગ્રહ, સાધર્મિક વાત્સલ્ય અને જિનેશ્વરદેવોની ભક્તિ છે.

**૧૦૨. समुदायकृतानां कर्मणां भवान्तरे समुदायेनैवोपभोगात् ।**

**અર્થ** – સમૂહમાં કરેલાં કર્મો બીજા જન્મમાં સમૂહમાં જ ભોગવાય છે. (આજે એક સાથે વિમાની હોનારતમાં ૧૦૦-૧૫૦ માણસો

મરી જાય છે, સ્ટીમર હોડી ડૂબતાં એક સાથે સેંકડો માણસો મરી જાય છે. તેઓએ પૂર્વજન્મોમાં બધાએ સમૂહમાં એક સાથે તેવા પ્રકારનું પાપકર્મ બાંધેલું તેથી આ જન્મમાં તેનું ફળ ભોગવવાનું પણ બધાને એક સાથે આવ્યું.)

**૧૦૩. धर्मप्रधानो व्यवहार इति ।**

**અર્થ** – સદ્ગૃહસ્થનો સાંસારિક વ્યવહાર પણ ધર્મપ્રધાન હોવો જોઇએ. ધર્મ નિરપેક્ષ વ્યવહાર તો અનાર્ય માનવોનો હોય, આર્ય માનવીઓનો નહિ.

**૧૦૪. तथा धर्मधनबुद्धिरिति ।**

**અર્થ** – ધર્મમાં ધનશુદ્ધિ ધારણ કરવી.

**૧૦૫. बहुगुणे प्रवृत्तिरिति ।**

**અર્થ** – બહુગુણવાળી પ્રવૃત્તિ કરવી. (જે પ્રવૃત્તિમાં દોષ અલ્પ હોય અને ગુણ ઘણો હોય તેવી ગુરુ લાઘવના ખ્યાલવાળી પ્રવૃત્તિ કરવી.)

**૧૦૬. चैत्यादिपूजा पुरस्सरं भोजनमिति ।**

**અર્થ** – જિનપૂજા, ગુરુપૂજા પૂર્વક (શ્રાવક) ભોજન કરે.

**૧૦૭. सर्वेऽपि सन्तु सुखिनः, सर्वे सन्तु निरामयाः ।**
**सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चित्पापमाचरेत् ॥**

**અર્થ** – સર્વ જીવો સુખી થાઓ, સર્વ જીવો નિરાગી થાઓ, સર્વ કલ્યાણ જોનારા બનો, કોઇ પાપ ન આચરો. (આવી ઉત્તમ ભાવનાનું નિરંતર ચિંતન કરનાર કદી દુઃખી થતો નથી જેમાં લેશમાત્ર દેહકષ્ટ અને ધનવ્યય નથી એવો આ ભાવનાધર્મ છે.)

१०८. **धर्मार्थमुद्यतेन सर्वस्याप्रीतिकं न कर्तव्यम् ।**
**અર્થ** – ધર્મ કરવા તત્પર બનેલા માનવીએ કોઇને પણ અપ્રીતિ (દુઃખ) થાય તેવું ન કરવું જોઇએ
(કોઇને પણ ત્રાસ ન આપવામાંજ ધર્મ રહેલો છે.)

१०९. **अस्थानाभाषणम् ।**
**અર્થ** – અસ્થાને બોલવું નહિ.

११०. **कुभावजनकं सन्तो भाषन्ते न कदाचन ।**
**અર્થ** – બીજાઓને દુર્ભાવ ઉત્પન્ન થાય એવું કદી સજ્જન પુરુષો બોલતા નથી. (બીજાને સદ્‌ભાવ ઉત્પન્ન થાય તેવી વાણી સજ્જન માણસની હોવી જોઇએ.)

१११. **भगवद् वचनस्य पदे पदे हृदयेऽनुस्मृतिः कार्या ।**
**અર્થ** – ભગવાનના વચનનું સ્મરણ પગલે પગલે કરવું.

११२. **उचितानुष्ठानं हि प्रधानं कर्मक्षयकारणमिति ।**
**અર્થ** – ઉચિત અનુષ્ઠાન એ કર્મનિર્જરાનું મુખ્ય સાધન છે. (દરેક પ્રવૃત્તિમાં ઔચિત્ય તો જોઇએ જ.)

११३. **असदभिनिवेश कार्यत्वादनुचितानुष्ठानस्य ।**
**અર્થ** – ખોટા કદાગ્રહનું કાર્ય અનુચિત અનુષ્ઠાન છે. (મનુષ્યને અનુચિત અનુષ્ઠાન કરવામાં પ્રેરક ખોટો કદાગ્રહ છે.)

११४. **भावना प्रधानं निर्वाणहेतुः ।**
**અર્થ** – ઉત્તમ ભાવના નિર્વાણનું મુખ્ય કારણ છે.
(ભાવના ભવનાશિની)

११५. उपदेशपालनैव भगवद्भक्तिः, नान्या, कृतकृत्यत्वात् ।
**અર્થ** – ભગવાનના ઉપદેશનું પાલન કરવું એ જ ભગવાનની ભક્તિ છે, બીજા નહિ. કેમ કે ભગવાન તો કૃતકૃત્ય બની ગયેલા છે, તેથી તેઓની બાહ્ય સેવાપૂજાથી તેઓને કંઈ જ લાભ નથી; પણ તેઓની આજ્ઞા મુજબ પોતાના અધિકાર મુજબ શ્રાવક તેઓની બાહ્ય પૂજા ભક્તિ કરે તો તેને તો મહાન પુણ્યનો લાભ થાય છે જ.

११६. परो हि योगो मनसो वशत्वम् । (अध्यात्म कल्पद्रुम)
**અર્થ** – મનને વશ કરવું એ શ્રેષ્ઠ યોગ છે.

११७. योगस्य हेतुर्मनसः समाधिः । (अध्यात्म कल्पसूत्र)
**અર્થ** – યોગનો હેતુ મનની સમાધિ છે.

११८. न च वस्तुस्वरुपाविभावने परापवादः ।
**અર્થ** – વસ્તુસ્વરૂપને પ્રગટ કરવામાં પરનિંદા નથી.

११९. यथा मोक्षमार्गाभिवृद्धिर्भवति तथा ब्रूयात् ।
**અર્થ** – જેમ મોક્ષમાર્ગની વૃદ્ધિ થાય તેવું બોલવુ જોઈએ.

१२०. अनाचारफलं ज्ञात्वा सदाचारे प्रयत्नः कार्यो ।
**અર્થ** – અનાચારનું ફળ જાણીને સદાચારમાં પ્રયત્ન કરવો. (અનાચારનાં અનિષ્ટ ફળો જાણવાથી સદાચારના પાલનમાં ઉત્સાહ સારો ટકી રહે છે.)

१२१. स्नेहतन्तवो हि जन्तुनां दुरुछ्छेदा भवन्ति ।
**અર્થ** – પ્રાણીઓને સ્નેહના તંતુઓ તોડવા મુશ્કેલ થાય છે. (લોખંડી સાંકળો તોડવી હજુ સહેલી છે, પરંતુ સ્નેહના કાચા

સુતર જેવા તાંતણા તોડવા ઘણા કઠીન છે. આર્દ્રકુમારનું જીવન તેનું દૃષ્ટાંત છે.)

૧૨૨. दृष्टिपूतं न्यसेत् पादं, वस्त्रपूतं पिबेज्जलं ।
सत्यपूतं वदेत् वाक्यं, मनःपूतं समाचरेत् ॥
**અર્થ** – આંખથી પવિત્ર થયેલી ભૂમિ ઉપર પગ મૂકવો, વસ્ત્રથી પવિત્ર થયેલું પાણી પીવું, સત્યથી પવિત્ર થયેલું વાક્ય બોલવું, મનથી પવિત્ર થયેલું કામ કરવું. (પવિત્ર મનથી કામ કરવું.)

૧૨૩. धर्मकल्पतरोर्बीजं, विश्वविश्वसुखावहा ।
अनंतदुःखविच्छेदकारिणी विद्यते दया ॥
**અર્થ** – ધર્મરૂપી કલ્પવૃક્ષનું બીજ દયા છે, વિશ્વના વિશાળ સુખોને લાવી આપનાર દયા છે. અનંત દુઃખનો નાશ કરનારી દયા છે.

૧૨૪. धर्मेण हन्यते व्याधिः, धर्मेण हन्यते भयम् ।
धर्मेण जायते सौख्यं, यतो धर्मस्ततो जयः ॥
**અર્થ** – ધર્મથી વ્યાધિનો નાશ થાય છે, ધર્મથી ભય ભાગી જાય છે, ધર્મથી સુખ ઉત્પન્ન થાય છે, જેથી જ્યાં ધર્મ ત્યાં જય.

૧૨૫. सम्यकृत्व रत्नान्नपरं हि रत्नं ।
सम्यकृत्व मित्रान्नपरं हि मित्रम् ।
सम्यकृत्व बंधोर्न परो हि बंधुः ।
सम्यकृत्व लाभान्न परो हि लाभः ॥
**અર્થ** – સમ્યક્ત્વ રત્નથી અધિક બીજું રત્ન નથી.
સમ્યક્ત્વ મિત્રથી વધીને બીજો મિત્ર નથી.
સમ્યક્ત્વ બંધુ જેવો બીજો બંધુ નથી.

સમ્યક્ત્વના લાભથી બીજો મોટો લાભ નથી.
(આ સમ્યક્ત્વ રત્નની પ્રાપ્તિ વિના ભવભય જાય તેમ નથી. ભવના ભૂતને ભગાડે સમકિતરૂપી ભુવો.)

१२६. **सत्द्रव्यं सत्कुले जन्म, सिद्धिक्षेत्रं समाधयः ।**
**संघश्चतुर्विधो लोके, सकारा पंच दुर्लभाः ॥**

**અર્થ** – શુદ્ધ દ્રવ્ય, સારા કૂળમાં જન્મ, સિદ્ધક્ષેત્ર, સમાધિ અને ચતુર્વિધ સંઘ આ પાંચ સ'કાર દુર્લભ છે.

१२७. **मूलं हि संसारतरोः कषायाः ।**

**અર્થ** – સંસારરૂપી વૃક્ષનું મૂળ કષાયો છે.

१२८. **यच्च परिणाम सुन्दरं तदापात कटुकमप्युपादेयम् ।**

**અર્થ** – જે પરિણામે સુંદર હોય તે દેખાવે અસુંદર હોય તો પણ ઉપાદેય છે. (આદરણીય છે.)

१२९. **न च बहुगुणपरित्यागेन स्वल्पगुणोपादानं विदुषां कर्तुमुचितम् ।**

**અર્થ** – વિદ્વાનોને બહુગુણવાળી વસ્તુનો ત્યાગ કરી અલ્પ ગુણવાળી વસ્તુને સ્વીકારવી તે ઉચિત નથી.

१३०. **मिथ्यात्वक्षयोपशमजन्यं हि सम्यक्त्वं ।**

**(पंचलक्षणी प्रकरण)**

**અર્થ** – મિથ્યાત્વ મોહનીયના ક્ષયોપશમથી સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે.

१३१. **चतस्रोऽपि गतयो दुःखमय्यः ।**

**અર્થ** – ચારે પણ ગતિઓ દુ:ખપૂર્ણ છે.

१३२. यथा संयम उत्सर्पति तथा तथा कर्तव्यं ।

**અર્થ** – જેમ સંયમનો ઉત્કર્ષ થાય તેમ કરવું જોઇએ.

१३३. स्वयमाचारेष्वस्थितस्यान्यानाचारेषु प्रवर्त्तयितुमशक्यत्वात् ।

**અર્થ** – સ્વયં આચારમાં અસ્થિર હોય તે બીજાઓને આચારમાં પ્રવર્તાવવા (જોડવા) શક્તિમાન થઈ શકતો નથી.

१३४. श्रूयतां धर्मसर्वस्वं, श्रूत्वा चैवावधार्यताम् ।
आत्मनः प्रतिकूलानि, परेषां न समाचरेत् ॥

**અર્થ** – તમે ધર્મનું સર્વસ્વ (રહસ્ય) સાંભળો, સાંભળીને હૃદયમાં ધારણ કરો. પોતાના આત્માને જે પ્રતિકૂળ હોય તે બીજાઓ પ્રત્યે ન આચરવું જોઇએ.

१३५. पूयाए मणसंती, मणसंतीए य सुहवरं झाणं ।

**અર્થ** – પૂજાથી મન શાંતિ, મન શાંતિથી શુભ શ્રેષ્ઠ ધ્યાન થાય છે.

१३६. क्रोधो हि शत्रुः प्रथमो नराणाम् ।

**અર્થ** – ક્રોધ એ મનુષ્યોનો પ્રથમ શત્રુ છે.

१३७. कुरू स्वकार्यं त्यज सर्वमन्यत् ।

**અર્થ** – આત્મકાર્ય કર, બાકીનું બીજું બધું છોડી દે.

१३८. श्री जिनाज्ञापालन दुष्करमस्ति ।

**અર્થ** – શ્રી જિનાજ્ઞાનું પાલન દુષ્કર છે.

१३९. दुःखौषधं दीक्षां लाहि ।

**અર્થ** – દુઃખનું ઔષધ દીક્ષા તેને લે. (સકલ દુઃખોનું ઔષધ દીક્ષા છે.)

१४०. द्रव्यभावलिङ्गाभ्यामेव नति योग्यः ।

**અર્થ** – દ્રવ્યલિંગ અને ભાવલિંગથી યુક્ત સાધુ જ નમસ્કારને યોગ્ય છે. (એકલું દ્રવ્યલિંગ કે એકલું ભાવલિંગ નમસ્કારને યોગ્ય નથી.)

१४१. सुखशीलजने कृतिकर्म प्रशंसा च कर्मबन्धाय, यतः सोऽर्चितो बाढं प्रमत्तः स्यात् ।

**અર્થ** – પાસત્થા જેવા સુખશીલીયા સાધુને કરેલ વંદન અને પ્રશંસા કર્મબંધ માટે થાય, અને ઉપરથી તે (લોકોથી) પૂજાયેલો વધુ પ્રમાદી થાય.

१४२. भुज्जंतस्स पणीयं अइनेहं सुक्कसंचयं कुणइ ।
सुक्कं दीवइ मयणं, मयणेण जइत्तणं कुतो ?

**અર્થ** – અતિસ્નિગ્ધ પ્રણિત રસને ભોગવવાથી શુક્રનો સંચય થાય અને શુક્રના સંચયથી કામવાસના ઉત્તેજિત થાય. મદનના ઉન્માદવાળાને પછી મુનિપણુ ક્યાંથી હોય ?

१४३. अतिमात्र भोजनेन तृप्तोऽनङ्गेन बाध्यते ।

**અર્થ** – અત્યંત ભોજનથી તૃપ્ત થયેલો કામથી બાધા પામે છે.

१४४. यः कामी स्यात्स एव देहविभूषां करोति ।

**અર્થ** – જે કામી હોય તે જ દેહની વિભૂષા (ટાપટીપ) કરે છે.

१४५. रत्नत्रय संग्रहाय शिष्येण गुरोरग्रे पापानां शुद्धाऽऽलोचना कार्या ।

**અર્થ** – રત્નત્રયીના સંગ્રહ માટે શિષ્યે ગુરુની આગળ પાપોની શુદ્ધ આલોચના કરવી જોઇએ.

१४६. निरीहं तपः कार्य ।

**અર્થ** – નિઃસ્પૃહભાવે તપ કરવો. બીજો ન જાણે તે રીતે તપ કરવો પોતાના તપની જાહેરાત ન કરવી.

१४७. श्रृणोति यतिभ्यो धर्म्ममिति श्रावकः प्रपन्न सम्यक्त्वादि गुणः ।

**અર્થ** – સાધુ મહાત્માઓ પાસેથી ધર્મને સાંભળે અને સમ્યક્ત્વાદિ ગુણોને ધારણ કરનાર હોય તે શ્રાવક.

१४८. नैव केवलिदेशनामन्तरेणागमः ।

**અર્થ** – કેવળીના ઉપદેશ વિના આગમ ન હોય.

(મૂળમાં કેવળજ્ઞાનીના ઉપદેશ સિવાય અણિશુદ્ધ શ્રુતજ્ઞાન ઉત્પન્ન ન થાય.)

१४९. देवकुरू प्रभृतीनां क्षेत्राणामीदृशोऽनुभावो यदुत तत्र प्राणिनः सुरूपा नित्यसुखिनो निर्वैराश्च भवन्ति ।

**અર્થ** – દેવકુરૂ ઉત્તરકુરૂ વગેરે યુગલીક ક્ષેત્રોનો તેવા પ્રકારનો પ્રભાવ છે કે ત્યાં ઉત્પન્ન થયેલા પ્રાણીઓ રૂપવાન, નિત્ય સુખી અને વેરભાવ વગરના હોય છે.

१५०. परिग्रहाग्रह एव परमार्थतोऽनर्थमूलं भवति ।

**અર્થ** – પરિગ્રહનો આગ્રહ જ પરમાર્થથી અનર્થનું મૂળ છે.

१५१. आत्मतुल्यान् सर्वानपि प्राणिनः पालयेत् ।

**અર્થ** – પોતાના આત્માની માફક સર્વે પ્રાણીઓનું પાલન કરવું.

१५२. योषित्सानिध्यं ब्रह्मचारिणां महतेऽनर्थाय ।

**અર્થ** – સ્ત્રીનું સાનિધ્ય બ્રહ્મચારીઓ માટે મહાન અનર્થનું કારણ છે. (સ્ત્રીની સમીપ બ્રહ્મચારીએ રહેવું તે જોખમ ભરેલું છે.)

१५३. अधिकारवशाच्छास्त्रे धर्मसाधनसंस्थितिः ।

**અર્થ** – અધિકારીવશ શાસ્ત્રમાં ધર્મનાં સાધનોની મર્યાદા બાંધેલી છે. (બધા જ માટે કોઈ એક જ ધર્મસાધન ન હોઇ શકે. જેવું જીવદલ તે મુજબ ધર્મનાં સાધન બતાવાય.

१५४. स्नेहमूलानि दुःखानि, रसमुलाश्च व्याधयः ।
लोभमूलानि पापानि, मृत्यं मूलं च जन्मनि ।

**અર્થ** – દુઃખોનું મૂળ સ્નેહ, વ્યાધિઓનું મૂળ રસ, પાપોનું મૂળ લોભ અને મૃત્યુનું મૂળ જન્મ છે.

१५५. चारित्रस्य मोक्षं प्रत्यन्तरङ्गकारणत्वात् ।

**અર્થ** – ચારિત્ર એ મોક્ષનું અંતરંગ કારણ છે.

१५६. मूर्खस्य सर्वत्रानधिकारित्वात् ।

**અર્થ** – મૂર્ખને સર્વત્ર અનધિકાર છે.

१५७. गीतार्थनिश्रां विनैव स्वातन्त्र्येणासितुकामश्च यो भवति तस्य गुणश्रेणिर्न वर्द्धते ।

**અર્થ** – ગીતાર્થની નિશ્રા વિના જ સ્વચ્છંદ રીતે રહેવાની ઇચ્છાવાળાને ગુણશ્રેણી વૃદ્ધિ પામતી નથી.
(જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ અને શુદ્ધિ ગીતાર્થની નિશ્રા વિનાના સાધુઓની થતી નથી.)

१५८. न हि भवति अनुपासितगुरूकुलस्य विज्ञानम् ।

**અર્થ** – ગુરુકુલવાસ જેણે સેવ્યો નથી તેને વિજ્ઞાન થતું નથી. (આગમોનું સ્પષ્ટ અને સૂક્ષ્મ જ્ઞાન ગીતાર્થ ગુરુનાં ચરણકમળ સેવ્યા વિના થતું નથી.)

१५९. यतिरपि गुरुकर्मा चिकित्सितुं न शक्यते ।

**અર્થ** – ભારે કર્મી સાધુની પણ કર્મરોગની ચિકિત્સા કરવી શક્ય નથી.

१६०. गुरुभक्ति बहुमान भावत एव चारित्रे श्रद्धा स्थैर्यंच भवति, नान्यथा । (पंचवस्तु शास्त्र)

**અર્થ** – ગુરુ પ્રત્યે ભક્તિ બહુમાન હોય તો જ ચારિત્રમાં શ્રદ્ધા અને સ્થિરતા થાય છે, નહિતર ન થાય.

१६१. अनादिभवाभ्यस्तो हि प्रमादः न झटित्येव त्यक्तुं पार्यते । (पंचवस्तु)

**અર્થ** – અનાદિ સંસારમાં અભ્યસ્ત કરેલો પ્રમાદ એકદમ જલ્દી છોડી શકાતો નથી.

१६२. शुभाध्यवसाय निमित्तत्वात्कर्मक्षयस्य ।

**અર્થ** – કર્મક્ષય શુભ પરિણામ નિમિત્તક છે.

१६३. व्रतभङ्गो गुरुदोषः भगवदाज्ञाविराधनात्
स्तोकस्यापि पालना व्रतस्य गुणकारिणि ॥

**અર્થ** – ભગવાન તીર્થંકરની આજ્ઞાની વિરાધના (ભંગ) થવાથી વ્રતભંગ મોટો દોષ છે. (જ્યારે) થોડું પણ શુદ્ધ વ્રતનું પાલન ગુણકારી (હિતકારી) છે. (મોટું વ્રત લઇને મૂકવું તેના કરતાં શક્તિ મુજબ નાનું વ્રત લઈ પ્રાણના ભોગે પણ શુદ્ધ પાળવું તે શ્રેયસ્કર છે.)

१६४. गुरुलाघवं च नेअं धम्मम्मि ।

**અર્થ** – (કોઈ વાર મોટો તપ કરવા કરતાં ગુરુ સેવામાં મોટો

લાભ હોય છે, તેથી તપનો આગ્રહ મૂકી ગુરુ સેવાનો લાભ ઉઠાવી લેવો જોઇએ. કોઈવાર સ્વાધ્યાય કરતાં બિમાર સાધુની સેવાનો લાભ વધારે હોય છે. ધર્મમાં ગુરૂલાઘવને જાણવું.

**૧૬૫. भावात् भाव प्रसूतिः शुभाच्छुभस्य ।**

**અર્થ** – ભાવથી ભાવની ઉત્પત્તિ. શુભભાવથી શુભભાવની ઉત્પત્તિ થાય.

**૧૬૬. दीक्षायाः ज्ञानादिसाधनत्वात् ।** (पंच वस्तु)

**અર્થ** – દીક્ષા જ્ઞાનાદિ ગુણોને સાધવાનું સાધન છે.

**૧૬૭. यदनादी संसारे संसरतः केन सार्द्ध न घटितो योगः ?**

**અર્થ** – આ અનાદિ સંસારમાં ભટકતાં કોની સાથે આ જીવનો યોગ નથી થયો ?

**૧૬૮. प्रधानमबोधिबीजं गुणद्वेषेण ।**

**અર્થ** – ગુણદ્વેષ એ મુખ્ય અબોધિનું બીજ છે.

**૧૬૯. संविग्नपाक्षिकोऽपि कायमात्रेणा समञ्जस प्रवृत्तोभावे धर्मरक्तो धामिक एव मंतव्य इति ।**

**અર્થ** – સંવિગ્નપાક્ષિક પણ કાયા માત્રથી અસમંજસ (વિરૂદ્ધ) ક્રિયામાં પ્રવૃત્તિવાળો હોવા છતાં ભાવથી ધર્મમાં રક્ત હોવાથી તેને ધાર્મિકજ માનવો.

**૧૭૦. सर्वविरतिलालसः खलु देशविरति परिणामः ।**

**અર્થ** – દેશવિરતિનો પરિણામ ખરેખર સર્વવિરતિની લાલસાવાળો હોય. (દેશવિરતિધર શ્રાવક સર્વ વિરતિની-તીવ્ર ઈચ્છાવાળો હોય જ.)

१७१. **सर्वरोगमूलस्याजीर्णस्य ।**

**અર્થ** – સર્વરોગનું મૂળ અજીર્ણ છે.

१७२. **न च धर्मबाधयाऽर्थकामौ सेवेत ।**

**અર્થ** – ધર્મને બાધા પહોંચાડી અર્થ કામ સેવવા ન જોઇએ. (આજના વિજ્ઞાનયુગના માનવીઓએ આ બાબતનો ઊંડો વિચાર કરવાની જરૂર છે. ધર્મના ભોગે મેળવેલા અર્થકામ મનુષ્યનો અંતે ભોગ લેશે)

१७३. **परोपकार परो हि पुमान् सर्वस्य नेत्रामृताञ्जनम् ।**

**અર્થ** – પરોપકાર પરાયણ પુરુષ સૌને આંખમાં આંજેલા અમૃતના જેવો ટાઢો હીમ લાગે છે.

१७४. **गुरूपदेशो हि यथापात्र परिणमेत् ।**

**અર્થ** – ગુરુનો ઉપદેશ પાત્ર પ્રમાણે પરિણામ પામે.

१७५. **त्रपा हि भूषणं स्त्रीणाम् ।**

**અર્થ** – લજ્જા સ્ત્રીયોનું ભૂષણ છે.

१७६. **विरतिहीनस्तु श्रृङ्गपुच्छहीनः पशुरेव ।**

**(योगशास्त्र टीका)**

**અર્થ** – વિરતિ વિનાનો મનુષ્ય શીંગડા અને પૂંછડા વિનાનો પશુ જ છે.

(પશુમાંથી પંડિત બનવા વિરતિનો સ્વીકાર કરો.)

જ્ઞાનનું ફળ પણ વિરતિજ છે. જ્ઞાન આવ્યું પણ વિરતિ ન આવી તો જ્ઞાન નિરર્થક છે.

१७७. **जिनागम बहुमानिनां च देवगुरूधर्मादयोऽपि बहुमता भवन्ति ।**

**અર્થ** – જિનાગમ ઉપર બહુમાનવાળાએ દેવ ગુરુ ધર્મ સંઘ સાધર્મિકને પણ બહુમાન્યા સમજવા.

**૧૭૮. कल्याणभाजिन एव जिनवचनं भावतो भावयन्ति ।**

**અર્થ** – કલ્યાણભાગી મનુષ્યો જ જિનવચનને ભાવથી વિચારે છે.

**૧૭૯. नित्या द्वादशांगी तथाप्यर्थापेक्षया अनित्यत्व शब्दापेक्षया तु स्वस्वतीर्थेषु श्रुतधर्मादिकरत्वमविरुद्धम् ।**

**અર્થ** – દ્વાદશાંગી અર્થની અપેક્ષાએ નિત્ય છે, શબ્દની અપેક્ષાએ અનિત્ય છે. પોતપોતાના તીર્થમાં શ્રુતધર્મનું આદિપણું અવિરુદ્ધ છે.

**૧૮૦. गृहस्थ समक्षं हि साधुनां भोक्तुं न कल्पते, प्रवचनोपघात संभवात् ।**

**અર્થ** – ગૃહસ્થોની હાજરીમાં સાધુઓને ભોજન કરવું કલ્પે નહિં. શાસનના માલિન્યનો સંભવ હોવાથી.

**૧૮૧. मुत्तूण अभयकरणं परोवयारो नत्थि अण्णोत्ति ।**

**અર્થ** – અભયકરણને છોડીને બીજો પરોપકાર નથી.

**૧૮૨. अशठ प्रकृतयो वर्त्तमानानुरूपं धर्मचरणमनुतिष्ठन्तः सांप्रत मुनयस्तीर्थकरकालभाविसाधुसाधव इव मोक्षफल चारित्रभाजो जायन्ते । (उपदेश पद, बाग-२)**

**અર્થ** – નિષ્કપટ પ્રકૃતિવાળા, વર્તમાનકાળને અનુરૂપ, ચારિત્રધર્મનું પાલન કરતા વર્તમાનકાળના મુનિઓ તીર્થંકરના કાળમાં થયેલા મુનિઓ જેટલું મોક્ષફળને આપનારા ચારિત્રના ભાગી બને છે.

(માયાને મુકીને વર્તમાનકાળનું સંઘયણ બળ અને ધૃતિબળ અને દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવને અનુસાર જરાયે પોતાની શક્તિ ગોપવ્યા વિના ચારિત્રધર્મનું પાલન કરનારા સાધુઓ આજે પણ મોક્ષની નજીક પહોંચી શકે છે.)

**૧૮૩. निरतिचार साधुधर्म बहुमानेनोपपन्नः सुरलोके सौधर्म्म नाम्नि शंखराज मुनिः ।**

**અર્થ** – નિરતિચાર સાધુધર્મના બહુમાનથી શંખરાજ નામના મુનિ સૌધર્મ નામના દેવલોકમાં ઉત્પન્ન થયા. (શુદ્ધ સાધુધર્મના બહુમાનનો પણ કેટલો બધો પ્રભાવ છે ?)

**૧૮૪. आज्ञाबाह्य शमस्य दुःख परिणामफलत्वाद् ।**

**અર્થ** – જિનાજ્ઞા બાહ્ય શમ (શાંતિ) પરિણામે દુઃખમાં પરિણમે છે.

**૧૮૫. न हि उत्तमाः स्वप्नेऽपि निचजनवार्त्तां श्रृण्वन्ति कुर्वन्ति वा ।**

**અર્થ** – ઉત્તમ પુરુષો સ્વપ્નામાં પણ નીચ મનુષ્યની વાત સાંભળતાં નથી કે કરતાં નથી.

**૧૮૬. स्तोकोऽपि शुभाध्यवसायो विशिष्ट गुणपात्र विषयो महाफलो भवति ।**

**અર્થ** – થોડો પણ શુભ અધ્યવસાય (ભાવ) વિશિષ્ટ ગુણપાત્ર વિષયક મહાન ફળવાળો છે.

**૧૮૭. भावयितव्यं भवस्वरूपम् ।**

**અર્થ** – સંસારસ્વરૂપનો વિચાર કરવો.

१८८. **न विधेया कुशीलसंसर्गिः**

**અર્થ** – કુશીલનો સંગ ન કરવો.

१८९. **बहुसाधु मध्ये लज्जाभयादिभिरपि भवत्येव गुर्वाज्ञानुल्लंघनम् ।** **(उपदेश पद)**

**અર્થ** – ઘણા સાધુઓ વચ્ચે લજ્જા ભય વગેરેના કારણે પણ ગુરુ આજ્ઞાનું ઉલ્લંઘન થતું નથી.

१९०. **गुणरागादवापैको बोधिबीज न चापरः ।**

**અર્થ** – ગુણના રાગથી એક ચોર બીજા ભવમાં બોધિબીજ પામ્યો અને બીજો ચોર ગુણદ્વેષથી બોધિબીજ ન પામ્યો.

(ચોરી કરવા નીકળેલા ગુફામાં મુનિને ધ્યાનમાં ઊભેલા જોઇને એક ચોરે મુનિની પ્રશંસા કરી, જ્યારે બીજા ચોરે નિંદા કરી, તેથી પ્રશંસા કરનાર ચોર બોધિબીજ પામ્યો, નિંદા કરનાર બોધિબીજ ન પામ્યો.)

१९१. **जो आणं बहुमन्नति सो तित्थयरं गुरुं च धम्मं च ।** **(उपदेश पद)**

**અર્થ** – જિનાજ્ઞાનું બહુમાન કરે છે તે તીર્થંકર, ગુરુ અને ધર્મનું બહુમાન કરે છે.

१९२. **जह किंपागफलाणं परिणामो न सुंदरो ।**
**तह भुत्ताण भोगाणं परिणामो न सुंदरो ॥**

**(उपदेश प्रासाद)**

**અર્થ** – જેમ કિંપાક વૃક્ષના ફળોનું પરિણામ સુંદર નથી તેમ ભોગવેલા ભોગોનું પરિણામ (પણ) સુંદર નથી.

१९३. पंचिंदिया मणुस्सा एगनर भुत्तनारिगब्भंमि ।
उक्कोसे नवलक्खा जायंति एगहेलाए ।

(उपदेश प्रासाद)

**અર્થ** – એક પુરુષથી ભોગવેલી નારીના ગર્ભમાં એક સાથે ઉત્કૃષ્ટથી નવ લાખ મનુષ્યો ઉત્પન્ન થાય છે.

१९४. दंसणशुद्धिनिमित्तं तिक्कालं देववंदणाइयं ।

**અર્થ** – સમ્યગ્દર્શનની શુદ્ધિ નિમિત્તે ત્રિકાળ દેવવંદન પૂજા વગેરે છે.

१९५. व्याकुल चित्तेन हि भोजने दोष संभवात् ।

**અર્થ** – આકુલ વ્યાકુલ ચિત્તથી ભોજન કરવાથી દોષનો સંભવ છે.

१९६. यदाज्ञा बाह्यं तन्मोक्षांगं न भवति ।

**અર્થ** – જે જિનાજ્ઞા બાહ્ય અનુષ્ઠાન હોય તે મોક્ષનું અંગ બનતું નથી.

१९७. संपूर्णाज्ञाकरणं च साधोरेव भवति, नेतरस्य ।

**અર્થ** – સંપૂર્ણ આજ્ઞાનું પાલન સાધુનેજ હોય, બીજાને નહિ.

१९८. यः पुनर्यतना रहितः प्रवर्त्तते तस्य गुणोऽपि दोषायते ।

**અર્થ** – જે જયણા રહિત વર્તે છે તેનો ગુણ પણ દોષરૂપ બને છે.

१९९. न हि केवलज्ञानमसंख्येय वर्षायुषां भवति ।

**અર્થ** – અસંખ્યેય વર્ષોના આયુષ્યવાળાઓને કેવળજ્ઞાન ન થાય. (સંખ્યાતા વર્ષના આયુષ્યવાળાનેજ કેવળજ્ઞાન થાય.)

२००. न च कार्याभावे कारणाभावो दृष्टः (स्थानांगसूत्र)

**અર્થ** – કાર્યના અભાવમાં કારણનો અભાવ જોયો નથી. (કારણના અભાવમાં કાર્યનો અભાવ હોય, પણ કાર્યના અભાવમાં કારણનો અભાવ ન હોય.)

२०१. गीतार्थो हि गुरुलाघव पर्यालोचनेन यत् किञ्चन करोति तत्सर्वं पापविशोधकमेव भवति ।

**અર્થ** – ગીતાર્થ ગુરુલાઘવના વિચારથી જે કાંઈ કરે છે તે સર્વ પાપની શુદ્ધિ કરનારૂં થાય છે.

२०२. नारकक्षेत्रे बादराग्निकायस्याभावात् ।

**અર્થ** – નરકમાં બાદર અગ્નિ ન હોય.

२०३. अनादि संसारे नारकत्वस्यानन्तशः प्राप्त पूर्वत्वात् ।

**અર્થ** – અનાદિ સંસારમાં નારકપણું અનંતીવાર જીવે પૂર્વે પ્રાપ્ત કરેલું છે.

२०४. यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामचारतः ।
न स सिद्धिमवाप्नोति, न सुख न परां गतिम् ॥

**અર્થ** – જે શાસ્ત્રોક્ત વિધિને છોડીને સ્વેચ્છાએ ચાલે છે તે સિદ્ધિગતિને, સુખને અને ઉત્તમ ગતિને પામતો નથી.

२०५. जो गिलाणं पडियरइ से मं पडियरइ ।
जो मं पडियरइ सो गिलाणं पडियरइ ॥ (ओघनिर्युक्ति)

**અર્થ** – જે ગ્લાન સાધુની સેવા કરે છે તે મારી (તીર્થંકરની) સેવા કરે છે અને જે મારી (તીર્થંકરની) સેવા કરે છે તે ગ્લાન (બિમાર) સાધુની સેવા કરે છે.

२०६. प्रत्युपेक्षणाकाले अतिक्रान्ते एक कल्याणक यतः प्रायश्चित्त भवति ।

**અર્થ** – પડિલેહણનો સમય વિતી ગયા પછી પડિલેહણ સાધુ કરે તો એક કલ્યાણકનું પ્રાયશ્ચિત આવે.

(૧ કલ્યાણક=એક છઠ)

(પાત્રા પડિલેહણનો કે વસ્ત્ર પડિલેહણનો વખત આવે તે જ વખતે પડિલેહણ સાધુ-સાધ્વીએ કરવું જોઇએ. ક્રિયાના કાળે કરેલી ક્રિયા ઇચ્છિત ફળને આપનારી થાય છે.)

२०७. न हि यथा देशनायां सर्वात्मना व्याप्रियमाणं मनोवाक्कायत्रयं फलमाप्नोति तथाऽन्यत्र कृत्यान्तरे ।

**અર્થ** – જે રીતે મોક્ષમાર્ગની દેશનામાં સર્વથા મન-વચન કાયાના યોગો જોડાવાથી જેવું કર્મક્ષયનું ફળ પ્રાપ્ત થાય તેવું ફળ બીજા ધર્મકાર્યોમાં પ્રાપ્ત થતું નથી. (વ્યાખ્યાન આપતી વખતે મન-વચન-કાયાના યોગો ખૂબ જ સ્થિર રહેવાથી ખૂબ નિર્જરા થાય છે.)

२०८. क्रियाकाले क्रियायामेव चित्तावस्थानं विधेयं ।

**અર્થ** – ક્રિયા કરવા કાળે ક્રિયામાંજ ચિત્તને સ્થિર કરવું જોઈએ.

२०९. परिपक्के हि भव्यत्वे प्रतिक्षणं वर्द्धन्ते एव जीवानां शुभतराः परिणतयः इति ।

**અર્થ** – ભવ્યત્વનો પરિપાક થતાં જીવોનો શુભ પરિણામ પ્રતિક્ષણે વૃદ્ધિ પામતો રહે છે.

(તથા ભવ્યત્વના પરિપાક વિના તો તીર્થંકર અને તીર્થંકરની આજ્ઞા પ્રત્યેહાર્દિક બહુમાન જ ન જાગે.)

२१०. अपेक्षाया दुःखरूपत्वादिति ।

**અર્થ** – અપેક્ષા દુઃખરૂપ છે. (જ્યાં પર વસ્તુની અપેક્ષા આવી ત્યાં ઓછાવત્તા પ્રમાણમાં દુઃખ આવ્યું સમજો.) માટે સુખી થવા અપેક્ષા ઘટાડો.

२११. स्त्रीणां श्रीणां च ये वश्याः, तेऽवश्यं पुरुषाधमाः ।
स्त्रियः श्रियश्च वश्यास्ते, अवश्यं पुरूषोत्तमाः ॥

**અર્થ** – જે પુરુષો સ્ત્રીઓને અને લક્ષ્મીને આધીન (પરવશ) છે તે અવશ્ય અધમપુરૂષો છે. અને જે પુરુષોએ સ્ત્રીઓ અને લક્ષ્મીને પોતાને આધીન કરી છે તે ઉત્તમ પુરુષો છે. પુરુષ ઉપર સ્ત્રી અને શ્રીનો કાબુ ન જોઇએ. પરંતુ પુરુષનો સ્ત્રી અને શ્રી ઉપર કાબુ જોઇએ. સ્ત્રી અને શ્રીની ગુલામીમાંથી મુક્ત બને તે જ સાચો પુરુષ કહેવાય.

२१२. आपदि मित्रपरीक्षा, शूरपरीक्षा रणांगणे भवति ।
वचने वंशपरीक्षा, स्त्रियः परीक्षा तु निर्धने पुंसि ।

**અર્થ** – આપત્તિમાં મિત્રની પરીક્ષા, યુદ્ધભૂમિમાં શૂરવીરની પરીક્ષા, વચનમાં વંશની (કુલની) પરીક્ષા અને પતિની નિર્ધનતામાં સ્ત્રીની પરીક્ષા છે.

२१३. आरंभे नत्थि दया, महिलासंगेण नासए बंभं ।
संकाए सम्मत्तं, पव्वज्जा अत्थरागेण ॥

**અર્થ** – આરંભમાં દયા નથી, સ્ત્રીસંગથી બ્રહ્મચર્યનો નાશ થાય, જિન વચનમાં શંકા કરવાથી સમકિતનો નાશ થાય અને ધનરાગથી પ્રવજ્યાનો નાશ થાય.
(આરંભ એટલે જીવનાશક પ્રવૃત્તિ.)

२१४. श्रुतज्ञानाराधनाच्च केवलज्ञानमपि सुलभं ।

**અર્થ** – શ્રુતજ્ઞાનની આરાધનાથી કેવળજ્ઞાન પણ સુલભ બને છે.

२१५. हार्द बहुमानेनैव हि गुरवो देवादयश्च तुष्यन्ति ।

**અર્થ** – હાર્દિક બહુમાનથીજ ગુરુદેવો અને દેવો પ્રસન્ન થાય છે.

२१६. प्रतिपन्न निर्वाहस्यैव महतामुचितत्वात् ।

प्रतिपन्नस्य निर्वाहो, महतामिह लक्षणम् ।

**અર્થ** – (જે કોઈ વ્રત નિયમનો સ્વીકાર ક્યોં તેનો નિર્વાહ (પાલન) પ્રાણના ભોગે પણ કરવો જોઈએ.)

२१७. न तु एकस्य दोषदर्शन मात्रेण सर्वेषां तदाशङ्का कर्तुं युक्ता ।

**અર્થ** – કોઈ એકાદ વ્યક્તિમાં દોષ જોવા માત્રથી બધા માટે દોષની શંકા કરવી ઉચિત નથી.

२१८. मंत्रदेवताराधनादावपि हि फलस्य निस्संदेहत्वे एव फलप्राप्तिः न तु सन्देहे ।

**અર્થ** – ('ફળ મળશે કે નહિ' આવી શંકા કરવાથી મંત્ર પણ ફળતો નથી)

२१९. यथा यथा निरीहत्वं, महत्त्वं हि तथा तथा ।

**અર્થ** – જેમ જેમ નિઃસ્પૃહતા તેમ તેમ મહત્ત્વ વધારે.

२२०. उनोदरिका च प्रत्यहं तपोरूपत्वात् ।

**અર્થ** – ઉનોદરી કરવી તે નિત્ય તપરૂપ છે.

२२१. निर्जरा करणे बाह्यात् श्रेष्ठमाभ्यंतरन्तरं तपः ।

**અર્થ** – કર્મની નિર્જરા (નાશ) કરવામાં બાહ્યતપ કરતાં અભ્યંતર તપ શ્રેષ્ઠ છે.

२२२. सुंदरजण संसग्गी सीलदरिद्दंपि कुणइ सीलड्ढं ।
जह मेरुगिरीजायं तणंपि कणगत्तणमुवेइ ॥
(ओधनिर्युक्ति)

**અર્થ** – સારા માણસનો સંગ શીલથી દરિદ્રી માણસને પણ શીલની સંપત્તિવાળો બનાવે છે. જેમ મેરૂગિરિના સંસર્ગવાળું તૃણ સુવર્ણપણાને પામે છે તેમ.

२२३. धर्मशास्त्रश्रवणस्यात्यन्त गुणहेतुत्वात् ।

**અર્થ** – ધર્મશાસ્ત્રોનું શ્રવણ અત્યંત ગુણનો હેતુ છે.
(ધર્મ પામવાનું સાધન શાસ્ત્રશ્રવણ છે, પામેલા ધર્મને ટકાવવાનું અને વધારવાનું સાધન પણ શાસ્ત્રશ્રવણ છે.)

२२४. प्रमादश्चासदाचार इति ।

**અર્થ** – અસદાચાર એ પ્રમાદ છે.

२२५. छेवट्ठिका संहननो हि यद्यतिशयेनाराधनां करोति ततस्तृतीये भवे मोक्षं प्राप्नोति ।

**અર્થ** – છેવઠ્ઠા સંઘયણવાળો જો અતિશય આરાધના કરે તો તેથી તે ત્રીજા ભવે મોક્ષ પામે.

२२६. महानिर्जराफलत्वात् सम्यक् सहनस्य । (भव भावना)

**અર્થ** – સમતાભાવે કષ્ટોને સહન કરવાથી મહા નિર્જરાનું ફળ પ્રાપ્ત થાય છે.

२२७. विनापवादं प्रमत्तसंयतो विनापराधं च गृही सम्यग्द्रष्टिः जीवोऽयमिति साक्षात् ज्ञात्वा यो जीवघातं करोति तस्य विरति परिणामो दूरे, निश्चयतः सम्यक्त्वमपि न

स्यात्, अनुकम्पा या अभावेन सम्यक्त्वलक्षणाभावात् ।

**અર્થ** – અનુકંપા તે સમકિતની જનેતા પણ છે અને તેની પાલક પણ છે.) અનુકંપા વિનાનો કોઇ ધર્મ હોઈ શકતો નથી. અનુકંપા એ ધર્મની આધારશીલા છે.

२२८. परं पञ्चेन्द्रिय व्यापादन भयेन यदि सति सामर्थ्ये प्रवचनाहितं न निवारयति, तर्हि संसारवृद्धिर्दुर्लभबोधिता चेत्यादि श्री कालिकाचार्य कथादौ भणितं ।

**અર્થ** – 'પરંતુ પંચેન્દ્રિય જીવોની હિંસાના ભયથી જો છતી શક્તિએ પ્રવચનના અહિતને નિવારવામાં ન આવે તો સંસારવૃદ્ધિ અને દુર્લભબોધિતા પ્રાપ્ત થાય' એ પ્રમાણે શ્રી કાલિકાચાર્યની કથામાં કહ્યું છે. (પ્રવચનના પ્રત્યનિકોને તો કોઈ પણ ભોગે સખ્ત નશ્યત કરવાની છે. ત્યાં પછી અહિંસા-અહિંસાની વેવલી વાતો કરવી મૂર્ખામી ગણાય.)

અહીંયા પ્રવચનની ગંભીરતા સમજવા જેવી છે. નિરર્થક પ્રમાદના યોગે એક પણ નાના જીવને મારવાની મનાઈ કરતું શાસન, શાસનના શત્રુઓ સામે શસ્ત્રો ઉગામવાની હાકલ કરે છે. સર્વજીવહિતકર શાસનની રક્ષામાંજ સૌની રક્ષા રહેલી છે.

२२९. चेतः शुद्धिश्च महानिर्जराहेतुत्वेन प्रवचने भणिता ।

**અર્થ** – ચિત્તશુદ્ધિ મહાનિર્જરાનો હેતુ છે એમ પ્રવચનમાં કહ્યું છે.

२३०. यथा वस्त्रेण जलं गलतो जलजीव विराधनायां सत्यामपि जीवरक्षा अभिप्राय एव ।

**અર્થ** – જેમ વસ્ત્રથી પાણીને ગાળતાં પાણીના જીવની વિરાધના

હોવા છતાં પણ ત્યાં જીવરક્ષા કરવાનો જ આશય છે. (મોટા ત્રસ જીવોને બચાવવા પાણીના એકેન્દ્રિય જીવોની વિરાધનાને ગૌણ ગણવામાં આવી છે.)

કારણ કે તે સમયે બંનેને બચાવવાનું શક્ય નથી, તેથી ત્રસજીવોને બચાવી લેવાનું અનિવાર્ય બની જાય છે. (ગુરુલાધવના વિચારપૂર્વકજ સર્વત્ર વર્તવાનું છે.) મોટો લાભ થતો હોય તો થોડુંક નુકશાન પણ વેઠી લેવું પડે.

**૨૩૧. अपवादपदं च ज्ञानादिस्थिति निमित्तमेव भवति, तच्च जिनाज्ञैव ।**

**અર્થ** – અપવાદ પદ (સ્થાન) એ જ્ઞાનાદિ ગુણોની રક્ષા નિમિત્તેજ હોય અને તે માટે કારણે અપવાદસેવન કરવું તે જિનાજ્ઞા છે. (સંયમરક્ષા જ્યારે જોખમાતી લાગે ત્યારે જ અપવાદનું સેવન શાસ્ત્રોક્ત વિધિ મુજબ કરવાનું છે.)

**૨૩૨. पात्रे चोप्तं वित्तमनन्तगुणं भवेत् ।**

**અર્થ** – પાત્રમાં વાવેલું ધન અનંતગણું થાય.

**૨૩૩. केवली परेषां सम्यक्त्वाद्यलाभे धर्मदेशनामपि न करोति ।**

**અર્થ** – કેવળજ્ઞાની બીજાઓને સમ્યક્ત્વાદિનો લાભ થાય એમ ન હોય તો ધર્મદેશના પણ ન આપે.

**૨૩૪. सम्यक्त्वाभिमुखस्यैव भक्त्या साधुदान सद्धर्मश्रवणादिकं मन्तव्य ।**

**અર્થ** – સમ્યક્ત્વની અભિમુખનેજ હૃદયની ભક્તિપૂર્વકનું સાધુદાન, સદ્ધર્મનું શ્રવણ વગેરે જાણવું.

२३५. न हि मिथ्यात्वोदयमन्तरेण मिथ्याद्रष्टिमार्गाभिमत-धार्मिकानुष्ठानेषु अनुमोदना सम्भवति ।

**અર્થ** – મિથ્યાત્વના ઉદય વગર મિથ્યાદૃષ્ટિના માર્ગને અભિમત (માન્ય) ધાર્મિક અનુષ્ઠાનોની અનુમોદના સંભવતી નથી.

२३६. चक्रवर्त्यादीनां राज्यादिसम्पत् पुण्यप्रकृतिलभ्याऽपि हेयैव ।

**અર્થ** – ચક્રવર્તી આદિની રાજ્યાદિ સંપત્તિ પુણ્યપ્રકૃતિથી લભ્ય છે, છતાં તે હેય જ (ત્યાજ્ય) છે.

२३७. पुण्यप्रकृतिलभ्यं च ज्ञानादिकमुपादेयमेव मोक्षकारणत्वात् ।

**અર્થ** – પુણ્યપ્રકૃતિથી લભ્ય જ્ઞાનાદિ સાધનો એ ઉપાદેય જ છે, મોક્ષનાં કારણ હોવાથી.

२३८. शुभभावसंयुक्तं जिनोक्तानुष्ठानं मोक्षकारणं ।

**અર્થ** – શુભભાવથી યુક્ત જિનોક્ત અનુષ્ઠાન મોક્ષનું સાધન છે.

२३९. पापानुबधि पुण्यस्य वस्तुतः पापरूपत्वात् ।

**અર્થ** – પાપાનુબંધિ પુણ્ય વસ્તુતઃ પાપરૂપ છે.

२४०. यद्यपि जिनाज्ञारुचिः जैन प्रवचनेऽपि अल्पजनस्यैव भवति कालानुभावात् ।

**અર્થ** – જો કે જિનાજ્ઞાની રુચિ જૈનપ્રવચનમાં પણ થોડાક જ મનુષ્યોને થાય છે. દુષમકાળના પ્રભાવથી.

२४१. अविधिलब्धस्य श्रुतस्य प्रत्युतापायफलत्वेनालब्ध कल्पत्वात् ।

**અર્થ** – અવિધિથી લીધેલું શ્રુતજ્ઞાન ઉલટું અપાયના ફળને પેદા કરનારૂં અને છે, તેથી ન લીધા બરાબર છે. (વિનય અને

બહુમાનથી લીધેલું શ્રુત તો કલ્પવૃક્ષની માફક વાંછિત ફળને આપનારૂં બને છે.)

૨૪૨. **उत्सूत्रभाषिणो दर्शनमपि निषिद्धं ।**

**અર્થ** – શાસ્ત્ર વિરૂદ્ધ બોલનારાને જોવાનો પણ નિષેધ છે; તો તેને મળવાનો અને તેની સાથે વાતચીત આદિનો તો સુતરાં નિષેધ જ છે.

૨૪૩. **ज्योतिष्क पर्यन्त देवेषु च जिनाज्ञाया अनाराधक-विराधना-मेवोत्पादात् ।**

**અર્થ** – જ્યોતિષીદેવલોક પર્યંત દેવોમાં જિનાજ્ઞાના અનારાધક (જિનાજ્ઞાની આરાધના ન કરનારા) અને જિનાજ્ઞાની વિરાધના કરનારાઓનો જ ઉત્પાદ (ઉત્પત્તિ) હોય છે.

૨૪૪. **बहुपापपरित्यागमन्तरेण अल्पपापपरित्यागस्यायुक्तत्वात् ।**

**અર્થ** – બહુ પાપનો ત્યાગ કર્યા વગર અલ્પ પાપનો ત્યાગ કરવો યુક્ત નથી. (દા. ત. માંસાહારનો ત્યાગ કર્યા વગર કંદમૂળનો ત્યાગ કરવો, દારૂનો ત્યાગ કર્યા વિના સરબતનો ત્યાગ કરવો, પરસ્ત્રીનો ત્યાગ કર્યા વિના સ્વસ્ત્રીનો ત્યાગ કરવો.)

૨૪૫. **आस्तां सर्वसंयमः, मिथ्यादृशां संयमलेशोऽपि न भवति ।**

**અર્થ** – સર્વસંયમ તો દૂર રહ્યું, પરંતુ મિથ્યાદૃષ્ટિને સંયમનો લેશ (અંશ) પણ ન હોય.

(સમકિત વિના સંયમ શાનું ?)

સમકિતના સિક્કા (માર્કા) વિનાનું સંયમ કદી હોઇ શકતું નથી.

२४६. अवश्य भाविनो वस्तुतः स्थगिति र्बलवताऽपि कर्तुमशक्या ।

અર્થ – અવશ્ય બનનારી વસ્તુને રોકવા બળવાન પણ સમર્થ નથી. (ભાવિભાવને મિથ્યા કરવા કોણ સમર્થ છે ?)

२४७. न हि जैन प्रवचने किमपि तदस्ति यत्कस्यापि निंदास्पदं स्यात् ।

અર્થ – જૈન પ્રવચનમાં એવું કંઈ પણ નથી કે કોઈને પણ નિંદાનું કારણ બને.

२४८. यावत्कायिक व्यापारस्तावदारम्भादि सभवः, न च तद् भित्या संयमाद्यनुष्टानमपि परिहर्त्तव्यं ।

અર્થ – જ્યાં સુધી કાયિક પ્રવૃત્તિ છે ત્યાં સુધી આરંભાદિનો સંભવ રહેવાનો. પણ તેના ભયથી સંયમનું અનુષ્ઠાન નહિ છોડવું જોઇએ. (દા. ત. વિહારમાં નદી ઉતરતાં પાણી વગેરેના જીવોની વિરાધના થાય છે, પરંતુ વિહાર કરવામાં ઘણા લાભો છે, તેથી ભગવાને સાધુઓને જયણાપૂર્વક નદી ઉતરવાનું જણાવ્યું છે.)

२४९. प्रव्रजितेन साधुना नैकत्र स्थेयं, कुलादिप्रतिबन्धेन बहु दोष संभवात्, किंत्ववश्यं ग्रामादिषु विहर्त्तव्यमेव ।

અર્થ – દીક્ષિત સાધુએ એક સ્થાને ન રહેવું, કારણ કે એક જ સ્થાને કાયમ રહેવાથી ગૃહસ્થોના કુલો ઘરો સાથે મમત્વભાવ વધવાથી ઘણા દોષો ઉત્પન્ન થવાનો સંભવ છે. તેથી અવશ્ય સાધુએ એક ગામથી બીજે ગામ વિહાર કરવો જ. (સાધકે રાગ

મમત્વથી દૂર રહવાનું છે.) રાગ મમત્વથી જ્ઞાનાદિ ગુણોનો નાશ થાય છે. સાધુને એક જગ્યાએ બહુ રહેવાથી પરિગ્રહ વધવાનો પણ પૂર્ણ સંભવ છે.

**૨૫૦. संङ्घादि प्रत्यनीकत्वानिवारण बोधिनाशादनन्त संसारित्वमपि स्यात् ।**

**અર્થ** – છતી શક્તિએ સંઘ શાસનના શત્રુઓનું નિવારણ ન કરે તો બોધિનો નાશ થવાથી અનંત સંસારીપણું. પણ પ્રાપ્ત થાય.

(બધે જ શાંતિ શાંતિની વાતો કરનારા જિન શાસનને સમજેલા જ નથી.)

સર્વ જીવ હિતકર શાસન ઉપર શત્રુઓ ચઢી આવ્યા હોય તે વખતે છતી શક્તિએ શાન્ત બેસી રહેવું તે ભયંકર કોટિનો અપરાધ છે. શાસન રક્ષા કરશે તેને જ પુનઃ આ શાસન મળશે.

**૨૫૧. यथा साक्षात् सरागदृष्ट्या नारी निरीक्षणं पापं तथा चित्र लिखित नारी निरीक्षणमपि पापं, तद् दर्शनात् तत्स्मृतिः । ''चित्तभित्तिं न निज्झाए इत्यादि.''**

**અર્થ** – જેમ સાક્ષાત સરાગદૃષ્ટિથી નારીનું નિરીક્ષણ કરવું પાપ છે તેમ ચિત્રમાં કે ફોટામાં ચિતરેલી કે પાડેલી સ્ત્રીને જોવી તે પણ પાપ છે. કેમ કે તે જોવાથી મૂળ સ્ત્રીનું સ્મરણ થાય છે.

દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કેઃ-

ભીંત ઉપર સ્ત્રીનું ચિત્ર હોય તો તે પણ જોવું નહિ. (નિમિત્તની અસર આ જીવ ઉપર ઘણી છે, માટે આત્માર્થીએ ખરાબ નિમિત્તોથી સદા દૂર રહેવું.)

२५२. **प्रायःतीर्थप्रवाहे अविच्छिन्न तीर्थ परिपाट्यामपवादेन प्रवृत्तिः ।**

**અર્થ** – પ્રાયે કરીને અવિચ્છિન્ન તીર્થની પરંપરામાં અપવાદથી પ્રવૃત્તિ ચાલે છે. એકલા ઉત્સર્ગ માર્ગથી આ શાસનની પરંપરા ન ચાલે.

જૈન શાસનરૂપી રથ ઉત્સર્ગ અને અપવાદરૂપી બે પૈડાથી જ ચાલે છે. માટે માત્ર ઉત્સર્ગ માર્ગી કે માત્ર અપવાદ માર્ગી ન બનવું.

(એકલો ઉત્સર્ગ માર્ગ તો જિનકલ્પી વગેરે મુનિઓ માટે જ હિતાવહ છે.)

२५३. **अपवादस्तावच्छ्रान्तानां पथिकानां विश्रामस्थान कल्पः ।**

**અર્થ** – અપવાદ તો માર્ગમાં થાકેલા પથિકોને વિસામાના સ્થાન તુલ્ય છે. (ઉત્સર્ગમાર્ગ ઉપર ચાલતાં ચાલતાં થાકી જનારા સંયમાર્થી સાધુઓ માટે અપવાદ એક વિસામા તુલ્ય છે.)

२५४. **साधु विरहित देशे श्रावकस्य निवासो न युक्तः ।**

**અર્થ** – સાધુ રહિત દેશમાં શ્રાવકે રહેવું યુક્ત નથી. પરદેશમાં જનારા જૈનોએ આ વાત મન ઉપર લેવા જેવી છે. પરદેશોમાં જનારા ઘણા જૈનોનું જૈનત્વ પડી ગયું. માટે જૈનત્વની રક્ષા ખાતર પરદેશ જવાનો મોહ છોડવા જેવો છે. પરદેશમાં પુણ્ય હશે તો પૈસો મળશે, પણ ત્યાંનાં ભયંકર પાપો વળગી પડશે. પૈસા માટે આ માનવજીવન નથી, પરંતુ પાપોને છોડવા માટે આ જીવન છે એ વાત ભૂલવી ન જોઈએ. આજના કાળે તો

પરલોકને સાવ ભૂલાવી દે તે 'પરદેશ' એ વ્યાખ્યા બરાબર લાગે છે. પરદેશમાં જવું એટલે પાપના દેશમાં જવું.

૨૫૫. **गुरुमन्तरेण दीक्षा न संभवति, दीक्षामन्तरेण च सिद्धांताध्ययनमपि न संभवति ।**

**અર્થ** – ત્યાગી ગુરુ વગર દીક્ષા સંભવતી નથી અને દીક્ષા વિના સિદ્ધાંતનું અધ્યયન સંભવતું નથી.

૨૫૬. **आभिनिवेशमिथ्यात्वं हालाहल विषकल्पं, नियमादनन्त-संसारपरिभ्रमण हेतुः ।**

**અર્થ** – આભિનિવેષિક મિથ્યાત્વ હળાહળ ઝેર જેવું છે. તે નિયમા અનંત સંસાર ભ્રમણનો હેતુ છે.

૨૫૭. **केवलसूत्रं सिद्धांत एव न भवति ।**

**અર્થ** – કેવળ સૂત્ર સિદ્ધાંતજ નથી.
(પંચાંગી આગમ એ જ સિદ્ધાંત છે.)

૨૫૮. **उत्पत्तिः पुनर्युगपत् तीर्थस्य, विगमोऽपि युगपद् भवति।**

**અર્થ** – તીર્થની ઉત્પત્તિ પણ એક સાથે થાય છે અને નાશ પણ એક સાથે થાય છે.
'ચાઉવ્વણ્ણો સંઘો તિત્થં' ચતુર્વિધ સંઘ તે તીર્થ.

૨૫૯. **तीर्थं तु दूष्प्रभाचार्य पर्यन्तं ।**

**અર્થ** – તીર્થ તો દુપ્પહસૂરિ સુધી ટકવાનું છે.

૨૬૦. **सर्वेऽपि ऋजुजड ऋजुप्राज्ञ वक्रजडलक्षणा 'मुक्ति पथिकाः' त्रिलोकजन पूजिताश्च भवन्ति ।**

**અર્થ** – ઋજુ જડ, ઋજુ પ્રાજ્ઞ, વક્ર જડ સર્વ પણ સાધુઓ

મુક્તિમાર્ગના પથિકો છે. ત્રણે લોકને પૂજ્ય છે. સર્વે એક સરખા આરાધ્યસ્થાન છે. દુષમકાળના પ્રભાવથી જે તેઓમાં (સાધુઓમાં) દોષ દેખાય છે તે નહિવત્ જ છે. કાલના પ્રભાવે સૂક્ષ્મ દોષના કારણે તેઓ આરાધ્યસ્થાન પણ નથી એમ નહિ. અથાર્થાત્ આરાધ્યસ્થાન છે.

**૨૬૧. गुरुपारतंत्र्याभावे च सूत्रार्थनिश्चयोऽपि न संभवति ।**

**અર્થ** – ગુરુ પારતંત્ર્યના અભાવમાં સૂત્રાર્થનો નિશ્ચય સંભવતો નથી.

**૨૬૨. कारणिकोऽपवादः उत्सर्गादपि बलवान् भवति.**

**અર્થ** – કારણિક અપવાદ એ ઉત્સર્ગથી પણ બળવાન છે. એ પ્રમાણે શ્રી હેમચંદ્રસૂરિજીએ ન્યાયસૂત્રમાં કહ્યું છે.

**૨૬૩. यावदपवाद प्रयोजनं न पतति तावदुत्सर्ग एव बलवान् ।**

**અર્થ** – જ્યાં સુધી અપવાદનું પ્રયોજન (કામ) પડતું નથી ત્યાં સુધી ઉત્સર્ગજ બળવાન છે.

**૨૬૪. मिथ्यानुष्ठानोपात्तात् पुण्याद अभिष्वङ्गः जायतेदृढम् ।**

**અર્થ** – મિથ્યા અનુષ્ઠાનથી ઉપાર્જેલા પુણ્યથી દૃઢ આસક્તિ ઉત્પન્ન થાય છે.

**૨૬૫. गुरुलाघवं च विज्ञेयं धर्मे ।**

**અર્થ** – ધર્મમાં ગુરુલાઘવ જાણવું જોઇએ.

(પ્રત્યેક ધર્મ પ્રવૃત્તિમાં ગુરુલાઘવનો વિચાર જોઇએ.)

**૨૬૬. गुरुकुलवासः परमपदनिबंधनं ।**

**અર્થ** – ગુરુકુલવાસ પરમપદનું કારણ છે.

२६७. वज्जिज्जयं संसग्गं पासत्थाइहिं पावमित्तेहिं ।
**અર્થ** – પાપમિત્રો એવા પાસત્થાદિનો સંસર્ગ છોડી દેવો જોઇએ.

२६८. आराहमो अ जीवो सत्तट्ठभवेहिं सिज्झई णियमा ।
**અર્થ** – આરાધક જીવ સાત-આઠ ભવમાં નિયમા સિદ્ધ થાય છે.

२६९. पासत्थाइ वंदमाणस्स, नेव कित्ती न निज्जरा होइ।
जायइ कायकिलेशो, बंधो कम्मस्स आणाइ ॥
**અર્થ** – પાસત્થા વગેરે કુસાધુઓને વંદન કરતાં કિર્તિ થતી નથી કે નિર્જરા થતી નથી, માત્ર કાયક્લેશ અને કર્મનો બંધ થાય છે.

२७०. जे बंमचेरभट्ठा, पाए पाडंति बंभयारीणं ।
ते हुंति टूंटमुंटा. बोहि वि सुदुल्लहा तेसिं ।
**અર્થ** – જે બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયેલા હોય અને બીજા બ્રહ્મચારીઓને પગમાં પડાવે તો તે હાથ પગ વિનાના લૂલા લંગડા થાય છે અને બોધિ પણ તેઓને અત્યંત દુર્લભ બની જાય છે.

२७१. जम्म दुक्खं जरा दुक्खं, रोगा च मरणाणि च ।
अहो दुक्खो हु संसारे, जत्थ कीसंति जंतुणो ॥
**અર્થ** – જ્યાં જન્મનું દુઃખ, જરાનું દુઃખ, રોગનું દુઃખ, મરણનું દુઃખ છે એવા દુઃખમય સંસારમાં પ્રાણીઓ કલેશ પામે છે.

२७२. अशुभानुबन्धतोऽनन्त संसारः (उपदेश पद)
**અર્થ** – અશુભ કર્મના અનુબંધથી અનંત સંસારની પ્રાપ્તિ થાય છે.

२७३. सत्क्रियाऽनिवृत्तिरूपत्वाद् व्रतपरिणामस्य ।

**અર્થ** – વ્રતનો પરિણામ હૈયામાં હાજર હોય તો સત્ ક્રિયામાં પ્રવૃત્તિ કરાવે જ.)

२७४. दव्वादिया न पायं सोहणभावस्स होंति विग्घकरा । बाह्यक्रियास्तु बहिर्व्यापाररूपा कायिकायादयः पुनस्तथा यादृशा द्रव्यादयो वर्त्तन्ते तादृसा एव भवन्ति ।

**અર્થ** – હૃદયમાં શુભ ક્રિયાનો દૃઢ રાગ (પક્ષ પાત) બેઠો છે તો ચારિત્રને ક્ષતિ પહોંચતી નથી. દા. ત. હૃદયમાં દાનની તીવ્ર રૂચિ છે, પણ નિર્ધનતાના કારણે બહારમાં મોટાં દાન દઈ શકતો નથી. તેથી તેનામાં દાનરૂચિ નથી એમ ન કહેવાય. હૃદયમાં તપની તીવ્ર રૂચિ છે, પરંતુ શારીરિક પ્રતિકૂળતા વગેરે કારણે વિશિષ્ટ તપ ન કરી શકતો હોય તો પણ તપનો પરિણામ (પક્ષપાત) છે, તો તે તપસ્વી જ કહેવાય. કાયાથી તપ કરે તે જ તપસ્વી એવું એકાંતે જૈન શાસનમાં નથી.

કોઇની માત્ર બાહ્ય ક્રિયા જોઈને જ તેના માટે જલ્દી અભિપ્રાય બાંધી લેવા જેવો નહિ. કુરગડુ ઋષિની બાહ્ય ક્રિયા જોઈને પેલા ચાર તપસ્વીઓએ ઝટ અભિપ્રાય બાંધી લીધો કે આ તો પેટ-ભરો છે, તો પાછળથી પસ્તાવાનો અવસર આવ્યો.

કોઇના અંતરના પરિણામ કેવા છે તેની છદ્મસ્થ આત્માને શું ચોક્કસ ખબર પડે ?

२७५. यथाशक्त्याज्ञा परिपालनस्यैव चारित्ररूपत्वात्, तस्य च सांप्रतमपिभावात् ।

**અર્થ** – યથાશક્તિ જિનાજ્ઞાનું પાલન જ ચારિત્રરૂપ છે. અને તે વર્તમાનકાળમાં પણ છે.

વર્તમાન દુઃષમકાળમાં જે પ્રમાણે પોતાની શારીરિક અને માનસિક શક્તિ હોય તે મુજબ જિનાજ્ઞાનું પાલન કરતા સાધુઓમાં ચારિત્ર છે જ.

(દરેક વસ્તુ કાળ પ્રમાણે હોય.)

આજે પહેલા જેવા બળ બુદ્ધિ ક્યાં છે ? આજે પહેલા જેવા ધાન્ય ક્યાં છે ? છતાં જે કાળે જેવું મલે તેનાથી જીવન નિર્વાહ કરવાનો હોય છે. તેમ ભગવાન મહાવીરના સમયના સાધુઓ જેવું સંયમ વર્તમાનના દુર્બળ સંઘયણવાળા સાધુઓનું ન હોય તેથી તે સાધુ જ નથી એમ ન કહેવાય. કાળની અસર ઓછા-વત્તા પ્રમાણમાં દરેકને થાય છે. માટે તો પાંચ કારણોમાં કાળને પણ એક કારણ ગણવામાં આવ્યું છે.

કાળ પણ કાર્યમાં કારણભૂત છે.

૨૭૬. **आत्मप्रशंसया धर्मः प्रणश्यति ।**

**અર્થ** – આત્મ પ્રશંસા કરવાથી ધર્મ નાશ પામે છે.

૨૭૭. **अर्थाधिगमस्य प्रायः कुशल परिणाम कारकत्वात् ।**

**અર્થ** – (સૂત્રોના) અર્થનો બોધ (જ્ઞાન) પ્રાયે કુશળ પરિણામને કરનારો છે. અર્થજ્ઞાન વિનાનું માત્ર સૂત્ર જ્ઞાન જાઝો લાભ કરતું નથી. સૂત્ર ભણીને પણ અર્થ જ્ઞાન તો મેળવવું જ જોઇએ.

૨૭૮. **न च निरर्थकं वाक्यमुच्चारयन्ति सन्तः ।**

**અર્થ** – સજ્જનો નિરર્થક વાક્ય ઉચ્ચારતા નથી.

૨૭૯. **ये संयमार्थिनस्ते पराप्रीतिकं न कुर्वन्ति, संयमार्थित्वादेव ।**

**અર્થ** – જે સંયમાર્થીઓ છે તે બીજાને અપ્રીતિ થાય તેવું કરતા નથી, કેમકે તેઓ સંયમાર્થી છે.

२८०. गुरूकुलत्यागिनां बहुमानेन पक्षपातेन करणभूतिन उन्मार्गानुमोदना अनागमिकाचारानुमतिः, किं फला ? दुर्गति प्रयोजना ।

**અર્થ** – ગુરુકુલ (ગુરુ આજ્ઞા નિશ્રા) ત્યાગીઓનું બહુમાન કરવાથી ઉન્માર્ગની અનુમોદના થાય છે. (આગમ વિરુદ્ધ આચારની અનુમોદના થાય છે.) અને તેનું ફળ શું ? તો દુર્ગતિ.

२८१. आणाए अवट्टंतं जो उववूहेइ मोहदोसेणं ।
सो आणाभंग अणवच्छं मिच्छत्त विराहणं पावे ॥

**અર્થ** – જે આજ્ઞામાં વર્તતો નથી તેની ઉપબૃંહણા (પ્રશંસા) મોહદોષથી કરે તો તે આજ્ઞા ભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધનાના ફળને પામે છે.

२८२. स्वमतिप्रवृत्तेर्भवफलत्वेनोक्तत्वात् ।

**અર્થ** – સ્વમતિપૂર્વકની (શાસ્ત્રમતિ વગરની) પ્રવૃત્તિ ભવફળ તરીકે કહી છે. સ્વચ્છંદ પ્રવૃત્તિ સારી હોય તો પણ સંસાર વૃદ્ધિ કરનારી છે.

२८३. स्वाध्यायादयश्च निराबाधा गच्छावास एव ।

**અર્થ** – સ્વાધ્યાય, ધ્યાન, સંયમક્રિયા, તપ, ગુરુભક્તિ વગેરે ગચ્છમાં રહેવાથીજ નિરાબાધપણે થાય છે. (ગચ્છમાં રહેવાથી જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ થાય છે)

२८४. आयुः क्षयादर्वाक् धर्मः कर्तव्य इति गुर्वाज्ञाऽस्ति ।

**અર્થ** – આયુષ્યના ક્ષયના પૂર્વે ધર્મ કરવો જોઇએ એ પ્રમાણે ગુરૂ આજ્ઞા છે.

२८५. आचामाम्लादौ अतिशय यत्नपरो भवेत् ।

**અર્થ** – આયંબિલ આદિના તપમાં અત્યંત પ્રયત્નવાળા બનવું.

२८६. अभव्यानां पूर्वधरलब्धेरभावात् ।

**અર્થ** – અભવ્યોને પૂર્વધર લબ્ધિનો અભાવ છે.

२८७. आत्मशुद्धि विना तु किमपि सत्कृत्यं न शोभते ।

**અર્થ** – આત્મશુદ્ધિ વિના કોઇપણ સત્કાર્ય શોભતું નથી.

२८८. श्री शत्रुंजये स्वल्पमपि कृतं पुण्यं महाफलप्रदं भवति।

**અર્થ** – શ્રી શત્રુંજય ઉપર થોડું પણ કરેલું પૂણ્ય મહાફળને આપનારૂં થાય છે.

२८९. प्रवचनभक्ते र्महाफलानि मत्वा भव्यै नित्यं तत्र प्रवर्तिव्यं।

**અર્થ** – પ્રવચન ભક્તિ મહાફળવાળી જાણીને ભવ્ય જીવોએ નિત્ય ત્યાં પ્રયત્ન કરવો જોઇએ.

२९०. स्तोकेनापि प्रमादेन बहवी संसारवृद्धिः स्यात् ।

**અર્થ** – થોડા પણ પ્રમાદથી ઘણી સંસારવૃદ્ધિ થાય છે.

२९१. नाशक्यमारभते, न च शक्ये प्रमाद्यति ।

**અર્થ** – (સંયમાર્થી) અશક્યનો આરંભ કરતો નથી અને શક્યમાં પ્રમાદ કરતો નથી.

२९२. आज्ञा पारतन्त्र्यं विना न शुद्धिः ।

**અર્થ** – આજ્ઞાની પરાધીનતા વિના આત્મશુદ્ધિ નથી.

२९३. न क्षमं हि मुमुक्षुणां क्षणमपि निरभिग्रहाणामवस्थातुं ।

**અર્થ** – મુમુક્ષુઓએ એક ક્ષણ પણ અભિગ્રહ વિના રહેવું યુક્ત નથી.

२९४. अप्रवृत्तोऽपि प्रतिबंधात् द्रव्यक्रियायामव्यावृतोऽपि भावेन परमार्थेन प्रवृत्त एव शुभभाववान् ।

**અર્થ** – બાહ્ય દ્રવ્યક્રિયામાં પ્રવૃત્ત ન હોવા છતાં પણ ભાવ પ્રતિબંધના કારણે પરમાર્થથી તે પ્રવૃત્ત જ છે.

બાહ્ય અનુષ્ઠાન ઉપર પૂર્ણ રાગ હૈયામાં હોય અને કોઇ વિષમ સંયોગવશ તે અનુષ્ઠાન ન કરી શકતો હોય તો પણ તેને પૂર્ણ રાગના કારણે અનુષ્ઠાન કરવા જેટલો લાભ મળે છે.

અહિં શુભ ભાવનાનું પ્રાધાન્ય બતાવ્યું છે. બધી જ ક્રિયાઓ આ શરીરથી થવી મુશ્કેલ છે. પણ જે જે ક્રિયાઓ સાક્ષાત શરીરથી ન થઇ શકે એમ હોય તેના ઉપર બહુમાન ધરવાથી ઘણો લાભ થાય છે.

२९५. स्वाध्यायादि क्रिययाऽसत्क्रीया निवृत्तिः ।

**અર્થ** – સ્વાધ્યાયાદિ ક્રિયાથી અસત્ ક્રિયાની નિવૃત્તિ થાય છે.

२९६. दुःषमायामपि गुरुपारतंत्र्येण ये स्वाध्यायादिप्रधानयोग प्रवृत्तास्तेषां यतित्वमव्याहतम् ।

**અર્થ** – દુઃષમકાળમાં પણ ગુરુ પારતંત્ર્યના યોગે જે સાધુઓ સ્વાધ્યાયાદિ પ્રધાન યોગોમાં વ્યાપૃત (ઓતપ્રોત) રહે છે તેઓનું સાધુપણું અખંડિત રહે છે.

२९७. लोगो हि बज्जदिट्ठि षायं ।

**અર્થ** – લોક પ્રાયે બહિર્દષ્ટિ વાળો છે. (અંતર્મુખ જીવો આજના કાળે ઘણા થોડા, બહિર્મુખ જીવો આજના કાળે ઘણાં.)

२९८. द्रव्यादिभिर्युक्तस्य साधोरुत्सर्गो भण्यते । रहितस्य द्रव्यादिभिरेव तदनुष्टानमपवादो भण्यते ।

**અર્થ** – સંયમ સાધનામાં સહાયક દ્રવ્ય ક્ષેત્રાદિથી યુક્ત સાધુનું અનુષ્ઠાન ઉત્સર્ગ કહેવાય છે અને તેનાથી રહિત સાધુનું તે અનુષ્ઠાન અપવાદરૂપ કહેવાય છે. સંયમ સાધનામાં પ્રતિકુલ દ્રવ્ય ક્ષેત્ર કાલાદિ હોય ત્યારે જ સંયમ સાધનાને ટકાવી રાખવા જ અપવાદ સેવવાની સંયમાર્થી સાધુઓને જરૂર પડે છે.

२९९. **अशक्तस्यैवोत्सर्गादपवादगताविधि कारात् ।**

**અર્થ** – ઉત્સર્ગમાર્ગનું પાલન કરવા અશક્ત હોય એવા સાધુને જ અપવાદમાં જવાનો અધિકાર છે, સશક્તને નહિ.

३००. **परोपकारो हि स एव सुधिया विधेयो य आत्मना उपकारको भवति ।**

**અર્થ** – પરોપકાર બુદ્ધિમાને એવો જ કરવો કે જે પોતાના આત્માને અંતે ઉપકારક થાય.

(પરિણામે પોતાના આત્માને અપકારક નિવડતો પરોપકાર કરવા જેવો નહિ.) દા. ત. સાધુએ પરદેશમાં જઈ ધર્મપ્રચાર કરવો.

३०१. **जगति दूर्लभं श्रुतरत्न मुपयच्छन् वर्त्तते ।**

**અર્થ** – જગતમાં શ્રુતરત્નને આપનારા દુર્લભ છે.

३०२. **कुविनेया मृदोरपि गुरोः खरपरुष प्रत्युच्चारणादिना कोपप्रकोपकाः भवन्तिः ।**

**અર્થ** – કુશિષ્યો શાન્ત પ્રકૃતિવાળા ગુરુને ખરપરુષ વચનો બોલવાવડે કરીને કોપાયમાન કરે છે.

३०३. **अर्धमागधिकभाषया तीर्थकृतां देशना प्रवृत्तेः ।**

**અર્થ** – તીર્થંકરોની દેશના અર્ધમાગધિ ભાષાવડે પવર્તે છે.

૩૦૪. **श्रुतज्ञानं सर्वातिशय रत्न कल्पं प्रायो गुर्व्वधीनं च ।**

**અર્થ** – સર્વાતિશાયી રત્ન સમાન શ્રુતજ્ઞાન પ્રાય કરીને ગુરુને આધીન છે.

૩૦૫. **यदेव जिन प्रणीत प्रवचनार्थ परिज्ञानं तदेव परमार्थतः श्रुतज्ञानं न शेषमिति ।**

**અર્થ** – જે જિનપ્રણિત પ્રવચનના અર્થનું જ્ઞાન તે જ પરમાર્થથી શ્રુતજ્ઞાન છે, બીજું નહિ.

૩૦૬. **सर्वथा स्वहितमाचरणीयं, किं करिष्यति जनो बहुजल्पः ।**
**विद्यते स न हि कश्चिदुपाय सर्वलोक परितोषकरो यः ॥**

**અર્થ** – (લોકરંજન તરફ લક્ષ ન આપતાં આત્મરંજન તરફ લક્ષ આપવા અહીં ઉપદેશ છે.) લોકરંજન માટે કરાતો ધર્મ કે ધર્મના ઉપદેશની ફુટી બદામ જેટલી યે કિંમત નથી. લોકો પણ ભિન્ન ભિન્ન રુચિવાળા હોવાથી સર્વ લોકોનું રંજન કરવું શક્ય જ નથી.

૩૦૭. **रागोऽपि वस्तु आसाद्यभवति, यादृशं जघन्यं मध्यममुत्कृष्टं वा वस्तु रागोऽपि तत्र तादृशो भवति ।**

**(बृहद् कल्प भा. ३)**

**અર્થ** – રાગ પણ વસ્તુને આશ્રીને (નિમિત્ત) ઉત્પન્ન થાય છે. જેવી જઘન્ય મધ્યમ કે ઉત્કૃષ્ટ વસ્તુ હોય તે પ્રમાણે ત્યાં રાગ પણ જઘન્ય મધ્યમ કે ઉત્કૃષ્ટ થાય છે.

વસ્તુ સામાન્ય તો રાગ પણ સામાન્ય.

વસ્તુ અસામાન્ય તો રાગ પણ અસામાન્ય થાય.

દા. ત. કાચની બંગડીઓ હોય તો રાગ થોડો થાય, સોનાની બંગડીઓ હોય તો રાગ તેનાથી થોડો વધારે થાય, અને હીરાની બંગડીઓ હોય તો રાગ ઘણો થાય. સામાન્ય ઘર હોય તો રાગ થોડો થાય અને બંગલો હોય તો રાગ વધારે થાય. સુતરાઉ કપડાં હોય તો રાગ થોડો થાય, ટેરેલીનનાં કપડાં હોય તો રાગ ઘણો થાય. સ્ત્રી સામાન્ય રૂપવાળી હોય તો રાગ થોડો થાય, સુંદર રૂપવાળી હોય તો રાગ વધારે થાય, માટે આત્માર્થીએ રાગ વધે એવી ચીજોને પસંદ ન કરવી.

**૩૦૮. न च धर्मार्थं धनोपार्जनं युक्तम् (योगशास्त्र टीका)**

**અર્થ** – ધર્મ કરવા માટે ધનોપાર્જન યુક્ત નથી.

**૩૦૯. धर्मार्थं यस्य वित्तेहा तस्यानीहा गरीयसी ।**
**प्रक्षालनाद् हि पङ्कस्य दूरादस्पर्शनं वरम् ॥**

**અર્થ** – ધર્મ માટે ધનની ઈચ્છા કરવી તેના કરતાં ધનની ઈચ્છા ન કરવી વધારે સારી છે. કેમકે કાદવમાં પગ નાંખીને પછીથી પાણીથી ધોવો તેના કરતાં કાદવને અડવું જ નહિ એ જ શ્રેષ્ઠ છે. પાપ કરીને પૈસો કમાવવો અને પછી તે પાપને ધોવા માટે પૈસો ધર્મ માર્ગે ખર્ચવો તેના કરતાં પૈસા માટે પાપ જ ન કરવું તે શ્રેષ્ઠ છે.

જૈન શાસ્ત્રોમાં દાનનું વિધાન પણ આરંભ અને પરિગ્રહના પાપથી બચવા માટે જ છે.

આજે તો કેટલાક કહેવાતા દાનવીરો એક બાજુ દાનનો પ્રવાહ રેલાવતા જાય છે, અને બીજા બાજુ વધુને વધુ આરંભ અને પરિગ્રહમાં ફસાતા જાય છે. આ જીના ખૂબ જ ગંભીર વિચારણા

માંગી લે છે. દાનનો શાસ્ત્રીય માર્ગ લુપ્ત ન થઈ જાય તે આજના કાળે મોટો ચિંતાનો વિષય તઇ પડ્યો છે.
શાસ્ત્ર વિધિ મુજબના દાનને જ મહત્ત્વ આપવું જોઇએ.

**३१०. उज्वलवेषेण विभूषा भवति, विभूषातश्च चिक्कणः कर्मबन्धः ततश्च संसार पर्यंटनमिति ।**

**અર્થ** – ઉજ્વળ વેશથી વિભૂષા થાય છે, વિભૂષાથી ચિકણાં કર્મ બંધાય છે, અને ચિકણાં કર્મ બંધાવાથી સંસાર ભ્રમણ થાય છે.

**३११. अकामी मण्डनप्रियो न भवतीति । (गच्छाचारवृत्ति)**

**અર્થ** – અકામી વિભૂષાપ્રિય ન હોય.

(શરીરની અને કપડાંની બહુ ટાપટીપ કરવી તે બ્રહ્મચારી માટે ખતરનાક છે. સ્ત્રીઓનું આકર્ષણ વધે એવું કાંઇ જ ઈરાદાપૂર્વક કરવું તે સ્વ-પરને મહાન નુકસાન કર્તા છે.

**३१२. न शंकितं श्रुतमन्यस्मै दीयते प्रवचने निषेधात् ।**

**અર્થ** – શંક્તિ શ્રુત બીજાને આપવું નહિ, કારણ કે તેનો પ્રવચનમાં નિષેધ કરેલો છે,

**३१३. पूजासत्कारादिना मदं कुर्यात् स न सर्वज्ञप्रणिते मार्गे विद्यते ।**

**અર્થ** – પોતાના બહારમાં થતાં પૂજા સત્કાર સન્માન વડે કરીને જે અભિમાન કરે તે સર્વજ્ઞ પ્રણિત માર્ગમાં નથી.

**३१४. अक्षनिषद्यां विनाऽनुयोगं कुर्वतः श्रृण्वतश्च प्रायश्चितं ।**
**(समवायांग टीका)**

**અર્થ** – સ્થાપનાચાર્ય પધરાવ્યા વિના સૂત્રોના અર્થની વાચના આપતાં અને સાંભળતાં પ્રાયશ્ચિત આવે.

३१५. **उस्सग्गे अववायं, आयरमाणो विराहओ होति ।**
**अववाए पुण पत्ते, उस्सग्ग निसेवओ भइओ ॥**

**(निशिथ सूत्र)**

**અર્થ** – ઉત્સર્ગના સ્થાને અપવાદને આચરનારો વિરાધક થાય છે. અપવાદના સ્થાને ઉત્સર્ગનું આચરણ કરનારો વિરાધક થાય કે ન પણ થાય. (મજબૂત ધૃતિબલાદિ હોય અને દુર્ધ્યાન થાય તેમ ન હોય તો અપવાદનું સેવન ન કરે તો પણ વાંધો નહિં.)

३१६. **ण वि किंवि अणुण्णायं, पडिसिद्धं वावि जिणवरिंदेहिं ।**
**एसा तेसिं आणा, कज्जे सच्चेण होयव्वं ॥**

**(निशिथ सूत्र)**

**અર્થ** – એકાંતે કોઇ વસ્તુનું વિધાન નિષેધ નથી પરંતુ કાર્ય કરતાં હૃદયમાં માયા-કપટ ન જોઇએ. જે રીતે જ્ઞાન દર્શન ચારિત્રની રક્ષા, શુદ્ધિ અને વૃદ્ધિ થાય તે મુજબ વર્તવું એવી ભગવાનની આજ્ઞા છે.)

३१७. **जीहाए वि लिहंतो, ण भद्दओ जत्थ सारणा नत्थि ।**
**दंडेण वि ताडंतो, स भद्दओ सारणाजत्थ ॥**

**(निशिथ सूत्र)**

**અર્થ** – ગુરુ શિષ્યને જીભથી ચાટતો હોય તો પણ તે સારો નથી. જો ગુરુ શિષ્યને સારણા-વારણાદિ ન કરતા હોય તો.

પરંતુ ભલે ગુરુ કોઈ ભૂલ થતાં શિષ્યને દંડથી તાડના કરતા હોય પણ જો શિષ્યને સાયણા-વાયણા કરતા હોય તો તે ભલા છે.

માત્ર આ લોકમાં જ હિતકારી ગુરુ તો સુગર કોટેડ પોઇઝન જેવા છે. આ લોકમાં હિતકારી ઉપરાંત પરલોકમાં હિતકારી ગુરુ જ સાચા ગુરુ છે. ભવ ભયથી શરણે આવેલા શિષ્યને સંસાર સાગરથી સંયમ પળાવી પાર ઉતારે તે ગુરુ કાષ્ઠની નાવ જેવા છે.

સાચા ગુરુ શિષ્યના આત્માનું હિત પહેલું જુવે. જે ગચ્છમાં ગુરુ શિષ્યોને સાયણા વાયણાદિ કરતા હોય ત્યાંજ સંયમાર્થી આત્માએ વસવુ જોઇએ. સાધકે માત્ર શરીરની સગવડ ખાતર ગુરુ કરવાના નથી.

૩૧૮. **स्त्रीणां यदि चारित्रं न स्यात् तर्हि साधुः साध्वी श्रावकः श्राविकाचेति चतुर्वर्ण श्रमणसङ्घ व्यवस्था न स्यात् ।**

**અર્થ** – સ્ત્રીઓને જો ચારિત્ર ન હોય તો સાધુ-સાધ્વી, શ્રાવક શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ વ્યવસ્થા ન થાય. ત્રિવિધ સંઘ માનવો પડે. પણ તીર્થંકર ભગવંતો તો ચતુર્વિધ સંઘની સ્થાપના કર છે.

સંઘનાં ચારે અંગો એક બીજાનાં પૂરક છે.

૩૧૯. **आसन्नकाल भव सिद्धियस्स जीवस्स लक्खणं इणमो-विसय-सुहेसु ण रज्जइ सव्वत्थामेण उज्जमइत्ति ।**

**અર્થ** – નજીકના કાળમાં જેની ભવમાંથી મુક્તિ થવાની હોય તેવા જીવનું લક્ષણ આ છે કે-તે વિષયસુખમાં આનંદ પામતો નથી અને સર્વ શકિતથી તપ સંયમમાં ઉદ્યમ કરે છે.

३२०. भोगेच्छा निवृत्तिरुपं वैराग्यं ।

**અર્થ** – ભોગની ઇચ્છાનો ત્યાગ તે વૈરાગ્ય.

३२१. न च संसारभीरुतां विना धर्माधिकारो नाम ।

**અર્થ** – ભવભય વિના ધર્મનો અધિકાર પ્રાપ્ત થતો નથી. ભવનિર્વેદ વિના નિર્વાણની નિર્મળ ભાવના પ્રગટ થતી જ નથી. સંસાર ઉપર જેનું મન હોય તેનું મન મોક્ષ ઉપર ન હોય.

સંસારના રાગીને મોક્ષનો રાગ ન હોય. એ તો સંસાર પ્રત્યે વૈરાગી બને તો જ મોક્ષનો રાગી બની શકે.

३२२. देहबलं यदि न दृढं तथापि मनोधृति बलेन यतितव्यम् । तृषितः पात्राभावे करेण किं नो जलं पिबति ?

**અર્થ** – જે સંયમસાધનામાં દેહબળ મજબૂત ન હોય તો પણ મનના ધૃતિ બળવડે સંયમમાં યત્ન કરવો જોઇએ. તૃષાતુર મનુષ્ય પાણી પીવાના પાત્રના અભાવે શું હાથ વડે પાણી પીતો નથી ? પીવે જ છે. શરીરની શિથિલતાના કારણે સંયમ સાધનામાં મનનો ઉત્સાહ તો ઓસરવો ન જ જોઇએ.

કેટલીક સંયમ સાધનાઓ શારિરીક શક્તિના અભાવે મનના વિર્યોલ્લાસથી કરવાની હોય છે.

३२३. न खलु केवल गीतार्थस्योपदेशऽधिकारः, संवेगं विनाभिनिवेशेनोत्सूत्रप्ररूपणादिना तस्य महादोष सम्भवात् ।

**અર્થ** – સંવેગવિનાના માત્ર ગિતાર્થને પણ ઉપદેશ આપવાનો અધિકાર નથી, કેમકે સંવેગ વગર અભિનિવેશથી ઉત્સૂત્ર પ્રરૂપણા

કરવા વડે કરીને તેને મહાદોષ ઉત્પન્ન થાય.

(અનંત સંસાર પરિભ્રમણ ૩૫)

૩૨૪. **स्वयमसंविग्नस्य तस्य परोपदेशेन का वार्थसिद्धिः ? संवेगं विना लोकरंजनाद्यर्थमेवोपदेशादौ प्रवृत्तिरित्यवश्यमस्य माया निकृति प्रसंगो दुर्लभ बोधित्वं चेत्यात्म बोधनमेवात्मार्थिना यतितव्यम्, एवं संविग्नस्याप्य गीतार्थस्योपदेशादौ नाधिकारः ।**

**(अध्यात्म मत परीक्षा)**

**અર્થ** – પોતાનામાં સંવેગ (મોક્ષાભિલાષ કે ભવભિરુતા) ન હોય તેને પરોપદેશથી શું કાર્યસિદ્ધિ થવાની હતી ? સંવેગ વિના લોકરંજન માટે જ ઉપદેશમાં પ્રવૃત્તિ થાય છે તેથી માયાકપટનો પ્રસંગ આવે અને દુર્લભ બોધિતાની પ્રાપ્તિ થાય માટે પોતાના આત્માને જ પ્રતિબોધવા આત્માર્થીએ પ્રયત્ન કરવો જોઇએ. એવી રીતે સંવેગી હોય પણ અગીતાર્થ હોય તેને પણ ઉપદેશનો અધિકાર નથી. આધુનિક ભાષામાં કહીએ તો વક્તા વૈરાગી અને વિદ્વાન શાસ્ત્રોનો જાણકાર હોવો જોઇએ.

દયાળુ પણ ઊંટવૈદ્ય પાસે શસ્ત્રક્રિયા ન કરાવાય, તેમ દયાહીન નિષ્ણાત વૈદ્ય પાસે પણ શસ્ત્રક્રિયા ન કરાવાય. જેને તેને પાટ ઉપર ચઢીને ઉપદેશ આપવાનો અધિકાર નથી. અધિકારી જ ઉપદેશ આપે તો જ સ્વ-પરને લાભ થાય.

૩૨૫. **गुरुभाव प्रतिबंध एव मोक्षः । (अध्यात्ममत परिक्षा)**

**અર્થ** – ગુરુ બહુમાન એ જ મોક્ષ છે. કારણ કે ગુરુ બહુમાન એ

મુક્તિનું અવન્ધ્ય કારણ છે અને ગુરુ બહુમાનથી તીર્થંકરનો સંયોગ પણ પ્રાપ્ત થાય છે. ભવવ્યાધિનો ચિકિત્સક કોઇ હોય તો ગુરુ બહુમાન જ છે. ગુરુ બહુમાન હોય તો જ ભગવદ્ બહુમાન હોય, માટે મુમુક્ષુએ ગુરુ ઉપર બહુમાન રાખવું.

**૩૨૬. सानुबंधाशुभ कर्मणः सम्यक् प्रवज्यायोगात् ।**

**અર્થ** – સાનુબન્ધ અશુભ કર્મવાળાને સમ્યગ્ પ્રવજ્યા (દીક્ષા) ન હોય.

(સાનુબન્ધ પાપ કર્મવાળાને ચારિત્રનો પરિણામ જ ઉત્પન્ન ન થાય.)

**૩૨૭. आज्ञाप्रियत्वमपुनर्बन्धकादिलिङ्गम् ।**

**અર્થ** – આજ્ઞા પ્રિયતા એ અપુનર્બન્ધક આદિનું લિંગ છે. આજ્ઞા પ્રિયતા, આજ્ઞાનું શ્રવણ, આજ્ઞાનો અભ્યાસ વગેરે અપુનર્બન્ધક વગેરે જીવોમાં હોય.

**૩૨૮. यस्य भागवती सदाज्ञा प्रिया तस्य नियमतः संवेगइति (पंचसूत्र टीका)**

**અર્થ** – જેને ભગવાનની આજ્ઞા પ્રિય છે તેને નિયમા સંવેગ હોય. જ્યાં આજ્ઞા પ્રિયતા ત્યાં સંવેગ.

(જેમ, જ્યાં ધૂમ ત્યાં અગ્નિ)

**૩૨૯. न चिंतिज्जा परपीडं । न भाविज्जा दीणयं ।**
**न गच्छिज्जा हरिसं । न निरिक्खिज्ज परदारं ।**

**અર્થ** – પરપીડનનો વિચાર ન કરવો.
દીનતાનો વિચાર ન કરવો.

બહુ હર્ષઘેલા ન બની જવું.
પરસ્ત્રીને જોવી નહિ.

૩૩૦. **यत्र भावोऽधिकस्तत्र फलमप्यधिकम् ।**
**અર્થ** – જ્યાં ભાવ અધિક ત્યાં ફળ પણ અધિક.

૩૩૧. **थोवाहारो थोवभणिओ अ जो होइ थोव निद्दो अ ।**
**थोवोवहि उवगरणो तस्स हु देवावि पणमंति ॥**
**અર્થ** – થોડો આહાર, થોડું બોલવું, થોડી ઊંઘ અને થોડાં ઉપકરણો (કપડાં લત્તાં વગેરે) જેને હોય તેને દેવો પણ નમસ્કાર કરે છે.

૩૩૨. **नहयेकांत ज्ञान रूचिः सम्यग्दर्शनी, नहयेकांत क्रिया रूचि, सम्यग्दर्शनी, किन्तु सापेक्षदृष्टिरेव सम्यग्दर्शनी ।**
**અર્થ** – એકાંતે જ્ઞાનરુચિમાં કે એકાંતે ક્રિયારુચિમાં સમ્યગ્દર્શન નથી, પરંતુ બંને તરફ સાપેક્ષભાવ હોય તો જ સમ્યગ્દર્શન હોય.

૩૩૩. **शुद्धोपदेशका एव विश्वे पूज्याः ।**
**અર્થ** – શુદ્ધ ઉપદેશકો જ વિશ્વમાં પૂજ્ય છે.

૩૩૪. **रे भव्य ! हिताय वदामः सर्वागमेषु धर्म आत्मनशुद्धः! परिणतिरेव, निमित्तस्योपादान प्राकटय हेतुत्वात् ।**
**અર્થ** – સર્વ આગમોમાં ધર્મ એ આત્માની શુદ્ધ પરિણતિ જ છે. (પ્રતિમા, સાધુ, સાધર્મિક તીર્થો વગેરે) તો ઉપાદાનને પકવવામા નિમિત્તભૂત છે.

३३५. शुभोऽशुभो वा परिणामः सदैव बाह्यालम्बनतः एव प्रवर्तते चित्तधर्मत्वात्, विज्ञानवदिति, यथा विज्ञानं बाह्यं नीलपीतादिकं वस्तु विना न प्रवर्तते एवं परिणामोऽपि ।

**અર્થ** – શુભ અથવા અશુભ પરિણામ (ભાવ) હંમેશા બાહ્ય આલંબનથી જ (નિમિત્તથી) ઉત્પન્ન થાય છે. ચિત્તનો ધર્મ હોવાથી વિજ્ઞાનની જેમ. જેમ વિજ્ઞાન બાહ્ય લીલી પીળી વગેરે વસ્તુ વિના ઉત્પન્ન થતું નથી એવી રીતે પરિણામ પણ બાહ્ય નિમિત્ત વગર ઉત્પન્ન થતુ નથી.

(સારા શુભ નિમિત્તોનું આલંબન લેતા રહીએ તો પ્રાયઃ અશુભ ભાવ જાગે નહિ. નિમિત્તની અસર મન ઉપર ભારે થાય છે, માટે ખરાબ નિમિત્તોથી દૂર રહેવું.)

३३६. संक्लिष्टाचरणस्य निष्फल त्वात् ।

**અર્થ** – સંક્લિષ્ટ આચરણ નિષ્ફલ છે.

३३७. सावद्ये आरम्भमये कार्ये सुकृतादि वचनं न वदेत् ।

(भाषा रहस्य)

**અર્થ** – આરંભમય સાવદ્ય કાર્યમાં આ સુકૃત છે કે સુકૃત કર્યું એમ ન બોલવું જોઇએ.

(કોઇનો લગ્નનો વરઘોડો જોઇને, આણે સારૂં કામ કર્યું. ભાગ્યશાળી છે એમ ન બોલાય.)

३३८. सुकृते निरवद्ये तु तत्सुकृतादि वचनं वदेत् ।

**અર્થ** – પણ નિરવદ્ય સુકૃતમાં તે સુકૃત છે, સારૂં કર્યું એમ બોલવું.

(દીક્ષાનો વરઘોડો જોઇને આ દીક્ષાર્થીએ સરસ કર્યું, ધન્ય છે તેને, તેણે જન્મ સફલ કર્યો એમ બોલાય.)

૩૩૯. **भयं परसंयोग विनाशे मवति ।**

**અર્થ** – પરસંયોગના વિનાશમાં ભય ઉત્પન્ન થાય છે.

૩૪૦. **सर्वस्यापि परार्थस्य स्वार्थः पर्यवसानं ।**

**અર્થ** – બધો જ પરમાર્થ અંતે સ્વાર્થમાં પર્યવસાન પામે છે. સ્વાર્થ માટે પરાર્થ કરવો જોઇએ.

પરાર્થ એ જ સાચો સ્વાર્થ છે.

૩૪૧. **स्वभाव सुखमग्नस्य संसारः किं करिष्यति ?**

**અર્થ** – સ્વાભાવિક સુખમાં મગ્ન મનુષ્યને સંસાર શું કરશે ? કાંઈ જ નહિ કરી શકે.

૩૪૨. **प्राग्भाविताः गुणा स्वतएव प्रगटी भवंति नेक्षुयष्टिपलाला-वृत्तां चिरकालं तिष्ठति ।**

**અર્થ** – પૂર્વે ભાવિત કરેલા ગુણો પોતાની મેળે પ્રગટ થાય છે. જેમ શેરડીનો સાંઠો લાંબો વખત પલાલ (ઘાસથી) ઢંકાયેલો રહેતો નથી તેમ.

૩૪૩. **ज्ञानादयो गुणाः सर्वात्मनि संत्येव, सर्व साधारणे को मदः ?**

**અર્થ** – જ્ઞાનાદિ ગુણો સર્વે આત્માઓમાં રહેલા છે. સર્વ સાધારણ વસ્તુમાં શો મદ (અભિમાન) કરવો'તો ?

૩૪૪. **कर्मविपाक विचित्रतां भुञ्जन्नपि अखिन्नः तिष्ठति । कर्तृत्व काले नारति अनादरोतर्हि भोगकाले को द्वेष ?**

उदयागतभोगकाले इष्टा निष्टता परिणतिः एव अभिनवकर्महेतुः ।

**અર્થ** – વિવેકી મનુષ્ય કર્મવિપાકની વિચિત્રતાને ભોગવવા છતાં ખેદ રહિત રહે છે.

હે જીવ ! પાપ કર્મ કરતાં તેને અરતિ અનાદર નહોતા તો તે પાપ કર્મના ભોગ કાળે શા માટે દ્વેષ કરે છે ?

३४५. **जैनागममपि सम्यग्दृष्टि परिणतस्य शुद्ध वक्तुरेव मोक्षकारणं, मिथ्यात्वोपहतानां तु भवहेतुरेब ।**

**અર્થ** – જિનાગમો પણ સમ્યગ્દર્શનથી પરિણત (યુક્ત) શુદ્ધ વક્તાને જ મોક્ષનાં કારણ બને છે. મિથ્યાત્વથી નષ્ટ થયેલી બુદ્ધિવાળાઓને તો ભવહેતુ જ અને છે. (સમ્યગ્દષ્ટિએ ગ્રહણ કરેલાં મિથ્યા શાસ્ત્રો પણ સમ્યગ્દષ્ટિને સમ્યગ્ રીતે પરિણમે છે, જ્યારે મિથ્યા દષ્ટિને સમ્યગ્ શાસ્ત્રો પણ ઉલ્ટાં પરિણમે છે.

(પાત્ર પ્રમાણે વસ્તુ પરિણામ પામે.)

३४६. **अनुयोग शून्यं वचनं न प्रमाणं भवति ।**

**અર્થ** – અનુયોગથી શૂન્ય વચન પ્રમાણભૂત બનતું નથી. (સૂત્રાર્થનું વ્યાખ્યાન કરવું તેનું નામ અનુયોગ છે.)

३४७. **भवभीय भीतानां प्राणीनां दृढं त्राणं यः करोति स 'धन्यो' महासत्त्वः ।**

**અર્થ** – ભવભયથી ભય પામેલા પ્રાણીઓનું જે દઢ રક્ષા કરે છે તે મહાસત્ત્વશાળી ધન્ય છે.

३४८. सर्वे साधनोपाया: एकं शुद्धं आत्म स्वरुपं समवतरंति ।
**અર્થ** – સર્વે સાધન ઉપાયો એક શુધ્ધ આત્મામાં સમવતાર પામે છે.

३४९. गुरुकुलवासाभावे आज्ञारुचित्वस्याप्यभाव: ।
**અર્થ** – ગુરુકુલવાસના અભાવે જિનાજ્ઞારુચિનો પણ અભાવ હોય. જ્યાં જિનાજ્ઞાની રુચિ હોય ત્યાં ગુરુકુલવાસ હોય.

३५०. अपवादपद प्रत्यया: विराधनाया अपि निर्जराहेतुत्व तत्र तत्र व्यवस्थापितम् ।                (उपदेश रहस्य)
**અર્થ** – અપવાદ પદના નિમિત્તની વિરાધના પણ નિર્જરાનો હેતુ છે એમ અપવાદના સેવનથી થતી વિરાધના તે તે આગમગ્રંથોમાં જોવા મળે છે.

(જેમ કાલિકસૂરિજી મહારાજે સરસ્વતી સાધ્વી નિમિત્તે વિરાધના કરી તે તેમને મહાન નિર્જરાનો હેતુ બની.)

સંયમરક્ષા, સંઘરક્ષા, શાસન રક્ષાના શુદ્ધ ધ્યેયથી કારણે વિરાધના કરવામાં આવે તો પણ તે નિર્જરાનુ કારણ બને છે.

३५१. यावंतं कालं न मूलोत्तरगुणस्खलना तावानेव कालो निश्चयत: प्रवज्या पर्याय: परिगण्यते ।
**અર્થ** – જેટલા કાળ સુધી મૂલગુણ અને ઉત્તરગુણની સ્ખલના વિનાનો હોય તેટલા કાળનો પ્રવજ્યા પર્યાય (દીક્ષા પર્યાય) નિશ્ચયનયથી (પરમાર્થથી) ગણાય છે.

३५२. आगमनिरूपित विधि निरपेक्ष तयाऽऽगमार्थमनुतिष्ठन्नपि न तद्भक्त:, किन्तु तद्द्विष्ट एव ।

**અર્થ** – આગમોક્ત વિધિથી નિરપેક્ષ બનીને (ઉપેક્ષા કરીને) આગમમાં બતાવેલી ક્રિયાઓ કરતો હોવા છતાં પણ તે તે ક્રિયાના પ્રેમી નથી પણ દ્વેષી જ છે.

વિધિના પૂર્ણ પક્ષપાત વિનાની શાસ્ત્રોક્ત ક્રિયાઓ પણ કલ્યાણ કરી શકતી નથી, પરંતુ વિધિનો અનાદર કરવાથી ઉલટું અકલ્યાણ થાય છે. માટે ક્રિયામાં વિધિનો ખૂબ જ આગ્રહ જોઇએ.

**૩૫૩. यस्य त्वनादरः शास्त्रे तस्य श्रद्धादयो गुणाः ।**
**उन्मत्त गुण तुल्यत्वान्न प्रशंसास्पदं सताम् ॥**

**અર્થ** – જેને શાસ્ત્ર ઉપર અનાદર છે તેના શ્રદ્ધા આદિ ગુણો પણ ઉન્મત્ત પુરુષના ગુણ તુલ્ય છે, તેથી સજ્જનોને તે ગુણો પ્રશંસા કરવા લાયક નથી બનતા. (જેને શાસ્ત્રો ઉપર આદર ન હોય તેને દેવ ગુરુ, ધર્મ, સંઘ ઉપર પણ આદર ન હોય.)

**૩૫૪. उपदेशं विनाप्यर्थ कामौ प्रति पटुजनः ।**
**धर्मस्तु न विना शास्त्रादिति तत्रादरो हितः ॥**

**અર્થ** – ઉપદેશ વિના પણ અર્થ કામ પ્રત્યે તો લોક હોશિયાર છે, ધર્મ તો શાસ્ત્રના ઉપદેશ વિના સમજાય તેવો નથી માટે ત્યાં શાસ્ત્રમાં આદર હિતકારી છે. અધ્યાત્મ યોગની પ્રાપ્તિનો અવસર ક્યારે ?

**૩૫૫. चरमे पुद्गलावर्ते यतो यः शुक्लपाक्षिकः ।**
**भिन्नग्रन्थिश्चरित्री च, तस्यैवैतदुदाहृतम् ॥ (योगबिन्दु)**

**અર્થ** – ચરમ પુદ્ગલાવર્ત્તમાં જે શુક્લપાક્ષિક હોય, ગ્રંથીભેદ

કરેલો હોય અને દેશવિરતિ અથવા સર્વવિરતિ (ચારિત્રી) હોય તેનેજ તે અધ્યાત્મયોગ પ્રાપ્ત થયો એમ કહ્યું છે.

૩૫૬. पूर्वसेवा तु तन्त्रज्ञैर्गुरूदेवादि पूजनम् ।
सदाचारस्तपो मुक्तयद्वेषश्चेह प्रकीर्तिता ।। (योगबिन्दु)
**અર્થ** – યોગની પૂર્વ સેવાના ચાર ગુણ શાસ્ત્રના જાણકારાઓએ બતાવેલા છે:- (૧) ગુરુદેવાદિનું પૂજન, (૨) સદાચાર, (૩) તપ, (૪) મુક્તિનો અદ્વેષ.

૩૫૭. अमृत अनुष्ठाननुं स्वरूप -
जिनोदितमिति त्वाहु र्भावसारमदः पुनः ।
संवेगगर्भमत्यन्तममृतं मुनि पुङ्गवाः ।।
**અર્થ** – આ પ્રસ્તુત અનુષ્ઠાન જિનોક્ત છે એવા અભિપ્રાયથી કરે. શુદ્ધ શ્રદ્ધા જેમાં પ્રધાન હોય, નિર્વાણની અભિલાષા અત્યંત હોય અને અમરણનો હેતુ હોવાથી અમૃત અનુષ્ઠાન કહેવાય છે.

૩૫૮. उपयुक्त द्रव्यक्रियाया एव भावक्रिया प्राप्तिहेतुत्वात् ।
**અર્થ** – ઉપયોગવાળી દ્રવ્યક્રિયા જ ભાવક્રિયાની પ્રાપ્તિનો હેતુ છે.

૩૫૯. न सत्पुरूषाणामापद्यपि निज प्रतिज्ञा भंग उचित
**અર્થ** – સત્પુરુષોને આપત્તિમાં પણ પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરવો ઉચિત નથી.

૩૬૦. प्रशस्त शकुना यात्रानुकूल पवनस्था ।
उत्साहो मनसश्चैतत्, सर्वं लाभस्य सूचकं ।।
**અર્થ** – સારા શુકન, અનુકુળ પવન અને મનનો ઉત્સાહ આ સર્વે લાભને સૂચવનારાં છે.

३६१. **कर्मबन्धस्य योगान्वयव्यतिरेकानुविधायि ।**

**અર્થ** – કર્મબંધને યોગ સાથે અન્વય વ્યતિરેક છે.

કર્મબંધ હોય ત્યાં યોગ હોય અને કર્મબંધ ન હોય તો યોગ ન હોય.

૧૩મા ગુણઠાણા સુધી કર્મબંધ હોય છે કારણ કે ત્યાં સુધી મન વચન કાયાના યોગો છે.

૧૪મા ગુણઠાણે કર્મબંધ નથી કારણ કે ત્યાં મન વચન કાયાના યોગો નથી.

(યોગ સર્વથા યોગ નિરોધ છે.)

३६२. **नापि किंचिदकल्पनीयमनुज्ञानं, कारणे समुत्पन्ने नापि किंचित् प्रतिषिद्धम् ।**

**અર્થ** – તીર્થંકર દેવોએ (નિષ્કારણે) કોઈ પણ અકલ્પનીયની આજ્ઞા નથી આપી, અને કારણ ઉત્પન્ન થયે કોઇ પણ વસ્તુનો નિષેધ નથી કર્યો.

३६३. **मोक्षबीजस्य जिनवचनस्यान्यवचन सदृशतो ह्लंकनं महदज्ञानम् ।**

**અર્થ** – આજે તો કેટલાક જમાનાવાદીઓ ગાંધીની અહિંસાને મહાવીરની અહિંસા સાથે સરખાવે છે, તે ભયંકર આશાતના છે. સમુદ્રની સરખામણી કદીયે સરિતા સાથે થાય ખરી ? કલ્પવૃક્ષની સરખામણી કદીયે બાવળ સાથે થાય ખરી ?

३६४. **मारयन्ति दुःषमायां विषादयो यथा, तथैव साधूनाम् ।**
**निष्कारण प्रतिसेवा सर्वथा विनाशयति चरणम् ॥**

**અર્થ** – જેમ આ દુ:ષમકાળમાં વિષાદિ મારે છે તેમ સાધુઓને નિષ્કારણ પ્રતિસેવા (વિરાધના) (સંયમ વિરૂદ્ધ આચરણ) સર્વથા સંયમનો નાશ કરે છે.

**૩૬૫. काज्जो परोवयारो परिहरियव्वा परेसिं पीडाय ।**
**हेया विसयपवित्ती भावेयव्वं भवसरुवं ॥**

**અર્થ** – પરોપકાર કરવો, પરપીડાને છોડી દેવી, વિષયની પ્રવૃતિનો ત્યાગ કરવો અને ભવ સ્વરૂપનો વિચાર કરવો.

**૩૬૬. देहं गेहं च धणं सयणं मित्ता तहेव पुत्ताय ।**
**अण्णा ते परदव्वा एएहिंतो अहं अण्णो ॥**

**અર્થ** – દેહ, ઘર, ધન, સ્વજન, મિત્રો તથા પુત્રો તે મારા આત્માથી જુદા છે તે પરદ્રવ્યો છે. અને હું પણ તેઓથી જુદો છું. (ઉપદેશ રહસ્ય)

**૩૬૭. किं बहुणा इह जह जह रागदोषा लहुं विलिज्जंति ।**
**तह तह पयट्टिअव्वं एसा आणा जिणिंदाणं ॥**
**(उपदेश रहस्य)**

**અર્થ** – વધુ કહેવાથી શું ? જેમ જેમ રાગદ્વેષનો જલ્દી ક્ષય થાય તેમ તેમ વર્તવું એજ જિનેશ્વર દેવોની આજ્ઞા છે.

**૩૬૮. सुकृतं वर्धते सम्यक् परपुण्य प्रशंसया ।**
**आत्मस्तुत्यन्यनिन्दाभ्यां हीयते सुकृतं निजम ॥**
**(धर्मपरिक्षा)**

**અર્થ** – પરના પુણ્યની પ્રશંસાથી સુકૃત વૃદ્ધિ પામે છે. આત્મ પ્રશંસા અને પર નિંદાથી પોતાનું સુકૃત ઘટે છે.

३६९. सो उवचारी जो किर सम्मं धम्मंमि ड्डावए अन्नं ।
सो चेव महावेरी जो पावपहे पयट्टेइ ॥

**अर्थ** – જે બીજાને ધર્મમાં સ્થાપે છે (જોડે છે) તે ઉપકારી છે અને જે બીજાને પાપના માર્ગમાં જોડે છે તે મહાવૈરી છે.

३७०. चरणं किं नाम ? षट्काय संयम एव पृथ्वीजलज्वलन पवन वनस्पति त्रसकाय जीव रक्षैव, एतेषु षट्जीवनि कायेष्वेकमपि जीवनिकायं विराधयन् जगद् कर्तुराज्ञा विलोपकारित्वादचारित्री संसार परिवर्द्धकश्च ।

**અર્થ** – ષટ્ જીવનિકાય માંથી એક પણ જીવનિકાયની વિરાધના કરતો જિનાજ્ઞાનો લોપ કરનારો હોવાથી અસંયમી અને સંસાર વૃદ્ધિ કરનારો છે.

३७१. य एवं गुरं मूलगुण महाप्रासादधरणस्तंभ संनिभमप्यल्पदोषदुष्टत्वेन मुञ्चति तस्मै अन्योऽपि न रोचते, कालानुभावादेव सुक्ष्मदोषाणां प्रायः परिहर्तुमशक्यत्वात् ।

**અર્થ** – જે મૂલ ગુણરૂપી પ્રાસાદ (મહેલ)ને ધારણ કરવા માટે સ્તંભ સમાન એવા એક ગુરુને અલ્પ દોષના કારણે છોડી દે છે તેને બીજો પણ (ગુરુ) ગમતા નથી. દુઃષકાળના પ્રભાવના કારણે જ સૂક્ષ્મ દોષોનો ત્યાગ કરવો પ્રાયે અશક્ય છે.

નોંધ - ગુરુ પંચમહાવ્રતથી યુક્ત તો જોઇએ જ. પણ શીઘ્ર કોપાયમાન થઈ જતા હોય, વાક્છટા ઓછી હોય, થોડો પ્રમાદ હોય એટલા માત્રથી ગુરુને છોડવાના નથી. શાસ્ત્રમાં કહ્યું છે

કે-મૂલ ગુણ શુદ્ધો ગુરૂ ર્ન મોક્તવ્ય । મૂલ ગુણ શુદ્ધ ગુરુને છોડવા ન જોઇએ.

૩૭૨. **तत्त्वश्रद्धान पूतात्मा रमते न भवोदधौ ।**
**અર્થ** – તત્ત્વની શ્રદ્ધાથી પવિત્ર થયેલો આત્મા સંસાર સમુદ્રમાં રમતો નથી.

૩૭૩. **जीवस्याध्यवसाय हानिवृद्धियुक्तत्वाच्च ।**
**અર્થ** – છદ્માસ્થ જીવના અધ્યવસાયો હાનિ વૃદ્ધિથી યુક્ત હોય છે.

૩૭૪. **त्वरितं किं कर्तव्यं ! विदुषा संसार सन्ततिच्छेदः ।**
**અર્થ** – વિદ્વાન મનુષ્યે જલ્દી શું કરવું જોઈએ ? તો સંસાર સંતતિનો છેદ કરવો.

૩૭૫. **ववहारेण सुद्धेणं अर्थ सुद्धि जओ भवे । अथेणं चेव सुद्धेणं आहारो होइ सुद्धओ । आहारेणं तु सुद्धेणंदेहसुद्धि जओ भवे । सुद्धेणं चेव देहेणं धम्म जोगो य जायइ । जं जं कुणइ किच्चं तु, तं तं से सफलं भवे ॥ अन्नहा अफलं, जं जं किच्चं तु सो करे । ववहारशुद्धि रहिओ धम्मं खिंसावए सयं ॥ (देवद्रव्य सप्ततिका)**
**અર્થ** – વ્યવહાર શુદ્ધિથી અર્થ શુદ્ધિ થાય છે, અર્થ શુદ્ધિથી આહાર શુદ્ધિ થાય છે, આહાર શુદ્ધિથી દેહશુદ્ધિ થાય છે, દેહશુદ્ધિથી ધર્મનો યોગ પ્રાપ્ત થાય છે. અને પછી જે જે કાર્ય કરે છે તે તે સફળ થાય છે. જે કોઈ તેથી ઉલટી રીતે (વિપરિત રીતે) જે જે કાર્ય કરે છે તે તે નિષ્ફળ જાય છે. વ્યવહાર શુદ્ધિ રહિત મનુષ્ય ધર્મની અને પોતાના આત્માની નિંદા કરાવે છે.

(વ્યવહાર શુદ્ધિ એટલે આજીવિકાની શુદ્ધિ. અને લોકા સાથે ન્યાય નીતિ અને પ્રમાણિકતા પૂર્વકનો અમાયી સભ્યતાભર્યો વર્તાવ)

૩૭૬. **श्वः कार्यमद्य कुर्वीत पूर्वाहने चापराहिन कम् ।**
**न हि प्रतीक्षते मृत्युः कृतं वास्य न वा कृतम् ॥**

**અર્થ** – કાલ કરવાનું કામ આજ કર, છેલ્લા પહોરે કરવાનું કામ પહેલા પહોરે કર. કારણ કે મૃત્યુ રાહ જોતું નથી કે આણે કામ કર્યું કે નથી કર્યું. (સત્કાર્ય શીઘ્ર કરવું. કારણ કે અકાલચારી, શિકારી એવું મૃત્યુ ક્યારે આવશે તેની ખબર નથી.

૩૭૭. **मनस्तापं न कुर्वीत आपदां प्राप्य ।**

**અર્થ** – આપત્તિ આવતાં મનમાં સંતાપ ન કરવો.

૩૭૮. **शास्त्रविधि मुत्सृज्य वर्तते कामचारतः ।**
**न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥**

**અર્થ** – શાસ્ત્રવિધિને છોડીને જે સ્વેચ્છાએ ચાલે છે તે મોક્ષને, સુખને અને ઉત્તમગતિને પામતો નથી.

૩૭૯. **यथा रोग चिकित्सायां मनाक् देहस्थ पीडा सत्यपि न बाधिका आरोग्य सिद्धेः, एवं तपस्यपि देहपीडा भावारोग्य संसिद्धे र्न भावतो बाधिका ।**

**અર્થ** – જેમ રોગની ચિકિત્સામાં થોડીક દેહની પીડા હોવા છતાં તે બાધક નથી, કેમકે તેનાથી આરોગ્ય પ્રાપ્ત થાય છે, એવી રીતે તપમાં પણ થોડીક દેહપીડા હોવા છતાં તેનાથી ભાવ આરોગ્ય (મોક્ષ)ની પ્રાપ્તિ થતી હોવાથી તે (દેહપીડા)

તત્ત્વતઃ બાધક નથી. (અલ્પ દુઃખ વેઠવાથી મોટુ અને દીર્ઘકાળનું સુખ મળતું હોય તો તેવા અલ્પકષ્ટની પરવા કોણ કરે ?)

३८०. **मनुष्य जन्म दुर्लभ केम ?**

**अज्ञान प्रमाद दौषतः ।**

**અર્થ** – અજ્ઞાન અને પ્રમાદદોષના કારણે મનુષ્યજન્મ દુર્લભ બને છે. જ્ઞાની અને અપ્રમાદી માટે મનુષ્ય જન્મ દુર્લભ નથી.

३८१. **सूत्र ग्रहण फलं हि यथावस्थितोस्सर्गापवाद शुद्धहेयोपादेय पदार्थ सार्थ परिज्ञानं तदनुसारेण चरणकरण प्रवृत्तिश्च ।**

**(उपदेश पद)**

**અર્થ** – (શાસ્ત્રો ભણવાનું ફળ મોક્ષમાર્ગનું સ્પષ્ટ જ્ઞાન થાય અને તેને અનુસાર મોક્ષમાર્ગમાં બરાબર પ્રવૃત્તિ થાય તે છે.)

३८२. **अप्रशांतमतौ शास्त्र सद्भाव प्रतिपादनं दोषाय ।**

**अभिनवोदीर्णो शमनीयमिव ज्वरे ॥**

**અર્થ** – જેમ નવા આવેલા તાવમાં ઔષધ દોષકારી બને છે, તેમ અપ્રશાન્ત મતિવાળાને શાસ્ત્રનું રહસ્ય દોષ માટે થાય છે.

**અર્થ** – (ભગવદ્ બહુમાન અને શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ એ મુક્તિને શીઘ્ર સાધી આપે છે.)

**અર્થ** – રસવિદ્ધ તાંબુ એક વાર સૂવર્ણપણાને પામ્યું તે પામ્યું, પુનઃ તે તાંબાપણાને પામતું નથી.)

(જિનેશ્વરદેવમાં એકરસીભૂત થયેલો આત્મભાવ એક દિવસે તે પરમાત્મભાવમાં નિયમા ભળી જવાનો) જેમ સમુદ્રમાં ભળી

ગયેલું એક બિંદુ સદા અક્ષય બની જાય છે, તેમ આપણો આત્મભાવ ભગવાનમાં ભળી જવાથી અક્ષય ભાવને પામે છે.

**३८३. बुद्धि जुया एवं तं बुज्जंति, ण ऊण सव्वेसि ।**

**અર્થ** – બુદ્ધિથી યુક્ત પુરૂષો જ આ પ્રકારે તત્ત્વને જાણે છે, પણ બધા નહિ.

**३८४. यतनाया एव सर्वश्रेयो मूलत्वात् (अध्यात्म मत परीक्षा)**

**અર્થ** – યતના જ (જયણા જ) સર્વ કલ્યાણનું મૂળ છે.
(યતના છે ત્યાં જ યતિપણું છે)
(યતિ યતના વિનાનો ન હોય)

**३८५. चत्वारी खलु कर्म्माणि संध्याकाले विवर्जयेत् ।**
**आहारं मैथुनं निद्रां स्वाध्यायं च विशेषतः ।।**
**आहारात् जायते व्याधिः क्रूरगर्भश्च मैथुनात् ।**
**निद्रातो धननाशश्च, स्वाध्याये मरणं भवेत् ।।**

**અર્થ** – સંધ્યા ટાણે (વખતે) ચાર કર્મો (કામો) છોડી દેવાં. આહાર, મૈથુન, નિદ્રા અને વિશેષે કરીને સ્વાધ્યાય. કેમકે સંધ્યા વખતે આહાર કરવાથી વ્યાધિ થાય છે, મૈથુન સેવવાથી ક્રૂર ગર્ભ રહે છે, નિદ્રા કરવાથી ધનનો નાશ થાય છે અને સ્વાધ્યાય કરવાથી મરણ થાય છે.

**३८६. बहुमान विना बहूनाऽपि विनयेन गृहीता विद्या फलप्रदा न स्यात् । बहुमाने सति तु स्वल्पेनापि विनयेन फलप्रदा स्यात् ।**

**અર્થ** – બહુમાન વિના ઘણી ગ્રહણ કરેલી વિદ્યા પણ ફલદાયી

થતી નથી. જ્યારે બહુમાન હોય તો અલ્પ વિનયથી પણ તે વિદ્યા ફલદાયી બને છે.

૩૮૭. **वैनयिकी बुद्धिश्च सम्यग् बहुमान गर्भ विनयादेव स्फुरति ।**
**અર્થ** – વૈનયિકી બુદ્ધિ સમ્યગ્ બહુમાન ગર્ભિત વિનય કરવાથી જ સ્ફુરે છે (પ્રગટ થાય છે)

૩૮૮. **खज्जूरिपत्तमुं जेण जो पमज्जे उवस्सयं ।**
**नो दया तस्स जीवेसु सम्मं जाणाहि गोयमा ?**
**(गच्छाचार पयन्ना)**
**અર્થ** – હે ગૌતમ ! જે ખજૂરીની સાવરણી વડે ઉપાશ્રયનું પ્રમાર્જન કરે છે તેને જીવો ઉપર દયા નથી એમ તું સમ્યગ્ જાણ.

૩૮૯. **निरवज्जाहाराणं साहूणं निच्चमेव उववासो ।**
**અર્થ** – નિરવદ્ય અને મિત આહાર કરનાર સાધુ નિત્ય ઉપવાસી છે.

૩૯૦. **यस्य यत्र दानादौ धर्मकृत्ये सामर्थ्यं तेन तत्र सर्वशक्त्या यतनायमेव ।**
**અર્થ** – જેનું જે દાનાદિ ધર્મકાર્યોમાં જેટલું સામર્થ્ય (શક્તિ) હોય તેણે તે સર્વ શક્તિથી કરવું જોઇએ જ.

શુદ્ધ હૃદયે આલોચના કરવાથી આઠ લાભઃ-

૩૯૧. **लहु[१] आल्हादिजणण[२] अप्पपर[३] निवित्ति तह अज्जवं[४] सोहि[५] दुक्करकरण[६] आणा[७] निस्सल्लत्तं[८] च सोहि गुणा ।**

**અર્થ** – હૃદય હળવું થાય, આહલાદની ઉત્પત્તિ થાય, સ્વપર દોષથી નિવૃત્તિ થાય, સરળતા, હૃદય શુદ્ધિ, દુષ્કરકાર્ય કાર્ય કરવાપણું, જિનાજ્ઞાનું પાલન અને પાપરૂપ શલ્યોનો અભાવ. આ આઠ ગુણો પાપોની આલોચના ગીતાર્થ ગુરુ આગળ કરવાથી થાય.

**૩૯૨. देवद्रव्येण यत्सौख्यं यत्सौख्यं परदारतः ।**
**अनंतानंत दुःखाय तत्सौख्यं जायते ध्रूवम् ।**

**અર્થ** – દેવદ્રવ્ય વડે જે સુખ ભોગવ્યું હોય અને પરસ્ત્રી ભોગથી જે સુખ ભોગવ્યું હોય તે સુખ અનંત અનંત દુઃખ નક્કી આપે છે. (દેવદ્રવ્યથી દુઃખી સાધર્મિકોના ઉત્કર્ષ માટે ઉપયોગ કરવાની વાતો કરનારા જરા આ શાસ્ત્રવચનનો વિચાર કરશે ખરા ?) ભૂખે મરવું પડે તો મરી જવું સારૂં પણ જાતે કે બીજાને દેવદ્રવ્ય ખાઈ કે ખવડાવી જીવતા કે જીવાડશો નહિ. નહિતર સ્વ-પરનું ભયંકર અહિત કરનારા બનશો. દેવદ્રવ્યથી તો દૂર જ રહેજો. એક નવો પૈસો પણ ભૂલથી દેવદ્રવ્યનો આપવાનો બાકી ન રહી જાય કે પોતાના ઉપયોગમાં ન આવી જાય તેની પૂરતી સાવચેતી રાખજો.

**૩૯૩. क्रोधादीनामुत्पत्तिरेव भावहिंसा ।**

**અર્થ** – ક્રોધાદિની ઉત્પત્તિ એ જ ભાવહિંસા છે.

**૩૯૪. अन्य सिद्धान्ते यत्किमपि सुन्दरं तत्सर्वज्ञ शासनादेवागत मन्तव्यमतः सर्वज्ञशासनं तदुद्भूतिहेतुत्वात् समुद्रतुल्यमस्ति ।**

**અર્થ** – અન્ય (જિનમત સિવાયના) શાસ્ત્રોમાં જે કાંઈ સુંદર સારા અંશો દેખાય છે તે સર્વજ્ઞના શાસન માંથી જ આવેલા જાણવા. એથી સર્વજ્ઞશાસન તે સુંદર અર્થોનું ઉત્પત્તિસ્થાન હોવાથી સમુદ્ર તુલ્ય છે.

३९५. **अग्नि सर्वतोमुखं शस्त्रं श्रावकैर्न दीयते ।**

**અર્થ** – અગ્નિ એ સર્વતોમુખી (છએ કાયનું સંહારક) શસ્ત્ર હોવાથી શ્રાવકોએ બીજાઓને તે (અગ્નિ) ન આપવું. (અનર્થદંડ હોવાથી)

३९६. **कृतघ्नो हि शुनोऽपि तुलां नाप्नोति ।**

**અર્થ** – કૃતઘ્ની માણસ કુતરાની પણ તુલનાને પ્રાપ્ત કરતો નથી, અર્થાત કુતરાથી પણ બદતર છે.

३९७. **अन्यायोपात्तवित्तेन यो हितं हि समीहते भक्षणात् कालकूटस्य सोऽभिवाञ्छति जीवितुम् ।**

**(महोपाध्याय श्री जिनमंडनगणि विरचित मार्गानुसारि पंचत्रिंशद् गुणविवरणम्)**

**અર્થ** – જે મનુષ્ય અન્યાયથી ઉપાર્જન કરેલા ધનથી પોતાનું હિત ઇચ્છે છે તે મનુષ્ય કાલકૂટ ઝેર ખાઇને જીવવાની ઈચ્છા કરે છે.

३९८. **भक्खणे देवदव्वस्य, परत्थी गमणेण य ।**
**सत्तमं नरयं जंति, सत्त वाराओ गोयमा ।।**

**અર્થ** – (ભગવાન મહાવીર ગૌતમ નામના પોતાના મુખ્ય શિષ્યને કહે છે કે હે ગૌતમ ? જે મનુષ્ય દેવદ્રવ્યનું ભક્ષણ

કરે, પરસ્ત્રીનુંસેવન કરે તે મનુષ્ય સાતમી નરકમાં સાત વાર જાય છે.

૩૯૯. **न हि कृतमुपकारं साधवो विस्मरन्ति ।**

**અર્થ** – સજ્જનો બીજાઓએ પોતાના ઉપર કરેલ ઉપકારને ભૂલી જતા નથી.

૪૦૦. **प्रतिमायां भगवदभेदारोपं विना न तावद् वन्दनपूजनादिफल हेतुसहस्रेणापि सम्पद्यते । (नयोपदेश)**

**અર્થ** – જિન પ્રતિમામાં ભગવદ્‌ના અભેદનો આરોપ કર્યા વિના તે પ્રતિમાને વંદન પૂજનાદિ કરવાનું ફલ બીજા હજારો હેતુઓથી પણ પ્રાપ્ત થતું નથી.

(આ જિન પ્રતિમા જિન જ છે, સાક્ષાત ભગવાન જ છે એવો અભેદભાવ જિનપ્રતિમામાં ન આવે ત્યાં સુધી તે પ્રતિમાને પૂજવાથી પુણ્યબંધનો લાભ થતો નથી.)

૪૦૧. **नान्यो यते त्रिभूवनेऽपि जिनोक्त धर्मशास्त्रोपदेशनसमः परमोपकारः ।**

**અર્થ** – સાધુને ત્રિભુવનમાં પણ જિનોક્ત ધર્મશાસ્ત્રોનો ઉપદેશ આપવા સમાન બીજો પરમ ઉપકાર નથી.

૪૦૨. **विपदि न यस्य विषादः सम्पदि हर्षो रणे च धीरत्वम् ।**
**तं भुवनतिलककल्पं जनयतिः जननी सुतं विरलम् ॥**
**(नवपद बृहद्वृत्तौ)**

**અર્થ** – વિપત્તિમાં જેને વિષાદ થતો નથી, સંપત્તિમાં હર્ષ થતો નથી અને યુદ્ધમાં ધીરપણું ધારણ કરે છે એવા ભુવનના તિલક સમાન વિરલ પુત્રને કોઈક માતા જ જન્મ આપે છે.

४०३. शुद्धाशयादेव धर्मो भवति ।

**અર્થ** – શુદ્ધ આશયથી જ ધર્મ થાય છે.

(નિશ્ચયના નયના અભિપ્રાયથી સમજવું.)

४०४. आगमाज्ञां तिरस्कृत्योत्कृष्टानुष्ठानां समाचरतोऽपि नाशयविशुद्धिर्जायते इति चेतसि निश्चितव्यम् ।

(षोडशक टीकातः)

**અર્થ** – શાસ્ત્રાજ્ઞાનો તિરસ્કાર (અનાદર) કરીને ઉત્કૃષ્ટ અનુષ્ઠાન કરવા છતાં પણ આશય વિશુદ્ધિ થતી નથી એ પ્રમાણે ચિત્તમાં નક્કી જાણવું.

४०५. सकलकर्मव्याधिनिर्मूलनदक्षं दीक्षामहौषधं ।

**અર્થ** – સકલ કર્મ વ્યાધિનું ઉન્મૂલન કરવામાં દક્ષ (સમર્થ) કોઈ પણ મહૌષધિ હોય તો દીક્ષા છે.

४०६. उपकारिणी चापद्, यतो ज्ञायतेऽनया सज्जन असज्जन विशेषः ।

**અર્થ** – (આપત્તિમાં (મુશ્કેલીમાં) જ સમજાય છે કે કોણ આપણું છે અને કોણ પારકું છે. સંપતિમાં તો સૌ સગા થતા આવે, પરંતુ આપત્તિમાં કોણ સગો થતો આવે છે એજ મહત્ત્વનું છે.) આપત્તિ ઉપકારિણી છે જેનાથી કોણ સજ્જન છે–કે કોણ દુર્જન છે, તેની ખબર પડે છે.

४०७. या निश्चयैकलीनानां क्रिया नाति प्रयोजना ।
व्यवहारदशास्थानां ता एवाति गुणावहाः ॥

**અર્થ** – (પહેલેથી જ જે ધર્મક્રિયાઓને છોડી દે તે તો કદીયે નિશ્ચયને પામી શકતો નથી.)

४०८. नास्ति अकरणीयं विषयातुराणाम् ।

**અર્થ** – વિષયાસક્તોને કાંઈ જ અકરણીય નથી, અર્થાત્ તેઓ બેધડક ગમે તેવું અકાર્ય કરવા તત્પર બની જાય છે.

४०९. दिवसनिशासमौ संयोगवियोगौ ।

**અર્થ** – દિવસ-રાત સમાન સંયોગ-વિયોગ છે.

४१०. स्नेहो नाम मूलं सर्वदु:खानां ।

**અર્થ** – સર્વદુ:ખોનું મૂળ તેનું નામ સ્નેહ (રાગ)

४११. विवेकोत्साह मूलश्च पुरुषकारः ।

(समराइच्च कहा भव ७मो)

**અર્થ** – પુરુષાર્થનું મૂળ વિવેક અને ઉત્સાહ છે.

४१२. विशुद्धप्रत्याख्यानं हि अपनयति भवपरंपराम्, उच्छादयति दुर्गतिम्.

**અર્થ** – વિશુદ્ધ (રાગ દ્વેષથી મુક્ત) પચ્ચક્ખાણ ભવની પરંપરાનો નાશ કરે છે, દુર્ગતિનો ઉચ્છેદ કરે છે, સુગતિ સાથે જોડે છે, દેવ અને મનુષ્યોના સુખોને સાધી આપે છે, પરમનિર્વાણને ઉત્પન્ન કરે છે.

४१३. गुर्वाज्ञा-गुर्वादेशसंपादनमेव कारणं गुणप्रकर्षस्य ।

**અર્થ**–ગુરુની આજ્ઞાને સહર્ષ ઉઠાવવી એજ ગુણના પ્રકર્ષનું કારણ છે.

४१४. यथा चिकित्सासेवनात् सुखस्वरूपाऽऽरोगता, तथा संयमानुष्ठानाद् एकान्तसुखस्वरूपो मोक्ष इति ।

**અર્થ** – જેમ ચિકિત્સાના સેવનથી સુખસ્વરૂપ એવું આરોગ્ય પ્રાપ્ત થાય છે, તેમ સંયમના અનુષ્ઠાનથી એકાન્ત સુખસ્વરૂપ એવો મોક્ષ પ્રાપ્ત થાય છે.

(રોગની ચિકિત્સામાં થોડુંક કષ્ટ વેઠવું પડે પરંતુ પાછળથી સદા આરોગ્યનું સુખ મળે છે, તેમ સંયમનું અનુષ્ઠાન ભલે બાહ્ય દૃષ્ટિથી કષ્ટવાળું હોય પરંતુ તે પરિણામે શાશ્વત સુખને મેળવી આપનારૂં છે.

**૪૧૫. अवधिज्ञानी संख्येयान संख्येयांश्च भवाज्जानाति, एवं मनः पर्यवज्ञान्यपि, जातिस्मरणस्तु नियमतः संख्येयान् ।**

**અર્થ** – અવધિજ્ઞાની સંખ્યાતા-અસંખ્યાતા ભવો જાણે, એવી રીતે મનઃ પર્યવજ્ઞાની પણ સંખ્યાતા-અસંખ્યાતા ભવો જાણે, પરંતુ જાતિસ્મરણવાળો તો નિયમા સંખ્યાતાભવો જ જાણે.

**૪૧૬. यः साधूनामवज्ञाकारी भवति स आगाढमिथ्यादृष्टिरुच्यते ।**

**અર્થ** – જે સાધુઓની અવજ્ઞા (તિરસ્કાર) કરનારો થાય છે તેને ગાઢ મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. પ્રાયે કરીને ગાઢ મિથ્યાત્વના ઉદય સિવાય સાધુઓની અવજ્ઞા (નિંદા તિરસ્કાર દ્વેષ વગેરે) કરવાનું બનતું નથી.

**૪૧૭. सर्वनय सम्मतस्यैव शास्त्रार्थत्वात् ।**

**અર્થ** – સર્વનયને સંમત જ શાસ્ત્રનો અર્થ છે.

એકાંત જ્ઞાનનયનું પ્રતિપાદન એ પણ ખોટું અને એકાંત ક્રિયાનયનું પ્રતિપાદન એ પણ ખોટુ. ઉભય નય સંમત શાસ્ત્રાર્થ સાચો.

**૪૧૮. भगवत्यादौ महापुरुषनामश्रवणस्य महाफलत्वोक्तेः ।**

**અર્થ** – ભગવતી આદિ શાસ્ત્રોમાં મહાપુરુષના નામનું શ્રવણ કરવું તે પણ મહાફળને આપનારૂં છે એમ કહ્યું છે.

૪૧૯. यदेव भावजिन वन्दने फलं तदेव जिनप्रतिमा वन्दनेप्युक्तं ।

(प्रतिमाशतक)

**અર્થ** – ભાવજિનને વંદન કરવાથી જેટલું ફળ મળે તેટલું જ ફળ જિનપ્રતિમાને વંદન કરવાથી મળે.

૪૨૦. अप्रत्याख्यानिनोऽवश्यमारंभ संभवात् ।

**અર્થ** – પચ્ચકખાણ વગરનાને અવશ્ય (નિયમા) આરંભનો સંભવ છે.

૪૨૧. ज्ञानावरणादिमूल प्रकृतिनामन्योन्यं संक्रम कदापि न भवत्येव, उत्तर प्रकृतीनां तु निज निज मूलप्रकृत्य भिन्नानां परस्परं सङ्क्रमो भवति, तत्र चायं विधिः ''मोत्तूण आउयं''

**અર્થ** – જ્ઞાનાવરણીયાદિ મૂલ પ્રકૃતિઓમાં પરસ્પર સંક્રમણ ન થાય. પરંતુ ઉત્તર કર્મની પ્રકૃતિઓમાં પરસ્પર સંક્રમણ થાય, તે પણ પોતપોતાની મૂલ પ્રકૃતિઓથી અભિન્ન હોય તેમાં જ પરસ્પર સંક્રમણ થાય. ત્યાં પણ ચારે આયુષ્યને છોડીને સમજવું.

દા. ત. જ્ઞાનાવરણીય કર્મનો સંક્રમ દર્શનાવરણીય કર્મમાં કદીયે ન થાય અને દર્શનાવરણીય કર્મનો સંક્રમ જ્ઞાનાવરણીય કર્મમાં કદીયે ન થાય. ઉત્તરપ્રકૃતિઓમાં શાતાવેદનીય અને અશાતાવેદનીય, ઉચ્ચગોત્ર અને નીચગોત્ર, શુભનામકર્મ અને અશુભ નામકર્મમાં પરસ્પર સંક્રમણ થાય છે. પરંતુ ચારે આયુષ્યમાં પરસ્પર સંક્રમણ કદીયે ન થાય.

દા. ત. મનુષ્યાયુનાં દલિયાં દેવાયુનાં દલીયાં ભેગાં ન ભળી જાય. પરંતુ ઉત્તર પ્રકૃતિઓમાં અપવાદરૂપે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો પરસ્પર સંક્રમ ન થાય. હજુ મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયમાં પરસ્પર સંક્રમ થાય.

**૪૨૨. उपशम प्रभवो धम्मो ।**

**અર્થ** – ધર્મ ઉપશમભાવમાંથી ઉત્પન્ન થાય છે. (ધર્મની જનેતા કષાયોનો ઉપશમ (શાંતિ) છે.)

**૪૨૩. मुक्तिगमने मूलकारणं सम्यक्त्वमेवास्ति ।**

**(आत्मप्रबोध ग्रंथ)**

**અર્થ** – મોક્ષગમનમાં મૂળ કારણ સમ્યક્ત્વ જ છે.

**૪૨૪. सामग्गि अभावाओ व्यवहारिय रासिअप्पवेसाओ ।**
**भव्यावि ते अणंता जे सिद्धिसुहं न पावंति ।।**

**(आत्मप्रबोध ग्रंथ)**

**અર્થ** – મોક્ષમાર્ગની આરાધના કરવાની સામગ્રી કદીયે ન મળવાથી, વ્યવહાર રાશીમાં નહિ આવેલા એવા અનંતા ભવ્ય જીવો છે, કે જે મોક્ષસુખ કદીયે પામતા નથી.

**૪૨૫. अर्धपुद्गल परावर्तादधिक संसारवर्तिनो जीवास्ते दूरभव्या इत्युच्यते ।**

**અર્થ** – જે જીવોને સંસાર અર્ધપુદ્ગલ પરાવર્તથી અધિક હોય તેવા જીવોને દૂરભવ્યો કહેવાય છે.

**૪૨૬. किंचिदूनार्द्धपुद्गल परावर्त मध्यवर्तिनो जीवास्ते आसन्नभव्या उच्यंते ।**

**અર્થ** – અર્ધપુદ્‌ગલ પરાવર્તથી કંઈક ઓછો સંસાર જે જીવોનો બાકી હોય તેવા જીવોને 'આસન્ન ભવ્યો' કહેવાય છે.

૪૨૭. **जिनभक्तिना पांच प्रकारो -**

**पुष्पाद्यर्चा, तदाज्ञा, तद्द्रव्य परिरक्षणं, उत्सव, तीर्थयात्रा च भक्तिः पंचविधा जिने ॥**

**(आत्मप्रबोध ग्रंथ)**

**અર્થ** – સુંદર સુગંધીદાર તાજા પુષ્પો આદિથી જિનની પૂજા કરવાથી, જિનાજ્ઞાનું પાલન કરવાથી, દેવદ્રવ્યનું રક્ષણ કરવાથી, જિનેન્દ્ર મહોત્સવ કરવાથી અને તીર્થયાત્રા કરવાથી જિનભક્તિ થાય છે.

૪૨૮. **पयः पानं भुजङ्गानां यथा विषविवृद्धये । तथा कुपात्र अपात्रयोः दानं तद् भव विवृद्धये । (योगशास्त्र टीका)**

**અર્થ** – જેમ સર્પોને કરાવેલું દુગ્ધપાન વિષની વૃદ્ધિ માટે અને છે, તેમ કૂપાત્ર અને અપાત્રને પાત્ર બુદ્ધિએ આપેલું દાન દાતારની ભવવૃદ્ધિ માટે બને છે.

૪૨૯. **तस्मात् अपात्रं कुपात्रं च परिहत्य विवेकिनः**

**पात्रदाने प्रवर्त्तन्ते सुधियो मोक्षकांक्षिणः ।**

**અર્થ** – એટલા માટે અપાત્ર અને કુપાત્રનો ત્યાગ કરીને બુદ્ધિમાન વિવેકી અને મોક્ષની ઇચ્છાવાળા જનો પાત્રદાનમાં પ્રવૃત્તિ કરે છે.

૪૩૦. **व्याजे स्याद् द्विगुणं वित्तंव्यवसाये चतुर्गुणम् ।**

**क्षेत्रेशत गुणं प्रोकतं, पात्रेऽनंत गुणं भवेत् ॥**

**(उपदेश माळा)**

**અર્થ** – વ્યાજે મૂકેલું ધન બેગણું થાય, વ્યાપારમાં રોકેલું ધન ચાર ગણું થાય, ક્ષેત્રમાં વાવેલું ધન સોગણું થાય, પાત્રમાં પડેલું ધન (વસ્તુ) અનંતગણું થાય. (જેમ સુવર્ણગિરિને સ્પર્શેલું તૃણ સુવર્ણમય બની જાય છે તેમ પાત્રમાં પડેલુ ધન પણ અક્ષય બની જાય છે. (પાત્રની વડાઇ છે. ક્યવન્નાશેઠને બન્યું તેમ.)

૪૩૧. **निंद्यो न कोऽपि लोके पापिष्टेष्वपि भवस्थितिश्चिन्त्या ।**

**અર્થ** – લોકમાં કોઈપણ નિંદા કરવા લાયક નથી. પાપીમાં પાપી જીવોની પણ ભવસ્થિતિ ચિંતવવી.

૪૩૨. **सम्यग्दृष्टि जीवनी भावना:-**

**पडिकूला हवउ सुरा, मायापियरो परम्मुहा हुंतुं ।**
**पीडंतु शरीरं बाहिणो वि. खिंसंतु सयणा य ॥**
**निवडंतु आवयाओ, गच्छउ लच्छी वि केवलं इक्का ।**
**मा जाउ जिणेभत्ती, तदुत्त तत्तेसु तित्तीय ॥**

**અર્થ** – ભલે દેવો પ્રતિકૂળ થઇ જાઓ, માતાપિતા (મારાથી) પરાઙ્મુખ બની જાઓ, વ્યાધિઓ મારા શરીરને ઘેરી વળો, સ્વજનો (મને) તિરસ્કારો, આપત્તિઓ આવો, લક્ષ્મી પણ ભલે ચાલી જાવ, પરંતુ મારી જિન ઉપરની ભક્તિ એક ન જાઓ અને જિનોક્ત તત્ત્વની શ્રદ્ધા એક ન જાઓ.

૪૩૩. **सूक्ष्म बुद्धया सदा ज्ञेयो, धर्मो धर्मार्थिभिर्नरैः ।**
**अन्यथा धर्मबुद्धयैव तद्विघातः प्रसज्यते ॥**

**અર્થ** – ધર્મના અર્થી પુરુષોએ સૂક્ષ્મબુદ્ધિથી ધર્મ જાણવો જોઇએ. નહિતર ધર્મબુદ્ધિથીજ તેના નાશનો પ્રસંગ આવે છે.

४३४. कृतज्ञता भावजनित गुरुबहुमानाद् गुणानां वृद्धिः भवति ।
**અર્થ** – કૃતજ્ઞતાના ભાવમાંથી જન્મેલું ગુરુ બહુમાન તેનાથી ગુણોની (જ્ઞાનાદિ ગુણોની) વૃદ્ધિ થાય છે.

४३५. प्रमादोऽकर्तव्ये प्रवृत्तिः कर्तव्यतश्च निवृत्तिः ।
**અર્થ** – અકર્તવ્યમાં પ્રવૃત્તિ અને કર્તવ્યનો ત્યાગ (નિવૃત્તિ) તેનું નામ પ્રમાદ.

४३६. श्रेयोदानादशिव क्षपणाच्च सतां मतेह दीक्षा । (धर्मपरीक्षा)
**અર્થ** – શ્રેયના દાનથી અને અશિવનો ક્ષય કરતી હોવાથી સજ્જનોને દીક્ષા સંમત છે.

४३७. सकलाचारस्य मूलभूतो गुरुकुलवासः ।
**અર્થ** – સકલ આચારનું મૂળ ગુરુકુલવાસ છે.

४३८. शीतलविहारिणोऽपि व्याख्यान कर्तुं शुद्ध प्ररुपणया महती निर्जरा, किं पुनरुद्यत विहारिणो ?
**અર્થ** – શુદ્ધ પ્રરુપણાથી વ્યાખ્યાન કરનાર શિથિલાચારીને પણ ઘણી નિર્જરા થાય છે તો પછી ઉગ્રવિહારી જો શુદ્ધ પ્રરુપક હોય તો પછી તેની નિર્જરાનું તો પુછવું જ શું ?

४३९. मनुष्यलोके एव रात्रिभावात् ।
**અર્થ** – મનુષ્ય લોકમાં જ (અઢી દ્વીપમાં જ) રાત્રી હોય.

४४०. आसनजय एव ध्यानस्य प्रथमः प्राणः ।
**અર્થ** – આસનનો જય જ ધ્યાનનો પ્રથમ પ્રાણ છે.
(ધ્યાનમાં આહાર જય, નિદ્રા જય અને ઇન્દ્રિય જયની માફક આસન જય પણ અતિ આવશ્યક અંગ છે)

४४१. सव्वजिणाणं जम्हा बकुसकुसीलेहि वट्टए तित्थम् ।

**અર્થ** – સર્વે જિનેશ્વર દેવોનું તીર્થ (શાસન) બકુશ અને કુશીલ સાધુઓથી વર્તે છે (ટકે છે).

४४२. पाएण मिठ्ठमन्नं जणेइ जीवाण गाढरसगिद्धिं ।
तत्तो भवपरिवुढी, ता परमत्थेण कडुयमिणं ।

(धर्मरत्न प्रकरण)

**અર્થ** – પ્રાયે કરીને મીઠું ભોજન જીવોને (મનુષ્યોને) ગાઢ રસાસક્તિ ઉત્પન્ન કરે છે અને તેથી ભવવૃદ્ધિ થાય છે. અને તે ભવવૃદ્ધિ પરમાર્થથી કટુ ફળોને આપે.

४४३. सुखशय्यासनं वस्त्र तांबूलं स्नान मंडनं
दतकाष्टं सुगंधं च ब्रह्मचर्यस्य दुषणानि ।

**અર્થ** – સુંવાળી શય્યા (પથારી-સંથારો) સુંવાળુ આસન, સુંવાળાં વસ્ત્રો, તાંબુલ, સ્નાન, શણગાર, દાતણ (દાંત ચકચકાટ રાખવા) અને સુગંધ, આ વસ્તુઓ બ્રહ્મચર્યને દૂષિત કરનારી છે. (શુદ્ધ બ્રહ્મચર્ય પાળવાની ઈચ્છાવાળાએ ઉપરની બાબતોને છોડી દેવી.)

४४४. गुरुसेवा करणपरो, नरो न रोगैरभिद्रुतो भवति । ज्ञान दर्शन चरणै राद्रियते सद्गुण गणैश्च ।। (धर्मरत्न प्रकरण)

**અર્થ** – ગુરુસેવામાં પરાયણ પુરુષ રોગોથી પીડાતો નથી અને જ્ઞાન દર્શન ચારિત્રરૂપ સદ્‌ગુણોના સમુહથી શણગારાય છે (શોભે છે).

४४५. योषित्सानिध्यं ब्रह्मचारिणां महतेऽनर्थाय ।

**અર્થ** – સ્ત્રીનું સાનિધ્ય બ્રહ્મચારીઓ માટે મહાન અનર્થ બને છે.
(જ્યાં બિલાડીનો વાસ હોય ત્યાં ઉંદરોએ રહેવું સહિસલામત નથી, તેમ જ્યાં સ્ત્રી હોય ત્યાં બ્રહ્મચારીએ રહેવું સહિસલામત નથી.)

૪૪૬. **जस्स धिई तस्स तवो, जस्स तवो तस्स सुग्गइ सुलहा।**
**जे अधिइमंत पुरिसा तवोऽवि खलु दुल्लहो तेसिं ॥**
**અર્થ** – જેને ધૃતિ (સંયમમાં રતિ) છે તેને તપ છે, અને જેને તપ છે તેને સદ્‌ગતિ સુલભ છે. જે અધૃતિમાન પુરુષો છે તેઓને તપ પણ ખરેખર દુર્લભ છે.

૪૪૭. **पुरुषोत्तमत्वाद् धर्मस्य। (सूयगडांग सूत्र धर्माध्ययन)**
**અર્થ** – ધર્મ પુરુષપ્રધાન છે, કારણકે તેના પ્રવર્તક તીર્થંકરો છે. દ્વાદશાંગીના પ્રણેતા પણ ગણધરો છે. શાસનની ધુરાને વહન કરનારા આચાર્યો પણ પુરુષ જ છે. ગચ્છનું સુકાન, શાસન, સંઘનું સુકાન આચાર્યો વગેરેના હાથમાં છે.

૪૪૮. **परीसहोपसर्ग जयश्चाभ्यासक्रमेण विधेयः, अभ्यास वशेन हि दुष्कर मपि सुकरं भवति।**
**અર્થ** – પરીસહ અને ઉપસર્ગનો જય અભ્યાસના ક્રમથી કરવો જોઇએ. કારણ કે અભ્યાસથી દુષ્કર કામ પણ સુકર બની જાય છે. (પરિસહ અને ઉપસર્ગ સહન કરવાનો રોજ થોડો થોડો પણ અભ્યાસ પાડવો જોઇએ. પરીસહ કે ઉપસર્ગની ભડક સાધકે ન રાખવી જોઇએ.)

૪૪૯. **न आत्मनो बहु श्रूतस्वेन तपस्वित्वेन वा प्रकाशनं कुर्यात्।**

**અર્થ** – પોતાની જાતને (આત્માને) બહુશ્રુત તરીકે કે તપસ્વી તરીકે જાહેર કરવી ન જોઇએ.

૪૫૦. **व्याख्यानं कुर्वन् प्रजास्वात्म श्लाघारुपां किर्ति नेच्छेत् ।**

**અર્થ** – વ્યાખ્યાન કરતાં શ્રોતાઓ તરફથી પોતાની પ્રશંસા રૂપ કીર્તિની ઇચ્છા ન કરવી. (કેવળ નિર્જરાબુદ્ધિ અને ઉપકારની ભાવકરુણાથી પ્રેરાઇને સાધુઓએ વ્યાખ્યાન આપવું જોઇએ.)

૪૫૧. **उन्मार्गदेशको, मार्गनाशको, गूढहृदयो, मायावी, शठस्वभावः, सशल्यश्च जीवस्तिर्यगायुबंध्नाति ।**

**અર્થ** – ઉન્માર્ગનો ઉપદેશ આપનારો, સન્માર્ગનો નાશ કરનારો, ગૂઢ હૃદયવાળો, માયાવી, શઠસ્વભાવી, શલ્યવાળો જીવ તિર્યંચનું આયુષ્ય બાંધે છે.

૪૫૨. **श्रवणात् श्रुतज्ञानमवाप्यते ।**

**અર્થ** – સદ્‌ગુરુ મુખે શ્રવણ કરવાથી શ્રુતજ્ઞાન પ્રાપ્ત થાય છે. (પોતાની મેળે પુસ્તકો કે શાસ્ત્રો વાંચી જવાથી કે ભણી જવાથી વાસ્તવિક શ્રુતજ્ઞાન પ્રાપ્ત ન થાય.

૪૫૩. **विशिष्टज्ञानी हि पापं प्रत्याख्याति, कृतप्रत्याख्यानस्य हि संयमो भवति ।**

**અર્થ** – વિશિષ્ટજ્ઞાની જ પાપનાં પચ્ચખ્ખાણ કરે છે, કારણ કે પ્રત્યાખ્યાન કરેલાને જ સંયમ થાય છે.

૪૫૪. **एकस्मिनह्नि यत्र स्थाने उदितः सूर्यस्तत्रस्थाने पुनर्द्वाभ्यामहोरात्राभ्यामुदेति ।**

**અર્થ** – જે દિવસે જે સ્થાનમાં સૂર્ય ઉગ્યો તે સ્થાને કરીથી બે

અહોરાત્ર વિત્યા બાદ તે સૂર્ય ઉગે છે.

(જંબુદ્વીપમાં બે સૂર્ય અને બે ચંદ્ર છે.)

**૪૫૫. प्राणिनः प्रायेण तावन्न धर्मं गृह्णन्ति भावतः यावद् दुःखं न प्राप्ता मानभ्रंश च तेतलिसुतवत् ।**

**અર્થ** – પ્રાયે કરીને પ્રાણીઓ આ કળિકાળમાં જ્યાં સુધી તેઓને દુ:ખ આવ્યું નથી અને માનભંગ થયો નથી ત્યાંસુધી ભાવથી ધર્મને ગ્રહણ કરતા નથી. તેતલીપુત્ર મંત્રીની જેમ.

**૪૫૬. विकृतयः शरीरमनसोः प्रायो विकारहेतुत्वात् ।**

**અર્થ** – ઘી વગેરે વિગઇઓ પ્રાયે કરીને શરીર અને મનના વિકારનું કારણ છે.

(વિકાર કરે તે વિગઈ)

**૪૫૭. गुणी गुणान् पश्यति, दोषी च दोषान् पश्यति ।**

**અર્થ** – ગુણવાન્ ગુણોને જોવે છે અને દોષવાન્ દોષોને જોવે છે.

**૪૫૮. विवेको गुणेषु राजा अविवेकस्तु दोषेषु राजा ।**

**અર્થ** – વિવેક ગુણોમાં રાજા છે, અવિવેક દોષોમાં રાજા છે.

**૪૫૯. जगद्त्रयेऽपि जिनप्रवचनात् परं सारं नास्ति.**

**અર્થ** – ત્રણે ભુવનમાં પણ જિનપ્રવચનથી બીજો કોઈ શ્રેષ્ઠ સાર નથી.

**૪૬૦. अनुप्रेक्षणाभावे त-त्वानवगमेनाध्ययन श्रवणयोः प्रायोऽकृतार्थत्वात् ।**

**અર્થ** – અનુપ્રેક્ષાના અભાવમાં તત્ત્વનો બોધ ન થવાથી કરેલું

અધ્યયન અને શ્રવણ બંને સાર્થક થતાં નથી. (શાસ્ત્રનું અધ્યયન કે શ્રવણ કર્યા પછી તેના અર્થની વિચારણાથી સારો તત્ત્વબોધ થાય છે અને શુભઅધ્યવસાયો જાગે છે.)

૪૬૧. **समाधिः पुनर्निःस्नेहस्यैव भवति ।**

**અર્થ** – સમાધિ સ્નેહ (રાગ-મોહ-મમતા) વગરનાને જ થાય છે.

૪૬૨. **स्वदोषगर्हणप्रकारेणापि प्रज्ञप्ता जिनैर्दोषशुद्धिः**

**અર્થ** – પોતાના દોષોની ગર્હા કરવાથી પણ જિનેશ્વર દેવોએ દોષ શુદ્ધિ કહી છે, (સ્વદોષોની વારંવાર પશ્ચાતાપ પૂર્વક નિંદા ગર્હા કરવાથી દોષ શુદ્ધિ થાય છે અને પાપોના અનુબંધો પણ તૂટી જાય છે.)

૪૬૩. **लज्जया गौरवेन च बहूश्रुतत्वमदेन वा दुश्चरितमपि ये गुरुभ्यो न कथयन्ति ते नैवाराधका भणिताः ॥**

**(स्थानांगसूत्र टीका)**

**અર્થ** – જે મનુષ્યો લજ્જથી, ગૌરવથી કે બહુશ્રુતપણાના મદથી (અભિમાનથી) પોતાના દૂષિત ચારિત્રને પણ પોતાના ગુરૂને કહેતા નથી (છૂપાવી રાખે છે) તેઓને આરાધકો કહ્યા નથી. (માન અને માયા મૂકીને ગંભીર અને ગીતાર્થ ગુરૂ મહારાજ આગળ પોતાના જીવનમાં થયેલા પાપો, દુષ્કૃત્યો, વ્રતભંગ વગેરે ખુલ્લા દીલથી કહીને પ્રાયશ્છિત લેવું જોઇએ, આલોચના-પ્રાયશ્ચિત કર્યા વિના આ મોક્ષમાર્ગની આરાધના થઇ શકતી નથી.)

૪૬૪. **तीव्रकषायोदयश्च मिथ्यात्वाविरतिभ्यामेव निर्वर्त्यते ।**

**અર્થ** – તીવ્ર કષાયનો ઉદય મિથ્યાત્વ અને અવિરતિના કારણે જ થાય છે.

४६५. ज्ञानादिषु चारित्रं गरिष्ठं ।

**અર્થ** – જ્ઞાન દર્શન અને ચારિત્ર ત્રણેમાં ચારિત્ર શ્રેષ્ઠ છે. કારણ કે જ્ઞાન દર્શન પણ ચારિત્રથી યુક્ત હોય તો જ મોક્ષદાયક બની શકે, નહિતર નહિ.

૪૬૬. सर्वमपि धर्मानुष्ठानं समतापरिणामे स्थितस्य सफलं भवति ।

**અર્થ** – બધાંયે ધર્માનુષ્ઠાનો સમતાના પરિણામમાં સ્થિર હોય તેને સફળ થાય છે.

૪૬૭. तपसः प्रादुर्भावो मोहनीय वीर्यान्तर क्षय-क्षयोपशमाभ्याम् ।

**અર્થ** – તપનો જન્મ મોહનીયકર્મના અને વીર્યાન્તરાયકર્મના ક્ષય કે ક્ષયોપશમથી થાય છે.

૪૬૮. एक देशस्थमनः करणेन सर्वात्म प्रदेशेषुपयोग प्रवृत्ति र्न संभवति, उपयोग प्रवृत्तिस्तु सर्वाऽऽत्म प्रदेशेषुविलोकयते ततो मनसः एक देश स्थिति कल्पनाऽकल्पनीया, यच्च पुनः सुखदुःखादि अनुभवलक्षणं मनोज्ञानं सर्वाऽऽत्म प्रदेशेषु संजायते, यच्च सर्व बाह्याऽऽभ्यन्तर देहव्यापि स्पर्शनेन्द्रियेण सर्वप्रदेशेषु स्पर्शज्ञानं प्रादुर्भवति तदपि सर्वात्म प्रदेशेव्यापिना मनसा विना संजाघटीति ॥

**અર્થ** – જો કોઈ નિયત શરીરના એક અમુક ભાગમાં જ મન રહેલું માનવામાં આવે તો સર્વ આત્માના પ્રદેશોમાં મનના ઉપયોગની પ્રવૃત્તિ ઘટી શકે નહિ. અને મનના ઉપયોગની

પ્રવૃત્તિ તો સર્વ આત્માના પ્રદેશોમાં જોવામાં (અનુભવવામાં) આવે છે, તેથી મનની કોઇ એક નિયત સ્થળમાં કલ્પના કરવી બરાબર નથી. કેમકે સુખ દુઃખાદિનો અનુભવ સ્વરૂપ મનોજ્ઞાન સર્વ આત્માના પ્રદેશોમાં થાય છે. બીજું સર્વ બાહ્ય અભ્યંતર દેહવ્યાપી સ્પર્શેન્દ્રિયવડે સર્વ આત્મપ્રદેશોમાં સ્પર્શજ્ઞાન ઉત્પન્ન થાય છે તે પણ સર્વ આત્મપ્રદેશ વ્યાપી મન વિના ઘટતું નથી. માટે મન સર્વ આત્મપ્રદેશ વ્યાપી છે એમ માનવું એ જ યુક્તિ યુક્ત છે.

(દિગંબરો દ્રવ્યમન એ અષ્ટદલ પદ્માકાર છે અને તે હૃદયમાં જ રહેલું એમ માને છે પણ તે બરાબર નથી.)

પગમાં કાંટો વાગતાં જ મગજને તરત જ ખબર પડી જાય છે. એ જ બતાવે છે કે મન સર્વ શરીર વ્યાપી છે, અમુક જ શરીરના ભાગમાં રહેનારૂં નથી.

**૪૬૯. पुद्गलद्रव्यं तु वस्तुतः परमाण्वात्मकमेव, स्कंध, देश, प्रदेशास्तु तस्य परमाणोरेव विकाशः ।**

**અર્થ** – પુદ્ગલદ્રવ્ય તો વસ્તુતઃ પરમાણુમય જ છે. તેના સ્કંધ, દેશ, પ્રદેશો તો તે પરમાણુના જ વિકારો (પર્યાયો) છે.

**૪૭૦. परमाणुरप्रतिहतगतिरुच्यते ।**

**અર્થ** – પરમાણુ એ અપ્રતિહત ગતિવાળો કહેવાય છે.

(પરમાણુ એક સમયમાં એક લોકના છેડાથી બીજા લોકના સામા છેડે એક સમયમાં પહોંચી શકે છે.)

**૪૭૧. कस्मिँश्चिदपि कर्म्मणि कारणचतुष्कमपेक्षितम्,**

**उपादानकारणं, अपेक्षाकारणं, निमित्तकारणं, असाधारण कारणश्च । कुंभकारो घटं निर्मिमीते तत्र मृत्तिका उपादानकारणम्, दण्डचक्रादि निमित्तकारणं, चक्रभ्रमणमसाधारणकारणम्, आकाशाद्यपेक्षाकारणम् ।**

**અર્થ** – કોઈપણ કાર્યમાં ચાર કારણો અપેક્ષિત છે. તેમાં ઉપાદાનકારણ, અપેક્ષા કારણ, નિમિત્તકારણ અને અસાધારણ કારણ. કુંભાર ઘડો બનાવે છે ત્યાં માટી ઉપાદાન કારણ છે, દંડ ચક્ર ચીવર વગેરે નિમિત્ત કારણ છે, ચક્રભ્રમણ (કુંભારના ચાકડાનું ભમવું) તે અસાધારણ કારણ છે, આકાશ કાળાદિ તે અપેક્ષા કારણ છે.

૪૭૨. **ननु जिनबिंब जिनचैत्य सुमेरुप्रभृतीनि यानि यानि लोके शाश्वतानि वस्तुनि तानि नित्यानि उतऽनित्यानि ? अत्राह-जगत्यां ये ये शाश्वताः पदार्थास्ते आकारमात्रेण प्रमाणमात्रेण वा नित्यानि यतस्तेषाम् आकारे प्रमाणे वा कालांतरेऽपिनतारतम्यंस्यात् परं पुद्गल द्रव्यमाश्रित्याऽनित्यानि ।**

**અર્થ** – શંકા-શું લોકમાં રહેલી શાશ્વતી જિન પ્રતિમા, જિન ચૈત્ય, મેરૂ પર્વત્ત વગેરે જે જે વસ્તુઓ રહેલી છે તે નિત્ય છે કે અનિત્ય ?

સમાધાન-જગતમાં જે જે શાશ્વતા પદાર્થો છે તે આકાર અથવા પરિમાણ માત્રથી નિત્ય જાણવા, કેમકે તેઓનો કાલાંતરે પણ કદી યે તેઓના આકારમાં કે પરિણામમાં જરાયે ફેરફાર થતો નથી. પરંતુ તે શાશ્વતી વસ્તુઓમાં રહેલા પુદ્ગલ પરમાણઓને

આશ્રીને (અપેક્ષાએ) તે પદાર્થો અનિત્ય છે. કારણ કે પ્રતિ સમય તે તે શાશ્વત પદાર્થોમાંથી અનંતા પુદ્ગલપરમાણુઓ અલગ થાય છે અને અનંતા નવા ત્યાં જઇને ભળે છે. માત્ર તે શાશ્વતા પદાર્થો તે પોતાના સ્થાનથી અને પોતાની આકૃતિથી લેશમાત્ર કદીયે ચલિત ન થાય.

૪૭૩. **निमर्यादः खलु लोभः ।**

**અર્થ** – લોભ ખરેખર અમર્યાદ છે.

(લોભને થોભ નથી.)

૪૭૪. **वर्णात्मकं पदम्, पदात्मकं सूत्रम्, सूत्र समूहः प्रकरणम्, प्रकरण समूह शास्त्रम् ।** **(स्याद्वाद रत्नाकर)**

**અર્થ** – વર્ણાત્મક પદ છે, પદાત્મક સૂત્ર છે, સૂત્રનો સમૂહ તે પ્રકરણ છે અને પ્રકરણનો સમૂહ તે શાસ્ત્ર છે. ('ઘટ' એવું પદ ઘ વર્ણ અને ટ વર્ણથી બનેલું છે.)

૪૭૫. **गुणेषु दोषाविष्करण ह्यसूया ।**

**અર્થ** – ગુણોમાં (અસદ્) દોષ પ્રગટ કરવા તેનું નામ જ અસૂયા.

૪૭૬. **न च हितोपदेशादपरः पारमार्थिकः परार्थः ।**

**અર્થ** – હિતોપદેશથી વધીને બીજો કોઈ પારમાર્થિક પરોપકાર નથી.

૪૭૭. **यस्य वीर्यान्तराय चारित्रमोहभेदानां धर्मान्तरायाणां क्षयोपशमः तस्यैव त्यागलक्षणा प्रवज्या ।**

**અર્થ** – જેને ધર્મમાં અંતરાય કરનાર વીર્યાંતરાયનો અને

ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ થાય તેને જ (સંપૂર્ણ) ત્યાગસ્વરૂપ પ્રવજ્યાની પ્રાપ્તિ થાય.

૪૭૮. **नो सुत्ते सुविणं पासइ नो जागरे सुविणं पासइ । सुत्त जागरे सुविण पासइ ।।**

**અર્થ** – સુતેલો યે (ઊંઘેલો) સ્વપ્ન જોતો નથી અને જાગતો યે સ્વપ્ન જોતો નથી, પરંતુ અર્ધ જાગ્રત સ્વપ્ન જુવે છે.

૪૭૯. **नातः परमहं मन्ये, जगतो दुःखकारणम् ।**
**यथाऽज्ञानमहारोगो, दुरन्त सर्वदेहिनाम् ।।**

**અર્થ** – (આત્માનું અજ્ઞાન એ જ સર્વ દુઃખોની જડ છે.) આત્માજ્ઞાનં ભવં દુખં ।

અનાદિકાળથી આ અજ્ઞાની જીવને એ ખબર નથી કે, 'હુ કોણ છું ? અને મારૂં શું ? આ બે અણઉકલ્યા પ્રશ્નો જો ઉકલી જાય તો દુઃખનો જટીલ પ્રશ્ન ઉકલી જાય તેમ છે.

૪૮૦. **दुर्लभमवाप्य सम्यकत्वं चारित्रपरिणामं वा प्रमादो न कार्यः ।**

**અર્થ** – દુર્લભ એવું પણ સમ્યક્ત્વ કે ચારિત્રનું પરિણામ પ્રાપ્ત કરીને ત્યાં પ્રમાદ ન કરવો.

૪૮૧. **तोषणीयो जगन्नाथस्तोषणीयश्च सद्गुरुः ।**
**तोषणीयस्तथा स्वात्मा, किमन्यैर्बततोषितैः ।।**

**અર્થ** – જગન્નાથને, સદ્‌ગુરુને તથા પોતાના આત્માને પ્રસન્ન કરવા લાયક છે, બીજાઓને ખુશ (પ્રસન્ન) કરવાથી શું ?

૪૮૨. **परमार्थदशां ज्ञानदर्शनचारित्रात्मकमात्मत्त्वं विहायअन्यत्सर्व शरीराद्यपि पराक्यमेव ।**

**અર્થ** – પરમાર્થ દૃષ્ટિવાળાઓને જ્ઞાન દર્શન ચારિત્રમય આત્મતત્ત્વને છોડીને બીજું બધું શરીરાદિ પણ પારકું જ દેખાય છે.

(તત્ત્વદૃષ્ટિને આત્મતત્ત્વ સિવાયનું શરીર, ધન, પુત્ર, સ્ત્રી, પરિવાર, બંગલા, બગીચા એ બધી જડમાયા ત્યાજ્ય દેખાય છે.)

૪૮૩. **रागद्वैषौ छित्वा प्रतिज्ञा गुणवती ।**

**અર્થ** – રાગદ્વેષનો નાશ કરીને કરેલી પ્રતિજ્ઞા ગુણકારી છે.

**અર્થ** – વિશ્વવર્તી પ્રત્યેક વસ્તુમાં પ્રતિ સમયે એકસાથે આ ત્રણે ધર્મો રહેલા છે. જ્યાં વસ્તુ ત્યાં ત્યા ઉત્પાદ વિનાશ અને ધ્રૌવ્ય હોય જ અને આ ત્રણ ધર્મો હોય ત્યાં વસ્તુતત્ત્વ અવશ્ય હોય.

પૂર્વપર્યાયનો નાશ, ઉત્તર પર્યાયની ઉત્પત્તિ અને મૂળ વસ્તુ કાયમ.

જેમ બાલ્યાવસ્થાનો નાશ અને કુમારાવસ્થાની ઉત્પત્તિ અને મનુષ્ય મનુષ્ય રૂપે કાયમ. 'ઉત્પાદવ્યય ધ્રૌવ્ય યુક્તં સત્' આ સૂત્ર જગતવર્તી દરેક જડચેતન વસ્તુને લાગુ પડે છે.

૪૮૪. **जीवपरिणामानुरूपतः प्रायश्चित विधि प्रवृत्तेः ।**

**અર્થ** – જીવના અંતરના પરિણામના અનુસારે પ્રાયશ્ચિતની વિધિની પ્રવૃત્તિ છે.

અપરાધ-દોષ સેવતી વખતના આત્માના રાગ-દ્વેષના પરિણામ તીવ્ર મધ્યમ કે જઘન્ય છે, તેને અનુસારે કોને કેટલું પ્રાયશ્ચિત આવે તે સામાન્યથી નક્કી થાય છે.

૪૮૫. **तुल्येऽप्यपराधे पुरुषभेदेन प्रायश्चित्तभेदः ।**

**અર્થ** – એક સરખા પણ અપરાધમાં વ્યક્તિના ભેદથી પ્રાયશ્ચિતમાં ભેદ પડે છે.

દા. ત. એક જ સરખો દોષ ગીતાર્થે અને અગીતાર્થે સેવ્યો તો ગીતાર્થને વધુ પ્રાયશ્ચિત અને અગીતાર્થને ઓછું પ્રાયશ્ચિત.

તેમાં પણ જાણતાં સેવ્યો તો વધુ પ્રાયશ્ચિત અને અજાણતાં સેવ્યો તો ઓછું પ્રાયશ્ચિત. તેમાં પણ સહિષ્ણુને વધુ પ્રાયશ્ચિત, અસહિષ્ણુને ઓછું પ્રાયશ્ચિત. આચાર્યને વધુ, ઉપાધ્યાયને ઓછું. તેમાં પણ કારણે યતનાથી દોષ સેવ્યો હોય તો ઓછું પ્રાયશ્ચિત અને અકારણે અયતનાથી દોષ સેવ્યો હોય તો વધુ પ્રાયશ્ચિત.

**૪૮૬. स्वयं संयममाचरति परं च नियमात् संयमं ग्राह्यति ।**

**અર્થ** – જે સ્વયં સંયમનું આચરણ કરતા હોય તે બીજાને નિયમા સંયમનું આચરણ કરાવે છે.

**૪૮૭. चारित्रधर्मस्य वृद्धिहेतोरनेषणादि वारयति ।**

**અર્થ** – સંયમાર્થી સાધુ ચારિત્ર ધર્મની વૃદ્ધિના કારણે અનેષણીય (અકલ્પનીય) આહાર-પાણી વસતિ, વસ્ત્ર-પાત્રાદિને નિવારે. (દૂર કરે)

**૪૮૮. पठनाभावे हि कुतो यथावत् चरण-करण प्रतिपालनम् ?**

**અર્થ** – શાસ્ત્રોના પઠન-અભ્યાસના અભાવમાં ચરણ-કરણનું વિધિપૂર્વક બરાબર પાલન ક્યાંથી થવાનું ? અર્થાત્ ન થાય.

**૪૮૯. गर्वितो नियमादविनितो भवति ।**

**અર્થ** – ગવિષ્ઠ મનુષ્ય નિયમા અવિનિત હોય છે.

(નમ્ર મનુષ્ય જ સાચો વિનય કરી શકે છે.)

**४९०. अजीर्णप्रभवे रोगे अष्टमेण निवारए ।**

**અર્થ** – અજીર્ણમાંથી ઉત્પન્ન થયેલા રોગને (સાધુએ) અઠ્ઠમ કરીને દૂર કરવો જોઇએ.

**४९१. क्रोधाद्युत्पत्ति र्यथा न भवति तथा भाषितव्यम् ।**

**(आचारांगसूत्र टीका)**

**અર્થ** – એવી રીતે બોલવું જોઇએ કે જેથી ક્રોધાદિ કષાયની ઉત્પત્તિ ન થાય.

(આપણા બોલવાથી સામી વ્યક્તિને કષાય થાય કે તેની સાથે ક્લેશ-કજીયો થાય એવી ભાષા ધર્માર્થીએ બોલવી નહિ જોઇએ.)

**४९२. लक्खणहीणो उवही उवहणई नाण दंसण चरित्तं ।**

**(आचारांग)**

**અર્થ** – લક્ષણહીન ઉપધિ સાધુના જ્ઞાન દર્શન ચારિત્રનો નાશ કરે છે. (નુકસાન પહોંચાડે છે)

**४९३. जीवाः स्वतन्त्रा एव मिथ्यात्वाऽविरत्यादिभिः कर्म बन्धन्ति, परं तस्य कर्मण उदये ते जीवाः परवशाः भवन्तिः ।**

**અર્થ** – જીવો કર્મ બાંધવામાં સ્વતંત્ર છે, પણ કર્મનાં ઉદય વખતે પરતંત્ર છે. મિથ્યાત્વ-અવિરતિ-કષાયાદિના કારણે કર્મ બાંધે છે.

**४९४. जीवच्युतस्य दिव्य शरीरस्य तत्क्षणादेव विद्वंसनात् ।**

**અર્થ** – દિવ્ય (વૈક્રિય) શરીરમાંથી જીવ ચ્યવી ગયા પછી તત્ક્ષણ જ તેના શરીરનો નાશ થાય છે (તે દેવતાઈ શરીરના વૈક્રિય પુદ્ગલો તત્કાળ વિખરાઈ જાય છે.)

४९५. आयुकर्मवर्जानां शेष कर्मणामनुदीर्णानामपि क्षपणं भवति, आयुषः पुनरुदीर्णस्यैव क्षपणमिति ।

**અર્થ** – આયુષ્ય કર્મ રહિત બાકીના કર્મોનો નાશ તો તે ઉદયમાં ન આવ્યા હોય તો પણ થાય છે, જ્યારે આયુષ્ય કર્મનો નાશ તો તે ઉદયમાં આવે ત્યારે જ થાય છે.

(આયુષ્ય કર્મ સિવાયનાં કર્મો હજુ તેના વિપાકોદય વિના પ્રદેશોદયથીયે ભોગવાઈને ક્ષય પામે, જ્યારે આયુષ્ય કર્મ તો વિપાકોદયથી જ ક્ષય પામે છે.

४९६. जं कल्ले कायव्वं, णरेण अज्जेव तं वरं काउं ।
मच्चू अकलुणहिअओ, न हु दीसइ आवयंतोवि ॥
(बृहद्कल्प भाग ४)

**અર્થ** – જે દીક્ષાગ્રહણાદિ શુભ કાર્ય કરવાનું આવતી કાલે પુરુષે વિચાર્યું હોય તે આજે જ કરી લેવું શ્રેષ્ઠ છે. કેમકે કઠોર (ક્રૂર) હૃદયવાળું મૃત્યુ ધસમસતું આવતું હોય તો પણ દેખી શકાતું નથી. (ઓચિંતુજ મૃત્યુ આવીને આક્રમણ કરે છે, માટે તેનો જરાયે ભરોસો ન કરતાં જે શુભ કાર્ય કરવાનું હોય તે ક્ષણના પણ વિલંબ વગર કરી નાંખવું.)

४९७. तूरह धम्मं काउं, माहु पमायं खणंपि कुव्वित्था ।
बहुविग्धो हु मुहुत्तो, मा अवरण्हं पडिच्छाहि ॥
(बृहद्कल्प भाग ४)

**અર્થ** – ધર્મ કરવામાં ઉતાવળ કર, એક ક્ષણનો પણ પ્રમાદ ન કર. કેમકે એક મુહૂર્ત્ત પણ વિઘ્નોથી ભરપુર છે. માટે પ્રથમ પહોરમાં કરવાનું ધર્મકાર્ય છેલ્લા પહોરમાં કરીશું એવી કાળની રાહ ન જો.

(કાળ અને કર્મના ભરોસે ધર્મકાર્ય મનુષ્યે મુલતવી ન રાખવું જોઇએ.)

૪૯૮. **तीर्थंकरत्व चरमदेहत्वादि विषयेऽपि आस्तां राज्यादौ अनिदानता भगवता समग्रैश्चर्यादिमता श्रीमन्महावीर-स्वामिना श्लाघिता ।**

**અર્થ** – (તીર્થંકર થવાનું કે ચરમ શરીરી થવાનું પણ નિયાણું કરવાની ભગવાને સ્પષ્ટ મનાઇ કરી છે તો પછી બીજા રાજ્યાદિનાં ભૌતિક નિયાણાં તો કેમજ થાય ? નિયાણું કરેલી તપ સંયમની આરાધનાનું નિકંદન કાઢી નાંખે છે અને તે કરવાથી આત્મા નિર્વાણથી દૂર ફેંકાઇ જાય છે. માટે આત્માર્થિએ આરાધનાના ફળ તરીકે એકમાત્ર મોક્ષની જ ઇચ્છા રાખવી. નિષ્કામ આરાધનાથીજ સિદ્ધિ થાય છે. નિયાણામાં અપવાદ નથી.)

ખાસ નોંધ-તીર્થંકરપણાના નિયાણાનો નિષેધ છે તે હું સમવસરણમાં બેસું કરોડ દેવતાઓ મારી સેવા કરે વિગેરે ભાવનાથી છે, પણ હું જગત્‌નો ઉદ્ધાર કરૂં, સર્વ જીવોને મોક્ષના રસીયા કરૂં તે ભાવનાથી તીર્થંકરપણાના નિયાણાનો નિષેધ નથી.

૪૯૯. **निदान करणेन भवानां परिवृद्धि र्भवति ।**

**(बृहद्कल्प भा. ६)**

**અર્થ** – નિયાણું કરવાથી ભવોની વૃદ્ધિ થાય છે.

૫૦૦. **पापानुबन्धि पुण्य सम्पाद्याः शब्दादयो दारुण परिणामः ।**

**અર્થ** – પાપાનુબંધી પુણ્યના ઉદયથી પ્રાપ્ત થતા શબ્દાદિ વિષયો ભવિષ્યમાં ભયંકર દુઃખદાયિ પરિણામને લાવનારા છે.

(ઝેરના લાડવા તુલ્ય છે, કિંપાક વૃક્ષના ફળ તુલ્ય છે, અપથ્ય ભોજનના વિપાક તુલ્ય છે.)

૫૦૧. **परोपकारः सम्यक् क्रियमाणो धीरतामभिवर्द्धयति, दीनतामपकर्षति, उदारचित्ततां विधत्ते, आत्मम्भरितां मोचयति, चेतोवैमल्यं वितनुते, प्रभुत्वमाविर्भावयति ।**

**(उपमिति भवप्रपंचा कथा)**

**અર્થ** – સમ્યગ્ રીતે કરાતો પરોપકાર ધીરતાને વધારે છે, દીનતાને દૂર કરે છે, ઉદારચિત્તતાને ઉત્પન્ન કરે છે, સ્વાર્થવૃત્તિથી મુક્ત કરે છે, ચિત્તશુદ્ધિને વિસ્તારે છે (અને) પ્રભુત્વને પ્રગટ કરે છે.

૫૦૨. **न हि जिनमतज्ञः कदाचिदयुक्तं भाषति ।**

**(उपमिति भ. प्र. कथा)**

**અર્થ** – જિનમતને જાણનારો કદાપિ અયુક્ત બોલતો નથી. (પ્રમાદ કે અનાભોગવશ કદાચ અયુક્ત બોલાઈ ગયું તો તે તુરત મિચ્છામિ દુક્કડં દઈ દે છે)

૫૦૩. **स्तुतः प्रसीदति रोषमवश्यं स याति निन्दायाम् ।**

**(उपमिति भ. प्र. कथा)**

**અર્થ** – પોતાની સ્તુતિ કરાયેલો જે પ્રસન્ન થાય છે તે અવશ્ય પોતાની નિંદામાં રોષ (ક્રોધ) પામે છે.

**(उपमिति भ. प्र. कथा)**

**અર્થ** – ગુણ-ગુણી ઉપર પક્ષપાત વગર પરમપદની પ્રાપ્તિ કદી યે ન થાય. ગુણ-ગુણીનો દ્વેષી મનુષ્ય મોક્ષની લાયકાત ધરાવતો નથી.

**૫૦૪. कल्याणमित्रैः कर्तव्या मैत्री पुंसा हितैषिणा ।**
**इहामुत्र च विज्ञेया, सा हेतुः सर्व संपदाम् ॥**
**(उपमिति भ. प्र. कथा)**

**અર્થ** – હિતના વાંચ્છુ પુરુષે કલ્યાણ મિત્રોની સાથે મૈત્રી કરવી જોઇએ, અને તે કલ્યાણ મિત્રોની સાથેની મૈત્રી આલોક-પરલોકમાં સકલ સંપત્તિનું કારણ છે.

**૫૦૫. दोषायेह कुसंसर्गः, सुसंसर्गो गुणावहः ।**

**અર્થ** – કુસંગ દોષકારી છે, (અને) સુસંગ ગુણકારી છે.

**૫૦૬. किं सारं जिनशासने ? अहिंसा, ध्यान योगश्च, रागादीनां विनिग्रहः, साधर्मिकानु रागश्च, सारमेतज्जिनशासने ।**
**(उपमिति भ. प्र. कथा)**

**અર્થ** – જિનશાસનમાં સાર શું ? તો કહે છે કે-અહિંસા, ધ્યાનયોગ, રાગાદિદોષોનો નિગ્રહ અને સાધર્મિકનો અનુરાગ, આટલી વસ્તુઓ જિનશાસનમાં સારભૂત છે.

**૫૦૭. प्राप्तोऽयं मनुष्य भवोऽनादौ संसारे पूर्वमनन्तवारान्, न च सद्धर्मानुष्ठान विकलेनानेन किञ्चिन् साधितं ।**
**(उपमिति भ. प्र. कथा)**

**અર્થ** – અનાદિ સંસારમાં પૂર્વે અનંતીવાર આ મનુષ્યભવ પ્રાપ્ત થયો, પરંતુ સદ્ધર્માનુષ્ઠાનથી રહિત એવા મનુષ્ય ભવથી કાંઇ પણ આત્માનું હિત સાધ્યું નહિ.

५०८. **मद्यं हि निन्दितं सद्भिः मद्यं कलह कारणम् ।**
**मद्यं सर्वापदां मूलं, मद्यं पाप शताकुलम् ।।**

**અર્થ** – સત્પુરુષોએ મદ્યને નિંદ્યું છે. મદ્ય કલહનું કારણ છે, મદ્ય (દારૂ) સકલ આપત્તિએનું મૂલ છે, મદ્ય સેંકડો પાપોથી યુક્ત છે.

(મદ્યપાનથી મતિભ્રંશ થાય છે, મતિભ્રંશથી ધર્મનો ભ્રંશ થાય છે, અને ધર્મનો ભ્રંશ થવાથી મનુષ્ય મરીને દુર્ગતિમાં જાય છે.)

५०९. **न द्यूते रक्तचित्तानां सुखमत्र परत्र वा ।**
(उप. भ. प्र. क.)

**અર્થ** – જુગારમાં આસક્ત ચિત્તવાળાઓને આલોકમાં કે પરલોકમાં સુખ હોતું નથી.

५१०. **अहिंसा परमो धर्मः, स कुतो मांस भक्षणे ?**
(उप भ. प्र. क.)

**અર્થ** – માંસનું ભક્ષણ કરનારમાં અહિંસા પરમો ધર્મ ક્યાંથી હોય ? અર્થાત્ ન જ હોય.

(માંસ ખાનારા, માંસ ખાવાની હિમાયત કરનારા ભગવાન મહાવીર અને તેની અહિંસાનું નામ લેવાને પણ બિલકુલ લાયક નથી. માંસ ખાનારનું તપ, જપ, વ્રત, દાન, શીલ, યોગ, તીર્થયાત્રા, પ્રભુભક્તિ બધુ જ એકડા વિનાના મીંડા જેવું વ્યર્થ છે.)

५११. **दुःखानि पापमूलानि, पापं च शुभचेष्टितैः सर्व प्रतीयते ।**
(उप. भ. प्र. क.)

અર્થ – દુ:ખોનું મૂળ પોતાનાં કરેલાં પાપો છે. તે પાપો નાશ પામે છે શુભ કાર્યોથી. (અશુભ કાર્યોથી પાપો બંધાય, શુભ કાર્યોથી તેનો નાશ થાય.)

૫૧૨. **मरणाय भवे जन्म, कायो रोगनिबन्धनम् ।**
**तारुण्यं जरसो हेतु र्वियोगाय समागमः ॥ (उपमिति)**

અર્થ – સંસારમાં જન્મ એ મરણ માટે થાય છે, કાયા રોગનું કારણ છે, યુવાની ઘડપણનો હેતુ છે અને સમાગમ એ વિયોગ માટે બન છે.

૫૧૩. **तत्त्वज्ञानमेव गुर्वायत्तः ।**

અર્થ – તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ ગુરુને આધીન છે. (ગુરુ વિના જ્ઞાન નહિ. તત્ત્વનું રહસ્ય ગુરુ વિના પ્રાપ્ત ન થાય.)

૫૧૪. **पूर्वभवाभ्यासादेव प्रायशः प्राणिनां भूयांसोऽनुवर्तन्ते भावाः ।**

**(उपमिति)**

અર્થ – પ્રાયે કરીને પ્રાણીઓને પૂર્વભવોના અભ્યાસના કારણે જ ઘણા ભાવો અનુસરે છે.
(પૂર્વજન્મોમાં અભ્યસ્ત કરેલા શુભ કે અશુભ સત્કારો બીજા જન્મમાં સાથે આવે છે.)

૫૧૫. **सदागमाराधना मूलं हि देहिनां तत्त्वज्ञानं । (उपमिति)**

અર્થ – મનુષ્યોને તત્ત્વજ્ઞાનનું કોઇ મૂલ કારણ હોય તો સદાગમની આરાધના છે.
(જિનાગમના વારંવાર શ્રવણ પઠન, પાઠન, ચિંતન મનનથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.)

૫૧૬. **बहुमानो बीजाधानं ।**

**અર્થ** – વીતરાગ અને વીતરાગ ધર્મ પ્રત્યેનું બહુમાન (પ્રશંસા) બોધિબીજને આત્મામાં નાંખે છે.

(બહુમાનથી બોધિબિજની પ્રાપ્તિ થાય છે.)

૫૧૭. **उपायः समतैवैकामुक्तेरन्य क्रियाभरः ।**
**तत्तत्पुरुषभेदेन, तस्या एव प्रसिद्धये ॥**
**(समताधिकार, अध्यात्मसार)**

**અર્થ** – સમતા એ એક જ મુક્તિનો ઉપાય છે, બાકીનો ક્રિયાનો સમુહ છે તે તે પુરુષના ભેદથી તે સમતાને સાધવા માટે જ છે. ક્રિયા કરવાનું ધ્યેય સમતા ને સિદ્ધ કરવા માટે છે.

૫૧૮. **अन्तः समाधेः सुखमाकलप्य, बाहये सुखे न रतिमेति योगी ।**
**अटत्यटव्यां क इवार्थलुब्धो, गृहे समुत्सर्पति कल्पवृक्षे ॥**
**(वैराग्य कल्पलता)**

**અર્થ** – યોગી પુરુષ અંતરમાં સમાધિનું સુખ રહેલું જાણીને બાહ્ય પૌદ્ગલિક સુખોમાં રતિને પામતો નથી. કોણ એવો ધનલુબ્ધ હોય કે ઘરના આંગણામાં કલ્પવૃક્ષ હોવા છતાં જંગલમાં ધન માટે ભટકે ? (સમાધિના સુખ આગળ ભૌતિક સુખોના ઢગલા પણ યોગીને બેકાર લાગે છે.

૫૧૯. **अभ्यर्चनादर्हतां मनः प्रसादस्ततः समाधिश्च ।**
**तस्मादपि निःश्रेयसमतो हि तत्पूजनं न्याय्यम् ॥**
**(तत्त्वार्थकारिका)**

**અર્થ** – અરિહંતને પૂજવાથી ચિત્ત પ્રસન્નતા પ્રાપ્ત થાય છે, ચિત્ત પ્રસન્નતાથી સમાધિનો લાભ અને સમાધિથી મોક્ષની પ્રાપ્તિ થાય છે, માટે જ અરિહંતનું પૂજન કરવું યુક્તિ યુક્ત છે.

૫૨૦. **कषाया यस्य नोच्छिन्ना, यस्य नात्मवशं मनः ।**
**इन्द्रियाणि न गुप्तानि, प्रवज्या तस्य जीवनम् ॥**
**(सूयगडांग सूत्र)**

**અર્થ** – જે સાધુના કષાયોનો નાશ થયો નથી, જે (સાધુને) મન વશ થયું નથી અને ઇન્દ્રિયોનું દમન કર્યું નથી તે સાધુને પ્રવજ્યા (દીક્ષા) એક પ્રકારની આજીવિકા (પેટ ભરવાનું સાધન) બને છે.

(દીક્ષા આંતર શત્રુઓ ઉપર વિજય મેળવવા અને રત્નત્રયીને સાધવા માટે છે તે પ્રવજિતે ભૂલવું ન જોઇએ.)

૫૨૧. **मैत्री सर्वसत्त्व विषय स्नेह परिणामः ।**

**અર્થ** – સર્વ જીવો ઉપર સ્નેહનું પરિણામ તેનું નામ મૈત્રી. (મૈત્રીના પાયા ઉપર મોક્ષનો મહેલ ચણાય છે.)

૫૨૨. **दयापि लौकीकी नेष्टा, षट्कायानवबोधतः**

**અર્થ** – દયા પણ લૌકિક ઇષ્ટ નથી, કેમકે તે લૌકિક દયામાં ષટ્કાયના જીવોનો બોધ જ નથી, તો તેઓની દયા શી રીતે પાળવાના હતા ? (લૌકિક દયા ઇષ્ટ સાધક બનતી નથી.) જૈનમત સિવાયના અન્યમતોમાં ષટ્જીવનિકાયનું યથાર્થ વર્ણન પણ નથી જોવા મળતું, તો પછી તેની ત્યાં દયાની તો શી વાત કરવી ?

५२३. शब्द समभिरुढैवंभूतनयानां चात्यैव हिंसा निज गुण प्रतिपक्ष प्रमाद परिणतः स्वभाव परिणतश्चांत्मैवाहिंसेति नय विभागः ।

**અર્થ** – તત્ત્વાર્થ સૂત્રમાં પણ 'પ્રમાદ યોગાત્પ્રાણવ્ય પરોપણં હિંસા' । પ્રમાદના યોગથી પ્રાણનો નાશ કરવો તે હિંસા. પ્રમાદનો યોગ ન હોય તો બાહ્ય દૃષ્ટિથી જીવ મરવા છતાં પણ તે વ્યક્તિ હિંસક ન કહેવાય. અને પ્રમાદનો યોગ હોય અને કદાચ બહારમાં એકે જીવ ન મર્યો હોય તો પણ તે વ્યક્તિ હિંસક છે.

५२४. मलानां शुद्धयुपाय आगम सद्बोघ एव ।

**અર્થ** – રાગાદિ મલોની શુદ્ધિનો ઉપાય આગમનો સદ્‌બોધ જ છે.

५२५. निर्मलबोधस्य हि फलं शुभाध्यवसायाः

**અર્થ** – નિર્મળ બોધનું ફળ શુભ અધ્યવસાયો છે.

५२६. सर्वासामपि शुभाशुभ प्रवृत्तिनां मूलं कारण शुभाशुभविचार परस्परैव तावद् वर्तते ।

**અર્થ** – સઘળીયે શુભાશુભ પ્રવૃત્તિઓનું મૂળ કારણ અંતરમા રહેલી શુભાશુભ વિચારની પરંપરા છે.

(સંઘળાંયે કાર્યો કરવાની યોજના મનરૂપી મંત્રી પ્રથમ કરે છે, કાયા તો પછી તે નક્કી થયેલી યોજના મુજખ બહારમાં તેનો માત્ર અભિનય (દેખાવ)જ કરે છે. જેવી વિચાર શ્રેણી ઉત્પન્ન થાય છે પ્રવૃત્તિ પણ તેવી જ થાય છે. તેથી વિચારશ્રેણી સુધરે

તો પ્રવૃત્તિ પણ સુધરે. વિચારશુદ્ધિ એ અધ્યાત્મના માર્ગમાં આગળ વધવા અત્યંત આવશ્યક અંગ છે.

**૫૨૭. गुर्वाज्ञा वशवर्तिनामपि निर्मल बोधवत्व प्रतिपादनात् ।**

**અર્થ** – ગુરુની આજ્ઞામાં રહેલા નિર્મળ બોધવાળા છે એ પ્રમાણે (આગમમાં) પ્રતિપાદન કરેલું છે.

(નિર્મળ બોધ વગર ગુરુ આજ્ઞાનું પારતંત્ર્ય પણ હોઇ શકે નહિ.)

**૫૨૮. हृदय शुद्धिरेव परमात्मनः प्राप्त्युपायः ।**

**અર્થ** – હૃદય શુદ્ધિ એ જ પરમાત્મપદને પ્રાપ્ત કરવાનો ઉપાય છે.

**૫૨૯. धर्माधर्म व्यवस्थायाः शास्त्रमेव नियामकम् । (षोडशक)**

**અર્થ** – ધર્મ કે અધર્મની વ્યવસ્થાનું નિયામક શાસ્ત્રજ છે. (સર્વજ્ઞનાં શાસ્ત્રો દ્વારા જ ધર્મ અને અધર્મની સાચી સમજ મળે છે.)

**૫૩૦. जैनशासने सर्वज्ञ वचनमेव सर्वोत्कृष्टो धर्मः ।**

**અર્થ** – જૈન શાસનમાં સર્વજ્ઞ વચન જ સર્વોચ્ચ કોટીનો ધર્મ છે.

**૫૩૧. शुभ परिणति रेवात्मोत्थान मार्गः ।**

**અર્થ** – આત્માના ઉત્થાનનો માર્ગ શુભ પરિણતિ જ છે.

**૫૩૨. सर्वज्ञागम परिशीलनमेव धर्मः ।**

**અર્થ** – સર્વજ્ઞના આગમનું પરિશીલન જ (વારંવાર ચિંતન મનન નિદિધ્યાસન કરવું તે) ધર્મ છે.

**૫૩૩. गीतार्थतामन्तरेण स्वाख्यात धर्मत्वं न सम्भवति ।**

**અર્થ** – ગીતાર્થતા વિના ધર્મની સ્વાખ્યાતતા સંભવી શકતી

નથી. ધર્મનું યથાર્થ કથન ગીતાર્થ જ કરી શકે છે. (ધર્મનાં ગૂઢ રહસ્યોને ગીતાર્થ જ સમજેલો હોય છે, તેથી ધર્મનું યથાર્થ પ્રતિપાદન તેજ કરી શકે છે.)

**૫૩૪. यदा दुःखं सुखत्वेन, दुःखत्वेन सुखं यदा ।**
**मुनिर्वेत्ति तदा तस्य, मोक्षलक्ष्मीः स्वयंवरा ॥**

**અર્થ** – જ્યારે વ્રતના દુઃખને સુખ તરીકે અને અવ્રતના સુખને દુઃખ તરીકે મુનિ જાણે ત્યારે તેને મોક્ષલક્ષ્મી સ્વયં આવીને વરે છે.

**૫૩૫. मातृवत् परदाराणि, परद्रव्याणि लोष्ठवत् ।**
**आत्मवत् सर्व भूतेषु, यः पश्यति सः पश्यति ॥**

**અર્થ** – જે પરસ્ત્રીઓને માતા સમાન, પર-ધનને પત્થર સમાન (અને) પોતાના આત્મા સમાન સર્વજીવોને જે જોવે છે તે જ સાચો દ્દષ્ટા છે (તેજ સાચી જ્ઞાનદ્દષ્ટિવાળો છે.)

**૫૩૬. सत्येन शुध्यते वाणी, मनो ज्ञानेन शुध्यते ।**
**गुरुशुश्रूषया कायः, शुद्धि रेषा सनातनी ॥**

**અર્થ** – સત્યથી વાણી શુદ્ધ થાય છે, જ્ઞાનથી મન શુદ્ધ થાય છે, ગુરુ સેવાથી કાયા શુદ્ધ થાય છે, આ શુદ્ધિ સનાતન છે.

**૫૩૭. राज दण्ड भयात्पापं नाचरत्यधमो जनः ।**
**परलोकभयान्मध्यमः स्वभावादेव चोत्तमः ॥**

**અર્થ** – રાજદંડના ભયથી અધમ માણસ પાપ કરતો નથી, મધ્યમ પરલોકમાં મારી નરકાદિ દુર્ગતિ થશે માટે પાપ આચરતો નથી, અને ઉત્તમ માણસ તો સ્વભાવથી જ પાપ આચરતો નથી.

५३८. परिणामशुद्ध्यर्थमेव परप्राण रक्षणं साधूनाम् ।

**અર્થ** – પોતાના આત્માના પરિણામની શુદ્ધિ માટે જ પર પ્રાણનું રક્ષણ સાધુઓને કરવાનું છે.

५३९. रख्खंतो जिणद्रव्यं, तित्थयरतं लहइ जीवो ।
भक्खंतो जिणद्रव्यं, अणंत संसारिओ होई ।।

**અર્થ** – દેવ દ્રવ્યનું રક્ષણ કરતો જીવ તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે (અને) દેવ દ્રવ્યનું ભક્ષણ (નાશ-ઉપેક્ષા) કરતો જીવ અનંત સંસારી થાય છે.

५४०. गुरुसाक्षि गृहीत प्रतिज्ञा निर्वाहको भव ।

**અર્થ** – ગુરુ સાક્ષિએ લીધેલી પ્રતિજ્ઞાનો નિર્વાહ કરનારો થા.

५४१. आत्महितेषु जाग्रतो नास्ति भयं ।

**અર્થ** – આત્મહિત માટે જાગ્રત રહેનારને ભય નથી.

५४२. न च कृत्रिमानुष्ठायिनः श्रमणभावो, न चा श्रमणस्यानुष्ठान गुणवद् । (आचा. टी.)

**અર્થ** – કૃત્રિમ સંયમનું અનુષ્ઠાન કરનારને શ્રમણપણું ન હોય, અને અશ્રમણને સંયમનું અનુષ્ઠાન ગુણકારી નથી.

५४३. येन येनोपायेन विषयेच्छा निवर्त्तते तत्तत्कुर्यात् । (आ. टी.)

**અર્થ** – જે જે ઉપાયથી વિષયની ઈચ્છા નિવૃત્ત (નાશ) થાય તે તે કરવું જોઇએ.

५४४. भावभिक्षुर्वेदनादिभिः कारणैराहार ग्रहण करोति । (आ. द्वि. श्रु. स्कंध)

**અર્થ** – ભાવભિક્ષુ (સાધુ) વેદનાદિ કારણોથી આહાર ગ્રહણ કરે છે.

(૧) ક્ષુધાની વેદના શમાવવા. (૨) ગુરુ-ગ્લાનની વૈયાવચ્ચ કરવા માટે. (૩) ઇર્યાસમિતિના પાલન માટે. (૪) પૂંજવા-પ્રમાર્જના રૂપ સંયમ માટે. (૫) પ્રાણ ટકાવવા. (૬) ધર્મ ચિંતા માટે. (સ્વાધ્યાય ધ્યાન માટે)

**૫૪૫. इन्द्रियविजयश्च मनःशुद्धया, सा च लेश्या विशुद्धया।**
**(आ. टी. द्वि. सु.)**

**અર્થ** – મનશુદ્ધિથી ઇન્દ્રિય વિજય અને મન શુદ્ધિ લેશ્યા શુદ્ધિથી થાય છે.

**૫૪૬. कर्मापनयनस्य चारित्र व्यापारत्वात् । (अ. म. ५.)**

**અર્થ** – ચારિત્રની પ્રવૃત્તિ કર્મને દૂર કરવા માટે છે.

**૫૪૭. न जातु कामः कामानामुपभोगेन शाम्यति । (अ. म. ५)**

**અર્થ** – કામ કદાપિ કામભોગોના ઉપભોગથી શાન્ત થતો નથી.

**૫૪૮. प्रथमं संयम स्थानं सर्वोत्कृष्ट देश विरति विशुद्धस्थानतः अनंतगुण विशुद्ध । (ज्ञा. सा. टीका.)**

**અર્થ** – સર્વ વિરતિનું પ્રથમ સંયમ સ્થાન સર્વોત્કૃષ્ટ દેશ વિરતિના વિશુદ્ધસ્થાનથી અનંતગણું વિશુદ્ધ છે.

(ઉત્કૃષ્ટ દેશ વિરતિ શ્રાવક કરતાં જઘન્યમાં જઘન્ય સર્વ વિરતિ સંયમના સ્થાન ઉપર રહેલા સાધુની વિશુદ્ધિ અનંતગણી શાસ્ત્રોમાં કહી છે.)

**૫૪૯. मोहेनैव जगत् बद्धं, मोहमुढा एव भ्रमंति संसारे ।**

**અર્થ** – મોહથી જ જગત બંધાયેલું છે, મોહથી મૂઢ બનેલા જ ભવમાં ભમે છે.

૫૫૦. **परद्रव्ये अरमन् आत्मा मुच्यते ।** **(ज्ञा. सा. टी.)**

**અર્થ** – પર દ્રવ્યમાં રમણતા ન કરતો આત્મા કર્મથી (મોહથી) મુક્ત બને છે.

૫૫૧. **दुर्लभो हि समतारसः ।** **(ज्ञा. सा. टी.)**

**અર્થ** – સમતારસ દુર્લભ છે.

૫૫૨. **न हि पंचाचारमंतरेण मोक्षनिष्पत्तिः ।** **(ज्ञा. सा. टी.)**

**અર્થ** – પંચાચારના પાલન વગર મોક્ષની ઉત્પત્તિ થતી નથી.

૫૫૩. **वस्तुवृत्या पुद्गलात्मनोः तादात्म्य संबंध एव नास्ति, संयोग संबंध स्त्वौपाधिकः ।** **(ज्ञा. सा. टीका)**

**અર્થ** – વાસ્તવિક રીતે પુદ્‌ગલ અને આત્માનો તાદાત્મ્ય સંબંધ જ નથી, અને સંયોગ સંબંધ જે છે તે તો ઔપાધિક છે.

૫૫૪. **निःस्पृहस्य न यशोमहत्वाभिलाषः ।** **(ज्ञा. सा. टीका)**

**અર્થ** – નિઃસ્પૃહ મનુષ્યને પોતાના યશ અને મહત્ત્વની ઇચ્છા નથી હોતી.

૫૫૫. **आत्मधर्म श्रवण सुखं अनुभूयमानाः चक्रिसंपदो विपद इव मन्यन्ते ।** **(ज्ञानसार टीका)**

**અર્થ** – અંતર્મુખ મહાત્માઓ આત્મધર્મના શ્રવણના સુખનો અનુભવ કરતા ચક્રવર્તીની સંપત્તિને પણ વિપત્તિરૂપ માને છે.

૫૫૬. **स्वदोष चिंतनेन आत्मोत्कर्ष परिणाम निवार्य ।**

**(ज्ञान. सार टीका)**

**અર્થ** – સ્વદોષના ચિંતનવડે પોતાના આત્માના ઉત્કર્ષનો પરિણામ નિવારવો જોઇએ.

**૫૫૭. अत्ता कत्ता विकर्ता य सुहाण दुहाण य । (उत्तराध्ययने)**

**અર્થ** – આત્મા (જ) સુખ દુ:ખનો કર્તા હર્તા છે.

**૫૫૮. निर्ग्रन्थानां वाचनादि स्वाध्याय मुख्यत्वं ।**

**(ज्ञानसार टीका)**

**અર્થ** – સ્વાધ્યાયથી ચિત્તશુદ્ધિ, સમકિતશુદ્ધિ અને ચારિત્રશુદ્ધિ થાય છે. આત્મશુદ્ધિનુ અસાધારણ સાધન શાસ્ત્રસ્વાધ્યાય છે. અતિ ચંચળ મનને વશ કરવાનો વશીકરણ મંત્ર હોય તો શાસ્ત્રસ્વાધ્યાય છે. શરત એટલી માત્ર છે કે તે શાસ્ત્રસ્વાધ્યાય આત્માનુગ્રહ બુદ્ધિથી થવો જોઇએ. માત્ર પાંડિત્ય પ્રાપ્ત કરવા માટે નહિ.

**૫૫૯. यस्य नास्ति स्वयं प्रज्ञा शास्त्रं तस्य करोति किम् ?**
**लोचनाभ्यां विहीनस्य, प्रदीपः कि करिष्यति ?**

**(ज्ञानसार टीका)**

**અર્થ** – જે મનુષ્યને સ્વયં બુદ્ધિ જ નથી તેને શાસ્ત્ર શું કરે અર્થાત્ તેને શાસ્ત્ર કામનું નથી. જેમ આંખો વિનાના માનવીને પ્રદીપ શું કરશે ? અર્થાત્ આંધળાને તે પ્રદીપથી કશોય ફાયદો નથી

**૫૬૦. सुखशय्याऽपि धर्मार्थिनां निषिद्धा । (उपदेश रत्नाकर)**

**અર્થ** – ધર્માર્થી જીવો માટે સુખ શય્યા (સુંવાળી, પોચી પથારી) પણ નિષિદ્ધ છે. (ધર્માર્થી માણસે અને ત્યાં સુધી ઉનના સંથારા ઉપર જ શયન કરવું જોઇએ.)

५६१. पापिनां बलित्वं गर्हितं, पुण्यवतां च श्लाघ्यम् ।
(उपदेश रत्नाकर)

**અર્થ** – પાપીઓનું બલિષ્ઠપણું નિંદનીય છે, અને પુણ્યશાળીઓનું બલિષ્ઠપણું શ્લાઘનીય છે.

(પાપીઓ વધારે બળવાન હશે તો તેનાથી વધુ પાપો કરવાના, જ્યારે ધર્મીઓ પાસે વધુ બળ હશે તો વધુ ધર્મના કે પુણ્યનાં કામો કરવાના.)

५६२. सप्पो इक्कं मरणं, कुगुरु अणंताणि कुणइ मरणाइं ।
तो वरं सप्पो गहिओ, मा कुगुरु सेवणं भद्दं ॥
(उपदेश रत्नाकर)

**અર્થ** – સાપ કદાચ કરડે તો તેનાથી એકવાર માણસ મરે, પરંતુ કુગુરુના પનારે પડેલો પુરુષ તો અનંતા મરણોને પ્રાપ્ત કરે છે. તેથી હજુ કોઈ એવા સંયોગોમાં સાપ ગ્રહણ કરવો સારો, પણ કુગુરુની સેવા સારી નથી.

५६३. इन्द्रियपोषणासक्तानां मनःशुद्धिरपि दुर्लभा ।

**અર્થ** – ઇન્દ્રિયોના પોષણમાં આસક્ત આદમીઓને મન શુદ્ધિ પણ દુર્લભ છે.

५६४. नरदेहे पञ्च कोटयोऽधिका लक्षादिभिः रोगाः संभवन्ति ।

**અર્થ** – મનુષ્યના દેહમાં ૫ ક્રોડ, ૬૮ લાખ, ૯૯ હજાર, ૫૮૪ રોગો રહેલા છે. અશુચિને રોગમય દેહથી ધર્મ સાધના કરવી પણ મમત્વ શરીર પર ન કરવો.

५६५. चवलाइं इदिआइं, विआर बहुलं च जुव्वणं । सच्छदगई कामो । (उपदेश रत्नाकर)

**અર્થ** – ઇન્દ્રિયો ચપળ છે, યૌવન વિકારબહુલ છે અને કામ=વિષયેચ્છા સ્વચ્છંદ ગતિવાળો છે.

(માટે ઇન્દ્રિયોને જ્ઞાનથી અંકુશમાં લેવી, યૌવનને વ્રતથી વશ કરવું અને કામને પ્રતિપક્ષી બ્રહ્મચર્યાદિની ભાવનાથી ભગાડવો.

५६६. हरिउण य परदव्वं, पूअं जो कुणइ जिणवरिंदाणं ।
दहिउणचंदणतरुं करेइ इंगालवाणिज्जं ॥
(उपदेश रत्नाकर)

**અર્થ** – પરધનનું હરણ કરીને જે જિનેશ્વરદેવને પૂજે છે. તે ચંદનના વૃક્ષને બાળીને કોલસાનો વ્યાપાર કરે છે.

५६७. ववहार शुद्धिः धम्मस्स मूलं सव्वन्नू भासए ।
(उपदेश रत्नाकर)

**અર્થ** – વ્યવહારશુદ્ધિ એ સર્વજ્ઞભાષિત ધર્મનું મૂળ છે. (વ્યવહારશુદ્ધિ વગર તો વિવેક આવવો ય મુશ્કેલ છે.)

५६८. स्वल्पमपि व्यवहारशुद्धं बहु तिष्ठन्ति, सुक्षेत्रोप्तसुबीजवद्, दत्तमपि बहुफलं । निःशङ्कतया भोगादि प्राप्तेर्मनसः सुखं समाधिलाभश्च ॥ (उपदेश रत्नाकर)

**અર્થ** – થોડુંક પણ વ્યવહારશુદ્ધિપૂર્વકનું ધન ઘણું ટકે છે, રસાળ ભૂમિમાં વાવેલા સુબીજની માફક, અને તે ધનમાંથી દાન દીધું હોય તો ઘણું પુણ્યફળ આપે છે. તેવા ધન દ્વારા પ્રાપ્ત થતાં ભોગસુખો નિઃશકપણે ભોગવી શકાય છે. તેથી મનને શાન્તિ સ્વરૂપ સુખ અને સમાધિ થાય છે.

(આજે અનીતિ-અન્યાયવાળા ધનવાનોના જીવનમાં ક્યાં શાન્તિ અને સમાધિ જણાય છે ?

૫૬૯. एकतानमनोभिः कार्यं देवार्चनं बुधैः (उपदेश रत्नाकर)
**અર્થ** – એકતાન મનવાળા બનીને દેવપૂજા પંડિત પુરુષોએ કરવી જોઇએ.

૫૭૦. अज्ञान मुलत्वाद् भयस्य । (उपदेश रत्नाकर)
**અર્થ** – ભય અજ્ઞાનમૂલક છે

૫૭૧. न केवलं द्रव्यलिंगं वन्द्यं, नापि द्रव्यलिंगरहितं भावलिंगं, भावलिंगमर्मंतु द्रव्यलिंग नमस्क्रियते । रुप्यकल्पं भावलिंग, टङ्ककल्पं द्रव्यलिंग च ॥ (उपदेश रत्नाकर)
**અર્થ** – માત્ર દ્રવ્યલિંગ (સાધુવેશ) તે વંદનીય નથી, તેમજ દ્રવ્યલિંગ રહિત ભાવલિંગ (રત્નત્રયી) પણ વંદનીય નથી, પરંતુ ભાવલિંગયુક્ત દ્રવ્યલિંગ એજ વંદનીય છે. ચાંદી તુલ્ય ભાવલિંગ છે અને સરકારી સિક્કા તુલ્ય દ્રવ્યલિંગ છે.

ભાવલિંગ = સાધુપણાની સ્પર્શનાથી માંડી યાવત્ વીતરાગતા.

૫૭૨. यत्र तु वस्तुनि ममता तापस्तत्र तत्रेव । (उपदेश सार)
**અર્થ** – જ્યાં જે વસ્તુમાં મમતા ત્યાં ચિત્તનો સંતાપ હોય જ.

(મમતા જ શોક સંતાપનું મૂળ છે.)

૫૭૩. प्रतिक्रमणमपि दिनलग्नपापहं स्यात् । (उपदेश सार)
**અર્થ** – પ્રતિક્રમણ પણ દિવસમાં લાગેલાં પાપોનો નાશ કરનારૂં થાય છે.

५७४. जिनप्रतिमा दर्शनादेवानेके भव्यजीवाः प्रतिबुद्धाः, श्री शय्यंभवसूरिवत्, आर्द्रकुमारवत्, श्रेष्ठिपुत्र कमलवत्।

(उपदेश सार)

**અર્થ** – જિનપ્રતિમાના દર્શનથી જ અનેક ભવ્ય જીવો પ્રતિબોધ પામ્યા છે. શય્યંભવસૂરિ, આર્દ્રકુમાર, શ્રેષ્ઠિપુત્ર કમળની જેમ.

५७५. प्राणान्तेऽपि न भङ्क्तव्यं गुरुसाक्षिकृतं व्रतं।

(उपदेश सार)

**અર્થ** – ગુરુની સાક્ષીએ લીધેલું વ્રત પ્રાણાન્તે પણ ભાંગવું ન જોઈએ. (પ્રાણ ભલે જાય, પરંતુ વ્રત ન જવું જોઇએ. વ્રત સાધ્યું તેણે સદ્ગતિને સાધી.)

५७६. पूजालाभप्रसिद्ध्यर्थ' तपस्तप्येत योऽल्पधीः।
शोष एव शरीरस्य, न किञ्चित्तपसः फलं॥

(उपदेश सार)

**અર્થ** – જે અલ્પબુદ્ધિ માનવ પૂજા, લાભ અને પ્રસિદ્ધિ માટે તપ તપે છે તે માત્ર શરીરનું શોષણ જ છે, તેને તપનું ફળ કંઇજ નથી મળતું. (નિષ્કામ તપથી જ સકામ નિર્જરા થાય છે.)

५७७. लेखयन्ति नरा धन्या ये जैनागम पुस्तकान्।
ते सर्ववाङ्मयं ज्ञात्वा, सिद्धिं यान्ति न संशयः॥

(उपदेश सार)

**અર્થ** – જે ધન્ય પુરુષો જિનાગમનાં પુસ્તકો લખાવે છે તે સકલ શાસ્ત્રો જાણીને મોક્ષમાં જાય છે તેમાં જરાયે સંશય નથી. (શ્રુત એ શાસનનો આધાર છે. સકલ સંઘની આરાધનાનો આધાર શ્રુતજ્ઞાનનાં પુસ્તકો-પ્રતો છે. માટે દાનવીરોએ આજના

કાળે જિર્ણ થઇ ગયેલી પ્રતોને પુનઃ છપાવીને કે લખાવીને પ્રસિદ્ધ કરવી જોઇએ.

૫૭૮. गुरुआणाए मुक्खो, गुरुप्पसाया उ अट्ठ सिद्धिओ ।
गुरुभत्तीए विज्जासाफल्लं होइ णियमेण ।।

(गुरुतत्त्व विनिश्चय)

**અર્થ** – ગુરુની આજ્ઞાના પાલનથી મોક્ષ થાય છે, ગુરુના પ્રસાદથી અષ્ટસિદ્ધિ પ્રાપ્ત થાય છે અને ગુરુભક્તિથી વિદ્યામાં સફળતા અવશ્ય મળે છે.

૫૭૯. भावारोग्य कारित्वात्परमो वैद्यो गुरुः । (गुरु. त. वि.)

**અર્થ** – ભાવ આરોગ્યને (કર્મરહિત અવસ્થા) આપનારા હોવાથી શ્રેષ્ઠ વૈદ્ય ગુરુ મહારાજ છે.

૫૮૦. ज्ञानगर्भं तु वैराग्यं गुरुपरतन्त्राणां भवेत् । (गुरु त. वि.)

**અર્થ** – જ્ઞાનગર્ભિત વૈરાગ્ય તો ગુરુ આજ્ઞાને પરતંત્ર હોય તેઓને જ થાય.

૫૮૧. अचिंत्य सामर्थ्यो गुरुरेव । (गुरु. त. वि.)

**અર્થ** – અચિંત્ય સામર્થ્યવાળું ગુરુતત્ત્વ જ છે.

૫૮૨. व्यवहार निश्चयमयं जैनेन्द्रं शासनं जयति ।

(गु. त. वि.)

**અર્થ** – વ્યવહાર અને નિશ્ચયમય જૈન શાસન જય પામે છે.

૫૮૩. व्यवहारस्य क्रियालक्षणत्त्वात् । (गु. त. वि.)

**અર્થ** – વ્યવહાર એ ક્રિયા સ્વરૂપ છે. (વ્યવહારનું સ્વરૂપ જ ક્રિયા છે.)

५८४. संसारविरक्तस्यैव आज्ञाभङ्गे महद् भयं भवति ।

**અર્થ** – સંસારથી જેનું ચિત્ત વિરક્ત થયુ છે તેને જ જિનાજ્ઞાભંગમાં મહાન ભવ ભય ઉત્પન્ન થાય છે.

५८५. विराधित संयमानां भवनपत्याद्युत्पादस्योक्तत्वात् ।

(गु. त. वि.)

**અર્થ** – જેઓએ સંયમ લઇને સંયમની વિરાધના કરી છે એવા આત્માઓ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી વગેરેમાં ઉત્પન્ન થાય છે.

५८६. असंख्येयानि संयमस्थानानि कषाय निमित्तानि भवन्ति ।

(गु. त. वि.)

**અર્થ** – કષાયના નિમિત્તે (જ) અસંખ્યેય સંયમ સ્થાનો થાય છે. (હોય છે) તેમાં કારણ કષાયોની તરતમતા છે. અકષાયીને એક જ સંયમસ્થાન હોય.

५८७. संसारुद्धारकरो, जो भव्वजणाणं सुद्ध वयणेणं ।
णिस्संकिय गुरूभावो, सो पुज्जो तिहुअणस्स वि ॥

(१५८ श्लोक गु. त. वि.)

**અર્થ** – શુદ્ધ જિનવચન વડે કરીને જે ભવ્ય જીવોનો ભવસાગરથી ઉદ્ધાર કરનારો છે ત્યાં (તેવા ગુરુમાં) નિઃશંક ગુરુપણું હોય અને તે ત્રિભુવનને પણ પૂજ્ય છે.

५८८. गुणरहितमप्यात्मानं यो गुणवन्तं ख्यापयति, न तस्मादपरः प्रच्छन्न पापोऽस्ति ।

(हारिभद्रिय-ध्यानशतक)

**અર્થ** – ગુણરહિત એવા પણ પોતાના આત્માને (જાતને) જે

ગુણવાન તરીકે જાહેર કર છે (ઓળખાવે છે) તેનાથી બીજો કોઇ પ્રચ્છન્ન પાપી નથી.

(પોતે તપસ્વી, જ્ઞાની, બ્રહ્મચારી, ત્યાગી ન હોય અને પોતાને તપસ્વી, જ્ઞાની, બ્રહ્મચારી, ત્યાગી તરીકે ઓળખાવે તો તે મહાપાપી છે. (મહાદંભી છે.)

**૫૮૯. भगवत्पदोपास्तिरेव समस्त सुख स्तोमस्य हेतुः ।**

**(उपदेश सप्ततिका)**

**અર્થ** – (જિનભક્તિ એ ભવસાગર તરવાની સર્વશ્રેષ્ઠ નૌકા છે.) જિને. ના ચરણ કમળની ઉપાસના સમસ્ત સુખનો હેતુ છે.

**૫૯૦. विरक्तचित्तः सत्त्वः सदा सुखी, तदन्यस्तु महादुःखी ।**

**(उपदेश सप्ततिका)**

**અર્થ** – વિષયથી વિરક્ત પ્રાણી સદા સુખી, બીજો વિષયાસક્ત પ્રાણી તે મહા દુઃખી.

(આજ સુખ-દુઃખનું સાચું સ્વરૂપ છે. માટે સુખની ઇચ્છાવાળા મનુષ્યે વૈરાગ્યમાર્ગમાં રતિ કરવી.)

**૫૯૧. ये धर्मस्य मार्गं प्रकटं निर्व्याजलया निवेदयन्ति ते संसारस्य पारं लभन्ते । (उपदेश सप्ततिका)**

**અર્થ** – જે મનુષ્યો (સાધુઓ) ધર્મનો સાચો માર્ગ માયા વિના (કોઈ પણ જાતના બદલાની આશા વગર) સ્પષ્ટ પ્રગટ કરે છે તે સંસારનો પાર પામે છે.

(ધર્મનું જેવું સત્ય સ્વરૂપ છે તેવું જ પ્રગટ કરવું તેના જેવું જગતમાં બીજું પુણ્ય નથી અને ધર્મના સત્ય સ્વરૂપને છૂપાવીને ધર્મની વિકૃત રજુઆત કરવી તેના જેવું બીજું પાપ નથી.)

આ ૨૦૩૦ની દિવાળીથી શરૂ થનારી રાષ્ટ્રીય સ્તર ઉપરની ૨૫૦૦મી મહાવીર નિર્વાણની ઉજવણીમાં જૈન ધર્મની વિકૃત રજુઆત થવાની પૂર્ણ સંભાવના હોવાથી આ ઉજવણી પુણ્ય માટે ન બનતાં પાપ માટે બનવાની છે.

ધર્મને પોતાના અસલી સ્વરૂપમાં રહેવા દેવામાં જ વિશ્વના માનવીઓનું કલ્યાણ છે. ખાદ્ય કે પેય વસ્તુઓમાં કદાચ ભેળસેળ થઈ તો ઝાઝું નકશાન નથી, પરંતુ આલોક અને પરલોકમાં પરમ હિતકારી એવા ધર્મમાં જો ભેળસેળ થશે તો વિશ્વ વિનાશની ઊંડી ખીણમાં પટકાઈ પડશે અને સદ્ગતિ દુર્લભ બની જશે અને લોકા દુરાચારી, દુર્વ્યસની અને હિંસક બની જશે તો વિશ્વમાં રહી સહી પણ સુખશાંતિનું સત્યાનાશ વળી જશે. માટે વિવેકી પુરૂષોએ ધર્મમાં વિકૃતિઓ પ્રવેશ ન પામી જાય તેના માટે આજે મરણીયો પ્રયાસ કરવાની આવશ્યકતા છે.

ધર્મના સિદ્ધાંતો સનાતન છે અને તેના ઉપર રચાયેલ આચારમાર્ગ પણ સનાતન છે. માટે ધર્મપ્રેમી જનતાએ જાગ્રત બનીને ધર્મદ્રોહીઓ સામે આજે ઝઝુમવાની જરૂર છે.

**૫૯૨. शुभमनोरथैरपि संसृतिपारः प्राप्यते । (उपदेश सप्ततिका)**

**અર્થ** – શુભ મનોરથોથી પણ સંસારનો પાર પમાય છે. (શુભ મનોરથો મોક્ષનું મૂળ છે.) શ્રાવકના મનોરથો કેવા હોય તે યોગશાસ્ત્રના ત્રીજા પ્રકાશમાં પૂજ્યપાદ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે ફરમાવ્યું છે.

**૫૯૩. गुरुपास्तिमंतरेण जीवस्य तत्त्वमार्गोपलम्भो दुर्लभ एव । (उपदेश सप्ततिका)**

**અર્થ** – ગુરુ ઉપાસના વિના જીવને તત્ત્વમાર્ગની પ્રાપ્તિ દુર્લભ જ છે.

**૫૯૪. तवसुत्त विणय पूया ण संकिलिट्ठस्स होंति ताणंति ।**
**(उपदेश पद)**

**અર્થ** – અત્યંત કષાયવાળાને તપ, શ્રુત, વિનય, પૂજા શરણભૂત થતાં નથી. અર્થાત્ તેને તારી શકવા સમર્થ બની શકતાં નથી.

દા. ત. પાણી છે આમ શીતળ, પરંતુ તેના નીચે અગ્નિ સળગતો રાખ્યો હોય તો તે પાણી તરસ છીપાવનારૂં બનતું નથી. એમ ચિત્તમાં કષાયનો તીવ્ર અગ્નિ સળગતો રાખીને કરેલો તપ, શ્રુત, વિનય, પૂજા વગેરે ભવતાપને શમાવનારાં બનતાં નથી. (કષાયની આગને સાથે રાખીને ધર્મનો પંથ નહિ કાપી શકાય.) કારણ કે ધર્મની ઉત્પત્તિ જ ઉપશમમાંથી થાય છે.)

**૫૯૫. केवलज्ञान लाभावंध्य बीजयोः सूत्रार्थमेव ।**
**(उपदेश पद)**

**અર્થ** – કેવલજ્ઞાનના લાભનું અવન્ધ્ય (અસાધારણ) બીજ હોય તો સૂત્રાર્થ જ છે.

**૫૯૬. प्राणभङ्गादपि दारुणफलो व्रतभङ्गः । (उपदेश पद)**

**અર્થ** – પ્રાણના નાશથી પણ અધિક ભયંકર ફળને આપનાર હોય તો વ્રતભંગ છે.

(વ્રતનો ભંગ સુખ અને સદ્ગતિનો કટ્ટો શત્રુ છે.)

**૫૯૭. मार्गगामी-निर्वाण पथानुकूल प्रवृत्तिः स व्रत परिणामवान् जीवः ।** **(उपदेश पद)**

**અર્થ** – નિર્વાણ માર્ગને અનુકૂળ પ્રવૃત્તિવાળો જીવ જ વ્રતના પરિણામવાળો છે.

**૫૯૮. लोक व्यापार रहिता एव साधवो वर्त्तन्ते ।**

**(उपदेश पद)**

**અર્થ** – લોક વ્યાપાર (પ્રવૃત્તિ)થી રહિત જ સાધુઓ હોય છે. (પ્રાકૃત સંસારિક લોક જેવી આરંભ અને પરિગ્રહમય, રાગદ્વેષમય, સુસાધુઓની પ્રવૃત્તિ ન હોય.)

**૫૯૯. शुद्ध पुत्रकलत्रादिलाभवतः पुरुषस्य सर्वक्रियासु तदधीनस्य स्वप्नेऽप्यनाचारसेवनं न संभवति ।**

**(उपदेश पद)**

**અર્થ** – દા. ત. સ્ત્રી જો પોતાના પતિને સંપૂર્ણ આધીન હોય તો તે કદાપી પરપુરુષનો વિચાર સુદ્ધાં પણ નહિ કરવાની. ગુરુને આધીન જે શિષ્ય તે કદાપી સંયમ વિરુદ્ધ આચરણ નહિ કરવાનો.

આજના વિજ્ઞાનયુગમાં સિનેમા, સહશિક્ષણ, સહચાર, અશ્લિલ સાહિત્ય, ચિત્રો, ટેલીવિજન, રેડિયો, કલબો, હોટલો, અમર્યાદ વેશભૂષા વગેરેના કારણે મનુષ્યમાંથી સદાચાર છેટો ભાગ્યો. તેના પરિણામે શુદ્ધ સંતતી લાભ, સ્ત્રી લાભ, સંપત્તિ લાભ, સત્તા લાભ વિશુદ્ધ ન રહ્યા. તેથી મનુષ્યનું જીવન અનાચારના અખાડા જેવું બની ગયું છે. પ્રજા વર્ણશંકર પાકતી જાય છે. તેથી એવી વર્ણશંકર પ્રજામાંવિનય, વિવેક, વૈરાગ્ય, દયા, સત્ય, નીતિમત્તા, ન્યાયપ્રિયતા, પરોપકાર જેવા સદ્‌ગુણોનાં દર્શન ક્યાંથી થાય ? બીજ જ સડેલું હોય તો સારા અનાજની કે ફલની શી આશા રાખી શકાય ?

६००. **इह लोके एषा कुठारी जिह्वा वर्त्तते ।**

**અર્થ** – આ લોકમાં આ એક જીભ એવા પ્રકારની કુહાડી છે કે જો તેનો બરાબર સાવધાન થઇ ઉપયોગ ન કર્યો તો ધર્મરૂપી વૃક્ષને જ છેદીને જમીન ભેગું કરી નાંખે છે, અને તેનો ખૂબ જ સાવધાન થઇને ઉપયોગ કર્યો તો અધર્મરૂપી વૃક્ષને છેદી નાંખે છે.

६०१. **बलवानप्यशक्तौऽसौ, धनवानपि निर्धनः । श्रुतवानपि मूर्खश्च, यो धर्मविमुखो नरः ॥ (आचार प्रदीप)**

**અર્થ** – જે મનુષ્ય ધર્મવિમુખ છે તે બળવાન હોવા છતાં પણ નિર્બળ છે, ધનવાન હોવા છતાં નિર્ધન છે, જ્ઞાનવાળો હોવા છતાં મૂર્ખ છે.

६०२. **आचारः कुलमाख्याति, वपुराख्याति भोजनम् ।**
**सम्भ्रमः स्नेहमाख्याति, देशमाख्याति भाषितम् ॥**
**(आचारप्रदीप)**

**અર્થ** – મનુષ્યનો આચાર મનુષ્ય કુળને જણાવે છે, મનુષ્યનું શરીર મનુષ્યના ભોજનની ચાડી ખાય છે. સંભ્રમ સ્નેહને અને ભાષા દેશને બતાવે છે.

६०३. **भारक्खमेऽवि पुत्ते, जो निअभारं ठवित्तु निच्चिंतो ।**
**सम्मं धम्मं न कुणइ, तम्हा मूढो हि को अन्नो ॥**
**(आचारप्रदीप)**

**અર્થ** – ઘરનો ભાર (જવાબદારી) ઉપાડવા સમર્થ પુત્ર હોવા છતાં જે મમતાના કારણે પોતાનો ભાર પુત્રના માથે નાંખી જે નિશ્ચિંત થઇને સમ્યગ્ ધર્મનું પાલન કરતો નથી તેના જેવો મૂઢ મનુષ્ય બીજો કોણ છે ? અર્થાત્ કોઈ નથી.

૬૦૪. सामर्थ्ये सति योऽन्यार्थं न साधयति, न साधयति दुर्मतिः ।
अरण्य पुष्प कूपादिकल्पं तस्य धनादिकम् ।

(आचार प्रदीप)

**અર્થ** – શક્તિ હોવા છતાં જે બીજાનું કાર્ય કરતો નથી તે દુર્મતિવાળાનું ધન, બળ વગેરે જંગલમાં રહેલા પુષ્પો અને કુવાઓ જેવું નિરર્થક છે.

૬૦૫. तपश्च भवद्वयेऽपिसर्वार्थ साधकं । (आचार प्रदीप)

**અર્થ** – આલોક અને પરલોકમાંયે સર્વસિદ્ધિનો સાધક તપ છે.

૬૦૬. कर्म निर्जरार्थमेव तपस्तपनीयं । (आचार प्रदीप)

**અર્થ** – કર્મક્ષય માટે જ તપ તપવો જોઇએ.

૬૦૭. जिनमते यद्यपि यावन्तः सुकृतप्रकारास्तावंतः सर्वेऽपि मुक्तिहेतवः परं शुभध्यानानुगता एव न त्वन्यथा ।

(आचारप्रदीप)

**અર્થ** – જો કે જિનમતમાં જેટલા સુકૃતના પ્રકારો છે તે સઘળાયે મોક્ષના હેતુઓ છે, પરંતુ તે બધા સુકૃતના પ્રકારો મોક્ષલક્ષી શુભ ધ્યાનથી યુક્ત હોય તો જ મોક્ષના હેતુઓ બને છે, નહિતર નહિ.

૬૦૮. अहो ध्यानस्य माहात्म्यं येनैकापि हि कामिनी ।
अनुरागविरागाभ्यां, भवाय च शिवाय च ॥

(आचार प्रदीप)

**અર્થ** – અહો ! ધ્યાનનું મહાત્મ્ય (મહિમા) કેવું છે કે એક જ સ્ત્રી રાગ કરવાથી સંસાર માટે બને છે અને વિરાગ કરવાથી મોક્ષ માટે બને છે.

६०९. निश्चयवृत्या चित्तानुरुप फलत्वात्सर्व व्यापाराणाम् ।
(योगबिंदु)

**અર્થ** – નિશ્ચયનયની દષ્ટિથી ભાવના પ્રમાણે સર્વ પ્રવૃત્તિઓનું ફળ મળે છે.

યાદૃશી ભાવના તાદૃશી સિદ્ધિર્ભવતિ ।

'જેવી ભાવના તેવી સિદ્ધિ.'

६१०. रुचिर्जिनोक्ततत्त्वेषु सम्यक्श्रद्धानमुच्यते । (योगशास्त्र)

**અર્થ** – જિનોક્ત તત્ત્વોની રુચિ તેને સમ્યગ્ શ્રદ્ધા કહે છે. (સમ્યક્ત્વ કહે છે.)

६११. सर्वसावद्ययोगानां त्यागश्चारिंत्रमिष्यते । (योगशास्त्र)

**અર્થ** – સર્વ પાપ યોગોનો ત્યાગ તેને ચારિત્ર કહેવાય છે.

६१२. दमो देवगुरूपास्ति दानमध्ययनं तपः ।
सर्वमप्येतदफलं हिंसां चेन्न परिज्यतेत् ।। (योगशास्त्र)

**અર્થ** – હિંસા જો ન ત્યજે તો દમ, દેવસેવા, ગુરુસેવા, દાન, શાસ્ત્રોનું અધ્યયન, તપ, બધું જ અફળ (નિષ્ફળ) જાય છે.

६१३. असत्य वचनं प्राज्ञः प्रमादेनापि नो वदेत् । (योगशास्त्र)

**અર્થ** – બુદ્ધિશાળી મનુષ્યે પ્રમાદથી પણ અસત્ય વચન બોલવું ન જોઇએ.

६१४. ज्ञानचारित्रयोर्मूलं सत्यमेव वदन्ति ये ।
धात्रि पवित्रीक्रियते तेषां चरणरेणुभिः ।। (योगशास्त्र)

**અર્થ** – જ્ઞાન અને ચારિત્રના મૂળ સમું સત્ય જ જે મનુષ્યો બોલે છે તે મનુષ્યોની ચરણરજથી આ પૃથ્વી પાવન કરાય છે. (થાય છે)

६१५. रम्यमापातमात्रे यत् परिणामेऽतिदारुणम् ।
किंपाकफलसंकाशं तत्कः सेवेत मैथुनम् ॥ (योगशास्त्र)
**અર્થ** – જે શરૂમાં જ માત્ર રમ્ય (રમણીય) અને પરિણામે અતિ ભયંકર કિંપાકવૃક્ષના ફળ જેવું મૈથુન કોણ સેવે ?

६१६. प्राणसन्देहजननं परमं वैर कारणम् ।
लोकधयविरुद्धं च परस्त्रीगमनं त्यचेत् ॥ (योगशास्त्र)
**અર્થ** – પ્રાણના સંદેહને ઉત્પન્ન કરનાર, પરમ વૈરનું કારણ અને ઉભયલોક વિરુદ્ધ એવા પરસ્ત્રીગમનનો ત્યાગ કરવો જોઇએ.

६१७. प्राणभूतं चरित्रस्य परब्रह्मैककारणम् ।
समाचरन ब्रह्मचर्यं पूजितैरपि पूज्यते ॥ (योगशास्त्र)
**અર્થ** – બ્રહ્મચર્યનું પાલન કરતો મનુષ્ય પૂજિતોથી પણ પૂજાય છે.

६१८. असन्तोष म विश्वासमारम्भं दुःखकारणम् ।
मत्वा मूर्च्छाफळं कुर्यात् परिग्रह नियन्त्रम् ॥ (योगशास्त्र)
**અર્થ** – અસંતોષ, અવિશ્વાસ, આરંભ અને દુઃખનું કારણ તથા મૂર્ચ્છાને પેદા કરનાર જાણીને પરિગ્રહનું પરિમાણ કરવું જોઇએ.

६१९. असन्तोषवतः सौख्यं न शक्रस्य न चक्रिणः । (योगशास्त्र)
**અર્થ** – અસંતોષી એવા ઇન્દ્રને કે ચક્રવર્તીને પણ સુખ નથી. (સંતોષ ત્યાં સુખ, અસંતોષ ત્યાં દુઃખ.)

६२०. वासरे च रजन्यां च यः खादन्नेव तिष्ठति ।
शृङ्ग पुच्छपरिभ्रष्टः, स्पष्टं स पशुरेव हि ॥ (योगशास्त्र)

**અર્થ** – જે દિવસ અને રાતના ખાતો જ રહે છે તે શીંગડા અને પુંછડા વિનાનો સ્પષ્ટ પશુ જ છે.

૬૨૧. **करोति विरतिं धन्यो यः सदा निशि भोजनात् ।**
**सोऽर्द्ध पुरुषायुषस्य स्यादवश्यमुपोषितः ।। (योगशास्त्र)**

**અર્થ** – જે ધન્ય પુરુષ હંમેશ માટે રાત્રીભોજનનો ત્યાગ કરે છે તે પુરુષનું અર્ધું આયુષ્ય અવશ્ય ઉપવાસમાં જાય છે.

૬૨૨. **आत्माज्ञान भवं दुःखमात्मज्ञानेन हन्यति ।**
**तपसाऽप्यात्मविज्ञानहीनैश्छेत्तुं न शक्यते ।। (योगशास्त्र)**

**અર્થ** – આત્માના અજ્ઞાનમાંથી ઉત્પન્ન થયેલું દુઃખ આત્મજ્ઞાનથી નાશ પામે છે. આત્મજ્ઞાનથી રહિત એવા જીવો તપથી પણ તે દુઃખનો નાશ કરવાને શક્તિમાન થઇ શકતા નથી.

(જેની ઉત્પત્તિ જેના કારણે હોય, તે કારણનો નાશ કર્યા સિવાય તે વસ્તુનો નાશ થતો નથી.)

જનકનો નાશ કરવાથી આપોઆપ જન્યનો નાશ થાય છે.

૬૨૩. **अयमात्मैव संसारः कषायेन्द्रिय निर्जितः ।**
**तमेव तद्विजेतारं, मोक्षमाहुर्मनीषिणः ।। (योगशास्त्र)**

**અર્થ** – કષાય અને ઇન્દ્રિયોથી જિતાયેલો આ આત્મા જ સંસાર છે અને કષાય અને ઇન્દ્રિયોને જીતી લેનારો આત્મા મોક્ષ છે, એ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

૬૨૪. **जहा कुक्कुड पोअस्स, निच्चं कुललओ भयं ।**
**एवं खु बभचारिस्स, इत्थी विग्गहओ भयं ।।**
**(दशवैका. ८. अ.)**

**અર્થ** – જેમ કુકડીના બચ્ચાને નિત્ય બિલાડીનો ભય હોય છે તેમ બ્રહ્મચારીને સ્ત્રીના શરીરનો ભય છે.

**૬૨૫. विभूसा इत्थि संसग्गो, पणीअं रसभोअणं ।**
**नरस्सत्त-गवेसिस्स विसं तालउडं जहा ॥**

**(दशवैका. ८. अ.)**

**અર્થ** – આત્મહિતના ગવેષી (ખપી) સાધુઓ માટે વિભૂષા. સ્ત્રીસંસર્ગ અને પ્રણિત રસવાળું ભોજન (લચપચ વિગઇવાળું ભોજન) એ તાલપુટ ઝેર જેવાં છે.

**૬૨૬. मैत्री परेषां हितचिंतनं, यद् भवेत्प्रमोदो गुण पक्षपातः ।**
**कारूण्यमार्ताङ्गिरुजां, जिहीर्षेत्युपेक्षणं दुष्टधियामुपेक्षा ॥**

**(शान्त सुधारस)**

**અર્થ** – પારકાના હિતનું ચિંતન તે મૈત્રી, ગુણનો પક્ષપાત તે પ્રમોદ, દુઃખથી પીડિત જીવોનાં દુઃખ દૂર કરવાની ઈચ્છા તે કારુણ્ય અને દુષ્ટ બુદ્ધિવાળા જીવોની ઉપેક્ષા કરવી તે માધ્યસ્થ ભાવના છે.

**૬૨૭. मूलनयौ द्रव्यार्थिकपर्यायार्थिकौ, द्रव्यार्थिकस्त्रीधा, नैगमसङ्ग्रहव्यवहारभेदात् । (श्री प्रमाणनयतत्त्वरहस्यम्)**

**અર્થ** – મૂલ નયો બેઃ-દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. તેમાં દ્રવ્યાર્થિક નયના ત્રણ પ્રકાર-નૈગમ, સંગ્રહ અને વ્યવહાર.

**૬૨૮. पर्यायार्थिकश्चतुर्द्धा ऋजुसूत्रशब्दसमभिरूढैवम्भूत भेदात् ।**

**(श्री प्रमाणनयतत्त्वरहस्यम्)**

**અર્થ** – પર્યાયાર્થિક નયના ચાર પ્રકાર-ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત.

(જૈનશાસનમાં સુપ્રસિદ્ધ સાત નયો છે:-નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત. આ સાતે નયો પરસ્પર સાપેક્ષ રહીને પોતપોતાના મંતવ્યની સ્પષ્ટ અને સત્ય રજૂઆત કરનારા છે. તેથી જ તે સાતે નયો જૈન શાસનની સુંદર સેવા બજાવી રહ્યા છે.)

૬૨૧. **यतिद्वेषो बोधिबीजदाही ।। (ह. अष्टक)**

**અર્થ** – સાધુ પ્રત્યેનો દ્વેષભાવ બોધિબીજને બાળી નાંખે છે.

## શ્રુતધરોના શ્રુતને વંદન

પંચમ ગણધર સુધર્માસ્વામીના મુખરૂપી ગંગોત્રીમાં વહેલી શ્રુતગંગા બાર અંગમાં વહેંચાયેલી છે. તેમાંના અગિયાર અંગ તે વખતની લોકભાષા એવી પ્રાકૃતભાષામાં અને બારમુ અંગ સંસ્કૃત ભાષામાં રચાયેલ છે. દૃષ્ટિવાદ નામનું બારમાં અંગમાં પ્રચલિત એવા ચૌદ પૂર્વો આવેલા છે.

શ્રમણ ભગવંત મહાવીરના મુખે અર્થ દ્વારા કહેવાયેલું અને સુધર્માસ્વામી વડે સૂત્ર દ્વારા ગૂંથાયેલું શ્રુતજ્ઞાન ચરમ કેવળી જંબુસ્વામી પ્રભવસ્વામી-શય્યંભવસૂરિ આદિ સુવિહિત સૂરિપુરંદરોની પરંપરા દ્વારા આજ સુધી વહેતું રહ્યું છે.

ગણધર રચિત દ્વાદશાંગીનું બારમું અંગ એટલે દૃષ્ટિવાદ અને તેના ૫ વિભાગ પૈકી ૪થો વિભાગ એટલે જ ૧૪ પૂર્વ.

એક કદાવર હાથી જેટલી કોરી શાહીમાં પાણી નાંખી, જેટલું કરી શકાય, તેટલું ૧ પૂર્વના લખાણનું પ્રમાણ છે. પછી પછીના પૂર્વો બમણા-બમણા હાથી પ્રમાણ શાહીથી લખાય તેટલા હોય છે. અર્થાત્ ૧-૪-૮ આ રીતે ૧૪ વાર બમણું-બમણું કરતા ૧૪ પૂર્વનું સંપૂર્ણ લખાણ

૧૬,૩૯૩ હાથી પ્રમાણ કોરી શાહીથી લખી શકાય તેટલું હોય છે.

૧૪ રાજલોક ૩ વિભાગમાં વહેંચાયેલો છે. ઊર્ધ્વલોક-તિર્ચ્છાલોક તથા અધોલોક. મુખ્યતાએ અધોલોકમાં નારકીના જીવો, તિર્ચ્છાલોકમાં મનુષ્ય અને તિર્યંચ ગતિના જીવો તથા ઊર્ધ્વલોકમાં દેવગતિના જીવો રહેલા છે. ૧૪ રાજલોકના મસ્તક ઉપર સિદ્ધના જીવો રહેલા છે. ચારે ગતિના ત્રસજીવો ૧ રાજલોક પ્રમાણ પહોળી અને ૧૪ રાજલોક પ્રમાણ ઊંચી ત્રસનાડીમાં રહેલા છે.

૧ રાજલોક = અસંખ્યાતા યોજન

આવા ૧૪ રાજલોકના એક એક પ્રદેશ ઉપર આપણે અનંતીવાર જન્મમરણ કર્યા છે.

## જૈન શાસનના શ્રુતવારસાનો સંક્ષિપ્ત ઇતિહાસ

પરમાત્માની ત્રિપદી સાંભળી અંતર્મુહુર્તમાં દ્વાદશાંગી રચનાર **ગૌતમસ્વામી આદિ ગણધર ભગવંતો**.

૧-૧ પયન્ના સૂત્ર મુજબ ૧૪૦૦૦ પયન્ના સૂત્રોની રચના કરનારા **પરમાત્માના ૧૪૦૦૦ શિષ્યો.**

જે ગ્રંથ ન ભણે તો શ્રાવકોને અતિચાર લાગે તેવા ઉપદેશમાળા ગ્રંથકર્તા, પરમાત્માના હાથે દીક્ષિત થનાર **શ્રી ધર્મદાસગણિ.**

સ્વપુત્ર મનકમુનિ માટે, ૧૪ પૂર્વમાંથી ઉદ્ધાર કરી પાંચમા આરાના અંત સુધી રહેનાર દશવૈકાલિક સૂત્રની રચના કરનાર **શ્રી શય્યંભવસ્વામી.**

સૂત્ર-અર્થથી સંપૂર્ણ ૧૪ પૂર્વના અંતિમ જ્ઞાતા, નિર્યુક્તિ ગ્રંથો તથા છેદગ્રંથોના રચયિતા અને જીવોના ક્ષયોપશમનો અભાવ જાણી અર્થથી અંતિમ ૪ પૂર્વના જ્ઞાનને ન આપનાર **શ્રી ભદ્રબાહુસ્વામીજી.**

કર્મસિદ્ધાંત માટે આકર ગ્રંથ કહેવાય તેવા પંચસંગ્રહ ગ્રંથના કર્તા **ચંદ્રર્ષિ મહત્તર.**

સૌ પ્રથમવાર શ્રુતજ્ઞાનને પુસ્તકારૂઢ કરનાર, વલ્લભીવાચનામાં મુખ્ય આચાર્ય તરીકે બિરાજમાન **શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ.**

વિશેષાવશ્યકભાષ્ય, બૃહત્સંગ્રહણી, ધ્યાનશતક, જીતકલ્પ આદિ અનેક ગ્રંથોના રચયિતા મહાભાષ્યકાર, આગમપ્રધાન **આચાર્યશ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ.**

જન્મથી જ દિક્ષા માટે રુદન કરવાથી કંટાળીને માએ ધનગિરિ મુનિને વ્હોરાવેલ બાળ વજ્રે ઘોડિયામાં રમતાં રમતાં સાધ્વીજી ભગવંતના મુખથી ૧૧ અંગને કંઠસ્થ કર્યા. માના મોહમાં ન મૂંઝાઇ સંઘની આશાતનાથી બચવા રાજદરબારમાં આચાર્ય ભગવંતના હાથે રજોહરણ લઇ નાચનારા અને મહાત્માઓની ગેરહાજરીમાં તેમની ઉપધી ગોઠવી વાચના આપનારા બાળ છતાં જ્ઞાની એવા વજ સ્વામી.

૧૪૪૪ ગ્રંથના રચયિતા, પ્રાયઃ સંસ્કૃત ટીકા ગ્રંથોની શરૂઆત કરનારા, ભવવિરહપ્રિય સૂરિદેવ યાકિનીસૂનુ **આ. હરિભદ્રસૂરિ મહારાજા.**

૧૧ અંગ ઉપર વૃત્તિ રચનારા **પૂ.આ. શીલાંકાચાર્ય.**

ઉપમિતિ ભવપ્રપંચા કથા જેવા મહાન વૈરાગ્ય ગ્રંથોની રચના કરનારા **શ્રી સિદ્ધર્ષિગણિ.**

## આર્યરક્ષિતસૂરિજી

નગરમાં પ્રવેશ છે ચૌદ વિદ્યાના પારગામી બ્રાહ્મણ પુત્ર આર્યરક્ષિતનો ! પ્રજાની આંખ જુવે છે આર્યરક્ષિતને, પણ તેની આંખો તો શોધે છે, પોતાની સંસ્કારદાત્રી જ નેતાને. જૈન ધર્મને પામેલી એ 'મા'

નથી આવી દીકરાને વધાવવા કે નથી મનમાં આનંદ એ દુર્ગતિમાં લઇ જનારા જ્ઞાનનો.

૧૨ વર્ષ ભણીને આવેલો એ આર્યરક્ષિત માના આનંદ માટે ઘર છોડી જૈનાચાર્ય તોષલીપુત્ર અને વજ્રસ્વામી પાસે ભાણ્યો. શેરડીના શુભ શુકન દ્વારા સૂચિત સાડા નવ પૂર્વના જ્ઞાતા પૂર્વધર મહર્ષિ થયાં.

ઘડપણમાં સરસ્વતીને સિદ્ધ કરી સાંબેલા ઉપર ફૂલ ઉગાડનાર વાદિદેવસૂરિને સિદ્ધસેન સાથે વાદ થયો. વાદમાં હારેલ સિદ્ધસેન બ્રાહ્મણે દીક્ષા લીધી. ક્રમે આચાર્ય બન્યા. પ્રાકૃતભાષામાં રચાયેલ આગમને સંસ્કૃતમાં ફેરવવાની ઇચ્છાથી કરેલા પ્રયત્ને ગુરૂએ પારાંચિત જેવું મોટું પ્રાયશ્ચિત આપ્યું. ૧૨ વર્ષના અંતે વિક્રમાદિત્ય રાજાને પ્રતિબોધ કરી પ્રાયશ્ચિત પૂર્ણ કર્યું. કલ્યાણમંદિર સ્તોત્ર રચીને અવંતી પાર્શ્વનાથ પરમાત્માને પ્રગટ કર્યા.

- તિલકમંજરી જેવા શ્રેષ્ઠ કાવ્યોની રચના કરનારા સિદ્ધસારસ્વત **ધનપાલ કવિ.**
- ચૈત્યવંદન મહાભાષ્ય, ઉત્તરાધ્યન સૂત્રની પાઇએ ટીકા આદિ ગ્રંથોનો રચના કરનારા વાદિવેતાળ **શ્રી શાંતિસૂરિ મહારાજા.**
- સંવેગરંગશાળા જેવા વૈરાગ્યમય ગ્રંથોના રચયિતા **શ્રી જિનચંદ્રસૂરિ મહારાજા.**
- વાદ જીતી સિંહશિશુ બિરૂદ ધરનારા, સિદ્ધાન્તાર્ણવ આદિ ગ્રંથોના રચયિતા **શ્રી અમરચન્દ્રસૂરિ મહારાજા.**
- અનેક આગમાદિ ગ્રંથો ઉપર સરળ ટીકા રચનારા **શ્રી મલયગિરિજી મ.**

◆ ભવભાવના આદિ ગ્રંથો ઉપરાંત અનેક ગ્રંથોની ટીકાઓ રચનારા **મલધારી શ્રી હેમચંદ્રસૂરિ મ.**

◆ પ્રવચન સારોદ્ધારઆદિ ગ્રંથોની રચના કરનારા **આ. શ્રી નેમિચંદ્રસૂરિ મહારાજા.**

## શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ

સૌધર્મેન્દ્ર વડે પૂછાયેલ અને પરમાત્મા મહાવીરસ્વામીની મુખે પાવન બનેલ હરિણગમૈષી દેવને મનુષ્યભવ પામ્યા પછી મોતના મોઢામાંથી બચાવી, દેવે આચાર્ય ભગવંત પાસે મૂક્યા અને તેજ પુણ્યાત્માએ શ્રુતસાગરનું પાન કરી કાળના પ્રભાવે ઘટતા એવા શ્રુતવારસાની રક્ષા માટે વલ્લભીપુરમાં ૫૦૦ સૂરિવરોને એકત્રિત કરી તે શ્રુતવારસો સૌ પ્રથમ પુસ્તકારૂઢ કર્યો.

◆ મંત્રરાજ રહસ્ય, વર્ધમાનવિદ્યાકલ્પ આદિ ગ્રંથોના રચયિતા **આ. શ્રી સિંહતિલકસૂરિ મહારાજા.**

◆ પ્રવ્રજ્યાવિધાન, મૂલશુદ્ધિ પ્રકરણ આદિ ગ્રંથોના રચયિતા **આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજા.**

જૂગારની લતે ચડેલ સિદ્ધ મોડી રાત્રે ઘરે આવ્યો થાકેલ માએ કહ્યું 'જ્યાં દ્વાર ખુલ્લા હોય ત્યાં જા.' જેના દ્વાર સદા ખુલ્લા છે તેવા ઉપાશ્રયે સિદ્ધ પહોંચ્યો. સંયમ સ્વીકારી શાસ્ત્રાભ્યાસ કર્યો. બાદ બૌદ્ધમતનો અભ્યાસ કર્યો, તે સાચું લાગ્યું તેથી ત્યાં ગયા પછી જૈન મત સાચું લાગતા પુનઃ અહીં આવ્યા આ રીતે ૨૧ વાર ગમન આગમન કર્યું. અંતે લલિતવિસ્તરા વાંચી જૈન મતમાં સ્થિર થયા. આવા સિદ્ધર્ષિગણિએ જીવના ભયંકર ભૂતકાળને બતાવનાર અને ભવિષ્યમાં

સાચા સુખના માર્ગે લઇ જનાર વિશ્વ સાહિત્યના શિરમોર કહી શકાય એવા 'શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા' ગ્રંથની રચના કરી.

- સ્યાદ્વાદમંજરી આદિ ગ્રંથોના કર્તા **શ્રી મલ્લિસેનસૂરિ મહારાજા.**
- શ્રીપાળ ચરિત્ર, ગુણસ્થાનક ક્રમારોહ, ગુરુગુણષટ્ત્રિંશિકા, સંબોધ સિત્તરી આદિ ગ્રંથોના રચયિતા આ. **શ્રી રત્નશેખરસૂરિ મહારાજા.**
- અધ્યાત્મકલ્પદ્રુમ, સંતિકરં, ઉપદેશ રત્નાકર આદિ ગ્રંથોના રચયિતા, સહસ્ત્રાવધાની, સિદ્ધ સારસ્વત કવિ **આ. શ્રી મુનિસુંદરસૂરિ મહારાજા.**

**માષતુષમુનિ**

આ જ્ઞાનની વિરાધનાનું ભવાંતરમાં ફળ એ આવ્યું કે તેઓ 'મા રુષ મા તુષ' જેવા શબ્દો પણ ભૂલી જતાં. છતાં ગુરૂ પ્રત્યેની શ્રદ્ધાપૂર્વક, આયંબિલના તપ સાથે ગોખવાનું ચાલુ રાખ્યું. અંતે કર્મ ખપાવી કેવળી થયા.

**જ્ઞાન માટે કરેલો પ્રયત્ન કદિ વૃથા જતો નથી.**
**જ્ઞાન માટેનો પ્રમાદ કર્મ બંધાવ્યા વિના રહેતો નથી.**

- ધર્મપરીક્ષા આદિ ગ્રંથોના કર્તા **શ્રી જિનમંડન ગણિ.**
- કલ્પસૂત્ર ઉપર સુબોધિકા ટીકા, શાંતસુધારસ, લોકપ્રકાશ, 'સિદ્ધારથનારે નંદન વિનવું...' સ્તવન વગેરે ગ્રંથોની રચના કરનારા **ઉપાધ્યાયશ્રી વિનયવિજયજી મહારાજા.**
- સ્યાદ્વાદમુક્તાવલી આદિ અનેક ગ્રંથોના રચયિતા **શ્રી જસવંતસાગરસૂરિ.**
- ધર્મસંગ્રહ આદિ અનેક ગ્રંથોના કર્તા **શ્રી માનવિજય ઉપાધ્યાય.**

## શ્રુત સ્વરૂપ ઉપમાઓ દ્વારા

૧. **સૂર્ય** : સૂર્ય જેમ અંધકારનો નાશ કરી જગત ઉપર પ્રકાશ ફેલાવે છે, તેમ શ્રુતજ્ઞાન રૂપી સૂર્ય મોહરૂપ અંધકારનો નાશ કરી સમગ્ર પદાર્થોની વાસ્તવિક સમજ આપવારૂપ પ્રકાશને કરે છે. સૂર્ય જેમ ઉષ્મા પેદા કરી જગતમાં તાજગી લાવે છે, તેમ શ્રુતજ્ઞાન શ્રદ્ધા અને સંયમરૂપ ઉષ્મા પેદા કરી, કર્મ કચરાનો નિકાલ કરી, આત્મઘરમાં તાજગી લાવે છે.

૨. **સાગર** : સમુદ્ર જેમ અગાધ જલના ભંડારરૂપ છે, તેમ શ્રુતજ્ઞાન સુંદર પદોની રચનારૂપ પાણીના ભંડાર તુલ્ય છે.

૩. **ચંદ્ર** : ચંદ્રની કળા દિન-પ્રતિદિન વધે છે, તેમ શ્રુતજ્ઞાન આત્માની કળાને વધારે છે.

૪. **દર્પણ** : મુખ ઉપર રહેલો ડાઘ દર્પણ દેખાડે છે, તેમ આત્મા ઉપર પડેલા રાગ-દ્વેષના ડાઘને આગમ રૂપી અરીસો બતાવે છે.

૫. **મોરપીંછ** : મોરપીંછ જેમ બાહ્યરજને દૂર કરે છે, તેમ શ્રુતજ્ઞાન કર્મરજનો નિકાલ કરે છે.

૬. **શંખ** : શંખ ઉપર કોઇ પ્રકારનું અંજન થઇ શકતું નથી, તેમ જ્ઞાનવાન આત્મા ઉપર રાગાદિના અંજન થઇ શકતા નથી.

૭. **સ્તંભ** : આખી ઇમારતનો આધાર થાંભલો છે, તેમ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો આધાર શાસ્ત્રજ્ઞાન છે.

૮. **વજ** : વજરત્ન જેમ શત્રુનો સંહાર કરે છે, તેમ જ્ઞાનરૂપ રત્ન રાગાદિ શત્રુનો વિનાશ કરે છે.

૯. **સિંહ** : સિંહના મુખનું દર્શન થતાં જ ક્ષુદ્ર જંતુઓ ભાગી જાય છે,

પાસે આવતાં નથી, તેમ શાસ્ત્રજ્ઞાનનો એક ટંકારઆત્માના ક્ષુદ્રભાવો ભાગી જાય છે.

## નિહ્નવોનું સ્વરૂપ (સત્યને છુપાવે તે નિહ્નવ કહેવાય)

| નામ | નગર | સંવત્ | માન્યતા |
|---|---|---|---|
| ૧. જમાલી | શ્રાવસ્તી નગરી | પરમાત્માના કેવલજ્ઞાન પછી ૧૪ વર્ષે | 'કડે માણે કડે' મતની ઉત્થાપના પૂર્વક 'કડે' કડે' મતની સ્થાપના કરી. |
| ૨. તિષ્યગુપ્ત | ઋષભપુર નગર | પરમાત્માના કેવલજ્ઞાન પછી ૧૬ વર્ષે | 'આત્માના છેલ્લા પ્રદેશમાં જીવત્વ' માન્યું |
| ૩. અષાઢાચાર્ય | શ્વેતિકા નગરી | વિ.સં. ૨૧૪ | 'સાધુ છે કે દેવ છે ?' એવી શંકા કરનાર |
| ૪. અશ્વમિત્રાચાર્ય | મિથિલાનગરી | વિ.સં. ૨૨૦ | 'ક્ષણિક નાશ'ની માન્યતા |
| ૫. ગંગાચાર્ય | ઉલ્લુકાતીર નગર | વિ.સં. ૨૨૮ | 'એક સમયમાં બે ઉપયોગ' માન્યા. |
| ૬. રોહગુપ્ત | અંતરંજિકા નગર | વિ.સં.૫૮૪ | નોજીવની પ્રરૂપણા કરી |
| ૭. ગોષ્ઠામાહિલ | દશપુરનગર | વિ.સં. ૫૮૪ | 'સર્પ-કાંચળી' જેમ જીવ કર્મનો સંબંધ માન્યો. |
| ૮. શિવભૂતિ | — | વિ.સં. ૬૦૯ | દિગંબર મત સ્થાપનાર. |
| ૯. લુંકામતિ (લોકામત) | — | વિ.સં.૧૫૩૧ | 'જિન પ્રતિમા ઉત્થાપક'. |

## પરમાત્માના નિર્વાણથી ૧૦૦૦ વર્ષ દરમ્યાનમાં શ્રુતરક્ષા માટે થયેલ વાચનાઓ

| ક્યાં ? | ક્યારે ? | કોની નિશ્રામાં ? | વિશેષ |
|---|---|---|---|
| ૧. નેપાળ | વિ.સં.૧૬૦ | આ.ભદ્રબાહુસ્વામીજી મ. | શ્રી દ્વાદશાંગ શ્રુત સંકલન વાચના |
| પાટલીપુત્ર | વિ.સં.૧૬૦ | આ. સ્થૂલિભદ્રસ્વામીજી મ. | |
| ૨. ઉજ્જૈની | વિ.સં.૨૪૫ થી વિ.સં.૨૯૧ | આ. સુહસ્તિ સુ.મ. | સમ્રાટ સંપ્રતિની વિનંતીથી આગમ સંરક્ષણ વાચના |
| ૩. કલિંગ દેશ ઉદય પર્વત | વિ.સં.૩૦૦ થી વિ.સં.૩૦૩ | આ. સુસ્થિત સૂ.મ. આ.સુપ્રતિબદ્ધ સૂ.મ. | સમ્રાટ ખારવેલની વિનંતીથી આગમ વાંચના |
| ૪. દશપુરનગર | વિ.સં. ૫૯૨ | આ.આર્યરક્ષિત સૂ.મ. | ચતુરનુયોગ વિભાગ વાચના |
| ૫. મથુર | વિ.સં. ૮૨૭ થી ૮૪૦ | આ. સ્કન્દિલ સૂ.મ. | આગમ અનુયોગ વાચના |
| ૬. વલ્લભીપુર | વિ.સં.૮૨૭ થી ૮૪૦ | આ.નાગાર્જુન સૂ.મ. | આગમ અનુયોગ વાચના |
| ૭. વલ્લભીપુર | વિ.સં.૯૮૦ | દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ | પુસ્તકારોહણ વાચના |

| શું જાણવું છે ? | | કયો ગ્રંથ વાંચશો ? |
|---|---|---|
| ૧. શ્રાવકપણાના આચારો જાણવા છે ? | : | શ્રાદ્ધવિધિ, ધર્મસંગ્રહ, શ્રાવકધર્મવિધિ પ્રકરણ... |
| ૨. ધાર્મિક સંસ્થાનો વહીવટ કરવો છે ? | : | દ્રવ્યસપ્તતિકા |
| ૩. ૧૪ રાજલોકના જીવોને જાણવા છે ? | : | જીવવિચાર |
| ૪. જૈન શાસનના તત્ત્વો સમજવા છે ? | : | નવતત્ત્વ, તત્ત્વાર્થ |
| ૫. જિનમંદિરમાં વિધિ કેમ કરાય ? તે જાણવું છે ? | : | ચૈત્યવંદન ભાષ્ય |

| | | |
|---|---|---|
| ૬. | ગુરૂ ભગવંત સાથેના વ્યવહારો શીખવા છે ? | : ગુરૂવંદન ભાષ્ય |
| ૭. | જૈન શાસનના કર્મસિદ્ધાંતો જાણવા છે ? | : કર્મગ્રંથ |
| ૮. | સાધકનું જીવન જાણવું છે ? | : યોગશાસ્ત્ર પ્રકાશ ૧-૨-૩ |
| ૯. | મોક્ષમાર્ગની સાધના જાણવી છે ? | : યોગશાસ્ત્ર પ્રકાશ-૪ |
| ૧૦. | ઉત્તમ મહાપુરુષોનાં જીવન જાણવા છે ? | : ત્રિષષ્ટિશાલાકાપુરુષ ચરિત્ર |
| ૧૧. | શ્રાવકના દ્રવ્યથી અને ભાવથી ગુણો જાણવા છે ? | : ધર્મરત્ન પ્રકરણ |
| ૧૨. | ધર્મમાં પ્રવેશ પામવો છે ? | : ધર્મબિંદુ, યોગશાસ્ત્ર |
| ૧૩. | વિવિધ વિષયો અંગેના મહાપુરુષોના શાસ્ત્રીય ઉત્તરો જાણવા છે ? | : હીરપ્રશ્ન, સેનપ્રશ્ન, વિવિધ પ્રશ્નોત્તર |
| ૧૪. | માતા-પિતા, ભાઇ-પતિ-પત્ની-પુત્ર-ધર્મગુરુ સરકારી પુરુષો, મિત્રવર્તુળ વગેરે સાથેનો ઉચિત આચાર જાણવો છે ? | : હિતોપદેશમાળા |
| ૧૫. | સંસારનું વાસ્તવિક સ્વરૂપ જાણવું છે ? | : વૈરાગ્ય શતક, શાંત સુધારસ, ભવભાવના, ઉપમિતિ ભવપ્રપંચા કથા |
| ૧૬. | અધ્યાત્મની પ્રાપ્તિના ઉપાયો જાણવા છે ? | : અધ્યાત્મસાર |
| ૧૭. | મહાપુરુષોનું નામસ્મરણ કરવું છે ? | : ભરહેસર સૂત્ર |
| ૧૮. | ૧૪ રાજલોકના તીર્થોને વંદના કરવી છે ? | : સકલતીર્થ સૂત્ર |
| ૧૯. | જીવનમાં થતા પાપોનું મિચ્છામિ દુક્કડમ્ આપવું છે ? | : અઢાર પાપસ્થાનક સૂત્ર |
| ૨૦. | અરિહંત પરમાત્માના વિશેષે ગુણો જાણવા છે ? | : નમુત્થુણં સૂત્ર, લલિત વિસ્તરા |
| ૨૧. | જંબુદ્વીપનું સ્વરૂપ સમજવું છે ? | : જંબુદ્વીપ સંગ્રહણી |
| ૨૨. | સમ્યગ્દર્શનનું સ્વરૂપ તથા ભેદો જાણવા છે ? | : સમ્યકત્વના ૬૭ બોલની સજ્ઝાય |

| | | |
|---|---|---|
| ૨૩. અરિહંત પરમાત્માનું સ્વરૂપ જાણવું છે ? | : | અરિહંત વંદનાવલી |
| ૨૪. ધર્મમાં પ્રયત્ન કરતા થવું છે ? | : | ઉપદેશમાળા |
| ૨૫. જીવનને સમાધિમય બનાવવું છે ? | : | નમસ્કાર મહામંત્ર |

## આગમ સાથે સંબંધી શબ્દોની સમજણ

**આગમ** : તીર્થંકર કેવળજ્ઞાની સર્વજ્ઞ વીતરાગ પ્રભુની મૌલિકવાણી

**શ્રુત સ્કંધ** : કોઇપણ આગમનો પેટા વિભાગ

**અધ્યયન** : શ્રુતસ્કંધનો પેટા વિભાગ

**ઉદ્દેશ** : અધ્યયનનો પેટા વિભાગ

**સૂત્ર** : ઉદ્દેશનો પેટા વિભાગ

**નિર્યુક્તિ** : આગમો ઉપર ૧૪ પૂર્વધારી સમર્થ શ્રુતધર આચાર્યની પ્રાકૃત ભાષામાં શ્લોક બદ્ધ વ્યાખ્યા કે જેમાં શબ્દના વ્યુત્પત્તિ અર્થની પ્રધાનતા હોય છે.

**ચૂર્ણિ** : આગમોના ગુરુગમથી ચાલ્યા આવતા અર્થોનું સંકલન

**ભાષ્ય** : વૃદ્ધ પુરુષોએ જાળવી રાખેલ આગમિક પરંપરાનું સંકલન ટીકા સમર્થ જ્ઞાની ગીતાર્થ ભગવંતે કરેલ વ્યાખ્યા છેદસૂત્ર અત્યંત ગંભીર અને ગૂઢ અર્થવાળા આગમો.

## – જૈન જયતિ શાસનમ્ –

# સંશોધન લેખોનો સંગ્રહ

।। શ્રી સીમંધર સ્વામિને નમઃ ।।

।। શ્રી વાસુપૂજ્ય સ્વામિને નમઃ ।।

।। શ્રી પદ્મ-જીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-કલાપૂર્ણ-
કલાપ્રભસૂરીશ્વરેભ્યો નમઃ ।।

**સંકલનકાર : શ્રી મણિલાલ મોતીભાઇ પ્રજાપતિ (જેતપુરકર)**

***(સંશોધન લેખોનો સંગ્રહ)***

# આગમોમાં શું છે ?

જૈનાગમ એ અગણિતકાળથી વિકસેલી વીતરાગવાણી છે.

આગમ સાહિત્યપરનાં વિવેચનોમાં પૂ. ટીકાકાર અભયદેવસૂરિજી, પ.પૂ. આગમોદ્ધારક શ્રી સાગરાનંદસૂરિજી અને મુનિ શ્રી પુણ્યવિજયજી જેવા આચાર્ય ભગવંતોએ મહત્ત્વનું પ્રદાન કરેલું છે.

જૈન આગમગ્રંથોને દ્વાદશાંગવાણી પણ કહે છે અને તેને વિષયાનુરૂપ ચાર યોગમાં અર્થાત્ ચાર ભાગોમાં વહેંચવામાં આવેલા છે, જેમાં દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ, ધર્મકતાનુયોગ સમાવેશ આ ગ્રંથોમાં મળે છે. જૈન આગમગ્રંથોના વિષયો ઉપર પ્રાચીન જૈનાચાર્યોએ ખૂબ જ ઊંડી અને સૂક્ષ્મ વિવેચના કરી છે.

આગમોમાં વિશ્વવ્યવસ્થા, લોક-અલોકની સ્થિતિ, ઊર્ધ્વ, અધો અને તિરછાંલોકનું સ્વરૂપ, પદાર્થો, દ્રવ્યો તથા ગુણધર્મો,

આત્મા, સંસાર, ચાર ગતિઓ, કર્મબંધ, મોક્ષ, મોક્ષના ઉપાયો, સાધનામાર્ગ, જીવોની ભિન્નભિન્ન કક્ષાઓ, સ્વર્ગનાં વિમાનોનાં વર્ણન, નરકનાં દુ:ખોનાં વર્ણન, જ્યોતિષ ચક્રસંબંધી, ભૂગોળ, ખગોળ, તર્ક, ન્યાય, સાહિત્યો, સપ્તભંગી અનેકાંતવાદ, મંત્રતંત્ર, જ્યોતિષવિદ્યાઓ, જડી-બુટ્ટીઓ, ઔષધો, ચૂર્ણો વગેરેના ચમત્કાર, પ્રભાવ, મહિમાઓનાં વર્ણનો, વિગેરે ઘણું ઘણું નિરૂપણ થયેલ હું વિશ્વનું કોઇ રહસ્ય, કોઇપણ પ્રકારનાં વર્ણનો કરવાનું બાકી રહેતું નથી. આ છે આગમસંગ્રહ રત્નને પારખવા માટે જેમ ઝવેરીની બુદ્ધિ જોઇએ તેમ આ ધર્મના રહસ્યને યથાર્થ પણે પામવા માટે તેવી સૂક્ષ્મ દૃષ્ટિ હોવી જરૂરી છે. પરમતારક તીર્થંકર દેવોએ તીર્થંકરના ભવથી ત્રીજે ભવે 'સવિજીવ કરું શાસનરસી' એ લોકોત્તર ભાવનાપૂર્વક કરેલી વીશ સ્થાનકતપની આરાધનાના યોગે તીર્થંકર નામકર્મને નિકાચિત બંધ કરી જગતના સર્વજીવોનું કલ્યાણ કરનારું આ મહાન શાસન સ્થાપ્યું છે. એનાથી લેશમાત્ર પણ કોઇનું અહિત થવાની શક્યતા નથી.

લોકાલોક પ્રકાશક કેવલજ્ઞાન દ્વારા જગતના સમસ્ત ભાવોને હાથમાં રહેલા નિર્મળ નીરની જેમ નિહાળનારા ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીર દેવે દેવનિર્મિત સમવસરણમાં બિરાજીને વાણીના પાંત્રીસ ગુણયુક્ત જે દેશના પ્રવાહ વહેવરાવ્યો, બીજ બુદ્ધિ ઘણી લબ્ધિના નિધાન ગણધર ભગવંતોએ બુદ્ધિરૂપી વસ્ત્રમાં એ પ્રવાહને ઝીલીને સૂત્રરૂપે ગૂંથ્યો તેજ આગમ સિદ્ધાંતરૂપે આપણા હાથમાં આવ્યો છે, એવા અણમોલ શ્રુત ખજાનો વર્તમાનકાળના જીવો માટે સદ્ભાગ્ય છે.

## શ્રી જિનપ્રવચનની સેવા અને પ્રભાવના

## હરિગીતછંદ

પ્રભુ મુખ થકી નીકળેલ ગણિકૃત દ્વાદશાંગી વિશાલ એ,
ચિત્ર બહુ અર્થે ભરી ધારેલ પંડિત સાધુએ,
મુક્તિપુરીના દ્વાર જેરી વ્રત ચરણને આપતી,
સર્વ તત્ત્વ પ્રકાશવાને દીપ જેરી દીસતી.
હે જીવ ! પ્રવચન નાથનું જે ધર્મને વિકસાવતું,
વળી પાપને દૂરે કરે ઉન્માર્ગને જ ઉખેડતું,
ટાળે જ ગુણીના દ્વેષને અન્યાયને ઉચ્છેદતું,
મિથ્યામતિ દૂરે કરે વૈરાગ્યને વિસ્તારતું,
હે જીવ ! પ્રતિદિન હાથ જોડી માંગ જે પ્રભુની કને,
મળજો ભવોભવ તાસ સેવા જેહ આપે મુક્તિને...

# જિનાગમ અને જૈન સાહિત્ય

સંકલન : શ્રી મણિલાલ મોતીભાઇ પ્રજાપતિ (જેતપુરકર)

સર્વસંગ્રહગ્રંથ શ્રમણ ભગવાન મહાવીર પરમાત્મા તેમના કેવળજ્ઞાનના સમય દરમિયાન જે ઉપદેશ આપતા હતા તેને તેમના ગણધરો શિષ્યોએ અર્ધમાગધી ભાષામાં આગમ રૂપે તૈયાર કરેલ છે જેનું નામ દ્વાદશાંગી છે. આ આગમ ગ્રંથો નિર્યુક્તિ, ભાષ્ય, તત્વાર્થ સૂત્ર વિ. સંસ્કૃતમાં અગિયાર અંગ સૂત્રો, બાર ઉપાંગસૂત્રો, દશપયન્ના, છ છેદસૂત્રે, ચાર મૂળ સૂત્રે.

શ્રી જિનેશ્વર ભગવંતના મહાકલ્યાણકર શાસનમાં જ્ઞાનના પાંચ પ્રકાર કહેલ છે. ૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃ પર્યવજ્ઞાન અને ૫ કેવલજ્ઞાન. તે પાંચ જ્ઞાનો પૈકી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન ઇંદ્રિયો અને મનની મદદથી થાય છે જ્યારે અવધિ, મનઃ પર્યવ અને કેવલજ્ઞાન ઇંદ્રિયોની મદદ વિના આત્માથી પ્રત્યક્ષ થાય છે. શ્રી નંદિસૂત્ર આદિ જૈનશાસ્ત્રોમાં આ પાંચ જ્ઞાનોનું સવિસ્તરવર્ણન આપવામાં આવેલ છે. વર્તમાનકાળે આ ભરત ક્ષેત્રમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન મુખ્યપણે છે. તેમાં શ્રુતજ્ઞાન મુખ્યપણે બે ભાગમાં વહેંચાયેલું છે. ૧. અંગપ્રવિષ્ટ અને ૨ અંગબાહ્ય.

**૧. અંગપ્રવિષ્ટશ્રુત :** શ્રી તીર્થંકર પરમાત્મા પરમતારક તીર્થની સ્થાપના કરે છે. તે વખતે વિશિષ્ટ પ્રકારની બીજ બુદ્ધિના ધણી ગણધર ભગવંતો किं तत्तं ? (=તત્ત્વ શું ?) એ પ્રમાણે પ્રભુને પૂછે છે. તેના ઉત્તરમાં તીર્થંકર પરમાત્મા उपन्नेइ वा, विगमेइ वा, धुवेइ वा (=દરેક પદાર્થ ઉત્પન્ન થાય છે, વિનાશ પામે છે અને સ્થિર રહે છે,) એ ત્રિપદી આપે છે. એ ત્રિપદીના આધારે બીજબુદ્ધિના ધણી ગણધર ભગવંતો તે જ સમયે દ્વાદશાંગીની રચના કરે છે, તે અંગ પ્રવિષ્ટ શ્રુત કહેવાય છે.

**૨. અંગબાહ્યશ્રુત :** તીર્થ પ્રવર્તન બાદ યથાસમયે ગણધર ભગવંત કે અન્ય સ્થવિર મુનિઓ જે સૂત્રરચના કરે છે તે સર્વ અંગબાહ્યશ્રુત કહેવાય છે.

અંગસૂત્રોમાં આત્મસ્વરૂપની સન્મુખ થવા માટેની યોગ્ય પ્રવૃત્તિઓના પ્રકારોની વિધિ હોય છે. ઉપાંગ સૂત્રોમાં અંગસૂત્રોમાં કહેલ આચારની ભૂમિકાને જીવનમાં પરિપક્વ બનાવી વિકાસ

કરનાર આચારની ભૂમિકાને જીવનમાં પરિપક્વ બનાવી વિકાસ કરનાર મહાપુરુષોની ચર્યાનું વર્ણન હોય છે. અને અન્ય સૂત્રોમાં બાકીની બીજી વાતોનું વર્ણન હોય છે. આ રીતે શ્રી તીર્થંકર પરમાત્માની વાણી જે શાસ્ત્રોમાં વ્યવસ્થિત રીતે ગુંથી લેવામાં આવી છે તે આગમ કહેવાય છે. પૂર્વે અનેક આગમો હતા, પરંતુ વર્તમાનકાળે ૪૫ આગમો છે.

**૧ અગ્યાર અંગસૂત્રો** : શ્રી તીર્થંકર પ્રભુ પાસેથી ત્રિપદી પ્રાપ્ત કરી શ્રી ગણધર ભગવંતો વિશિષ્ટ શ્રુતજ્ઞાનના બળથી દ્વાદશાંગીની રચના કરે છે. તેમાનું ૧૨મું દૃષ્ટિવાદ અંગ હાલ વિચ્છેદ પામેલ હોવાથી વર્તમાનકાળે અગિયાર અંગો વિદ્યમાન છે. તે આ પ્રમાણેઃ ૧ આચારાંગ, ૨ સૂત્રકૃતાંગ, ૩ સ્થાનાંગ, ૪ સમવાયાંગ, ૫ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (ભગવતીસૂત્ર), ૬ જ્ઞાતાધર્મકથાંગ, ૭ ઉપાસકદશાંગ, ૮ અંતકૃદશાંગ, ૯ અનુત્તરૌપપાતિકદશાંગ, ૧૦ પ્રશ્નવ્યાકરણ અને ૧૧ વિપાકશ્રુતાંગ.

તીર્થંકર પરમાત્માની એકાંત હિતકર વાણીને સંગ્રહ કરનાર આ અગ્યાર અંગોમાં અનુક્રમે ૧ આચાર, ૨ સંયમની નિર્મળતા, ૩ હેય-જ્ઞેય-ઉપાદેયનું સ્વરૂપ, ૪ અનેક પદાર્થોની વિવિધ માહિતી, ૫ ગણધર શ્રી ગૌતમસ્વામીએ પૂછેલાં પ્રશ્નો અને શ્રી મહાવીર પ્રભુએ આપેલા ઉત્તરો, ૬ અનેક ચારિત્રો, ૮ કેવલજ્ઞાન પામી તરત જ મોક્ષે જનાર મહામુનિઓનાં ચરિત્રો, ૯ સંયમની આરાધના કરી પાંચ અનુત્તરમાં જનાર મહામુનિઓનાં જીવનચરિત્રો, ૧૦ હિંસા વગેરે પાપના વિપાકો અને ૧૧ કર્મોના શુભાશુભ વિપાકો આદિનાં સવિસ્તર વર્ણનો છે.

**૨ બાર ઉપાંગસૂત્રો :** દ્વાદશાંગીમાં વર્ણવેલ અનેક વિષયોમાંથી અમુક અમુક વિષય ઉપર વિશેષ વિવેચન કરનારાં શાસ્ત્રો તે ઉપાંગ કર છે. તે આ પ્રમાણેઃ- આપ-પાતક ૨ રાજપ્રશ્રીય, ૩ જીવાજીવાભિગમ, ૪ પ્રજ્ઞાપના, ૫ સૂર્યપ્રજ્ઞપ્તિ, ૬ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, ૭ ચંદ્રપ્રજ્ઞપ્તિ, ૮ નિરયાવલિકા, ૯ કલ્પાવતંસિકા, ૧૦ પુષ્પિકા, ૧૧ પુષ્પચૂલિકા અને ૧૨ વૃષ્ણિદશા.

આ બાર ઉપાંગોમાં અનુક્રમે ૧ દેવોની જુદી જુદી યોનિઓમાં ક્યા ક્યા જીવો ઉપજે ? તેની માહિતી, ૨ પ્રદેશી રાજા અને કેશી ગણધરનો સંવાદ તથા સૂર્યાભદેવે ભગવાનની આગળ કરેલ બત્રીસ નાટકોની માહિતી, ૩ જીવ અજીવનું સ્વરૂપ, ૪ જીવ અને પુદ્ગલ સંબંધી નાની-મોટી અનેક હકીકતો, ૭ ચંદ્રસંબંધી વર્ણન, ૮ ચેડા મહારાજા અને કોણિક મહારાજાના યુદ્ધમાં શ્રેણિક મહારાજાના કાલ મહાકાલ વગેરે દશ ભાઇઓના પદ્મ-મહાપદ્મ વગેરે દસ પુત્રો સંયમની આરાધના કરી દશમા દેવલોકે ગયા તેનું વર્ણન, ૧૦ વર્તમાનકાલે વિદ્યમાન સૂર્ય-ચન્દ્ર-શુક્ર વગેરેના પૂર્વભવો તથા બહુપુત્રિકાદેવીની કથા વગેરે, ૧૧ જુદી જુદી દશ દેવીઓના પૂર્વભવોનું વર્ણન અને ૧૨ કૃષ્ણવાસુદેવના મોટાભાઇ બળદેવના નિષધ વગેરે બાર પુત્રોના સંયમની આરાધનાને સમજાવનાર જીવનચરિત્રો આદિ વર્ણન આપવામાં આવેલ છે.

**૩ છ છેદસૂત્રો :** સંયમમાર્ગે પ્રયાણ કરતાં મુનિજીવનમાં થઇ જનાર દોષોની વિશુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત આદિની વ્યવસ્થા દર્શાવનાર સૂત્રો તે છેદસૂત્ર કહેવાય. તે હાલ છ છે. ૧ નિશીથ, ૨ બૃહત્કાલ, ૩ વ્યવહાર, ૪ દશાશ્રુતસ્કંધ (હાલ જે પર્યુષણા

મહાપર્વમાં કલ્પસૂત્ર-બારસાસૂત્ર નિયમિત વંચાય છે તે આ સૂત્રનું આઠમું અધ્યયન છે), ૫ જીતકલ્પ અને ૬ મહાનિશીથ. આ સૂત્રોમાં મુખ્યત્વે સાધુ-જીવનના આચારો, તેમાં લાગતા દોષો, તે દોષોની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત આદિના વિધાનો બતાવી સંયમ જીવનની આરાધનાની નિર્મળતા, પરિણામશુદ્ધિ, આચારશુદ્ધિ અને પ્રાયશ્ચિતશુદ્ધિ આદિનું વર્ણન છે.

**૪. ચાર મૂલસૂત્રો :** શાસનની ઉત્પત્તિ, સ્થિતિ અને રક્ષણના પ્રાણસમા ચારિત્રના પાયાને મજબૂત કરનારા, શ્રુતજ્ઞાનના સાચા અધિકારી બનવાની યોગ્યતાનું ઘડતર કરનાર સંયમી જીવનનાં મૂલ ગ્રંથો આ પ્રમાણે ચાર છે. ૧ આવશ્યકસૂત્ર, ૨ દશ વૈકાલિકસૂત્ર, ૩ ઓઘનિર્યુક્તિપિંડનિર્યુક્તિ અને ૪ ઉત્તરાધ્યયનસૂત્ર. આ સૂત્રોમાં અનુક્રમે ૧ સામાયિક આદિ છ આવશ્યકનું સ્વરૂપ, ૨ સાધુ-સાધ્વીના મૂલભૂત આચારોનું વર્ણન, ૩ દીક્ષા ગ્રહણ કર્યા પછી કેવી રીતે બોલવું-ચાલવું-ગોચરી કરવી વગેરે સંયમ જીવનને ઉપયોગી બાબતો અને ૪ પરમાત્મા શ્રી મહાવીર દેવની અંતિમ દેશના આદિનું સુંદર વર્ણન છે.

**૫. દશ પ્રકીર્ણકો (પયન્ના) :-** ચિત્તના આરાધક ભાવને જાગૃત કરનારા નાના નાના ગ્રંથો તે પ્રકીર્ણક દશ છે. તે આ પ્રમાણે- ૧ ચતુ શરણ, ૨ આતુર પ્રત્યાખ્યાન, ૩ મહાપ્રત્યાખ્યાન, ૪ ભક્તપરિજ્ઞા, ૫ તંદુલવૈચારિક, ૬ સંસ્તારક, ૭ ગચ્છાચાર, ૮ ગણિવિદ્યા, ૯ દેવેન્દ્રસ્તવ અને ૧૦ મરણ સમાધિ. આ દશ પ્રકીર્ણકમાં અનુક્રમે ૧ ચાર શરણ, ૨ સમાધિ મરણની પૂર્વતૈયારીરૂપે આરાધના, ૩ અનશન માટેની તૈયારીની માહિતી, ૪ ચાર આહારના ત્યાગ માટેની ઉચિત મર્યાદા, ૫ જીવની

ગર્ભાવસ્થા પછીની ક્રમિક અવસ્થા વગેરે, ૬ અંતિમ સમયે ચાર આહારનો ત્યાગ કરી સંથારો કેવી રીતે કરવો ? ૭ સાધુઓના આચારની મર્યાદા અને સુવિહિત સમુદાયનું સ્વરૂપ, ૮ આચાર્ય ભગવંતોને જરૂરી એવા જ્યોતિષ-મુહૂર્ત આદિની માહિતી, ૯ તીર્થંકર ભગવંતની ભક્તિ કરી જીવન સફળ બનાવનાર ઇન્દ્રનું વર્ણન અને ૧૦ મરણ સમયે સમાધિ જાળવવાની માહિતી આદિનાં વર્ણનો આપેલ છે.

**૬. બે ચૂલિકાસૂત્રો :-** ૧ નંદીસૂત્ર, ૨ અનુયોગદ્વારસૂત્ર. આ બંને આગમ દરેક આગમોનાં અંગભૂત છે. નંદીસૂત્ર દરેક આગમોની વ્યાખ્યાના આરંભે મંગલરૂપે છે અને અનુયોગદ્વારસૂત્ર આગમોની વ્યવસ્થિત વ્યાખ્યા માટે સવિસ્તર માહિતી આપનાર વ્યાખ્યા ગ્રંથ છે. આ બે સૂત્રોના વ્યવસ્થિત અભ્યાસ વિના જૈન આગોમનું સાચું રહસ્ય જાણી શકાતું નથી.

આ પ્રમાણે વર્તમાન ૪૫ આગમોનો અભ્યાસ કરવાનો અધિકાર તે તે આગમના યોગોદ્વહન કરનાર પૂજ્ય મુનિ ભગવંતોનો છે. પૂજ્ય સાધ્વીજી મહારાજો પણ યોગોદ્વહન કરી આમાંના કેટલાક આગમોનો અભ્યાસ કરી શકે છે. શ્રાવક-શ્રાવિકાઓ ગુરૂમુખેથી સાંભળી તે તે આગમોના અર્થ જાણી શકે છે પણ તેઓને માટે યોગોદ્વહનનું વિધાન ન હોવાથી જાતે અભ્યાસ કરી શકે નહિ.

આ આગમોનાં ૧ મૂળસૂત્રો, ૨ તેની નિર્યુક્તિઓ, ૩ ભાષ્યો, ૪ ચૂર્ણિઓ અને ૫ ટીકાઓ-વૃત્તિઓ-અવચૂરિ એમ દરેકનાં પાંચ અંગો છે. તે પંચાંગી તરીકે સુપ્રસિદ્ધ છે. અને તે દરેક પ્રમાણભૂત ગણાય છે.

# આગમેતર જૈન સાહિત્ય

આગમસાહિત્યના આધારે પૂર્વના જ્ઞાની મહાપુરૂષોએ જીવોનું એકાંત હિત કરવાની ભાવનાથી પ્રેરાઇ સંસ્કૃત પ્રાકૃત આદિ ભાષાઓમાં લાખો-ક્રોડો શ્લોક પ્રમાણ દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરિતાનુયોગ અને ચરણકરણાનુયોગરૂપે અનેક પ્રકારના સાહિત્યની રચના કરી છે.

અભ્યાસની દૃષ્ટિએ વિચારીએ તો (૧) પંચ પ્રતિક્રમણ, જીવવિચાર આદિ ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, અવચૂરિ સાથે પ્રાચીન તથા નવ્ય કર્મગ્રંથો, પંચસંગ્રહ, કર્મપ્રકૃતિ, મહાકર્મપ્રકૃતિ પ્રાભૃત, કષાયપ્રભાત, ગોમ્મટસાર, લબ્ધિસાર, ક્ષપણાસાર, સં. પંચસંગ્રહ, સપ્તતિકા ભાષ્ય વગેરે, ભૂગોળ-ખગોળના જ્ઞાન માટે બૃહત્સંગ્રહણી, ક્ષેત્રસમાસ વગેરે, તત્ત્વજ્ઞાનના અભ્યાસ માટે તત્ત્વાર્થાધિગમસૂત્ર, વિશેષાવશ્યક ભાષ્ય વગેરે તાત્ત્વિક પ્રકરણો. (૨) લઘુહેમપ્રક્રિયા, સિદ્ધહૈમ લઘુવૃત્તિ-મધ્યમવૃત્તિ-બૃહદ્વૃત્તિ-લઘુન્યાસ-બૃહન્યાસ વગેરે જૈન વ્યાકરણો (૩) સ્યાદ્વાદમંજરી, અનેકાંતજયપતાકા, રત્નાવતારિકા, ષડ્દર્શન સમુચ્ચય, સ્યાદ્વાદ રત્નાકર, સ્યાદ્વાદ રહસ્ય, સમ્મતિતર્ક, દ્વાદશાર નયચક્ર વગેરે જૈન ન્યાયગ્રંથો. (૪) વાગ્ભટ્ટાલંકાર, કાવ્યાનુશાસન, નાટ્યદર્પણ વગેરે જૈન સાહિત્યશાસ્ત્રના ગ્રંથો. (૫) ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, પ્રબંધ ચિંતામણિ, પ્રબંધો, પટ્ટાવલી વગેરે જૈન ઇતિહાસના ગ્રંથો. (૬) જ્ઞાનસાર, અધ્યાત્મસાર, પ્રશમરતિ, સંવેગરંગશાળા, ઉપદેશપ્રાસાદ, ઉપદેશરત્નાકર, ઉપદેશમાળા, સમ્યક્ત્વસપ્તિકા, સૂક્તમુક્તાવલી વગેરે જૈન ઉપદેશના ગ્રંથો. (૭) શ્રાદ્ધવિધિ,

ધર્મસંગ્રહ, ધર્મરત્ન પ્રકરણ, વિધિમાર્ગપ્રથા, વિચારસારપ્રકરણ, ઉપદેશપદ, પંચાશક, પ્રવચન પરીક્ષા, ધર્મ પરીક્ષા, અધ્યાત્મમતપરીક્ષા, પંચવસ્તુ, ઉપદેશરહસ્ય, પ્રતિમાશતક, ષોડશક, વીશીઓ, બત્રીશીઓ વગેરે જૈનવિચારણાના ગ્રંથો. (૮) હીરસૌભાગ્ય, દ્વાશ્રય, શાંતિનાથ મહાકાવ્ય, પાર્શ્વનાથ મહાકાવ્ય, પાંડવચરિત્ર મહાકાવ્ય, યશસ્તિલક ચમ્પૂ વગેરે પદ્યકાવ્યો, કુવલયમાળા, તિલકમંજરી, ઉપમિતિભવપ્રપંચા, વૈરાગ્ય કલ્પલતા વગેરે જૈન ગદ્ય કાવ્યો. (૯) પ્રાકૃતપ્રવેશ, પ્રાકૃતવ્યાકરણ વગેરે પ્રાકૃત વ્યાકરણો. (૧૦) વિજયચંદકેવલિચરિયં, પઉમચરિયં, સુરસુંદરીચરિયં, સુદંસણાચરિયં, વસુદેવહિંડી, સમરાઇચ્ચકહા, ચઉપન્નપુરિસચરિયં વગેરે પ્રાકૃત જૈન કાવ્યો. (૧૧) સત્યહરિશ્ચંદ્ર, મુદ્રિત કુમુદચંદ્ર, નલવિલાસ વગેરે જૈન નાટક ગ્રંથો. (૧૨) શ્રી વીતરાગસ્તોત્ર, મહા દેવસ્તોત્ર, સિદ્ધસેનકૃત દ્વાત્રિંશિકા, હેમચંદ્રસૂરિકૃત બે દ્વાત્રિંશિકા, શોભનસ્તુતિચોવીશી, ઐન્દ્રસ્તુતિ ચોવીશી, ધનપાલકૃત ઋષભપંચાશિકા વગેરે જૈન સ્તુતિ ગ્રંથો. (૧૩) છંદોનું શાસન વગેરે જૈન છંદશાસ્ત્રના ગ્રંથો. (૧૪) પ્રતિમા લેખસંગ્રહ, પ્રાચીન લેખ સંગ્રહ વગેરે જૈન સંશોધનના ગ્રંથો. (૧૫) વિવિધ તીર્થકલ્પો વિગેરે તીર્થોની મહત્તા અને મહત્ત્વનાં સ્થળ દર્શાવનારા ગ્રંથો. (૧૬) અર્હન્નીતિ વગેરે જૈન રાજ્યનૈતિક ગ્રંથો. (૧૭) વાસ્તુશાસ્ત્ર, પ્રાસાદમંડન વગેરે જૈન શિલ્પના ગ્રંથો. (૧૮) લગ્નશુદ્ધિ, દિનશુદ્ધિ, જ્યોતિષ્કરંડક, આરંભ સિદ્ધિ વગેરે જૈન જ્યોતિષના ગ્રંથો. (૧૯) આચાર દિનકર, ધ્વજદંડ પ્રતિષ્ઠા વિધાન, અર્હદભિષેક, અર્હત્પૂજન, સિદ્ધચક્રપૂજન, શાંતિસ્નાત્ર, અષ્ટોત્તરીસ્નાત્ર વગેરે જૈન વિધિ-

વિધાનના ગ્રંથો. (૨૦) અર્હચ્ચૂડામણિ, અષ્ટાંગનિમિત્ત, અંગવિદ્યા વગેરે જૈન નિમિત્તશાસ્ત્રના ગ્રંથો. (૨૧) પદ્માવતી કલ્પ, ચક્રેશ્વરી કલ્પ, સૂરિ-મંત્ર કલ્પ, ઉવસગ્ગહર કલ્પ, નમિઊણ કલ્પ વગેરે જુદા જુદા જૈન મંત્ર કલ્પના ગ્રંથો. (૨૨) સ્વરશાસ્ત્ર, સ્વપ્નશાસ્ત્ર, સામુદ્રિક શાસ્ત્ર, વિવેકવિલાસ, ભદ્રબાહુસંહિતા વગેરે જુદા જુદા વિજ્ઞાનના ગ્રંથો. (૨૩) યોગશાસ્ત્ર, યોગબિંદુ, યોગદૃષ્ટિ સમુચ્ચય, ધ્યાન-શતક, જ્ઞાનાર્ણવ, યોગશતક વગેરે જૈન યોગના ગ્રંથો. (૨૪) અભિધાન ચિંતામણી, ધનંજય નામમાળા, દેશી નામમાળા, અભિધાન રાજેન્દ્ર વગેરે જૈન શબ્દકોશો. (૨૫) અનેકાંતરત્નમંજૂષા- (જેમાં અષ્ટલક્ષાર્થીમાં राजा नो ददत सौख्यम् પદના વ્યુત્પત્તિપૂર્વક ૮ લાખ અર્થ આપ્યા છે) શતાર્થનીતી (જેમાં યોગશાસ્ત્રના પ્રથમ શ્લોક नमो दुर्वाररागादि ના એકસો ચાર અર્થ કર્યા છે) વગેરે શબ્દ ચમત્કૃતિના ગ્રંથો. (૨૬) જૈન શૈલીને અનુસરતા સંગીતશાસ્ત્ર, જૈન વૈદ્યક, જૈન આહારવિધિ, ભક્ષ્યાભક્ષ્ય વિવેક, ચૈતન્યવિજ્ઞાન, કર્મવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર, નીતિશાસ્ત્ર આદિ ગ્રંથો.

આ રીતે દરેક પ્રકારની જુદી જુદી યોગ્યતાવાળા આત્માઓ જુદા જુદા પ્રકારનો અભ્યાસ કરી શકે તે માટેનું વિપુલ જૈન સાહિત્ય પૂર્વના મહાપુરુષોએ રચેલ છે.

ગુજરાતી આદિ દેશી ભાષાઓમાં પણ જુદા જુદા રાસો, ૧૨૫-૧૫૦-૩૫૦ ગાથાનાં સ્તવનો, દ્રવ્યગુણપર્યાયનો રાસ, સમુદ્ર-વહાણ સંવાદ, સ્તવન-સજ્ઝાયના ઢાળીયાઓ, સ્તવનચોવીશીઓ, વીશીઓ, ચૈતત્યવંદન-સ્તુતિ-સ્તવન-સજ્ઝાય આદિ વિપુલ સાહિત્ય પૂર્વના મહા પુરુષોએ રચેલ છે.

વર્તનામનમાં પણ સ્વ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. શ્રીની પ્રેરણાથી તેમના શિષ્ય-પ્રશિષ્યાદિએ લાખો

શ્લોક પ્રમાણ કર્મવિષયક જૈન સાહિત્ય સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં નિર્માણ કરેલ છે.

ઉપરોક્ત વિવિધ વિષયક ગ્રંથોના અભ્યાસ માટે વ્યવસ્થિત યોજના કરવામાં આવે અને તેમાં રસ લેનાર વિદ્યાર્થીયોની પરીક્ષા લઈ ઉંચ્ચ પ્રકારનાં ઈનામો અને પ્રમાણપત્રો આપવામાં આવે, તે તે ગ્રંથોના વ્યવસ્થિત અભ્યાસ માટે કેન્દ્રો ઉભા કરવામાં આવે તો પૂર્વના મહાપુરુષોએ રચેલ ભિન્ન ભિન્ન વિદ્યાના જુદા જુદા શાસ્ત્રોનો અભ્યાસ ચાલુ થવાથી તે તે વિષયના જાણકાર વિદ્વાનો સંઘને મળી રહેશે.

સાત્વિક ધાર્મિક ભવનના ઘડતર માટે કલિકાલસર્વજ્ઞ આ. શ્રી હેમચંદ્રસૂરિ મ. ના. યોગશાસ્ત્રનુ અધ્યયન ચતુર્વિધ સંઘ માટે વિશેષ ઉપકારી છે. સંઘમાં પાઠ્યપુસ્તક તરીકે રખાય. શ્રી કુમારપાલ મહારાજ રોજ એ ગ્રંથનો સ્વાધ્યાય કરીને દાતણ કરતા હતા.

આ ગ્રંથોનુ પઠન-પાઠન ભવિષ્યમાં ચાલુ રહેશે તો જૈન શૈલી અનુસાર નવા વિવેચનો, સ્પષ્ટિકરણો અને સંશોધનો ઉમેરાશે અને આપણી આ ઉપકાર ચિરકાળ પર્યંત રહેશે.

આપણી પાસે હજારો વર્ષોથી પૂર્વાચાર્યોયે રચેલાં જ્ઞાનનાં લાખો પુસ્તકો વિદ્યમાન છે, તે આજ સુધી સચવાઈ રહ્યાં છે. તે પણ આપણુ મહાન સદ્‌ભાગ્ય છે. પૂર્વકાળની અપેક્ષાયે તે પ્રમાણમાં ઓછાં હશે તો પણ આ યુગના આપણા જેવા આત્માઓ માટે તો તે પણ વિપુલ પ્રમાણમાં છે તેમ કહી શકાય.

વિશ્વનુ કલ્યાણ કરનાર એ અણમોલ ધન છે. સદ્ભાગ્યે સારી રીતે અધ્યયન કરી શકે તેવા શક્તિસંપન્ન તેજસ્વી સુયોગ્ય આત્માઓ પણ આજે જૈનસંઘમાં વિદ્યમાન છે. શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાલા-મહેસાણા તો અંગે આંશિક કાર્ય રહેલ છે. પરંતુ તેમાં વધારે વેગ લાવી તેને ફરીથી સજીવન કરવાની જરૂર છે. ગીતાર્થ પુરુષોની સલાહ અનુસાર તેને યોગ્ય રીતે ચાલુ કરવામાં આવે તો અત્યંત ઉપકારક નિવડે તેમ છે. શક્તિસંપન્ન આત્માઓ યોગ્ય પ્રયત્ન કરે એ જ અભ્યર્થના.

## જૈન આગમ સાહિત્યનું સ્વરૂપ

ભારતની ધર્મત્રિવેણી રૂપે ગણાતા બ્રાહ્મણ, જૈન અને બોદ્ધ ધર્મના મહાન (આચાર્યોએ) ધાર્મિક સાહિત્યનું સર્જન કર્યું અને આ સાહિત્ય દ્વારા ભારતની પ્રજામાં સંસ્કાર સીંચન કર્યું.

ભારતના સિદ્ધો, તપસ્વીઓ, આર્ષદૃષ્ટાઓ અને યોગીઓ દ્વારા આપવામાં આવેલ આ જ્ઞાનજ્યોતના વારસાને સતેજ રાખીને આજપર્યંત અનેક પ્રકારના ધાર્મિક સાહિત્યની યુગપુરૂષોએ રચના કરી છે. ધર્મના મૂળ તત્વોથી ગુંથાયેલુ આ ધાર્મિક સાહિત્ય આને પણ ભારતને ગૌરવ અપાવે છે અને જીવનવ્યવહાર માટે એટલું જ પ્રસ્તુત છે. આચાર્યોયે ત્યાગથી વિશુદ્ધ બનીને આપેલા ઉપદેશમાં કેવલ શ્રદ્ધાના પીઠબળથી જ સમાજમાં ટકી રહેવાનું સામર્થ્ય હતુ. વિજ્ઞાનના પ્રભાવના પરિણામે આજે શ્રદ્ધાનો જ અભાવ જોવામાં આવે છે. એટલે ધર્મના સનાતન સત્યોને પણ આજના વૈજ્ઞાનિક યુગના પ્રત્યક્ષ પ્રમાણોની કસોટીમાંથી પાર ઉતરવું પડે છે. ધર્મના આ સત્યોને તેમના અસ્તિત્વની સાબિતી

અને ઐતિહાસિક સાબિતીયોથી કસ્યા પછી જ આજે જનસમાજ તેમને અપનાવે છે. ધર્માચાર્યોએ ઉપદેશેલા ધર્મતત્વોને પણ આજના વૈજ્ઞાનિક યુગમાં તર્કની કસોટી પર કસવામાં આવે છે.

જૈનધર્મના ગૌરવને પ્રાચીન ઐતિહાસિક સાબિતીઓ વ્દારા આને પ્રમાણિત ભારતીય અને વિદેશી વિવ્દાનોએ ભારે જેહમત ઉઠાવી છે. અને તેના ધર્મશાસ્ત્રો વ્દારા રજૂ કરવામાં આવેલ તત્વજ્ઞાનને આ યુગની એક માત્ર આધારશીલા ગણાવા આ કેટલાંક વિચારકો પ્રેરાયા છે. અને તેથી આને ધર્મસાહિત્યના અભ્યાસ તરફનું વલણ જોવામાં આવે છે.

સમાન તાત્વિક સિધ્દાતોં અને ક્રિયાકાંડને માનનારાઓનો એક સંપ્રદાય બને છે, અને તેમના માર્ગદર્શન માટે દાર્શનિક સાહિત્ય સર્જાય છે. આ સાહિત્યના પ્રામાણિક, મૌલિક અને માનનીય ભાગ (શાસ્ત્ર) કહેવાય છે. સર્વમાન્ય ગણાય છે અને પૂજાય છે. માન્યાતાઓની યથાર્થતા કે યોગ્યતા અને ચઢિયાતીપણુ બતાવવા આચાર્યો પ્રયત્ન કરતા હોય છે. અને પંથનાં મૂળ લખાણોને શ્રેષ્ઠ તથા અંતિમ આધાર રુપે ગણાતા હોય છે. તેઓ એમ માને છે કે શાસ્ત્રો ઈશ્વરરચિત છે અથવા કોઈ પુણ્યશાલી આત્માઓનું સર્જન છે. જૈનધર્મ સાહિત્યનું સર્જન પ્રધાનપણે ગણધરો, આચાર્યો, સૂરિઓ કે મુનિયોં દ્વારાજ થયું છે. ભગવાન મહાવીરનાં વચનોને આવરી લેતા મૂલ આગમ પર નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, અવચૂર્ણિ, ટીકા, વૃત્તિની રચના કરવામાં આવી છે. ઉપરાંત તે આગમોને અનુલક્ષીને ધાર્મિક ગ્રંથો તેમજ નાટક, કથા, (કાદંબરી) વ્યાકરણ, છંદ, કોશ, જ્યોતિષ, કાવ્ય, મહાકાવ્ય, ન્યાય, તર્ક જેવું અન્ય સાહિત્ય રચાયું છે. સંસારત્યાગ કરી શ્રમણ

દીક્ષા લઈ ધર્મોપદેશક તરીકે સ્થાને વિહરતા આચાર્યોઓ અને તેમની શિષ્યપરંપરાએ આવું વિપુલ સાહિત્યનું સર્જન કર્યું છે.

જો સંસ્કૃત ભાષામાં હિન્દુ ધર્મશાસ્ત્ર, વેદ, પુરાણ, મહાભારત, રામાયણ જેવા અનેક મહાગ્રંથો રચાયાં છે. તો અર્ધમાગધી ભાષાં (પ્રાકૃત) માં રચાયેલા જૈનધર્મ શાસ્ત્રોમાં આગમસૂત્રોં એટલાં જ મહત્વનાં છે તે જ રીતે પાલિ ભાષામાં બૌધ્ધ ધર્મશાસ્ત્રોનો ત્રિપિટ્ટક ગ્રંથોને પણ અગત્યનું સ્થાન મળ્યુ છે. આમ ત્રણે પરંપરાના ધર્મશાસ્ત્રોની ભાષા અલગ અલગ છે અને તે જુદા જુદા મહાજ્ઞાની પુરૂષોની રચના છે. આવો કર્તુભેદ હોવા છતાં તેમાં નિરૂપાયેલા સિધ્ધાંતોમાં ખૂબ જ સામ્ય જણાયું છે. ત્રણે ધર્મશાસ્ત્રોનું હાર્દ ત્રણ તત્વોમાં સમાયેલું છે. (૧) કર્મવિપાક (૨) સંસારબંધન અને (૩) મુક્તિ. ત્રણે ધર્મસંસ્કૃતિનું આખરી ધ્યેય સર્વ કર્મોનો ક્ષય મુક્તિ મેળવવાનું છે. આમ ત્રણે સૈધ્ધાંતિક દૃષ્ટિયે એક જ લક્ષ્યબિંદુએ પહોંચવાનો આશય ધરાવે છે.

'જૈન સાહિત્ય' અને જૈન આગમ સાહિત્ય' એ બને વચ્ચેની ભેદરેખા વિશે કેટલાંક અભ્યાસીયોમાં અસ્પષ્ટતા પ્રવર્તતી જોવામાં આવે છે. જૈન સાહિત્ય એટલે એવું જૈનધર્મવિષયક સાહિત્ય કે જેમાં જૈન ધાર્મિક સિધ્ધાંતસૂત્ર ઉપરાંત વિવિધ ધાર્મિક વિષયો પરના અન્ય સાહિત્યનો સમાવેશ થતો હોય. પ્રાચીન ભારતીય વાઙ઼મયના લલિત તેમ જ શાસ્ત્રીય તમામ પ્રકારોના નમૂના જૈન સાહિત્યમાં પણ પડેલા છે. 'જૈન આગમ સાહિત્ય' એટલે જૈનોના મૂળ ધાર્મિક ગ્રંથો-''સ્ક્રિપ્ચર્સ'' અથવા કેનન્સ તથા તે ઉપરનું ભાષ્યાત્મક અને ટીકાત્મક સાહિત્ય. શાર્પેન્ટિયરે ''સિધ્ધાંત'' શબ્દનો ઉપયોગ જૈન આગમ સાહિત્યને અનુલક્ષીને

જ કર્યા છે.

જૈન માન્યતા પ્રમાણે વિશ્વનું 'સર્જન થયુ' નથી અને તેનો અંત પણ નથી. બીજા શબ્દોમાં વિશ્વ કાળક્રમે બહલાયા કરે છે. સમયાનુસાર અને જરુરિયાત પ્રમાણે તેનું સ્વરુપ બદલાતું રહે છે. સમગ્ર બ્રહ્માંડમાં જૈનધર્મ સદાને માટે જીવંત છે. અને તેનું ધર્મસાહિત્ય પણ જીવંત છે.

અવસર્પિણી કાળમાં ભગવાન શાંતિનાથના સમયમાં જે જૈનશાસ્ત્રોં રચાયાં તે સર્વ આજે પણ શબ્દશ:અકબ'ધ છે એવું નથી. તે શાસ્ત્રો તેના મૂળ સ્વરૂપમાં કે માનસિક ચેતનામાં રહેલા છે એમ જૈન પરંપરા માને છે. પશ્ચિમના વિદ્વાનોએ જૈનશાસ્ત્રોનું મૂલ્ય ઘણું ઉંચું આંક્યું છે. પ્રો. હર્મન યાકોબીના જણાવ્યા પ્રમાણે જૈન સૂત્રો (Classical) પ્રશિષ્ટ સંસ્કૃતથી પણ વધુ પ્રાચીન છે. અને તેમાંના કેટલાંક તો ઉત્તર બૌધ્ધો (મહાયાની) પંથના જૂનામાં જૂના પુસ્તકોની બરોબરી કરી શકે તેવાં છે.

જૈનધર્મનાં મૂળભૂત સિદ્ધાંતોનો આવરી લેતાં મૂલગ્રંથોને 'આગમ' સાહિત્ય તરીકે ઓળખવામાં આવે છે. તેના શાબ્દિક અર્થ અનુસાર ''આગમ'' એટલે એવું ઉત્કૃષ્ટ સાહિત્ય જે માત્ર શ્રુતપુરુષોના મુખેથી ઉચ્ચારાયેલું હોય, અર્થાત્ અરિહંત ભગવંતનો ઉપદેશ અથવા તીર્થસ્વરૂપ શ્રમણ ભગવાન મહાવીરે આપેલા તત્વવિષયક પ્રવચનો એ જ આગમો છે.

જૈનધર્મ અનુસાર કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તીર્થંકર ઉપદેશ આપે છે. તીર્થંકરે ઉપદેશેલા સર્વોચ્ચ માર્ગને કેટલાંક ભવ્યાત્માઓ અનુસરે છે અને દીક્ષા લે છે. આવા અનુયાયીઓના

સમૂહના ચાર સ્થંભ છે : સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. સંપ્રદાયના અગ્રેસરને ગણધર કહે છે. અને તેમણા ભગવાનના ઉપદેશને સુત્રબદ્ધ ક્ર્યો છે. ગણધરોએ રચેલા જે ગ્રંથો તે આગમો, આમ આગમોના કર્તા ગણધરો કહેવાય છે. મહાવીર સ્વામીના અગિયાર ગણધરો હતા. પ્રત્યેક ગણધરે અંગોની રચના કરી છે અને તે વ્દાદશાંગીને નામે ઓળખાય છે. પ્રાચીન કાળમાં એ સાહિત્યની ઠિકઠીક પ્રમાણમાં રચના થઈ હોવા છતાં આને તેમાંનું ખધું જ સાહિત્ય પૂરું ઉપલબ્ધ નથી.

જૈનધર્મના અનેક પંથો શ્વેતાંબર અને દિગંબર મહાવીર નિર્વાણ પછી અચેલત્વ તથા બીજા અનેક પ્રશ્નોને કારણે ઉભા થયેલા. અને પંથોનું સાહિત્ય જુદું જુદું છે. પરંતુ જૈનતત્વજ્ઞાનનુ સ્વરુપ બંને શાખાઓમાં કોઈપણ ફેરફાર સિવાય એક જ છે. વૈદિક તેમજ બોધ્ધમતના નાનામોટા અનેક ફાંટાઓ પડયા હતા અને કેટલાંક તો એકબીજાથી તદ્ન વિરોધી મંતવ્ય ધરાવતા હતા. જે આ સર્વ ફાંટાઓમાં આચારવિષયક મતભેદ ઉપરાંત તત્વચિંતનની બાબતમાંયે કેટલોક મતભેદ જોવામાં આવે છે. તો જૈનમતના તમામ ફાંટાઓ માત્ર આચારભેદ ઉપર જ સર્જયેલા છે. તેમનામાં તત્વચિંતનની બાબતમાં કોઈ મૌલિક ભેદ હજુ સુધી જુવામાં આવતો નથી.

શ્ર્વેતાંબર મત પ્રમાણે આગમ સાહિત્ય મહાવીર પ્રાણિત છે અને ગણધરોએ તેને સૂત્રબદ્ધ કર્યું છે. જ્યારે દિગંબર મત અનુસાર તે મહાવીર પ્રણિત એટલે કે તેમનાં મુખેથી ઉચ્ચારાયેલું છે અને હાલ જે ઉપલબ્ધ છે તે મૂળ નથી, પાછળથી લખાયેલું છે.

તેમના મતે મૂળ આગમ સાહિત્ય ઘણુ નાશ પામ્યું છે. આમ છતાં તેમના ગ્રંથોમાં પ્રાચીન આગમોનો ઉલ્લેખ જોવા મળે છે. જૈન પરંપરાનુસાર ભગવાને આગમોનું નિરુપણ કર્યુ અને તેમના ગણધરોએ તેને સૂત્ર રુપ આપ્યું :

अत्थं भासइ अरहा, सुत्तं गंथंति गणहरा निउणं ।
सासणस्स हियट्ठाए तओ सुत्तं पवत्तेई ॥

સૂત્રબધ્ધ કરનાર ગણધર અહીં જણાવે છે કે હું મારું સ્વતંત્ર કાઈ કહેતો નથી. મેં ભગવાન પાસેથી આમ સાંભળ્યું છે અને ભગવાન મૂળ વકતા છે. એક વ્યક્તિ કોઈની પાસેથી સાંભળેલી વાત જ્યારે ફરીથી કોઈને કહે ત્યારે તેમાં ભાવ એક જ હોવા છતાં શબ્દ, સ્વરુપ, સ્વર, શૈલી વગેરેમાં ફેરફાર થવાની પૂરેપૂરી શક્યતા રહેલી હોય છે. સૌ પ્રથમ ભગવાન પોતાનો આશય પ્રગટ કરે છે. અને પછી ગણધરો તો પ્રવચનોને પોતપોતાની શૈલીમાં રજૂ કરે છે એવું પરંપરાનું માનવું છે.

પ્રત્યેક અંગસૂત્રની વાચના એક કરતાં વધુ છે એવું નંદીસૂત્ર અને સમવાયાંગમાં આવ્યું છે. ભગવાનના અગિયાર ગણધરોમાંના ઈન્દ્રભૂતિ અને સુધર્માસ્વામી સિવાયના સર્વ ગણધરો મહાવીરસ્વામીની હ્યાતીમાં જ નિર્વાણ પામેલા. સુધર્માસ્વામી દીર્ઘાયુષી હતા તેથી ભગવાનનાં પ્રવચનોનો પ્રત્યક્ષ લાભ તેમને વિશેષ મળ્યો હતો. તેમણે અંગો આદિ ગૂંથી શ્રી મહાવીપનો ઉપદેશ ભળવી રાખ્યો અને તે શિષ્ય અમૂલ્ય વારસાને કંઠસ્થ રાખીને તેનું જતન કર્યું હતું.

શ્વેતાંબર સંપ્રદાય આગમોની પીસ્તાળીસની સંખ્યા ગણાવે છે. આ આગમ સાહિત્યને દિગંબર માનતા નથી.

# આગમ

અંગસાહિત્ય

| બાર અંગ | બાર ઉપાંગ | ચાર | છ | દસ | બે |
|---|---|---|---|---|---|
| | | મૂળસૂત્રો | છેદસૂત્રો | પ્રકીર્ણક | ચૂલિકા |

આગમ સાહિત્યનો સમય ઈ. સ. પૂર્વે ૫મી શતાબ્દીથી ઈ. સ. ની ૫મી સદી સુધીનો ગણાય છે. મહાવીરસ્વામીએ સ્થાપેલા સંઘ માટેના નીતિનિયમો ઘણાં કડક હતાં. મહાવીરના પ્રચારનું કેન્દ્ર મગધ હતું અને ત્યાં એકધારી કુદરતી આફતો ચાલી હતી. જ્યાર સમ્રાટ્ ચંદ્રગુપ્ત મૌર્યના શાસન દરમ્યાન મગધમાં બાર વર્ષનો ભયંકર દુષ્કાળ પડ્યો ત્યારે માનવજીવન દોહ્યલું થઈ પડ્યું તે વખતે ત્યાં શ્રુતકેવલી ભદ્રબાહુને લાગ્યું કે આ દુષ્કાળમાં તો ખોરાક પણ પ્રાપ્ત નહીં થાય અને ગૃહસ્થીઓને ભારરુપ થવાશે એમ વિચારીને તેઓએ વિશાળ શિષ્યસમુદાય સાથે દક્ષિણ ભારત તરફ વિહાર કર્યો. વીર નિર્વાણ પછી ૧૬૦ વર્ષે એટલે આશરે ઈ. સ. પૂર્વે ૧૬૯માં સ્થૂલિભદ્ર થોડાક શિષ્યોં સાથે મગધમાં જ રહ્યા. તેઓ ચૌદ પૂર્વધરના જ્ઞાતા હતા.

વીરનિર્વાણ પછી લગભગ ૮૨૭-૮૪૦ વર્ષે પછી (ઈ. સ. ૩૦૦-૩૧૩ માં) આગમોને સુવ્યવસ્થિત સ્વરુપ આપવા માટે આર્યસ્કંધિલના સાનિધ્યમાં મથુરામાં એક સંમેલન યોજાયું હતું અહીં જે શ્રુતનું સંકલન કરવામાં આવ્યું તે કાલિક શ્રુત કહેવાયું આગમશ્રુતના બે વિભાગ પાડવાંમા આવેલા છે : (૧) અંગબાહ્ય (૨) અંગપ્રવિષ્ઠ. અંગબાહ્યના બે ભેદ છે (૧) આવશ્યક (૨) આવશ્યક વ્યતિરિક્ત અને આવશ્યકના સામયિક વિ. છ ભેદ છે.

તેવા આવશ્યક વ્યતિરિકતના પણ કાલિક અને ઉત્કાલિક એમ બે ભેદ છે. આ સંમેલન મથુરામાં યોજાયેલું હોવાથી તેને માથુરીવાચના નામ આપવામાં આવ્યું.

આ સમયમાં વલભીમાં પણ નાગાર્જુન નામે એક શ્રુતધર હતા. તેમાણે વલભીમાં એક મેળાવડો યોજ્યો હતો. તેમાં એકઠા થયેલા સાધુઓએ ભુલાઈ ગયેલું શ્રુત યાદ કરીને સૂત્રાર્થનો સંકલનાપૂર્વક ઉધ્ધાર ક્ર્યો, આને વલભીવાચના નામ આપવામાં આવ્યું અને તેનો નાગાર્જુનીય પાઠ તરીકે ઉલ્લેખ મળે છે. આ વાચનાઓનો ઉલ્લેખ આપણને નંદી સૂત્ર અને સમવાયાંગસૂત્રમાં જ મળે છે અને આ ઉપરાંત જ્યોતિષ કરંડીકામાં પણ મળે છે. તેના રચયિતા આચાર્ય મલયગિરિના મતાનુસાર ''અનુયોગદ્દાર'' સૂત્ર માથુરીવાચનાને આધારે લખાયું છે અને જ્યોતિષકરંટીકા વલભીવાચનાના આધારે લખાઈ છે.

આ ઉપરાંત અન્ય વાચનાઓ પણ થઈ છે. ત્યાર બાદવીર નિર્વાણના આશરે ૯૮૦ વર્ષ પછી (ઈ. સ. ૪૫૩-૪૬૬) માં વલભીમાં આચાર્ય દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના નેતૃત્વ નીચે એક સંમેલન ભરાયું ત્યારે સમય ધણો વીતી ગયો હતો. આ સમયે જેને જેટલું યાદ હતું તે ભેગું કરીને દેવર્ધિગણિએ અન્ય લિપિબધ્ધ સિધ્ધાંતોની સાથે પુસ્તકોમાં ઉતાર્યું ત્યારબાદ શ્રુત ભૂલાઈ જવાનો ભય જતો રહ્યો. આચાર્ય દેવર્ધિગણિનો ઉલ્લેખ વાચના પ્રવર્તન નહીં પણ શ્રુતને પુસ્તકારુઢ કરનાર તરીકે મળે છે. આવું મહાપ્રભાવક કામ કરનાર વિશે આપણી પાસે ઝાઝી માહિતી નથી એ એક આ વિશેનો ઉલ્લેખ શિલાલેખોમાંથી મળે છે. આ પ્રયત્ન

મહારાજા ખારવેલે કલિંગદેશમાં આવેલા ખંડગિરિ અને ઉદયગિરિ પર શિલાલેખ કોતરાવ્યો છે તે આ પ્રમાણે છે: મૌર્યકાળમાં વિચ્છિન્ન થયેલાં અને ૬૪ અધ્યાયવાણી અંગ સાહિત્યનો ૪થો ભાગ ફરીથી તૈયાર કરાવ્યો આને કાલિંગી વાચના કહેવામાં આવે છે.

આગમોનુ મહત્ત્વઃ-જૈન પરંપરા પ્રમાણે આગમોની રચના મહાવીર સ્વામીના ગણધરોએ કરી છે. તેમના ઉપદેશને સૂત્રરુપમાં બાંધ્યો. ``सुत्तं ग्रन्थन्ति गणहरा निउणं'' આ દ્વાદશાંગને— ``गणिपिटक'' પણ કહે છે. વૈદિક સાહિત્યમાં "અંગ" (વેદાંગ) શબ્દ સંહિતાઓમાં જે પ્રધાનવેદ હતાતેના અંગભૂત ગ્રંથો માટે વપરાતી સંજ્ઞા છે અર્થાત્ વૈદિક વાઙ્‌મયનો અર્થ મૌલિક નહીં પણ ગૌણ ગ્રંથો સાથે છે. જ્યારે જૈનોમાં અંગ શબ્દને આ અર્થમાં લેખવામાં નથી આવતો પણ બાર ગ્રંથોના બનેલા વર્ગનું ઐક્ય હોવાથી તેને અંગ કહેવામાં આવે છે. તે અંગના રચનાર શ્રુતપુરુષ માનવામાં આવ્યા છે. અને બાર અંગોને શ્રુતકેવલીનાં બાર અંગો ગણવામાં આવ્યા છે.

ઉપલબ્ધ જૈનાગમો વેદ જેટલા પ્રાચીન નથી પણ તેમને બૌધ્ધ પિટ્ટકના સમકાલીન ગ્રંથો ગણવામાં આવ્યા છે. ડૉ. યાકોબીના જણાવ્યા પ્રમાણે સમયની દૃષ્ટિએ જૈન આગમોનો રચનાકાળ કોઈ પણ માનવામાં આવે પરંતુ તેમાં સંગ્રહિત તથ્યોનો સંબંધ પ્રાચીન પૂર્વપરંપરા સાથેનો છે. જૈન પરંપરાનુસાર ભલે અનેક તીર્થંકરો થઈ ગયા, પરંતુ તેમના ઉપદેશમાં સામ્ય જરૂર છે. તત્કાલીન પ્રજા છેલ્લા તીર્થંકરના ઉપદેશ, શાસન અને વિચારને વધારે મહત્ત્વ આપે એ સ્વાભાવિક છે. છેલ્લા તીર્થંકર મહાવીરસ્વામી છે અને તેમનો ઉપદેશ વધુ પ્રચલિત બન્યો છે.

મહાવીર સ્વામીએ જે ઉપદેશ આપ્યો તેને ગણધરોએ સૂત્રબધ્ધ કર્યો તેથી અર્થોપદેશક અથવા અર્થરુપ શાસ્ત્રનાકર્તા ભગવાન મહાવીર ગણાય છે અને સૂત્ર બધ્ધ શાસ્ત્રના કર્તા ગણધરો મનાય છે. મહાવીર સ્વામીએ પોતે જ જણાવ્યુ છે કે મારા અને મારા પૂર્વવર્તી પાર્શ્વનાથ ભગવાનનાં ઉપદેશમાં કોઈ જ ભેદ નથી અને બાહ્યાચારમાં ભેદ હોવા છતાં પણ મારો ઉપદેશ એજ પાર્શ્વનાથનો ઉપદેશ છે.

જૈન પરંપરા પોતાના ધર્મશાસ્ત્રને આગમના નામે ઓળખે છે. પ્રાચીન સમયમાં તેને શ્રુત અથવા સમ્યક્શ્રુત તરીકે ઓળખવામાં આવતું હતું. આના ઉપરથી શ્રુતકેવલી શબ્દ ઉતરી આવ્યો છે. સ્થવિરોની ગણનામાં શ્રુત સ્થવિરોને મહત્વનું સ્થાન મળ્યું છે. આચાર્ય ઉભાસ્વાતિએ શ્રુતના પર્યાયોનો સંગ્રહ કર્યો છે. શ્રુત આપ્તવચન, આગમ ઉપદેશ, ઐતિહ્ય, આમ્નાય, પ્રવચન, જિનવચન વિગેરે પર્યાયોમાંથી આને આગમ નામે પ્રચલિત છે. સૌ પ્રથમ અનુયોગદ્વાર સૂત્રમાં લોકોત્તર આગમોમાં દ્વાદશાંગ ગણિપિટકનો સમાવેશ કરવામાં આવેલો હતો. ત્યારબાદ તેના ભેદ પાડવામાં આવ્યા અને મહાવીર સ્વામીના ઉપદેશની સંકલના દ્વાદશાંગીમાં કરવામાં આવી તેને ગણિપ્ટક નામ આપવામાં આવ્યું, કારણ કે તેમાં ગણિને માટે શ્રુતજ્ઞાનનો ભંડાર હતો.

ગણધરો સિવાય પ્રત્યેક બુધ્ધે જે ઉપદેશ આપેલો તે ઉપદેશને તેઓ કેવલી થવાને લીધે આગમ સાહિત્યમાં સમાવવામાં કોઈ વિઘ્નન હતુ. તેથી આગમોની સંખ્યામાં અનેકગણો વધારો થઈ ગયો. તે ઉપદેશ સમ્યગ્દષ્ટિવાળો હોવીથી તેનો કોઈ વિરોધ થયો નહીં. મૂલાચારની ગાથામાં આ વિશે ઉલ્લેખ છે.

सुत्तं गणधर कथिदं तहेव पत्तेय बुद्धकथिदं च ।
सुयकेवलिणाकथिदं अभिण्णा दसपुव्व कथिदं च ॥

જે દશપૂર્વી જ્ઞાતા હોય તેઓ જ આગમ ગ્રંથમાં પ્રવેશી શકતા. જ્યારથી દશપૂર્વી ન રહ્યા ત્યારથી આગમોની સંખ્યા વધતી બંધ થઈ એમ મનાય છે.

આગમોની સંખ્યા વધવાની સાથે સાથે તેમનું વર્ગીકરણ પણ થતું ગયુ તેથી ગણધરકૃત ગ્રંથોને અંગ સાહિત્યમાં ગણવામાં આવ્યા ને બાકીનાને અંગબાહ્ય ગ્રંથોમાં સમાવવામાં આવ્યા. મહત્વની દૃષ્યિએ જોવામાં આવે તો ઉપલબ્ધ આગમ સાહિત્ય પ્રાચીન જૈન પરંપરાઓની અનુશ્રુતિયોં, લોકકથાઓ, તત્કાલીન, રિતરિવાજો, ધર્મોપદેશની, પદ્ધતિઓ, આચાર વિચાર, સંયમપાલનની વિધિયો વગેરેનાં દર્શન થાય છે. વ્યાખ્યા પ્રજ્ઞપ્તિમાંથી મહાવીર સ્વામીનું તત્વજ્ઞાન તેમની શિષ્યપરંપરા અને તત્કાલીન રાજા મહારાજાઓ અને તિર્થિકોનો ઉલ્લેખ મળે છે.

કલ્પસૂત્રમાં મહાવીર સ્વામીના જીવન વિશે તેમની વિહારયાત્રા અને જૈન શ્રમણોની સ્થવિરાવલીની માહિતી મળે છે. કનિષ્ઠ રાજાના સમયના મથુરાના જૈન શિલાલેખોમાં તે સ્થવિરાવલીના જુદા જુદા ગણ અને કુલની શાખાઓનો ઉલ્લેખ મળે છે. જ્ઞાતાધર્મ કથામાં નિગ્રંથ પ્રવચનની ઉદ્‌બોધક અનેક ભાવપૂર્ણ કથાઓ, ઉપમાઓ અને દૃષ્ટાંતોનો સંગ્રહ છે. તેમાં મહાવીર સ્વામીની સરલ ઉપદેશ પદ્ધતિનો પરિચય થાય છે. જ્યારે આચારાંગ, સૂત્રકૃતાંગ, ઉત્તરાધ્યયન અને દસવૈકાલિકમાંથી જૈનમુનિયોના કઠોર સંયમ પાલનનો પરિચય થાય છે.

ડૉ. વિન્ટરનિજે આ પ્રકારના સાહિત્યને પ્રવણકાવ્ય નામ આપ્યુ છે. આવું સાહિત્ય મહાભારત તથા બુધ્ધના ધમ્મપદ અને સુત્તાનિયાતમાં પણ મળે છે. રાજપ્રશ્નીય જીવાભિગમ અને પ્રજ્ઞાપના જેવા સૂત્રોમાં વાસ્તુશાસ્ત્ર, સંગીત, નાટ્યકલેખો, પ્રાણીવિજ્ઞાન, વનસ્પતિ વિજ્ઞાન વિગેરે વિષયોનો પરિચય મળે છે. છેદસૂત્ર તો આગમ સાહિત્યનું પ્રાચીનતમ મહાશાસ્ત્ર ગણાય છે. તેમાં નિર્ગ્રંથ શ્રમાણેને આહાર-વિહાર, ગમનાગમન, રોગચિકત્સા, વિદ્યામંત્ર, સ્વાધ્યાય, ઉપસર્ગ, દુર્ભિક્ષ મહામારી, તપઉપવાસ પ્રાયશ્ર્ચિત વિગેરે વિષયોની વિપુલ માહિતી મળે છે. તેના અધ્યયનથી તત્કાલીન સમાજનું એક જીવંતચિત્ર ઉપસી આવે છે. ભાષાશાસ્ત્રની દ્દષ્ટિયે પણ આગમ સાહિત્ય અગત્યનું છે.

આગમોનો સમયઃ-આગમોનો સમય નક્કી કરવો ઘણો મુશકેલ છે. તેનો સમય નિર્ધારિત કરવા માટે તે ગ્રંથના વિષય, વર્ણન, શૈલી વિગેરેનો તુલનાત્મક અભ્યાસ કરવો આવશ્યક છે. આગમનાં સમયની બાબતમાં મતભેદ છે. પશ્ર્ચિમના વિદ્વાનોં માને છે કે દેવર્ધિગણિએ આગમોને પુસ્તકારુઢ કરીને તેને સંરક્ષણ આપ્યું, પરંતુ તેમાણે તેની રચના કરી છે તે કહી શકાય નહીં કારણકે આગમ તો પ્રાચીન છે. તેને વ્યવસ્થિત કરવાનું માન દેવર્ધિગણિના કાળે ભય છે. ડૉ. યાકોબીના કથન પ્રમાણે તેઓ માત્ર આગમાના ઉધ્ધારકારક છે. આગમોનો કેટલોક ભાગ વિછિન્ન છે પણ આ વિછિન્નતાને લીધે સર્વ આગમોનો સમય દેવર્ધિગણિનો સમય નગણી શકાય, તેમાંનો કેટલોક ભાગ મૌલિક પણ છે. તેથી સર્વ આગમોનો કોઈ જ સમય નથી. સામાન્ય રીતે વિદ્વાનોએ

આગમોનો સમય પાટલીપુત્રની વાચનાનો સમય માન્યો છે.

આ પાટલીપુત્ર વાચના મહાવીર સ્વામીના નિર્વાણ પછી આચાર્ય ભદ્રબાહુના સમયમાં થઈ હતી. તેનો કાલ ઈ. સ. નો. બીજે સૈકો મનાય છે.

આગમોનો પ્રાચીન અંશ ઈ. પૂ. નો ગણાય છે. વલભીમાં આગમોનો લેખનકાલ ઈ. સ. ૪૫૩ મનાય છે. તે સમયે કેટલા આગમો લિપિબધ્ધ થયા હતા તેની કોઈ જ માહિતી મળતી નથી. પરંતુ તે શ્રુતરુપે જળવાયેલા અંગસાહિત્યનું અંતિમ લેખિત સંકલન મનાય છે. કેટલાક વિદ્વાનોં આગમોના લેખન કાળને જ રચના કાળ ગણવાની ભૂલ કરે છે.

સમગ્ર આગમોને જોતાં અંગસાહિત્ય ગણધર રચિત છે- તો તેનો સમય ગણધરોનો જ સમય હોવો જોઈએ, જ્યારે અંગબાહ્ય ગ્રંથો અન્ય મહાપુરૂષોની રચના છે. તેથી તેમનો સમય ગ્રંથના રચના કાળ પરથી નક્કી થઈ શકે છે. અંગ બાહ્યમાં પ્રજ્ઞાપનાસૂત્રના કર્તા આર્યશ્યામ છે. તેથી તેનો સમય વીરનિર્વાણ સવંત ૩૩૪ થી ૩૭૬ વચ્ચેનો કોઈપિણ સમય હોવો જોઈ એ એટલે તેનો રચના કાળ ઈ. પૂ. ૧૮૨ થી ઈ. સ. પૂ. ૧૫૧ ની વચ્ચેનો હોઈ શકે.

સૂર્ય. ચંદ્ર અને જંબુપ્રજ્ઞાપ્તિ એ ત્રણે ગ્રંથો ખુબ જ પ્રાચીન છે. તેમાં કોઈ શંકા નથી. આત્રણે પ્રજ્ઞાપ્તિઓનો ઉલ્લેખ અને દિગંબર પંથના અને શ્વેતાંબર એમ બે પંથ પડ્યા તે પહેલાં આ ત્રણે પ્રજ્ઞપ્તિઓની રચના થઈ હોવી જોઈએ. તેમનો સમય વિક્રમ સંવત પૂર્વનો હોઈ શકે.

છેદસૂત્રોમાંના દશાશ્રુત સ્કંધ, બૃહત્કલ્પ અને વ્યવહારની રચના ભદ્રબાહુએ કરી હતી. તેમનો સમય ઈ. સ. પૂ ૩૫૭ ની આસપાસની મનાય છે. તેથી આ સમય છેદસૂત્રોનો પણ ગણી શકાય.યાકોબી તથા શુબ્રિંગના જણાવ્યા પ્રમાણે પ્રાચીન છેદસૂત્રોનો સમય ઈ. સ. પૂ.ચોથીના અંતથી ઈ. સ. ત્રીજી સદીની સુધીનો ગણે છે. જીતકલ્પ આચાર્ય જિનભદ્રની કૃતિ હોવાથી તેનો સમય નક્કી છે. મહાનિશીથનુ સંશોધન હરિભદ્રસૂરિએ કર્યું છે. મૂલસૂત્રોમાં દસવૈકાલિકની રચના શય્યંભવ સૂરિએ કરી છે. તેમનો સમય વીરનિર્વાણ સંવત ૭૫ થી ૮૦ નો ગણાય છે, એટલે તેમનો સમય ઈ. પૂ.૪૫૨ થી ૪૨૮ નો છે.

ઉત્તરાધ્યયસૂત્ર એક જ લેખકની કૃતિ નથી પણ એ એક સંકલન છે. વિદ્વાનો તેનો સમય ઈ. ત્રીજી-ચોથી શતાબ્દી માને છે. આવશ્યક સૂત્ર તો અંગસાહિત્ય જેટલુંજ પ્રાચીન છે. તેથી તેનો સમય મહાવીર નિર્વાણની આસપાસનો ગણવામાં આવે છે.

નંદીસૂત્ર દેવવાચકની કૃતિ છે. તેનો સમય પાંચ-છં શતાબ્દી મનાય છે. તેની અનુયોગવ્દાર વિક્રમ સવંત પૂર્વના સમયનો ગ્રંથ છે. તેની વ્યાખ્યા આવશ્યકસૂત્રમાં આવે છે. પ્રકીર્ણકમાં ચતુઃશરણ, આતુરપ્રત્યાખ્યાન અને ભક્ત પરિજ્ઞા વીરભદ્રના રચનાઓ છે. એવો એક મત છે. તેમનો સમય ઈ. સ. ૯૫૧ છે. આમ સમગ્ર વ્યક્તિગત ગ્રંથોનો અભ્યાસ કર્યા પછી જ આપણે તેમનો નિર્શ્ચિત સમય બતાવી શકીએ.

દિગંબરોની આગમ વિશેની માન્યતા પ્રમાણે હાલ ઉપલ્લબ્ધ આગમ સાહિત્ય છે એ મૂળ આગમો નથી, પણ પાછળથી

રચાયેલા છે અને તેના કર્તા તરીકે તેઓ મહાવીર સ્વામી પછીના ગૌતમ, સુધર્મા, જંબુસ્વામી અને ભદ્રબાહુને તેઓ સ્વીકારતા નથી.

ઈ. સ. પહેલી શતાબ્દીની આસપાસના સમયમાં અચેલત્વના પ્રશ્ર્ન પર જૈન પરંપરામાં બે પંથ પડી ગયા અને આગમ સંબંધી માન્યતામાં પણ મતભેદ ઉભા થયા. મૂળ આગમોને તેઓ વિછિન્ન થયેલું ગણે છે, આમ છતાં તેમનાં ગ્રંથોમાં પ્રાચીન આગમોનો ઉલ્લેખ જરૂર મળે છે.

શ્વેતાંબરીય નંદીસૂત્રમાં આગમોની સંખ્યામાં બાર ઉપાંગોનો ઉલ્લેખ નથી તેમ દિગંબરો ઉપાંગોની આગમોમાં ગણતા નથી. શ્ર્વેતાંબરો વ્દાદશાંગ આગમોને ગણધરકૃત ગણે છે અને તેની ભાષા અર્ધમાગધી માને છે.

જ્યારે અંગપ્રવિષ્ઠના બાર ગ્રંથો છે. આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ જ્ઞાતા ધર્મ કથાઓ, ઉપાસકદશાઓ, અંતકૃતદશાંગ, અનુત્તરોપપાતિક દશાંગ, પ્રશ્ર્ન વ્યાકરણ, વિપાક સૂત્ર અને દ્દષ્ટિવાદ દ્દષ્ટિવાદના પાંચ ભેદ ગણે છે. પરિકર્મ, સૂત્ર, પ્રથમાનુયોગપૂર્વગત, ચૂલિકા, તે પરિકર્મના પાંચ ભેદ ગણે છે, ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, જંબુવ્દિપપ્રજ્ઞપ્તિ, વ્દિપસાગર પ્રજ્ઞપ્તિ, વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ, તથા ત્રેરાશિકવાદનો ઉલ્લેખ છે. નિયતિવાદ, વિજ્ઞાનવાદ, શબ્દવાદ, પ્રધાનવાદ, દ્રવ્યવાદ, અને પુરુષવાદનું વર્ણન છે. પ્રથમાનુયોગમાં પુરાણોનો, ઉપદેશ છે. પૂવગત અધિકારમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનું કથન છે. તેની સંખ્યા ચૌદ છે. ચૂલિકાના જલગતા,

સ્થલગતા, માયાગતા, રુપગતા અને આકાશગતા જેવા પાંચ ભેદ છે.

દિગંબરોની માન્યતા પ્રમાણે દૃષ્ટિવાદનો કેટલોક ભાગ બચ્યો છે. અને તે ષટ્ખંડાગમ નામે મોજૂદ છે. દિગંબરોએ જૈન આગમને ચાર વિભાગમાં વહેંચી નાખ્યું છે, પ્રથમાનુયોગમાં રવિષેણનું પદ્મપુરાણ જિનસેનનું હરિવંશપુરાણ, જિનસેન (બીજા) અને તેમના શિષ્ય ગુણભદ્રનું આદિપુરાણ અને ઉત્તરપુરાણ. કરણાયોગમાં સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ, ષટ્ખંડાગમ-ધવલા, જ્યધવાલા ગોમ્મસાર વગેરેનો સમાવેશ થાય છે.

દ્રવ્યાનુયોગમાં કુંદકુદાચાર્યની રચનાઓ જેવી કે પ્રવચનસાર, પંચાસ્તિકાય, સમયસાર વિગેરે, ઉમાસ્વાતિનું તત્ત્વાર્થ સૂત્ર અને તેની ટીકાઓ, સમંતભદ્રની આપ્તમીમાંસા અને ટીકાઓ છે. ચરણાયોગમાં વટ્ટકેરનું મૂલાચાર, ત્રિવર્ણાચાર, અને સમંતભદ્રના રત્નકરંડ-શ્રાવણાચારનો સમાવેશ થાય છે. આ સર્વ દિગંબરોનુ આગમ સાહિત્ય ગણાય છે.

એમ કહેવાય છે કે મહાવીર સ્વામી પછી ૭ પંથો પડી ગયા હતા. આજે તેમાંના ધણાં લુપ્ત થઈ ગયા છે અથવા નામશેષ રહ્યા છે. તેમાં સ્થાનકવાસી પોતાના આગમોની સંખ્યા બત્રીસ ગણાવે છે. અગિયાર અંગો, બાર ઉપાંગો સાથે સંખ્યા ત્રેવીસ થાય છે. તેમાં ચોવીસમું નિશિથ, પચ્ચીસમું બૃહત્કલ્પ, છવ્વીસમું વ્યવહાર અને સત્તાવીસમું દશાશ્રુતસ્કંધ ઉપરાંત અનુયોગદ્વાર, નંદીસૂત્ર, દસ વૈકાલિક ઉત્તરાધ્યયન અને આવશ્યક આમ પાંચ ઉમેરાતા સંખ્યા બત્રીસની થાય છે. કેટલાંકને મતે (૮૪) ચોર્યાશી

આગમો પણ અગિયાર અંગો, બાર ઉપાંગો હતા છેદ સૂત્રો, મૂલસૂત્રો, બે ચૂલિકાઓ, અહિં છૂટક ગ્રંથો, ત્રીસ પ્રકીર્ણક, બાર નિર્યુક્તિઓ, એક સ્વતંત્ર નિર્યુક્તિ (વિશેષાવશ્યક ભાષ્ય) આમ ચોર્યાસી આગમો ગણે છે.

આમાં અગિયાર અંગો અને ઉપાંગો સર્વ સ્વીકૃત છે. છેદસૂત્રમાં છતાં પંચકલ્પની ગણના નથી. જ્યારે અન્ય ગ્રંથો નીચે પ્રમાણે છે. કલ્પસૂત્ર, જિનકલ્પ, યતિજિનકલ્પ, શ્રાદ્ધજિનકલ્પ, પાક્ષિક, ક્ષમણા, વંદિતુ, ઋષિભાષિત ત્રીસ પ્રકીર્ણગ્રંથો-ચઉશરણ, આતુર પ્રત્યાખ્યાન, ભકતપરીક્ષા, સંસ્તારક, તંદૂલ વૈચારિક, ચંદ્રવેધ્યક, દેવેન્દ્રસ્તવ. ગણિવિદ્યા, મહાપ્રત્યાખ્યાન, વીરસ્તવ, અજીવકલ્પ, ગચ્છાચાર, મરણસમાધિ, સિદ્ધપ્રાભૃત, તીર્થોદ્ધાર, આરાધનાના પતાકા, દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ, જ્યોતિષ કરંડક, અંગવિદ્યા, તિથિ પ્રકીર્ણક, પિંડનિર્યુક્તિ, સારાવલી, પર્યતારાધના, જીવવિભક્તિ, કવચ, યોનિપ્રાભૃત, અંગચૂલિકા, વંગચૂલિકા, જંબૂપયન્ના.

બાર નિર્યુક્તિયો:-આવશ્યક, દસવૈકાલિક, ઉતરાધ્યયન, આચારાંગ. સૂત્રકૃતાંગ, બૃહત્કલ્પ વ્યવહાર, દશાશ્રુત, કલ્પસૂત્ર, પિંડનિર્યુક્તિ, ઓધનિર્યુક્તિ, શંસકતનિર્યુક્તિ, અને એક ગ્રંથ તે વિશેષાવશ્યક ભાષ્ય, આમ ૮૪ (ચોર્યાશી) આગમો છે.

આગમ સાહિત્ય અખંડ પણે દ્રવ્ય-કાળ-ક્ષેત્ર અને ભાવના પરિણામે હાલ ઉપલબ્ધ નથી. શ્વે-માન્ય ૪૫ આગમો છે. જેમાં બાર અંગો જેમાં છેલ્લુ દૃષ્ટિવાદ વિછિન્ન થયેલું મનાય છે. (૧૨) બાર ઉપાંગસૂત્રો, બાર મૂળસૂત્રો, છ છેદસૂત્રો, બે ચૂલિકાસૂત્ર,

અને ૧૦ પ્રકીર્ણક ગ્રંથો ગણાય છે.

(૧) આચારાંગસૂત્ર-આચારાંગમા બે મુખ્ય વિભાગો છે. શ્રમણ નિર્ગ્રન્થોનો સુપ્રશસ્ત આચાર, ગોચરી લેવાની વિધિ, વિનય, વૈનયિક, કાર્યોત્સર્ગાદિ, સ્થાન વિહાર-ભૂમિ આદિમાં ગમન, સંક્રમણ (એટલે શરીરનો શ્રમ દૂર કરવા બીજા સ્થાનમાં ગમન) આહારાદિ પદાર્થોનું માપ, સ્વાધ્યાયાદિમાં નિયોગ ભાષાસમિતિ, ગુપ્તિ, શય્યા, ઉપધિ, ભક્તપાન, ઉદ્ગમ આદિને લગતા દોષોની વિશુદ્ધિ, શુદ્ધાશુદ્ધ ગ્રહણ, વ્રત, નિયમ, તપ અને ઉપધાન, આદિ વિષયોને તેમાં સમાવી લેવામાં આવ્યા છે.

(૨) સૂત્રકૃતાંગસૂત્રઃ-સ્વસિદ્ધાંત, પરસિદ્ધાંત જીવઅજીવ, જીવાજીવ, લોક, અલોક, લોકાલોક, પાપ-પુણ્ય, આસ્ત્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ આદિ પદાર્થો, ઈતર દર્શનથી મોહિત, સંદિગ્ધ અને નવદીક્ષિતની શુદ્ધિ માટે ક્રિયાવાહના મત, અક્રિયાવાહના મત, અજ્ઞાનવાહ, વિનયવાહ, મળીને ૩૬૩ અન્ય દૃષ્ટિના મતનો પરિક્ષેપ કરીને સ્વસમયસ્થાપન, વગેરેની ચર્ચા આમાં કરવામાં આવી છે. આમ સૂત્રકૃતાંગ સૂત્રમાં પ્રધાનપણે ભિન્ન ભિન્ન દર્શનોનુ આલેખન છે. એથી આ સૂત્ર દ્રવ્યાનુયોગને લગતુ કહેવાય.

(૩) સ્થાનાંગસૂત્રઃ-દસ અધ્યયનો છે. એક સંખ્યાથી માંડીને દસ સંખ્યા સુધી ક્રમિક વસ્તુઓનુ વર્ણન છે, જીવ, પુદ્ગુલ, ધર્મ, અધર્મ, કાળ અને આકાશ આ છ દ્રવ્યોનુ વર્ણન છે. ૭૮૩ સૂત્રો છે. શ્રુત સાહિત્યના અંગબાહ્ય અને અંગપ્રવિષ્ઠ ભેદ બતાવ્યા છે. નિર્ગ્રંથિનીઓના વસ્ત્ર અને પાત્રોનો, ચાતુર્માસ ધર્મનો, ત્રણ પ્રકારની વ્દીક્ષાનો, ચાર પ્રકારનાં હાથી, ચાર નોકરો, ચાર

પ્રકારની આજીવિકા, તથા વર્ષાઋતુમાં વિહાર આદિનો નિષેધ બતાવ્યો છે. વાસુપૂજ્યસ્વામિ, મલ્લીનાથ અને અરિષ્ઠનેમિ, પાશ્ર્વ તથા ભગવાન મહાવીરની પ્રવજ્યાનો ઉલ્લેખ છે. દૃષ્ટિવાદના દસ નામો બતાવ્યા છે. અને દશ આશ્ચર્યોમાં ભગવાન મહાવીરના ગર્ભહરણની બીના અને સ્ત્રી ભવે તીર્થંકર થયાનો ઉલ્લેખ છે.

(૪) સમવાયાંગ સૂત્ર-આ સૂત્રમાં એક સંખ્યાથી શરુ કરીને કરોડોની સંખ્યા સુધીની વસ્તુઓનો સંગ્રહ છે. બાર અંગ ચૌદ પૂર્વોના વિષયવર્ણન, અઢાર પ્રકારની લિપિયો, નંદિસૂત્રનો, ઉલ્લેખ છે. અભયદેવસૂરિયે આના પર ટીકા લખી છે. 'આત્મા, જીવ, અજીવ, ત્રણગુપ્તિ ચાર કષાય પાંચ મહાવ્રત, છ જીવનિકાય, સાત સમુદ્રધાત, આઠ મદ, નવતત્વ દસ પ્રકારના શ્રમણ ધર્મ, અગિયાર ગણધરો, બાર ભિક્ષુપ્રતિમા, તેર ક્રિયાસ્થાનો, સત્તર પ્રકારનો અસંયમ, આ ઉપરાંત ભગવાન મહાવીર નેમિનાથ પાશ્ર્વનાથ મલ્લિનાથ અને વાસુપૂજ્ય સિવાયના તીર્થંકરોની દીક્ષાનો ઉલ્લેખ છે, ગોશાલકના આજીવિક સંપ્રદાયનો ઉલ્લેખ મળે છે.

(૫) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ-(ભગવતીસૂત્ર)- આ સૂત્રમાં જીવાદિ પદાર્થોની વ્યાખ્યાઓનુ પ્રરુપણ કરવામાં આવ્યું હોવાથી તેને વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ નામ આપવામાં આવ્યું છે. મહાવીરના જીવનને લગતી કેટલીક વિગતો મળે છે. ગૌતમ ગણધર શ્રમણ ભગવાન મહાવીરને જૈન સિદ્ધાંત વિશે જે પ્રશ્નો પૂછે છે તેનો વિસ્તારપૂર્વક ઉત્તર આપે છે. અન્ય મતવાદીયો સાથેના ભગવાન મહાવીરના વાદવિવાહનુ પણ આમાં વર્ણન કરવાંમા આવ્યુ છે. ભગવાન

મહાવીરે આપેલા આ ઉત્તરો દ્રવ્યગુણ, ક્ષેત્ર, કાલ-પર્યવ પ્રદેશ અને પરિણામના અનુગમ, નિક્ષેપણ તથા પ્રમાણ છે. આ ગ્રંથનું જૈનોમાં વિશેષ મહત્ત્વ છે. વ્યાખ્યા પ્રજ્ઞપ્તિની વ્યુત્પત્તિ, સ્વ. પંડિત બેચરદાસ દોશી આ રીતે કરે છે. "વિ-વિવિધ–આ અવધિ–ખ્યા - કથન– પ્રજ્ઞપ્તિ-પ્રરુપણા."

આ ઉપરાંત મહાવીરના પ્રથમ શિષ્ય ગોશાલક જે અંતિમ સમયે ભગવાનનો પ્રતિસ્પર્ધી તરીકેનો ઉલ્લેખ મળે છે. તથા તેનો આજીવિક સંપ્રદાયનો પણ ઉલ્લેખ છે. તથા તેનો આજીવિક સંપ્રદાયનો પણ ઉલ્લેખ છે સોળ જનપદોનો, વિષયવર્ણનમાં ક્રમબધ્ધતા નથી. કેટલાંક અતિશય લાંબા તો કેટલાંક સંક્ષિપ્ત છે. અભયદેવસૂરિની ટીકા છે. આ ગ્રંથના પદોની સંખ્યામાં મતભેદ છે. અભયદેવ સૂ. મતાનુસાર છત્રીસ હજાર પ્રશ્નો અને બે લાખ અઠ્ઠ્યાશી હજાર પદો છે ત્યારે સમવાયાંગ અને નંદીસૂત્ર પ્રમાણે ચોર્યાશી હજાર પ્રશ્નો અને એક લાખ ચુમ્માલીશ હજાર પદો છે. અવચૂર્ણીની રચના થઈ છે. બ્રાહ્મી લિપિને નમસ્કાર કરવામાં આવ્યા છે. અર્ધમાગધી ભાષાનો ઉલેખ છે.

(૬) જ્ઞાતાધર્મકથા- જૈન આગમ સાહિત્યમાં વાઙ્મયના પ્રકારની દૃષ્ટિયે ધર્મકથાનુયોગ નામનો એક આખો સ્વતંત્ર વિભાગ જ કરવામાં આવેલો છે. અને જ્ઞાતાધર્મ કથા નામના આ આગમને એ વિભાગના નિર્દેશક તરીકે ગણવામાં આવે છે. હાલમાં ૧૮ અધ્યાયનો જ ઉપલબ્ધ છે. આ ગ્રંથમાં રાજપુરૂષોનાં નામો, નગરો, ઉદ્યાનો, ચૈત્યો, વનખંડો. સમવસરણો, ધર્માચાર્યો, ધર્મકથાઓ, ઈહલૌકિક, પારલૌકિક, ઋદ્ધિવિશેષો,

ભોગપરિત્યાગો પ્રવજ્યાઓ, શ્રુતપરિગ્રહો, તપ, ઉપધાન, સંલેખના, ભક્તપ્રત્યાખ્યાનો, પાદપોપગમનો, દેવલોકગમનો, સુકુલમાં પ્રત્યવતારો, બોધિલાભ અને અંત ક્રિયાઓ વિશે માહિતી આપવામાં આવી છે.

(૭) ઉપાસકદસા સૂત્રઃ-આ ગ્રંથમા અધ્યયનો દસ છે. અને ભગવાન મહાવીરના દસ ઉપાસકોના આચારનું વર્ણન છે. અભયદેવસૂરિએ આની પર ટીકા લખી છે. આનંદ ઉપાસક, કામદેવ ઉપાસક, ચુલાણી પિતાગૃહપતિ, સુરાદેવ ગૃહપતિ, ચુલ્લશતક, કુંડકોલિક શ્રમણોપાસક, સદાલપૂત્ર કુંભારની, મહાશતક ગૃહપતિ, નંદિનીપિતા અને સાલિહીપિતાની કથાઓના વર્ણન છે. વર્ણનોમાં વિવિધતા ખુબજ ઓછી છે. આમ આ ગ્રંથમા ઉપાસકોના સંક્ષિપ્ત જીવનની માહિતિ છે.

(૮) અંતગડદસાઓઃ-જેમના કર્મોનો ક્ષય થયો છે તેને અંતકૃત કહેવાય છે. જેમના કર્મોનો ક્ષય ક્ષયો છે તેવા કેવલીઓના કથન કહેતો આ ગ્રંથ આઠ વર્ગમાં રચાયેલો છે. પ્રથમ વર્ગમાં ગોતમ કેવલીની કઠોર તપશ્ચર્યાનુ વર્ણન છે. બીજા વર્ગમાં આઠ અધ્યયન છે. ત્રીજા વગમાં અણીયસ ગૃહપતિની વાત આવે છે. જેણે શત્રુંજ્ય પર્વત પર જઈને કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યાનો ઉલ્લેખ છે. ચોથા-પાંચમા વર્ગમાં દસ-દસ અધ્યયન છે. ભગવાન અરિષ્ઠનેમિનો ઉલ્લેખ આવે છે. છઠા વર્ગમાં સોળ અધ્યયન છે. અભયદેવ સૂરિની ટીકા મળે છે. આઠમા છેલ્લા વર્ગમાં અનેક વ્રત, ઉપવાસ, તપના પ્રકારોનો ઉલ્લેખ છે.

(૯) અનુત્તરોપપાતિક સૂત્રઃ-અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન

થનાર વિશાળ ૩૩ પુરુષોના આખ્યાન છે. જૈનધર્મ ગ્રંથમાં અનુત્તરવિમાન નામના સ્વર્ગનુ વર્ણન કરવામાં આવ્યુ છે. આ ગ્રંથમાં મૂળ દસ અધ્યયનો હતા. ત્રણ વર્ગમાં વહેંચાયેલો છે, જાલિકુમાર, દીર્ઘસેન સુનક્ષત્ર, ધન્ય, ઋષિદાસ, પેલક, રામપુત્ર, ચંદ્રકુમાર, પોષ્ઠિપુત્ર, પેઢાલકુમાર પોટિલકુમાર, અને વહલકુમારના આખ્યાનો છે. આ સૂત્ર સંક્ષિપ્ત છે.

(૧૦) પ્રશ્નર્વ્યાકરણ દશાઃ-વિદ્યા સંબંધી વ્યાકરણનુવિવેચન, પ્રતિપાદન એવો અર્થ થાય છે. તેમાં દસ અધ્યયનો છે. આસ્ત્રવ અને સંવરનુ વર્ણન મળે છે. મૂળસૂત્ર નાશ પામ્યું હોય તેમ જણાય છે. નંદિસૂત્રના ઉલ્લેખ પ્રમાણેનો વિષય કોઈ જ દેખાતો નથી મળતો નથી. અભયદેવે ટીકા લખી છે. અહિંસા વ્રતની પાંચ ભાવનાઓનો ઉલ્લેખ છે- વ્રતની પાંચ ભાવનાઓ, બ્રહ્મચર્યના પ્રતિપાદન માટે બત્રીસ પ્રકારની ઉપમાઓ બતાવીને પાંચ ભાવનાઓનો ઉલ્લેખ છે.

(૧૧) વિપાકસૂત્રઃ-આ સૂત્રમાં પાપ અને પુણ્યના ફળનું નિર્દેશન હોવાથી તેનું નામ વિવાહ સૂત્ર રાખવામાં આવ્યું છે. આ ગ્રંથમા જક્ખાયતન મંદિરનો ઉલ્લેખ આવે છે. બેશ્રુતસ્કંધમા અને દરેકમાં દસ દસ અધ્યયનોમાં વહેંચાયેલો છે. મૃગાપુત્ર, ઉજ્જિત અભગ્નસેન, શકટ. બુહસ્પતિદત્ત, નંદિષેણ, ઉમ્બરદત્ત, સોરિયદત્ત, દેવદત્તા, અંજૂદેવી તથા સુબાહુ અને ભદ્રનંદિ વિગેરે પર ટીકા અધ્યયનો છે.

(૧૨) દૃષ્ટિવાદઃ-ઃછેલ્લુ બારમું અંગ હાલ ઉપલબ્ધ નથી તેમાં વિભિન્ન દૃષ્ટિઓની પ્રરુપણા હોવાથી તેને દૃષ્ટિવાદ કહેવામાં

આવે છે. વિશેષ નિશીથ ચૂર્ણિમાં જણાવ્યા પ્રમાણે આ ગ્રંથમા દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, ધર્માનુયોગ, અને ગણિતાનુયોગના વિષયો હોવાથી છેદસૂત્રોની જેમ તેને ઉભય વિભાગમાં વહેંચવામાં આવી છે. (૧) પરિકર્મ, સૂત્ર, પૂર્વ અનુયોગ અને ચૂલિકા, ઉપર્યુક્ત જણાવેલાં ૧૨ અંગોની વિષયસામગ્રી વર્તમાનકાળે પૂર્ણસ્વરુપે ઉપલબ્ધ નથી. દૃષ્ટિવાદનો પ્રથમભાગ પરિકર્મ સાત પ્રકારનો છે. (૧) સિદ્ધ શ્રેણિક પરિકર્મ, મનુષ્ય શ્રેણિક, પુષ્ટ શ્રેણિક, અવગ્રહ શ્રેણિક, ઉપસંપાદન શ્રેણિક, વિપભ્ભહ શ્રેણિક, ચ્યુતાચ્યુતાશ્રેણિક, સૂત્ર વિભાગના ૮૮ ભેદો છે. પૂર્વો-૧૪ પ્રકારનાં છે-(૧) ઉત્પાદ, અગ્રાયણી, વીર્યપ્રવાહ, અસ્તિનાસ્તિ, જ્ઞાનપ્રવાહ, સત્યપ્રવાહ, આત્મપ્રવાહ, સમયપ્રવાહ, પ્રત્યાખ્યાન પ્રવાહ, વિદ્યાનુપ્રવાહ, અવન્ધય, પ્રાણવાહ, ક્રિયાવિશાલ અને લોકબિન્દુસાર. આ ૧૪ પૂર્વોનો વિસ્તૃત વિષય સમવાયાંગની ટીકામાં છે. અનુયોગ બે પ્રકારના બતાવ્યા છે. (૧) મૂલ પ્રથમાનુયોગ (૨) ગંડિકાનુયોગ. સૂત્રવિભાગમાં અન્ય તીર્થિકોના મતમતાંતરનુ ખંડન કરવામાં આવ્યુ છે. ચૂલિકાની સંખ્યા બત્રીશ બતાવી છે. દૃષ્ટિવાદનો જે વિષય પરિકર્મ, સૂત્ર, પૂર્વ અને અનુયોગમાં નથી બતાવ્યો તે બધાનો સમાવેશ ચૂલિકામાં ક્ર્યો છે. બૃહત્કલ્પનિર્યુક્તિના જણાવ્યા પ્રમાણે, અભિમાન, ચંચલ સ્વભાવવાળી, અને મંદબુદ્ધિવાળી સ્ત્રીઓને માટે દૃષ્ટિવાદના અધ્યયનનો નિષેધ કરવાંમા આવ્યો છે.

## ઉપાંગ સાહિત્ય

આ સાહિત્યમાં બાર ગ્રંથો છે. (૧) ઔપપાતિકસૂત્ર ઉપપાત એટલે જન્મ. દેવ કે નરકલોકમાંજન્મ અથવા સિધ્ધગમન અને તેના અધિકારવાળો આ ગ્રંથ છે. જનો, તાપસો, શ્રમણો, પરિવ્રાજકો આદિનાં સ્વરુપો તેમાં દર્શાવ્યાં છે. અંબડ પરિવ્રાજકનો અધિકાર આવે છે. શ્રમણો, આજાવિકો, નિન્હવો,આદિ બતાવી કેવલી સમુદ્રધાત અને સિધ્ધ સ્વરુપનુ નિરુપણ કર્યુ છે.

(૨) રાજપ્રશ્નીયઃ-રાયપસેણીય ગ્રંથમાં પ્રથમ સૂર્યાભદેવ ભગવાન મહાવીરને વાંદવા જાય છે. ત્યારબાદ પાશ્ર્વનાથના ગણધર શ્રી કેશીનો શ્રાવસ્તી નગરીમાં પ્રદેશીરાજા સાથેનો સંવાદ છે. સાહિત્યિક દૃષ્ટિયે આ રસપ્રદ ગ્રંથ છે, એમ વિન્ટરનિત્જ કહે છે. આના પર મલયગિરની ટીકા છે.

(૩) જીવાભિગમઃ-જેમાં જીવનું અતિશય-જ્ઞાન છે તેનું નામ જીવાભિગમ, આ ગ્રંથમા જીવ, અજીવ, જંબુદ્વિપનું ક્ષેત્ર, પર્વત વગેરેનુ વિસ્તૃત વર્ણન છે. આ ગ્રંથની ગણના ઉત્કાલિક શ્રુત સાહિત્યમાં કરવામાં આવી છે. ભગવાન મહાવીર અને ગૌતમ ગણધરની વચ્ચેના જીવ-અજીવના પ્રભેદોના પ્રશ્નો-ઉત્તરોનું વર્ણન છે. મલયગિરની ટીકા છે. આચાર્ય હરિભદ્રસૂરિ અને દેવસૂરિએ આના પર લઘુવૃત્તિઓ લખી છે. નવ પ્રકરણમાં વહેંચાયેલો છે.

(૪) પ્રજ્ઞાપનાઃ- આના કર્તા વાચકવંશીય આર્યશ્યામાચાર્ય છે. ૩૬ પદોમાં વિભક્ત છે. અંગસાહિત્યમાં જે સ્થાન ભગવતીસૂત્રનું છે તેવું સ્થાન પ્રજ્ઞાપના ગ્રંથુનં ઉપાંગ સાહિત્યમાં

છે. આ ગ્રંથમા જીવ, અજીવ, આસ્ત્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષનું વર્ણન છે. જેમાં જીવાજીવ પદાર્થોની પ્રજ્ઞાપના અર્થાત્ સુવ્યવસ્થિત જાણકારી છે તેનું નામ પ્રજ્ઞાપના છે. લેશ્યા સમાધિ અને લોકસ્વરુપની સમજણ આપી છે.

(૪) સૂર્યપ્રજ્ઞપ્તિઃ-આ ગ્રંથમા સૂર્યાદિ જ્યોતિષચક્રનું વર્ણન છે, ભદ્રબાહુએ આના પર નિર્યુક્તિ રચી છે. આમાં ૨૦ પ્રાભૃત છે (૧) મંડલગતિ સંખ્યા, સૂર્યનો તિર્ક્ય, પરિભ્રમ, પ્રકાશ્ય ક્ષેત્રપરિમાણ, પ્રકાશસંસ્થાન, લેશ્યા પ્રતિઘાત, ઓજઃસંસ્થિતિ, સૂર્યાર્યાવારક ઉદયસંસ્થિતિ, પોરુષી છાયાપ્રમાણ યોગસ્વરુપ, સંવત્સરોના આદિ અને અંત, સંવત્સરના ભેદ, ચંદ્રની વૃધ્ધિ-અપવૃધ્ધિ, જ્યોત્સનાપ્રમાણ શીધ્રગતિ નિર્ણય જ્યોત્સના લક્ષણ ચ્યવન અને ઉપપાત, ચંદ્રસૂર્યાદિની ઉંચાઈ, તેમનું પરિમાણ અને ચંદ્રાદિનો અનુભાવ આદિ વિષયોની વિસ્તૃત ચર્ચા છે. આ ગ્રંથ ખગોળશાસ્ત્રનાં અભ્યાસીને ઉત્તમ પ્રેરણા આપે તેવો છે.

(૬) જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિઃ-આમાં જંબુદ્વીપનું વિસ્તારથી વર્ણન છે. ભૂગોળ વિષયક ગ્રંથ છે. આના પર શાંતિચંદ્રની ટીકા મળે છે. આમાં ભારત વર્ષના વર્ણનમાં રાજા ભરતની ઘણી કથાઓ આવે છે. ગ્રંથ બે ભાગમાં છે. પૂર્વાર્ધમાં ચાર અને ઉત્તરાર્ધમાં ત્રણ વક્ષસ્કાર છે.

પ્રથમ વક્ષસ્કારમાં ભરતક્ષેત્રનું વર્ણન છે, બીજામાં અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળના છ ભેદ બતાવ્યા છે. ત્રીજામાં ભરતરાજાના દિગ્વિજયનું વર્ણન છે. પાંચમાં વક્ષસ્કારમાં તીર્થંકરોના જન્મોત્સવનું વર્ણન છે.

(૭) ચંદ્રપ્રજ્ઞપ્તિઃ-ચંદ્રપ્રજ્ઞપ્તિનો વિષય સૂર્યપ્રજ્ઞપ્તિના વિષયને મળતો આવે છે. ૨૦ પ્રાભૃતોમાં ચંદ્રના પરિભ્રમણનું વર્ણન છે. આમ ચંદ્રજયોતિષને લગતો ગ્રંથ છે. વિન્ટર નિત્જના મત પ્રમાણે આ પ્રજ્ઞપ્તિત્રયી વૈજ્ઞાનિકગ્રંથો છે. આના પર મલયગિરિમની ટીકા મળે છે. સ્થાનાંગસૂત્રમાં ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, જંબૂદ્વિપપ્રજ્ઞપ્તિ અને દ્વિપસાગર પ્રજ્ઞપ્તિની ગણના અંગબાહ્યશ્રુતમાં કરવામાં આવી છે.

(૮) કલ્પિકાઃ-આનુ બીજું નામ નિરયાવલી પણ છે. નિરય એટલે નરકયોનિની આવલિ કરનાર ગ્રંથ તે નિરયાવલિ આ ગ્રંથમાં મગધના રાજા શ્રેણિકનુ મૃત્યુ તેના પુત્ર કોણિકથી થયેલી વાતનો ઉલ્લેખ છે. જે બૌધ્ધ સાહિત્યમાં પણ છે. નિરયાવલિ ગ્રંથમાં દસ અધ્યયનો છે. શ્રેણિકના દસ પુત્રો કાલિકુમાર આદિ તેમના પિતામહ વૈશાલિના રાજા ચેટક સાથે યુધ્ધમાં લડતાં મરાયા નરકમાં જઈ મોક્ષ પામશે તેવી હકીકત છે.

(૯) પુષ્પિકાઃ-દસ અધ્યયનોમાં વહેંચાયેલો છે. પુષ્પક વિમાનમાં બેસી દેવદેવીઓ ભગવાન મહાવીરને વંદન કરવા આવે છે, અને તેમના પૂર્વભવ વિશે મહાવીર ગૌતમને સમજાવે છે. ચંદ્ર અને સૂર્યની પૂર્વકરણી, મહાશુકદેવનો પૂર્વભવ, સોમલબ્રાહ્મણ, બહુપુતીયા દેવીનો પૂર્વભવ-સુભદ્રા સાધ્વી, પૂર્ણભદ્ર દેવનો ભવ, માણિભદ્ર, દત્તદેવ, બલનામદેવ, શિવદેવ, અને અનાહતદેવના પૂર્વભવનું વર્ણન આવે છે. ભગવતીસૂત્ર જેમ આમાં પણ બ્રાહ્મણ શાસ્ત્રોનો ઉલ્લેખ છે.

(૧૦) પુષ્પચૂલિકા:-આ દસ અધ્યયનોનો ગ્રંથ છે. પુષ્પિકા પ્રમાણે શ્રી હરિ વગેરે દસ દેવીઓની પૂર્વકરણીનું વર્ણન છે. શ્રીનો પૂર્વભવ ભૂતા નામની સ્ત્રી હતી. તેને પાર્શ્વભગવાને નિગ્રંથ પ્રવચનમાં શ્રધ્ધા કરાવી હતી.

વૃષ્ણિદશા:-૧૨ અધ્યયનોમાં આ ગ્રંથ રચાયો છે. વૃષ્ણિવંશના બલભદ્રના ૧૨ પૂત્રો ભગવાન નેમિનાથ પાસે દીક્ષા મહાવિદેહ ક્ષેત્રમાં જશે તેનું વર્ણન છે.

મૂલસૂત્રો-

મૂલસૂત્રો બાર પ્રકારનાં છે. આવશ્યક, દસ વૈકાલિક ઉત્તરાધ્યયન પિંડનિર્યુક્તિ કે ઓઘનિર્યુક્તિ મૂલસૂત્રને અર્થ પ્રમાણે એ સર્વ નવદિક્ષિત સાધુઓને મૂળમાં એટલે કે સૌથી પ્રથમ પઠન કરવાનું સૂત્ર, બીજાના મતે મૂળસૂત્ર એટલે જેના પર નિર્યુક્તિયો રચાઈ હોય તેને મૂળસૂત્ર કહેવામાં આવે છે. આવશ્યક, દસવૈકાલિક, ઉત્તરાધ્યયન અને પિંડનિર્યુક્તિ એવો સૂત્રોનો ક્મ છે.

(૧) આવશ્યક સૂત્ર:-આવશ્યક સૂત્ર અંગ આગમ જેટલુ પ્રાચીન છે. આ ગ્રંથમાં જૈન સાધુઓ માટે પ્રતિદિન આવશ્યક ક્રિયા સંબંધી કરવાના પાઠ છે, તેના છ પ્રકાર છે. ૧સામયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદનક, પ્રતિક્મણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન. આ સૂત્ર પર આચાર્ય ભદ્રબાહુની નિર્યુક્તિ અને ભાષ્ય છે, ક્ષમાશ્રમણ જિનભદ્રગણિએ વિશેષાવશ્યક ભાષ્યની રચના કરી છે. જિનદાસગણિમહત્તરેચૂર્ણી લખી છે. આચાર્ય હરિભદ્રની શિષ્યહિતા નામની ટીકા છે. મલયગિરિની પણ ટીકા છે. હરિભદ્રસૂરિએ પોતાની ટીકામાં છ પ્રકરણોનુ પાંત્રીસ અધ્યયનોમાં

વર્ણન કર્યું છે. જેમાં સંસ્કૃત અને પ્રાકૃત કથાઓ મળે છે. તિલકાચાર્યે લઘુવૃત્તિ લખી છે. પ્રથમ આવશ્યક સામાયિકમાં મન, વચન અને કાયા વડે સર્વ કામોનો ત્યાગ કરી સમભાવથી સામાયિક વ્રત લઈ એક આસને ૪૮ મિનિટ સુધી સ્વાધ્યાય કરવુ બીજા આવશ્યકમાં ચોવીસ તીર્થંકરોના સ્તવનો આવે છે. ત્રીજામાં વંદન અને સ્તુતિ કરવામાં આવી છે. પ્રતિક્રમણ કરતાં સર્વજીવોને મન, વચન અને કાયિક રીતે ક્ષમા કરવાની તથા માગવાની હોય છે. કાયોત્સર્ગાવસ્થામાંમાં સર્વ વિકૃત્તિઓથી મન અને શરીર હટાવી એક જ ધ્યાનમાં સ્થિત કરવાનું, છઠ્ઠામાં અશન, પાન, ખાવું, અને સ્વાદનો ત્યાગ કરવાનું કહેલુ છે.

(૨) દસવૈકાલિક સૂત્ર:-આના રચયિતા આચાર્ય શય્યંભવસૂરિ છે. શિર્ષક પ્રમાણે દસ અધ્યયનો છે. વૈકાલિકનો અર્થ કાલથી નિવૃત્ત-વિકાલે અધ્યયન થઈ શકે તે માટે પૂર્વમાંથી લઈ ને રચ્યું હતું. પ્રથમ ગાથામાં જ–धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो. અહિંસા સંયમ અને તપ એ ઉત્કૃષ્ટ મંગલરુપ ધર્મ છે. ઉત્તમોતમ છે. આચાર્ય ભદ્રબાહુએ આની પર નિર્યુક્તિ રચી છે. આ ગ્રંથમાં આવતાં ઉદાહરણો જેવા જ બૌધ્ધ ધર્મના ધમ્મપદમાં ઉલ્લેખો આવે છે. આ ગ્રંથનું અધ્યયન સંધ્યા સમયે કરવામાં આવતુ હતું. આ ગ્રંથ પર અને જિનદાસગણિ મહત્તરે ચૂર્ણિ લખી છે. અને આચાર્ય હરિભદ્રસૂરિએ ટીકા રચી છે. આ ઉપરાંત તિલકાચાર્યની, સુમતિસૂરિની અને વિનયહંસની વૃત્તિઓ ઉપલબ્ધ છે.

વોલ્ટર શૂબ્રિંગે આ ગ્રંથનો ભૂમિકા સાથે તથા પ્રો. લાયમને

મૂલસૂત્ર અને નિર્યુક્તિનો જર્મન ભાષામાં અનુવાદ કર્યો છે. પિશલના મતાનુસાર ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ આ ગ્રંથ અતિ મહત્વનો માન્યો છે.

(૩) ઉત્તરાધ્યયન સૂત્રઃ-આ ગ્રંથના ૩૬ અધ્યયનોમાં ભગવાન મહાવીરનો અંતિમ ઉપદેશ લખવામાં આવ્યો છે. ભગવાન મહાવીર પ્રભુએ નિર્વાણના સમયે સોળ પહોરની દેશના આપી તેમાં પંચાવન અધ્યયનો પુણ્યરુપ વિપાકના અને પંચાવન અધ્યયનો પાપરુપ વિપાકના કહ્યા છે. ત્યાર પછી અપૃષ્ટ એવા ઉત્તરાધ્યયનાં ૩૬ અધ્યયનો પ્રકાશ્યાં છે. તેથી તેનું બીજું નામ અપૃષ્ટ વ્યાકરણ પણ કહેવાય છે. વિન્ટર નિત્જ આ ગ્રંથને શ્રમણ-કાવ્યનું નામ આપી વૈદિકસાહિત્ય મહાભારત, બૌધ્ધના ધમ્મપદ અને સુતનિપાતની સાથે તુલના કરી છે. જાર્લ શાર્પેન્ટિયરે અંગ્રેજુ ભાષામાં પ્રસ્તાવના સાથે મૂલ પાઠનું સંશોધન કર્યું છે. આના પર વ્યાખ્યા સાહિત્ય ઘણાં બધું લખાયું છે. જેમાં આચાર્ય ભદ્રબાહુની નિર્યુક્તિ, જિનદાસગણી મહત્તરની ચૂર્ણી, વાદિવેતાલ શાંતીસૂરિની શિષ્યહિતા નામની પ્રાકૃત ટીકા, નેમિચંદ્રસૂરિએ સુખબોધા નામની ટીકા, આ ઉપરાંત લક્ષ્મીવલ્લભ, જયકીર્તિ, કમલસંયમ, ભાવવિજય, વિનયહંસ, હર્ષકૂલ આદિ વિદ્વાનોની ટીકાઓ લખાઈ છે. હર્મન યાકોવીયે સેકેડ બુક્સ ઓક ધ ઈસ્ટના ૪૫ મા ભાગમાં અંગ્રેજી અનુવાદ સાથે પ્રસિધ્ધ કરેલુ છે.

## (૪) પિંડ નિર્યુક્તિ :-

પિંડ એટલે આહાર-તે સંબંધી વર્ણન છે. આ ગ્રંથમાં પિંડનિરુપણ, ઉદ્ગમદોષો, ઉત્પાદનદોષો, એષણાદોષોનું વર્ણન

કરતી ૬૭૧ ગાથાઓ આઠ અધિકારમાં રચાયેલી છે. આના રચયિતા આચાર્ય ભદ્રબાહુ છે. ઉદ્‌ગમ, ઉત્પાદન, એષણા, સંયોજના, પ્રમાણ, અંગાર, ધૂમ, અને કારણ પિંડના ૯ ભેદ બતાવ્યા છે. ઉદ્‌ગમનના ૧૬ પ્રકાર, ઉત્પાદનના ૧૬ ભેદ, એષણાના દસ ભેદ, સ્વાદને માટે ગોચરીમાં પ્રાપ્ત વસ્તુઓને મેળવી ખાવી તે સંયોજના દોષ છે. આહારના પ્રમાણને (માપને) ધ્યાનમાં લઈ ને ભિક્ષા ગ્રહણ કરવી નહીં તે પ્રમાણદોષ છે. આગમાં સારી રીતે પકવેલા ભોજનમાં આસક્તિ રાખવી તે અંગારદોષ છે. ભોજનની નિંદા કરવી તે ધૂમ દોષ અને સંયમ, ધ્યાન ને લક્ષમાં લીધા વિના ભોજન કરવું તે કારણદોષ માનવામાં આવ્યા છે.

## અથવા-ઓધનિર્યુક્તિ :-

ઓઘ એટલે સામાન્ય કે સાધારણ આવો અર્થ નિર્યુક્તિમાં કરવામાં આવ્યો છે. આના રચયિતા ભદ્રબાહુ છે. આને આવશ્યક-નિર્યુક્તિનો અંશ મનાય છે. સાધુઓના સામાન્ય આચારવિચારનું વર્ણન ૮૧૧ ગાથાઓમાં કરેલુ છે. દ્રોણાચાર્યો આના પર ચૂર્ણી જેમ પ્રાકૃત પ્રધાન ટીકા રચી છે. મલયગિરિની વૃત્તિ અને અવચૂરિ પણ મળે છે. ઓઘનિર્યુક્તિમાં પ્રતિલેખન, પિંડદ્વાર, ઉપધિનિરુપણ, અનાયતનવર્ણન, પ્રતિષેવણાદ્વાર, આલોચનાદ્વાર અને વિશુદ્ધિદ્વાર એમ ચરણ કરાણનું વર્ણન છે.

## છેદસૂત્રો-

છેદસૂત્રોની સંખ્યા છ છે. (૧) નિશીથ, બૃહત્કલ્પ, વ્યવહાર, દશાશ્રુતસ્કંધ, પંચકલ્પ, અને મહાનિશીથ. આ ગ્રંથોમાં

નિશીથ, પંચકલ્પ, અને મહાનિશીથ ગણધરચિત છે. જ્યારે બૃહત્કલ્પ, અને દશાશ્રુતસ્કંધના રચયિતા ભદ્રબાહુ સ્વામી છે. તેના પર સંઘદાસગણિએ ભાષ્ય રચ્યું છે. તે આજે ઉપલબ્ધ છે. આ છેદસૂત્રો પર નિર્યુક્તિ, ભાષ્યો, બૃહત્ભાષ્ય, ચૂર્ણી, અવચૂરિ અને ટિપ્પણ સાહિત્ય લખાયુ છે. તેનો વિષય સાધુસાધ્વીઓના આચાર, ગોચરી, ભિક્ષા, કલ્પ, ક્રિયા અને સામાન્ય નિયમમાર્ગોનું પ્રતિપાદન કર્યુ છે. તેની સાથે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ ઉત્સર્ગ અપવાદી માર્ગોનું પણ સમયાનુસાર નિરુપણ કર્યું છે.

સામાન્ય રીતે આ છેદસૂત્રો અપવાદ માર્ગના સૂત્રો ગણાય છે. આમાં વિશેષતઃસાધુઓના આચારનુ પ્રતિપાદન છે. છતાં ક્યાંક ક્યાંક શ્રાવકના આચાર સંબંધી પણ ચર્ચા છે. જેવાં કે અગિયાર પ્રતિમાઓ (વ્રતો), ગુરૂની તેત્રીસ પ્રકારની આશાતના ટાળવી. કોઈ આચાર્ય પદવીદાનને યોગ્ય ન હોય તો તે પદવી છોડાવવી અને આલોચના કરવી વગેરે આચારોનું નિરુપણ છે. વિન્ટરનિત્જ કહે છે કે આ છેદસૂત્રોમાં ખરી ઉપયોગી વાત ત્રીજાથી પાંચમા છેદ સૂત્રોમાં જ છે. જે ઘણાં પ્રાચીન છે. ટૂંકમાં આ આખો ગ્રંથ સાધુસંઘનો નિયમનગ્રંથ છે. આને મળતો આવતો બૌદ્ધગ્રંથ વિનયપિટક છે. છેદસૂત્રોમાંનુ બૃહત્કલ્પ સૂત્ર એ પ્રાચીન કલ્પસૂત્ર છે. સંક્ષિપ્ત શૈલીમાં લખાયેલાં છે.

**(૧) નિશીથસૂત્રઃ-**

સ્ખલન કરનાર સાધુઓને પ્રાયશ્ચિતરુપે કરવાની ક્રિયાઓ વિશે નિશીથસૂત્રમાં કહેવામાં આવ્યુ છે. એકવાર અજાણયેપણ

અકૃત્ય થયું હોય તો આલોચના કરી શુદ્ધ થવું, ફરી તે અકૃત્ય ન થાય તેની તકેદારી રાખવી આમ ધર્મનિયમોનો ખજાનો છે. ૨૦ ઉદ્દેશકમાં રચાયેલો છે. પ્રથમ ઉદ્દેશકમાં ૬૦ બોલ છે. બીજામાં ૬૦, ૮૦, ૧૦૦, ૮૦, ૭૭, ૮૧, ૧૭, ૨૮, ૪૭, ૯૨, ૩૦, ૬૦, ૪૫, ૧૫૪, ૪૦, ૧૫૧, ૬૪, ૩૬ એમ ક્રમિક બોલ છે. જ્યારે વીસમા ઉદ્દેશકમાં આલોચનાપૂર્વકના પ્રાયશ્ચિતો-માસિક, લઘુમાસિક ચતુમાસિક, આદિ પ્રાયશ્ચિતોની વિધિનું વર્ણન છે.

**(૨) બૃહત્કલ્પ સૂત્ર :-**

છ ઉદ્દેશકમાં સાધુસાધ્વીઓના આચારવિચારનું વર્ણન છે વિન્ટર નિત્જનાના મત પ્રમાણે બહુ પ્રાચીન ભાષાનું છેદસૂત્ર છે. અમુક અપરાધ માટે અમુક પ્રાયશ્ચિત કરવું તે આ ગ્રંથમાં બતાવ્યું છે. આ પ્રાચીનતમ આચારસૂત્રોનું મહાશાસ્ત્ર છે. ટીકાકારોએ બીજા આગમોની જેમ આમાં પણ ઘણાં ફેરફાર કર્યા છે. પ્રથમ ઉદ્દેશકમાં ૫૧ સૂત્રો છે, તેમાં સાધુસાધ્વીઓના આહાર, વિહાર, ગમનાગમનની ક્ષેત્રમર્યાદા નક્કી કરેલ છે. તે સિવાય આગળનાં ક્ષેત્રમાં વિહાર નિષેધ ગણાવ્યો છે. ઉપાશ્રયની જગ્યા પણ સ્વચ્છ અને અહિંસાયુક્ત હોવી જોઈએ. પાંચ પ્રકારનાં વસ્ત્ર અને રજોહરણનું કથન છે. આ ઉપરાંત સાધુસાધ્વીઓએ. એક બીજાના સ્થાને (ઉપાશ્રયમાં) આવવા જવાની મર્યાદાનો ઉલ્લેખ કર્યો છે. પ્રાચશ્ચિત અને આચારવિધિનો ઉલ્લેખ છે. આહાર લેવો-વાપરવો વિગેરેના નિયમો બતાવ્યા છે. છેલ્લા ઉદ્દેશકમાં સાધુસાધ્વીઓને છ પ્રકારનાં દુર્વચનો ખોલવાનો નિષેધ કર્યો છે.

## (૩) વ્યવહાર

આ ગ્રંથના દસ ઉદ્દેશકમાં આચારથી પતિત થયેલા મુનિઓએ કરવી પડતી આલોચના અને તે આલોચના સાંભળનાર અને કરનાર મુનિયો કેવા હોવા જોઈએ તે કેવા ભાવથી કરવા જોઈએ તેનું વર્ણન કરવામાં આવ્યુ છે. તેમનો વિહાર વર્ણવ્યો છે. કોને ગણિ, મુનિ, આચાર્ય, ઉપાધ્યાયની પદવી આપવી તે બતાવ્યુ છે. ગોચરી માટેના નીતિનિયમોનુ વર્ણન છે. વ્યવહારસૂત્રને દ્વાદશાંગનુ નવનીત કહેવામાં આવ્યુ છે. સ્વાધ્યાય કરવાના, ગોચરી આપનાર ગૃહસ્થ સાથે કેવી રીતે વર્તવું, કેમ આજ્ઞા લેવી, કેવું અને કેટલું ભોજન લેવું, ક્યારે ભોજન કરવું, આગમોનું અધ્યયન કરવું તે ક્યારે કરવું વિગેરેનુ વર્ણન છે, આમ સાધુસાધ્વીઓના વ્યવહારોનું વર્ણન હોવાથી તે વ્યવહારસૂત્ર નામ યથાર્થ છે. આના કર્તા શ્રુતકેવલી ભદ્રબાહુ છે જેમણે નિર્યુક્તિ લખી છે; ભાષ્ય પણ મળી આવે છે પણ નામોલ્લેખ નથી. મળતો મલયગિરિએ ભાષ્ય પર વિવરણ લખ્યું છે. અવચૂરિ પણ લખાઈ છે.

## (૪) દશાશ્રુત સ્કંધ:-

દશાશ્રુત સ્કંધ દસ અધ્યયનોમાં ભદ્રબાહુએ રચીને તેના પર નિર્યુક્તિ લખી, ચૂર્ણિપણ લખાઈ છે. બ્રહ્મર્ષિ પાશ્રર્વચંદ્રે આના પર વૃત્તિ લખી છે. પુરુષ પોતાની પકૃતિથી પ્રતિકૂલ આચરણ કરે તો અસમાધિનું કારણ થાય છે. તે પ્રમાણે મુનિ પોતાના સંયમથી પ્રતિકૂલ આચરણ કરે તો સંયમમાં અસમાધિ મેળવે છે. તેથી અસમાધિના ૨૦ સ્થાનો દર્શાવ્યાં છે સાધુને ચારિત્રમાં અશક્તિ

લાવનાર ૨૧ સબળ દોષ, ગુરુની ત્રેત્રીસ આશાતના, આચાર્યાની આઠ સંપદા તેના ભેદ, શિષ્ય માટેની ચાર પ્રકારની વિનય પ્રવૃત્તિ અને તેના પ્રભેદ, ચિત્તસમાધિનાં દસ સ્થાન, શ્રાવકની અગિયાર પ્રતિમાઓ, ભિક્ષુપ્રતિમા, વીરપ્રભુના ચ્યવન, જન્મ, સંહરણ, દીક્ષા, કેવલજ્ઞાન, ને મોક્ષ ક્યારે પામ્યા તે સંબંધીનુ પર્યુષાણા કલ્પ, મોહનીય કર્મબંધન વિશેનું વિવરણ અને તેના ત્રીસ સ્થાન, નવ નિદાનો તેમાં બતાવ્યા છે.

**(૫) પંચકલ્પ સૂત્રઃ-**

આ છેદસૂત્ર હાલ મૂળ સ્વરુપે ઉપલબ્ધ નથી. આના પર સંઘદાસગણિએ ભાષ્ય રચ્યું છે. ચૂર્ણી પણ લખાઈ છે જે ઉપલબ્ધ નથી. પંચકલ્પ ભાષ્ય એ બૃહતકલ્પ ભાષ્યનો અંશ માનવામાં આવે છે. મલયગિરિ અને ક્ષેમકિર્તિસૂરિએ આનો ઉલ્લેખ કર્યો છે.

**(૬) મહાનિશીથ સૂત્રઃ-**

મહાનિશીથ સૂત્રને સમગ્ર પ્રવચનનો પરમસાર પણ કહેવામાં આવ્યુ છે. આ સૂત્ર મૂળ નષ્ટ પામ્યું હતું. તેના ઉધ્ધારક આચાર્ય હરિભદ્રસૂરિ છે. આ ગ્રંથમાં તંત્ર સંબંધી તથા જૈનાગમોના અતિરિક્ત અન્ય ગ્રંથોનો ઉલ્લેખ છે. છ અધ્યયનો આવેલાં છે. પ્રથમમાં ૧૮ પાપસ્થાનકો, કર્મોનાં વિપાક ફળનું વિવેચન, ત્રીજા ચોથામાં કુશીલ સાધુઓના સંસર્ગનો નિષેધ કર્યો છે. નવકારમંત્ર અને ઉપધાન, દયા, અને અનુકંપાના અધિકારોનું વિવેચન છે. પાંચમા અધ્યયનમાં ગુરુશિષ્યના સંબંધને વર્ણવી ગચ્છનુ વર્ણન છે. આના પ્રકારણના આધારે 'ગચ્છાચાર' નામનુ પ્રકીર્ણક ગ્રંથ

રચવામાં આવ્યુ છે. છઠ્ઠા અધ્યયનમાં પ્રાયશ્ચિતના દશ અને આલોચનાના ચાર પ્રકારોનું વર્ણન છે. આ ઉપરાંત કમલપ્રભા આદિની કથાઓ, તાંત્રિક કથનો તથા અન્ય ગ્રંથોનો ઉલ્લેખ છે. વિન્ટર નિત્જના મતે આગમ પછીનો આ ગ્રંથ હોય તેવું જણાય છે.

## દસ પ્રકીર્ણક-

આ પ્રકીર્ણ ગ્રંથો છૂટા છે. તે રચના પદ્ધતિમાં વેદનાં પરિશિષ્ટોને મળતા આવે છે. તે પદ્યબધ્ધ છે. ભગવાન મહાવીરના સમયમાં પ્રકીર્ણક ગ્રંથોની રચના ૧૪૦૦૦ બતાવી છે તેમાંથી આને દસ ઉપલબદ્ધ છે. (૧) ચતુઃશરણ, આતુર પ્રત્યાખ્યાન, મહાપ્રત્યાખ્યાન, ભક્તપરિજ્ઞા, તંદૂલવૈચારિક, સંસ્તારક, ગચ્છાચાર, ગણિવિદ્યા, દેવેન્દ્રસ્તવ, મરણસમાધિ.

(૧) ચતુઃશરણઃ-આનું બીજું નામ 'કુશલાનુબંધિ' પણ છે. દરેક ગાથાઓમાં અરિહંત, સિધ્ધ, સાધુ અને ધર્મએ ચારનુ શરણ લેવાનું કહ્યું છે. આના કર્તા વીરભદ્ર મનાય છે. આના પર ભુવનતુંગની વૃત્તિ અને ગુણરત્નની અવચૂરિ છે. ચારનું શરણ લેવાથી દુષ્કૃતની નિંદા અને સુકૃતની અનુમોદના થાય છે તેનું વર્ણન છે.

(૨) આતુર પ્રત્યાખ્યાનઃ-૭૦ ગાથાઓમાં બાલમરણ, બાલપંડિત મરણ, અને પંડિતમરણ કોનાં થાય છે તેનું વર્ણન છે. આના કર્તા વીરભદ્ર છે. ભુવનતુંગની વૃત્તિ અને ગુણરત્નની અવસૂરિ મળે છે. આ ઉપરાંત પંડિતે આતુરરોગાવસ્થામાં શેનાં શેનાં પ્રત્યાખ્યાન લેવાં, શું શું વોસરાવવું, (ત્યજવું) કેવી કેવી

ભાવના ભાવવી, સર્વ જાવોને બમાવવા અને ઉત્તમ મરણ કેવી રીતે થાય છે તે બતાવ્યુ છે.

(૩)મહા પ્રત્યાખ્યાનઃ-મોટાં પ્રત્યાખ્યાનો ને ૧૪૨ ગાથાઓને અનુષ્ટુપ છંદમાં રચવાંમા આવ્યા છે. જે પાપો થયા હોય, તેને યાદ કરી, તેનો ત્યાગ કરવો, ભાવ શલ્ય કાઢી નાંખવું, પંડિત મરણ થાય તેવી આત્મસ્થિતિ જાગૃત કરી સર્વ અસત્ પ્રવૃત્તિ ને ત્યજવી, દુઃખમય સંસાર પ્રત્યેવૈરાગ્ય ઉભો કરવો વિગેરે પ્રત્યાખ્યાન કરવાથી સિધ્ધિ મળે છે. તેનું વર્ણન છે.

**(૪) ભક્તપરિજ્ઞાઃ-**

વીરભદ્રરચિત ૧૭૨ ગાથાઓમાં અભ્યુધત મરણથી આરાધનાથાય છે. તે મરણ ભક્તપરિજ્ઞા, ઈંગિના અને પાદ્પોપગમન એમ ત્રણ પ્રકારનું વર્ણવ્યું છે. ભક્ત પરિજ્ઞા પ્રમાણે મરણ સવિચાર અને અવિચાર એમ બે પ્રકારનું છે. સંસારની નિર્ગુણતા ઓળખી પશ્ચાંતાપ પૂર્વક સર્વ દોષ ત્યજી આલોચના મેં સંસારમાં ઘણાં ભોગવ્યું વગેરેનો વિચાર કરી ભક્ત પરીજ્ઞામરણના અનશનવિધિ અને ભાવના આચરવાનું કહ્યું છે. મનેને માંકડા સાથે સરખાવ્યુ છે. અહીં સ્ત્રીજાતિને ભુજંગીની, અવિશ્વાસની ભૂમિ, શોકની નદી, પાપની ગુફા, કપટની કુટી, ક્લેશ કરનારી, અને દુઃખની ખાણ એવી ઉપમાઓ આપી છે.

**(૫) તંદુલવૈચારિક :-**

આ ગ્રંથમા ૫૮૬ ગાથાઓમાં ગર્ભનો કાળ, યોનિનું, સ્વરુપ, ગર્ભવતીસ્ત્રીઓના ખાવાપીવાની તથા માતા-પિતાના

અંગોનું વર્ણન છે. આ ઉપરાંત જોડકા વર્ણન તદ્દુન્લગણના, વિગંરેનું વિવેચન ગાથાઓ આ ઉપરાંત ગદ્યમાં પણ છે. જીવની દસ અવસ્થાઓનું વર્ણન છે. સ્ત્રીની ઉપમાઓમાં પ્રકૃતિની વિષમ, પ્રિય વચન ખોલનારી, બળનો વિનાશ, કરનારી, વૈરી સ્વભાવવાળી, આમ પુરુષને કામુક બનાવનારી તરીકે ઉલ્લેખ ર્ક્યો છે. વિજ્યવિમલની વૃત્તિ મળે છે. એકસો વર્ષના આયુષ્યવાળો પુરુષ પ્રતિદિન તંદુલ-ભાત ખાય તેની સંખ્યાના વિચારના ઉપલક્ષણથી આ સૂત્રનં નામ તંદુલ-વૈચારિક રાખવામાં આવ્યું હોય તેમ લાગે છે.

**(૬) સંસ્તારક :-**

૧૨૩ ગાથાઓમાં મરણ થયાં પહેલાં સંથારો કરવામાં આવે છે તેના માહાત્મ્યનું વર્ણન છે. એક જ સ્થળે એક આસન પર મૃત્યુ સુધી અનશન લેવામાં આવે છે તેનું વર્ણન છે.

ગુણરત્નની અવચૂરિ મળે છે. જેમ મણિઓમાં વૈડૂર્યમણિ સુગંધિત પદાર્થોમાં ગોશીર્ષચન્દન અને રત્નમાં વજ્ર શ્રેષ્ઠ છે તેવી રીતે સંસ્તારકને સર્વ શ્રેષ્ઠ ગણવામાં આવે છે.

**(૭) ગચ્છાચાર:-**

ગચ્છનું સ્વરુપ બતાવ્યું છે. સારો ગચ્છ સારા આચાર્યથી અને છે. તેમાં આચાર્યના લક્ષાણો, શિષ્યની દશા, ગચ્છના લક્ષાણો બતાવી શિષ્યે સારા ગચ્છામાં ગુરુની આજ્ઞાપૂર્વક નિવાસ કરવાનું જણાવ્યું છે. ૧૩૭ ગાથાઓ અનુષ્ટુપ છદંમા અને આર્યા છંદમાં છે. આના પર આનંદવિમલસૂરિના શિષ્ય વિજ્યવિમલની ટીકા

મળે છે. આચારભ્રષ્ટ કરવાવાળા અને ઉન્માર્ગ સ્થિત આચાર્યમાર્ગને નાશ કરનારા ગણવામાં આવ્યા છે. આમાં ત્રણ અધિકાર છે. આ ગ્રંથમાં સાધુને બાલિકા, વૃધ્દા, નાતિન, દુહિતા અને બેનના સ્પર્શનો નિષેધ કર્યો છે. આના પરની ટીકામાં વરાહમિહિરને ભદ્રબાહુના ભાઈ તરીકેનો ઉલ્લેખ છે. આ ઉપરાંત ચંદ્રસૂરપ્રજ્ઞપ્તિ વગેરેનો અભ્યાસ કરીને વરાહમહિરે વારાહીસંહિતાની રચના કર્યાનો ઉલ્લેખ મળે છે.

**(૮) ગણિવિધા:-**

આ જ્યોતિષનો ગ્રંથ છે. તેમાં દિવસ, રાત્રિ, તિથિ, નક્ષત્ર, કરણ, ગ્રહદિવસ, મુહૂર્ત, શકુન, લગ્ન અને નિમિત્તના બલને દરેકનું ૮૨ ગાથાઆમાં વર્ણન કરેલુ છે. હોરા શબ્દનો ઉલ્લેખ અહીં મળે છે.

**(૯) દેવેન્દ્રસ્તવ:-**

૩૦૭ ગાથાઓમાં દેવેન્દ્ર ભગવાન મહાવીરની સ્તુતિ કરે છે તે ૩૨ પ્રકારનાં દેવોનુ સ્વરુપ તેના પેટાવિભાગો, ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્રાદિનાં નામ, સ્થિતિ, ભવન, પરિગ્રહ વગેરેનું કથન કરવામાં આવ્યું છે. વીરભદ્ર રચયિતા માનવામાં આવે છે.

**(૧૦) મરણસમાધિ :-**

૬૬૩ ગાથાઓ છે. સમાધિથી મરણ કેમ થાય છે તેનુ વિધિપૂર્વકનું વર્ણન છે. શિષ્યના મરણના પ્રશ્નના જવાબરુપે આરાધના, આરાધક, આલોચના, સંલેખના, ક્ષામણા, કાલ, ઉત્સર્ગ, અવકાશ, સંસ્તારક, નિસર્ગ, વૈરાગ્ય, મોક્ષ, ધ્યાનવિશેષ,

લેશ્યા, સમ્યકત્વ, અને પાદોપગમન વિગેરે ચૌદ વ્દારોનું, વિવેચન છે. અંતમા બાર ભાવનાઓનું વર્ણન છે.

આ દસ પ્રકીર્ણક ઉપરાંત બીજા પ્રકીર્ણકોની રચના થઈ છે. તેમાં ઋષિભાષિત, તીર્થોદ્ગાર, અજાકલ્પ સિધ્ધપાહુડ, આરાધના પતાકા, વ્દિપસાગર પ્રજ્ઞપ્તિ, જ્યોતિષ કરહડક, અંગવિદ્યા, યોનિપ્રાભૃત વિગેરે છે.

### (૨) ચૂલિકાઓ

(૧) નંદી (૨) અનુયોગ વ્દાર-નંદિસૂત્રની ગણના અનુયોગવ્દાર સાથે કરવામાં આવે છે. નંદીસૂત્રમાં ૬૦ પદ્યાત્મક ગાથાઓ અને ૫૬ સૂત્ર છે. શરુઆતની ગાથાઓમાં મહાવીર, સંઘ અને શ્રમણોની સ્તુતિ કરવામાં આવી છે. જ્ઞાનના પાંચ ભેદ વર્ણવ્યા છે. વ્દાદશાંગ ગલિપિટક ગ્રંથોનો ઉલ્લેખ અહીં મળે છે. નંદીસૂત્રમાં શ્રુતના બે ભાગ પડવામાં આવ્યા છે. (૧) ગમિકશ્રુત (૨) આગમિકશ્રુત, ગમિકશ્રુતમાં દૃષ્ટિવાદ અને આગમિકમાં કાલિકશ્રુતનો સમાવેશ કરવામાં આવ્યો છે. શ્રુતસાહિત્યના બે ભેદ પાડયા છે. અંગબાહ્ય અને અંગપ્રવિષ્ઠ ટીકાકારના મતે પ્રવિષ્ટોની રચના ગણધરોએ અને અંગબાહ્યની રચના સ્થવિરોએ કરેલી છે. અંગબાહ્યના પણ બે ભેદ, આવશ્યક અને આવશ્યકવ્યતિરિક્ત એમ પાડવાંમા આવ્યા છે. આના પણ પ્રભેદ પાડયા છે. ૭૨ કલાઓ અને સાંગોપાંગ ચાર વેદોનો ઉલ્લેખ મળે છે. આના રચયિતામાં મતભેદ છે. કેટલાકને મતે દેવવાચક છે. કેટલાકને મતે દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ છે. કેટલાંક બનેને એક

જ માને છે. પરન્તુ દેવવાચક અને દેવર્ધિગણિના ગચ્છ જુદા જુદા હતા આ ગ્રંથ પર જીનદાસગણિની ચૂર્ણી, ભદ્રબાહુની અને મલયગિરિની ટીકાઓ ઉપલબ્ધ છે.

આ ઉપરાંત આ સૂત્રમાં સ્થવિરાવલિમાં ભદ્રબાહુ, સ્થૂલભદ્ર, મહાગિરી, આર્યશ્યામ, આર્યસમુદ્ર આર્યમંગુ, આર્યનાગહરિત, સ્કંદિલાચાર્ય નાગાર્જુન, ભૂતદિન્ન વિગેરેનો ઉલ્લેખ મળે છે.

આ ઉપરાંત કાલિક શ્રુત અને ઉત્કાલિક શ્રુત ને ભેદપ્રભેદ બતાવ્યા છે.

## (૨) અનુયોગદ્વાર

આ ગ્રંથ આર્યરક્ષિત સૂરિકૃત માનવામાં આવે છે ભાષા અને વિષય જોતા આ ગ્રંથ અર્વાચીન લાગે છે. આના પર જીનદાસગણિમહત્તરની ચૂર્ણી, હરિભદ્ર અભયદેવના શિષ્ય મલધારી હેમચંદ્રની ટીકાઓ મળે છે. આની શૈલી પ્રશ્નોત્તરી છે. આમાં પ્રમાણ-પલ્યોપમ, સાગરોપમ, સંખ્યાત, અસંખ્યાત અને અનંતના પકારો નયનું સ્વરુપ બતાવ્યુ છે. નામના દસ પ્રકાર, કાવ્યરસના પ્રકાર, મિથ્યાશાસ્ત્ર સ્વરોના નામ સ્થાન, તેના લક્ષણ, ગ્રામ, મૂર્છના વિગેરેનું વર્ણન મળે છે. આગમલોપ, પ્રકૃતિ અને વિકારનું પ્રતિપાદન કરતા વ્યાકરણ સંબંધી ઉદાહરણો છે. આ ઉપરાંત આમાં આવશ્યક શ્રુતસ્કંધના નિક્ષેપો, ઉપક્રમાધિકાર, અનુપૂર્વી પ્રમાણદ્વાર અધિકાર, નિક્ષેપ અધિકાર અનુગમ અધિકાર અને નયનો અધિકાર છે. આમાં મહાભારત, રામાયણ કૌટિલ્ય, ઘોટકમુખ વિ. નો ઉલ્લેખ મળે છે.

## આગમોનું વ્યાખ્યા સાહિત્ય

સામાન્ય રીતે ધર્મ સાહિત્ય પર વ્યાખ્યાત્મક સાહિત્ય લખવામાં આવે છે. દરેક ધર્મમાં કોઈ ગ્રંથ એવો નહીં મળે કે જોના પર અનેક વિદ્વાનોએ પોતાના મંતવ્યો વ્યાખ્યા સાહિત્યમાં જણાવ્યા ન હોય. બૌદ્ધસાહિત્યમાં પાલિત્રિપિટક પર બુધ્ધઘોષે અટ્ઠકથા લખી છે. વૈદિક સાહિત્યના ઋગ્વેદ અને રામાયણ પર અનેક વિદ્વાનોએ ઘણું વ્યાખ્યાસાહિત્ય લખ્યું છે. તે જ પ્રમાણે જૈન આગમ સાહિત્ય પર નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણી, ટીકા, વિવરણ, વૃત્તિ, દીપિકા, અવચૂરી, અવચૂર્ણિ, વિવેચન, વ્યાખ્યા, છાયા, અક્ષરાર્થ, પંજિકા, ટબ્બા, ભાષાટીકા, વચનિકા જેવું ઘણાં સાહિત્ય પણ લખાયેલું છે. કમનસીબે તેમાંથી ઘણું જ ઓછું સાહિત્ય બચ્યું છે. આમ છતાં ઘણું સાહિત્ય ભંડારોમા સચવાયેલું છે. જે ધીરે ધીરે વિદ્વોનોની નજરે આવતાં પ્રકાશિત થતુંજાય છે. આગમોનો વિષય એટલો બધો ઉંડો અને પારિભાષિક હોવાથી તેને સમજવા માટે વ્યાખ્યાત્મક સાહિત્ય ખૂબ જ મહત્ત્વનું બની રહે છે. તેમાં વાચનાભેદ અને પાઠોની વિવધતા ઘણી છે. કારણ કે આગમસાહિત્ય કોઈ એક જ લેખક વ્દારા કે એક જ સમયે લખાયેલું નથી, તેથી તેમાં વાચનાધેદ અને પાઠભેદો છે. અનેક સંપ્રદાયો અસ્તિત્વમાં હતા તેમાંના કેટલાક વૃધ્ધ સંપ્રદાયોનો લોપ થવાથી આ બે કારણોને લીધે વાચનાભેદ અને પાઠભેદો વધી જાય છે.

આગમના આભ્યાસીઓએ આ સાહિત્ય પ્રત્યે ધ્યાન દોર્યું

છે. પ્રાકૃત સાહિત્યના ઈતિહાસના અધ્યયનની દૃષ્ટિયે આ વ્યાખ્યાત્મક સાહિત્યમાં નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને કતિપય ટીકાઓ પ્રાકૃતબધ્ધ હોવાથી વધારે મહત્ત્વપૂર્ણ છે. આ ચાર વિભાગ સાથે આગમોને ગણીએં તો તે સાહિત્યને પંચાંગી સાહિત્ય કહે છે. આ પંચાંગી સાહિત્યનું અધ્યયન કરવાથી સમગ્ર આગમસાહિત્યનો કમિક વિકાસ સમજાય જાય છે. વ્યાખ્યાત્મક સાહિત્યમાં નિર્યુક્તિનું સ્થાન મહત્ત્વનું છે. અર્થાને કોઈ એક નક્કી સૂત્રમાં બાંધ્યા હોય તેને નિર્યુક્ત (અર્થયુક્ત સૂત્રો) કહે છે. ``णिज्जुत्ता ते अत्था, जं बद्धा तेण होइ णिज्जुत्ती ।''

નિર્યુક્તિ આર્યાછંદમાં એટલે પ્રાકૃત ગાથાઓમાં લખાયેલ સંક્ષિપ્ત વિવેચન છે. તેના વિષયવસ્તુમાં અનેક કથાનકો, ઉદાહરણો અને દૃષ્ટાંતોનો સંક્ષેપમાં ઉપયોગ થયેલો છે. આ સાહિત્ય સંક્ષિપ્ત હોવાથી તેને સમજવા માટે ભાષ્ય અને ટીકાનું અધ્યયન જરુરી છે. ટીકાકારોએ નિર્યુક્તિ પર પણ ટીકાઓ રચી છે. આ સાહિત્ય સંક્ષિપ્ત થતું હતું, કથાઓ વ્દારા ધર્મ ઉપદેશ આપવામાં આવતો. પિંડનિર્યુક્તિ અને ઓધનિર્યુક્તિને મૂળ સૂત્રોમાં ગણાવામાં આવતી હોવાથી નિર્યુક્તિ સાહિત્યની પ્રાચીનતાનો ખ્યાલ આવે છે. વલભી વાચનાના સમયે ઈ. સ. ૫મી છઠ્ઠી શતાબ્દી પૂર્વે નિર્યુક્તિઓ રચાયેલી હતી.

નયચક્રના કર્તા મલ્લવાદીએ (વિ. સં. ૫મી શતાબ્દી) પોતાના ગ્રંથમા નિર્યુક્તિનો ઉલ્લેખ કર્યો છે. આચારાંગ, સૂત્રકૃતાંગ, સૂર્યપ્રજ્ઞપ્તિ, વ્યવહાર, કલ્પ, દશાશ્રુતસ્કંધ,

ઉત્તરાધ્યયન, આવશ્યક, દશવૈકાલિક અને ઋષિભાષિત આ દશ સૂત્રો પર નિર્યુક્તિઓ લખાયેલી છે.

મુનિ પુણ્યવિજયજી વિક્રમની શતાબ્દીને નિર્યુક્તિનો રચનાકાળ માને છે. નિર્યુક્તિના લેખક પરંપરાનુસાર ભદ્રબાહુને માનવામાં આવે છે. તેઓ છેદ સૂત્રના કર્તા છેલ્લા શ્રુતકેવલી ભદ્રબાહુથી જુદા છે. નિર્યુક્તિ અને ભાષ્યની ગાથાઓ પરસ્પર એક થઈ ગઈ હોવાથી ચૂર્ણિકાર પણ તેને અલગ પાડી શકયા નથી. દશવૈકાલિકની ચૂર્ણિમાં ગાથાની સંખ્યા ૫૪ છે, જ્યારે હરિભદ્રની ટીકામાં આ સંખ્યા ૧૫૬ છે. આમ ગાથા ગણતરીમાં સંખ્યાભેદ જણાય છે. આ નિર્યુક્તિઓમાં અનેક ઐતિહાસિક અર્ધએતિહાસિક બાબતો પૌરાણિક પરંપરાઓ, જૈન સિદ્ધાંતના તત્ત્વો અને જૈનપરંરાગત આચાર-વિચાર સંગ્રેહિત છે.

## નિર્યુક્તિ સાહિત્ય

(૧) આચારાંગસૂત્ર પરની નિર્યુક્તિ ભદ્રબાહુએ ૩૫૬ ગાથાઓમાં રચી છે. તેના આધારે શિલાંકસૂરિએ महापरिण्णानी દશ ગાથાઓ સિવાય અન્ય પર ટીકા લખી છે. નિર્યુક્તિમાં બ્રાહ્મણ, વૈશ્ય વગેરે વર્ણો, વગેરેનું વર્ણન છે.

(૨) સૂત્રકૃતાંગઃ-આ સૂત્ર પર ભદ્રબાહુએ ૨૦૫ ગાથાઓ માં નિર્યુક્તિ લખી છે. તેમાં ઋષિભાષિત સૂત્રો અને નિર્ગ્રંથ સાધુઓનો ઉલ્લેખ છે.

(૩)સૂર્યપ્રજ્ઞપ્તિ નિર્યુક્તિઃ-ભદ્રબાહુએ રચી છે એવો ટીકાકાર મલયગિરિનો મત છે.

(૪) બૃહત્કલ્પ, વ્યવહાર અને નિશીય નિર્યુક્તિઃ-આ ત્રણેના રચિયતા ભદ્રબાહુ છે. નિશીથનિર્યુક્તિ આચારાંગનું જ એક અધ્યયન હોવાથી આચારાંગનિર્યુક્તિમાં આને ગણવામાં આવી છે.

(૫) દશાશ્રુતસ્કંધનિર્યુક્તિઃ-આ સૂત્ર નાનું છે. અને તેની નિર્યુક્તિ પણ સંક્ષિપ્ત છે.

(૬) ઉતરાધ્યન નિર્યુક્તિ:-આ નિર્યુક્તિ ભદ્રબાહુએ ૫૫૬ ગાથાઓમાં લખી છે. આના પર ટીકા પણ લખાઈ છે. અહિં નિદ્નવોનું વર્ણન છે. આ ગ્રંથમાં ગાંધાર શ્રાવક, તોસલિપુત્ર, આચાર્ય સ્થૂલભદ્ર, સ્કંદકપુત્ર, કૃતિપારાશર, કાલક, તથા કરકંડૂ વગેરે પ્રત્યેક બુદ્ધોનો ઉલ્લેખ છે. હરિકેશ તથા મૃગાપુત્ર આદિની કથાઓ છે.

(૭) આવશ્યક નિર્યુક્તિઃ-નિર્યુક્તિ સાહિત્યમાં આનું સ્થાન મહત્વપૂર્ણ છે. તેના પર માણિક્યશેખરસૂરિએ દીપિકા લખી છે. તેમાં ૬ આવશ્યકોનું વર્ણન છે. આવશ્યક આદિ સૂત્રો પર દશ નિર્યુક્તિઓ ભદ્રબાહુએ રચ્યાનો આમાં ઉલ્લેખ છે. મહાવીરસ્વામીના ગર્ભાપહરણથી માંડીને નિર્વાણ સુધીના પ્રસંગો વર્ણવ્યા છે.

(૮) દશવૈકાલિક નિર્યુક્તિ:-ભદ્રબાહુએ ૩૭૧ ગાથાઓમાં આ નિર્યુક્તિ લખી છે. તેમાં લૌકિક અને ધાર્મિક કથાનકો તથા સૂક્તિયો દ્વારા સૂત્રાર્થનું સ્પષ્ટિકરણ કર્યું છે.

(૯) સંસક્તનિર્યુક્તિ:-આ કૃતિ કોઈ આગમગ્રંથ પર

નથી લખાઈ, પરંતુ તે સ્વતંત્ર છે. ચોર્યાશી આગમોનો તેમાં ઉલ્લેખ છે. ચતુર્દશ પૂર્વધર ભદ્રબાહુએ આ નિર્યુક્તિ ૬૪ ગાથાઓમાં લખી છે.

(૧૦) ગોવિંદનિર્યુક્તિ:-આ સ્વતંત્ર નિર્યુક્તિ છે. તેનુબીજું નામ દર્શનપ્રભાવક શાસ્ત્ર છે.

(૧૧)આરાધનાનિર્યુક્તિ:- મૂલાચારમાં મરણવિભક્તિ આદિ સૂત્રો સાથે આરાધનાનિર્યુક્તિનો ઉલ્લેખ કર્યો છે. હાલ તે ઉપલબ્ધ નથી.

## ભાષ્યસાહિત્ય

ભાષ્યસાહિત્ય પણ નિર્યુક્તિની જેમજ સંક્ષિપ્ત શૈલીમાં પ્રાકૃત ગાથાઓમાં લખાયેલુ સાહિત્ય છે. ભાષ્યોની ભાષા નિર્યુક્તિની જેમજ અર્ધમાગધી છે. અનેક જગ્યાએ માગધી અને શૌરસેનીનો પ્રયોગ થયેલો છે. તેમાં મુખ્ય આર્યાછંદ છે. ભાષ્યોનો સમય સામાન્ય રીતે ઈ. સ. ની ૪થી ૫મી શતાબ્દી મનાય છે. ભાષ્યસાહિત્યમાં નિશીથભાષ્ય, વ્યવહારભાષ્ય, અને બૃહત્કલ્પ અને દશવૈકાલિક પરના ભાષ્ય અને નિર્યુક્તિની ગાથાઓનું પરસ્પર મિશ્રણ થઈ ગયું છે. તેથી તેનો સ્વતંત્ર અભ્યાસ કરવો કઠિન છે. આ સાહિત્યમાં અનેક પ્રાચીન અનુશ્રુતિઓ, લૌકિક કથાઓ, પરંપરાગત નિર્ગ્રંથોના પ્રાચીન આચાર-વિચારની વિધિઓનું પ્રતિપાદન છે. નિશીથ, વ્યવહાર, કલ્પ, પંચકલ્પ, જાતકલ્પ, ઉત્તરાધ્યયન, આવશ્યક, દશવૈકાલિક, પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ, આગમેતર ગ્રંથોમાં, ચૈત્યવંદન, દેવવંદનાદિ અને નવતત્વ પ્રકરણ પર ભાષ્ય લખાયેલું છે.

(૧) નિશીથભાષ્ય-આ ભાષ્યની અનેક ગાથાઓ બૃહત્કલ્પભાષ્ય અને વ્યવહાર ભાષ્ય સાથે મળતી આવે છે. તેમાં સાધુઓના આચાર-વિચારનું વર્ણન ઈ. આમાં પાંચ મહાવ્રતોને દૃષ્ટાંતો વડે દર્શાવ્યા છે.

(૨) વ્યવહારભાષ્ય-આ ગ્રંથનું શીર્ષક જ તેમાં નીતિ-નિયમોની વાત હોવાનું સૂચવે છે. મલયગિરિએ આના પર વિવરણ લખ્યું છે.

(૩) બૃહત્કલ્પભાષ્ય-સંઘદાસગણિ ક્ષમાશ્રમણ આના કર્તા છે. ભાષ્યપીઠિકામાં ૮૦૫ ગાથાઓ છે. આમાં સ્ત્રીઓ માટે દૃષ્ટિવાદના અધ્યનની મનાઈ કરી છે. ચાર પ્રકારના ચૈત્યોનું વર્ણન છે. ટીકાકારે દક્ષિણપથના કાકિણી, ભિન્નમાલના દ્રમ્મ અને પૂર્વદેશના દીનાર વગેરે સિક્કાઓનો ઉલ્લેખ કર્યો છે. બૃહત્કલ્પસૂત્ર બીજા ભાગના પ્રથમ ઉદ્દેશના ૧-૮ સૂત્રો પર ૮૦૬-૨૧૨૪ ગાથાઓ છે. ત્રીજા ભાગના પ્રથમ ઉદ્દેશના ૧૦ થી ૫૦ સૂત્રો છે જેના પર ૨૧૨૪ થી ૩૨૮૬ ગાથાઓનુ ભાષ્ય રચાયેલું છે. જેમાં કામની ૧૦ અવસ્થાઓનું વર્ણન આવે છે.

(૪) જીતકલ્પભાષ્ય-આના કર્તા જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ છે. આના વિષયવસ્તુમાં પ્રાયશ્ચિત્તસ્થાન, ભક્તપરિજ્ઞાની વિધિ, ગુપ્તિ-સમિતિઓનું સ્વરુપ, જ્ઞાન, દર્શન, ચારિત્રના અતિચાર, દાનનું સ્વરુપ વગેરેનો ઉલ્લેખ છે.

(૫) ઉત્તરાધ્યયનભાષ્ય-શાંતિસૂરિની પ્રાકૃત ટીકામાં ભાષ્યની કેટલીક ગાથાઓ ઉપલબ્ધ છે. તેમાં બોટિકની ઉત્પત્તિ,

પુલાક, અકુશ, કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક નામના જૈન નિર્ગ્રંથ સાધુઓના સ્વરુપનું વર્ણન છે.

(૬) આવશ્યકભાષ્ય-આવશ્યક સૂત્ર પર લઘુભાષ્ય, મહાભાષ્ય અને વિશેષવશ્યક મહાભાષ્ય લખાયા છે. વિશેષાવશ્યક ભાષ્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે લખ્યું છે. કુલ ૨૪૩ ગાથાઓ જ ઉપલબ્ધ છે.

(૭) દશવૈકાલિકભાષ્ય-કુલ ત્રેસઠ ગાથાઓમાં હરિભદ્રસૂરિની ટીકા સાથે આ ભાષ્ય લખાયુ છે. તેમાં હેતુવિશુધ્ધિ, પ્રત્યક્ષ-પરોક્ષ, મૂલગુણ અને ઉત્તર ગુણોનું પ્રતિપાદન છે. અનેક પ્રમાણો વડે જીવની સિધ્ધિ કરવામાં આવી છે.

(૮) પિંડનિર્યુક્તિભાષ્ય-કુલ છેંતાલીશ ગાથાઓમાં તે રચાયેલુ છે. આમાં પાટલિપુત્રના રાજા ચંદ્રગુપ્ત તથા તેના મંત્રી ચાણક્યનો ઉલ્લેખ છે. દુર્ભિક્ષનો ઉલ્લેખ મળે છે.

(૯) ઓઘનિર્યુક્તિભાષ્ય-તેમાં ૩૨૨ ગાથાઓ છે. તત્વજ્ઞાનની ચર્ચા છે. કલિંગદેશના કાંચનપુર નગરમાં ભયંકરતાનો ઉલ્લેખ તેમાં છે.

## ચૂર્ણિસાહિત્ય

આગમ પર લખાયેલ વ્યાખ્યાસાહિત્યમાં ચૂર્ણિનું સ્થાન અગત્યનું છે તેની રચના ગદ્યમાં છે. તેની ભાષા સંસ્કૃતમિશ્રિત પ્રાકૃત છે. ચૂર્ણિઓમાં લૌકિક અને ધાર્મિક કથાઓ અનેક છે. તેમાં પ્રાકૃત ભાષામાં શબ્દોની ઉત્પત્તિ આપી છે. તથા સંસ્કૃત અને પ્રાકૃત પદ્યો પણ છે. ચૂર્ણિઓમાં નિશીથની વિશેષ ચૂર્ણિ

તથા આવશ્યક ચૂર્ણિનું સ્થાન મહત્વનું છે. તેમાં જૈન પુરાતત્વ સંબંધી વિપુલ માહિતી છે. દેશદેશના રીતરિવાજ, તહેવાર, સામાજિક વ્યવસ્થા, વ્યાપાર, ભોજન, વસ્ત્ર વગેરેની માહિતી તેમાં મળી રહે છે, લોકકથા અને ભાષાસાહિત્યની દૃષ્ટિયે આ ઉપયોગી સાહિત્ય છે. શ્રી જિનદાસગણિ મહત્તર મોટાભાગની ચૂર્ણિઓના કર્તા છે. તેમનો સમય છઠ્ઠી શતાબ્દિની આસપાસનો મનાય છે. નિશીથ, પંચકલ્પ, દશાશ્રુતસ્કંધ, જીતકલ્પ, જીવાભિગમ, જંબુદ્વિપપ્રજ્ઞપ્તિ, ઉત્તરાધ્યયન, આવશ્યક, દશવૈકાલિક, નંદી અને અનુયોગદ્વાર પર ચૂર્ણિ સાહિત્ય લખાયુ છે.

(૧) આચારાંગચૂર્ણિ-પરંપરાથી જિનદાસગણિ મહત્તર આના રચયિતા છે. તેમાં સંસ્કૃત-પ્રાકૃત પદ્યો છે. આમાં કોંકણદેશનો ઉલ્લેખ આવે છે. તથા અનેક જગ્યાએ નાગાર્જુનીય વાચનાનો ઉલ્લેખ મળે છે.

(૨) સૂત્રકૃતાંગચૂર્ણિ-સિંધુ દેશના ગોલ્લ દેશનો બૌધ્ધ જાતકોનો તથા વૈશાલી નગરીનો ઉલ્લેખ છે. આમાં પણ નાગાર્જુનીય વાચનાનો ઉલ્લેખ છે.

(૩) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિચૂર્ણિ-આ ખૂબ જ નાની ચૂર્ણિ છે.

(૪) જંબુદ્વીપપ્રજ્ઞપ્તિચૂર્ણિ-દેવચંદ લાલભાઈ પુસ્તકો દ્વારા પ્રકાશિત થઈ છે.

(૫) નિશીથવિશેષચૂર્ણિ- આના રચયિતા જિનદાસગણિ મહત્તર છે. આ હાલ ઉપલબ્ધ નથી. આમાં પિંડનિર્યુક્તિ અને

ઓધનિર્યુક્તિનો ઉલ્લેખ છે. મૌર્યવંશના રાજા સંપ્રતિનો ઉલ્લેખ તેમાં થયેલો છે. આ ઉપરાંત સાધુઓના આચાર-વિચારનું વર્ણન છે. તેમાં દૃષ્ટિવાદને ઉભયશ્રુત ગણાવતાં દર્શાવે છે કે આમાં દ્રવ્યનુયોગ, ચરણાનુયોગ, ધર્માનુયોગ અને ગણિતાનુયોગનું વર્ણન હોવાથી સર્વોત્તમ સૂત્ર કહ્યું છે. પાદલિપ્તના કાલગુણાગ નામના ગ્રંથનો ઉલ્લેખ આવે છે.

(૬) દશાશ્રુતસ્કંધચૂર્ણિ-આ કૃતિ લઘુસ્વરુપની છે. પ્રતિષ્ઠાનના રાજા સાલિવાહન તથા આચાર્ય કાલકની કથા તથા સિધ્ધસેનનો તેમાં ઉલ્લેખ છે. તથા આઠમા કર્મપ્રવાહપૂર્વમાં આઠ મહાનિમિત્તનો ઉલ્લેખ મળે છે.

(૭) ઉત્તધ્યયનચૂર્ણિ-તેના કર્તા જિનદાસગણિ મહત્તર છે. નાગાર્જુનીય પાઠનો અનેક સ્થળે ઉલ્લેખ મળે છે. તેમાં શબ્દોની વિચિત્ર વ્યુત્પત્તિયો જોવા મળે છે. તેની ભાષા પ્રાકૃત-સંસ્કૃત મિશ્ર છે.

(૮) આવશ્યકચૂર્ણિ-આના પણ કર્તા જિનદાસગણિ મહત્તર છે. ભાષા અને વિષયની દૃષ્ટિએ આ સ્વતંત્ર ગ્રંથ છે. આ ગ્રંથમા પ્રથમ તીર્થંકર ઋષભદેવના જન્મથી માંડીને નિર્વાણ સુધીનો ઈતિહાસ છે. રાજા ભરતના દિગ્વિજય અને તેના રાજ્યાભિષેકનો ઉલ્લેખ છે. મહાવીરના જન્મથી નિર્વાણ સુધીનું વર્ણન છે. મંખલિપુત્ર ગોશાલકનો ઉલ્લેખ થયેલો છે અને શ્રાવસ્તી નગરીમાં ભયંકર રેલ આવ્યાનો ઉલ્લેખ મળે છે.

(૯) દશવૈકાલિરચૂર્ણિ-આના કર્તા જિનદાસગણિ મહત્તર

છે. પરંતુ હાલ સ્થવીર અગસ્ત્યસિંહરચિત ચૂર્ણિ ઉપલબ્ધ છે. આની રચના વલભી વાચનાથી ૨૦૦-૩૦૦ વર્ષ પહેલાં થઈ છે.

(૧૦) નંદિચૂર્ણિ-આમાં માથુરી વાચનાનો ઉલ્લેખ છે. અને મગધમાં પડેલા ૧૨ વર્ષના ભયંકર દુષ્કાળનો ઉલ્લેખ છે. આમાં આચાર્ય સ્કંદિલાચાર્યનો નિર્દેશ મળે છે.

(૧૧) અનુયોગદ્વારચૂર્ણિ-આ ગ્રંથમા તલવર, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ, પુષ્કરિણી, સારણી, ગુંજાલીયા, આરામ, ઉદ્યાન વગેરે શબ્દનો અર્થ સમજાવ્યો છે અને સંગીત વિષે ત્રણ પદ્યો પ્રાકૃતમાં આવે છે. તેથી એમ લાગે છે કે સંગીતશાસ્ત્ર પર પ્રાકૃતમાં કોઈ રચના થઈ હોવી જોઈ એ.

## ટીકા સાહિત્ય

આગમો પર વિસ્તૃત ટીકાઓ લખાઈ છે. આગમસિધ્ધાન્તને સમજવા માટે આ સાહિત્ય અગત્યનું છે. ટીકા સાહિત્ય મોટે ભાગે સંસ્કૃતમાં લખાયેલું છે. તેમાંનો કથાભાગ પ્રાકૃતમાં છે. આગમની વલભી વાચના પહેલાં ટીકાસાહિત્ય લખવામાં આવેલું વિ. સં. ની ત્રીજા શતાબ્દીના અગસ્ત્યસિંહે પોતાની દશવૈકાલિચૂર્ણિમાં અનેક જગ્યાથે પ્રાચીન ટીકાઓનો ઉલ્લેખ કર્યો છે.

ટીકાકારોમાં યાકિનીસુત હરિભદ્રસૂરિ ઈ. સ. ૭૦૫-૭૫૫નું નામ ઉલ્લેખનીય છે. જેમાણે આવશ્યક, દશવૈકાલિક, નંદી, પ્રજ્ઞાપના અને અનુયોગદ્વાર પર ટીકાઓ લખી છે. હરિભદ્રસૂરિ પછી શીલાંકસૂરિયે લગભગ સો વર્ષ પછી આચારાંગ

અને સૂત્રકૃતાંગ પર સંસ્કૃત ટીકાઓ લખી છે. જૈન આચાર-વિચાર તથા તત્વજ્ઞાનના વિષયો પર લખાઈ છે. વાદિવેતાલ શાંતિસૂરિ અને નેમિચંદ્ર ઈ. સ. ની ૧૧મી સદીમાં થયા હતા. શાંતિસૂરિની પ્રાકૃત ટીકા છે તેનું બીજું નામ શિષ્યહિતા તથા ઉત્તરાધ્યયન સૂત્ર બૃહદ્રવૃત્તિ છે. નેમિચંદ્ર આના આધારે સુખબોધા નામની ટીકા લખી છે. ઈ. સ. ની ૧૧મી સદીમાં અભયદેવસૂરિ, દ્રોણાચાર્ય, મલધારિ હેમચંદ્ર, મલયગિરિ તથા ક્ષેમકીર્તિ (ઈ. સ. ૧૨૭૫) શાંતિચંદ્ર (ઈ. સ. ૧૫૬૩) વગેરે ટીકાકારો થયેલા છે. શાંતિસૂરિએ પ્રાકૃત કથાઓ રચી છે, તેમાં ઘણી જગ્યાએ વૃધ્ધ સંપ્રદાય, વૃધ્ધવાદ તથા अन्ने भणंतिનો ઉપયોગ કર્યો છે. આના ઉપરથી પ્રાચીન કાળના કથાસાહિત્યનો ખ્યાલ આવે છે. આ બંને ટીકાઓ પર બંભદત્ત અને અગડદત્તની કથઓ એટલી લાંબી છે કે જે સ્વતંત્ર ગ્રંથ બની રહે છે.

આવશ્યકસૂત્ર પર હરિભદ્રસૂરિ અને મલયગિરિની, ઉત્તરાધ્યયન પર શાંતિચંદ્રસૂરિની અને નેમિચંદ્રસૂરિની તથા દશવૈકાલિક પરની હરિભદ્રસૂરિની ટીકાઓ મહત્ત્વની ગણાય છે. ગચ્છાચારની વૃત્તિમાં ભદ્રબાહુ અને વરાહમિહિર નામના બે સગા ભાઈ ઓનો ઉલ્લેખ છે. વરાહમિહિર ચંદ્રપ્રજ્ઞપ્તિ અને સૂર્યપ્રજ્ઞપ્તિના જ્ઞાતા તથા અંગોમા અને દ્રવ્યનુયોગમાં કુશલ હતા. ચંદ્ર-સૂર્યપ્રજ્ઞપ્તિના આધારે તેમણે વારાહિસંહિતા નામના જ્યોતિષ પરનો ગ્રંથ રચ્યો છે. ટીકા સાહિત્યમાંથી આપણે ભારતના લોકપ્રચલિત પ્રાચીન કથાસાહિત્યને પ્રાકૃત ભાષામાં મેળવી શક્યા

છીએ. જાતકકથા કથાસરિત્સાગર, પંચતંત્ર, હિતોપદેશ, શુકસપ્તતિ વગેરે સાહિત્ય ઉપલબ્ધ છે. કરકંડૂ પ્રત્યેક બુધ્ધની કથા છે અને તે બુધ્ધની જાતક કથાઓને મળતી આવે છે.

ડૉ. વિન્ટરનિત્જ કહે છે કે-જૈન ટીકાસાહિત્યમાં ભારતીય પ્રાચીન કથા સાહિત્યના અનેક ઉજ્જવલ રત્નો વિદ્યમાન છે કે જે બીજે ક્યાંય ઉપલબ્ધ થતાં નથી.

શ્રાવકના વાર્ષિક ૧૧ કર્તવ્યો પૈકી 'શ્રુતપૂજા' એક કર્તવ્ય છે. શ્રુતને લખાવવાથી શ્રુત પૂજાનો લાભ મળે છે. જેમ કે મહારાજા કુમારપાળે રાજભવનમાં ૭૦૦ લહિયાઓ બેસાડી હજારો ધર્મગ્રંથો લખાવ્યા હતા.

સાધવ : શાસ્ત્ર ચક્ષુષા સાધુઓની માત્ર ચામડાની આંખ નથી કિંતુ શાસ્ત્ર આંખ છે, તે ત્રીજું નેત્ર છે.


श्रीआचारांग सूत्रम्


श्री सूत्रकृतांग सूत्रम्


श्री ठाणांग सूत्रम्.


श्री समवायांग सूत्रम्


श्री भगवतीजी सूत्रम्


श्री ज्ञाताधर्मकथांग सुत्रम्


श्रीउपासकदशांग सूत्रम्


श्रीअंतकृतदशांग सूत्रम्


श्रीअनुत्तरोववाईदशांग सूत्रम्


श्री प्रश्न व्याकरणांग सूत्रम्


श्री विपाकांग सूत्रम्


श्री उववाई सूत्रम्.


श्री रायपसेणी सूत्रम्


श्रीजीवाभिगम सूत्रम्.


श्री पन्नवणा सूत्रम्.


श्री सूरपन्नति सूत्रम्.


श्री जंबूद्वीप पन्नति सूत्रम्


श्री चंदपण्णत्ति सूत्रम्



श्री निरयावलि सूत्रम्




श्री पिप्फया सूत्रम्


श्री पुष्फचूलिया सूत्रम्
















मरणसमाधिपयन्ना सूत्रम्.
श्री दशाश्रुतस्कंध सूत्रम्.
श्री बृहतकल्प सूत्रम्.
श्री व्यवहार सूत्रम्.
श्री जीतकल्प सूत्रम्.
श्री निशीथ सूत्रम्.
श्री महानीशीथ सूत्रम्.
श्री आवश्यक सूत्रम्.
श्री दशवैकालिक सूत्रम्.
श्री पिंडनिर्युक्ति सूत्रम्.
श्री नन्दि सूत्रम्.
श्री उत्तराध्ययन सूत्रम्.
श्री अनुयोगद्वार सूत्रम्.


ભવ આલોચના
परमार्हत महाराजा कुमारपाल
OH GOD !
HELL FOR ME ? !...
I DARE NOT EVEN THI
King Shrenik
ઉપાસના
વિધિ
સંગ્રહ
હે પ્રભુજી !
નહિં જાઉં નરક મોઝાર
हे प्रभुजी !
मुझे नरक
नहीं जाना !
SHUBHAY
Cell : 98205 30299
Tel. :022-65373779